ISBN-978-81-973071-5-7
First Edition



**Dr. Apexa N. Pandya** serving as an Assistant Professor at Maniben M. P. Shah Mahila Arts College, Kadi. She has done her Graduation, Post-Graduation, M.Phil. & Ph.D. in Sociology Subject Year of 2020 from Gujarat University, Ahmedabad. She is an Assistant Professor in this college since 2022. She has Fifteen (15) Research Papers and Many Journals in reputed Educational Journals & also presented Five (5) at State and International level seminars conferences & Workshops. She is interested in Women Empowerment.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN 978-81-973071-5-7
9 788197 307157

# Women Empowerment

Author
Dr. Apexa N. Pandya



ISBN-978-81-973071-5-7
First Edition

# Women Empowerment

**Dr. Apexa N. Pandya**

**“Women Empowerment”**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-5-7
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-5-7

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-5-7
First Edition

# Preface

Dear Reader,

The evolution of women's roles in education and occupation represents one of the most significant social transformations of the modern era. Historically, women's access to education and employment has been restricted by societal norms, legal constraints, and cultural beliefs. However, over the past century, there has been a remarkable shift towards gender equality in many parts of the world. This progress has been driven by relentless advocacy, legislative reforms, and changing economic realities that necessitate a more inclusive approach to education and the workforce.

This volume, "Roll of Women in Education and Occupation," seeks to explore the multifaceted journey of women as they navigate through educational institutions and professional landscapes. It delves into the historical context, highlighting the struggles and triumphs of women who fought for their right to learn and work. By examining key milestones, influential figures, and pivotal moments, this book aims to provide a comprehensive overview of the advancements and ongoing challenges women face in these arenas.

Through a collection of essays, case studies, and personal narratives, we shed light on the diverse experiences of women from different backgrounds and regions. We analyse the impact of educational policies, the role of mentorship, and the significance of supportive networks in empowering women. Additionally, the book addresses contemporary issues such as the gender pay gap, workplace discrimination, and the balancing act between professional ambitions and personal responsibilities.

Historically, women have been denied access to education, which limited their opportunities and perpetuated gender inequality. Education empowers women economically by enhancing their skills and knowledge, enabling them to pursue higher-paying jobs and contribute to the economy. Educated women tend to marry later, have fewer children, and make healthier choices for themselves and their families, leading to improved health and well-being. Education challenges traditional gender roles and stereotypes, promoting equality and fostering a culture of respect and inclusion. Education opens doors to leadership roles in various sectors, enabling women to influence policy-making and drive positive change in society.

Women should have equal access to job opportunities, promotions, and fair wages without discrimination based on gender. Encouraging women to become entrepreneurs fosters economic growth and innovation while empowering them to control their financial futures. Flexible work policies and support systems are essential for women to balance their professional and personal responsibilities effectively. Creating networks and advocacy groups

ISBN-978-81-973071-5-7
First Edition

can provide women with mentorship, support, and resources to navigate challenges in the workplace. Increasing the representation of women in leadership positions across all industries is crucial for fostering diverse perspectives and driving organizational success.

Overall, empowering women in education and occupation not only benefits women themselves but also contributes to societal development, economic growth, and gender equality. It requires concerted efforts from governments, organizations, and individuals to dismantle barriers and create an environment where women can thrive and realize their full potential.

**Dr. Apexa N. Pandya**

ISBN-978-81-973071-5-7
First Edition

## CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | પ્રસ્તાવના | 1 |
| 2 | સંદર્ભ સાહિત્યની સમીક્ષા | 9 |
| 3 | બ્રાહ્મણોનો પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક કાળ | 25 |
| 4 | ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી | 46 |
| 5 | બ્રાહ્મણ સ્ત્રીઓનું સામાજીક જીવન | 63 |
| 6 | બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક જીવન | 71 |
| 7 | બ્રાહ્મણ સ્ત્રીઓની વ્યાવસાયિક ગતિશીલતા | 74 |
| 8 | અભ્યાસના તારણો અને સૂચનો | 86 |
| 9 | સંદર્ભસૂચિ | 94 |

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રસ્તાવના

## પ્રસ્તાવનાઃ

*ભારતીય સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા પરંપરાગત સમાજથી આધુનિક સમાજ સુધી મહત્ત્વની લાક્ષણિકતા રહી છે. જ્ઞાતિ વ્યવસ્થા ભારતીય સમાજમાં સગઠન અને નિયંત્રણ માટેની ચોક્કસ વ્યવસ્થા જોવા મળે છે. દરેક જ્ઞાતિને પોતાની આગવી પરંપરાઓ, ધોરણો તેમજ મૂલ્યો છે. આ જ્ઞાતિ વ્યવસ્થાને તેમજ તેમાં આવતાં પરિવર્તનો અને ગતિશીલતાઓને સમાયંતરે સમજવા અનિવાર્ય છે. બદલાતી જતી સામાજિક પરિસ્થિતિને સમજવા જ્ઞાતિ વ્યવસ્થામાં આવતાં પરિવર્તનને સમજતા રહેવું અનિવાર્ય છે. જ્ઞાતિનું સંગઠન, સંરચના તેમજ કાર્યો સમયાંતરે પરિવર્તન પામતા હોય છે. પરિવર્તનો સમાજમાં સતત વિદ્યમાન હોય છે. આ પરિવર્તનોની જ્ઞાતિનાં તેમાં બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓની શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતાની અસરો નોંધાય છે તે તપાસતાં રહેવું એ સંશોધનનો મહત્ત્વનો પ્રશ્ન કહી શકાય.*

*આઝાદી પછી બંધારણીય અમલ સાથે ઘણી જ્ઞાતિઓમાં અનામતના ફળસ્વરૂપ પરિવર્તનો નોંધાવા લાગ્યા. તેમાં ખાસ કરીને અનુસૂચિત જ્ઞાતિ અને અનુસૂચિત જનજાતિઓ અનામત વ્યવસ્થા લાગુ પાડવાથી તેમની સામાજિક-આર્થિક ગતિશીલતામાં મહત્ત્વના ઊર્ધ્વગામી પરિવર્તનો નોંધી શકાય છે. ભારતની આઝાદી બાદ જે જ્ઞાતિઓ સામાજિક-આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત હતી તેવી જ્ઞાતિઓની યાદી બનાવવામાં આવી.*

*ભારતીય સમાજ વિવિધ સામાજિક જૂથોનો બનેલો છે. જેમાં અનેક ધર્મોમાં વિશ્વાસ અને આસ્થા ધરાવનારા લોકો હજારો વર્ષોથી વસવાટ કરતા આવ્યા છે. એમની દરેકની પોતાની આગવી અને અલગ સંસ્કૃતિ છે. જેમાં દરેકના અલગ મૂલ્યો, માન્યતાઓ અને ધોરણો છે. તદ્‌ઉપરાંત ભારતમાં અનેક ધર્મો પાળનારા લોકો પોતાની આગવી સંસ્કૃતિ લઈને અન્ય પ્રદેશોમાંથી આવ્યા અને સ્થાયી થયા છે. તેમની જીવનશૈલીમાં રહેલ ખાનપાનની ટેવો, પહેરવોશ, માન્યતાઓ, વલણો વગેરેની અસરો પણ એકબીજા ઉપર પારસ્પરિક રીતે પડતી રહી છે. બદલાતી સામાજિક પરિસ્થિતિઓ સાથે તેમનાં વલણો અને માન્યતાઓમાં પણ પરિવર્તન આવતું જાય છે.*

## સામાજિક ગતિશીલતાનું સૈદ્ધાંતિક સ્વરૂપઃ

*સામાન્ય રીતે વ્યક્તિઓ એકબીજા સાથે સામાજિક સંબંધ પ્રસ્થાપિત કરે છે. જેનાં થકી સમૂહો, ઉપસમૂહો, સમુદાયો તથા સમાજનું નિર્માણ થાય છે. સામાન્ય વાતચીતમાં વ્યક્તિઓના સમૂહ માટે “સમાજ” શબ્દ વપરાય છે. વિભિન્ન સમાજ વૈજ્ઞાનિકો એ “સમાજ” શબ્દને પોતપોતાની રીતે સમજવાનો પ્રયાસ કર્યા છે. જેમાં રાજ્યશાસ્ત્રીઓ “સમાજ”ને વ્યક્તિઓનાં સમૂહનાં રૂપમાં જુએ છે. નૃવંશશાસ્ત્રીઓ આદીમ સમુદાયોને “સમાજ” તરીકે ઓળખાવે છે. જ્યારે સમાજશાસ્ત્રમાં “સમાજ” શબ્દ પ્રયોગ વિશિષ્ટ અર્થમાં કરવામાં આવ્યો છે. સમાજશાસ્ત્રમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સામાજિક સંબંધોના આધાર પર નિર્મિત થયેલ વ્યવસ્થાને “સમાજ” તરીકે ઓળખવામાં આવે છે.*

## સામાજિક ગતિશીલતાની વિવિધ વ્યાખ્યાઓઃ

*કેટલાંક સમાજશાસ્ત્રીઓએ સમાજનાં ખ્યાલને સમજવા માટે કેટલીક વ્યખ્યાઓ આપી છે તે જોઈએ…*

ISBN-978-81-973071-5-7
First Edition

૧. **મેકાઈવર અને પેજઃ** *અનુસાર સમાજ રીતિઓ અને કાર્યપ્રણાલીઓ અધિકાર અને પારસ્પરીક સહાયતાની અનેક સમૂહ તથા સ્વતંત્રતાઓની એક વ્યવસ્થા છે. જે સામાજિક સંબંધોની જાળ છે. જે હંમેશા પરિવર્તન પામતી રહે છે.*

૨. **ગિન્સબર્ગ અનુસારઃ** *સમાજ એ વ્યક્તિગત સમૂહ છે જે કેટલાંક સંબંધો કે વ્યવહારની રીતો દ્વારા સંગઠીત છે.*

૩. **જ્યોર્જ સિમ્મેલઃ** *સમાજને એવી વ્યક્તિઓનો સમૂહ માનવામાં આવે છે જેઓ પરસ્પર એકબીજા સાથે આંતરક્રિયા દ્વારા સંબંધિત છે.*

*સમાજશાસ્ત્રીઓ દ્વારા આ મુજબ સમાજને વ્યખ્યાબદ્ધ કરે છે. તો બીજી તરફ સમાજ વિજ્ઞાનના શબ્દકોષમાં સમાજની વ્યાખ્યાની નીચે પ્રમાણે આપવામાં આવી છે.*

*'સમાજ' એટલે માનવી માનવી વચ્ચેના સંબંધોનો સમગ્ર સંકુલ. આમ, સમાજએ કર્તવ્યો અને અધિકારોની એક વ્યવસ્થા છે. કોઈપણ સમાજની ગતિશીલતા, પ્રગતિ અને વિકાસ માનવીનાં કર્તવ્યો અને અધિકારોમાં વાલનની શ્રમતા ઉપર નિર્ભર છે. તો બીજી તરફ આપણે જાણીએ છીએ કે, કોઈપણ દેશના વિકાસની શક્તિ અને ભાવિ-યુવાનો ઉપર નિર્ભર છે.*

*પ્રત્યેક સમાજમાં વ્યક્તિના સમૂહો અને પેટાસમૂહો હોય છે. તેઓ એક સમાન સામાજિક સ્તરમાં હોતા નથી. વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ એક સ્તરમાંથી બીજા સામાજિક સ્તરમાં જવાના પ્રયત્નો કરે છે. જ્યારે સામૂહિક સ્તર પર સામાજિક ગતિશીલતાની પ્રક્રિયા સંપૂર્ણ સામાજિક સમૂહો દ્વારા અપનાવાય છે. ગતિશીલતા એટલે સામાન્ય વિભિન્ન સમૂહો એકબીજા સમૂહમાં ગતિ કરતાં હોય છે.*

*કોઈપણ સમાજના વિશ્લેષણમાં સામાજિક ગતિશીલતાનો અભ્યાસ જરૂરી બની રહ્યો છે. ગતિશીલતાનો અર્થ સમજવાનો પ્રયાસ કરીએ.*

### ગ્રાહમ સકર જેનટ અનુસારઃ

*"સામાજિક ગતિશીલતાનો અભ્યાસ સામાજિક પરિવર્તનને સમજવામાં મહત્ત્વપૂર્ણ રહ્યો છે કેમ કે સામાજિક ગતિશીલતા પરિણામ માત્ર ગતિશીલ વ્યક્તિ કે સમૂહો માટે જ નહીં. પરંતુ સામાજિક વ્યવસ્થા માટે પણ ક્યારેક ગંભીર પરિણામ ઉભા કરે છે."*

### હેડ્રીકના મત પ્રમાણેઃ

*"સામાજિક ગતિશીલતા વ્યક્તિનું એક વર્ગમાંથી બીજા વર્ગમાં સ્થળાંતર કે જુદી જુદી માત્રામાં બધા જ સમાજોમાં જોવા મળે છે."*

*આમ, સામાજિક ગતિશીલતાનો અર્થ સામાન્ય રીતે કોઈ વ્યક્તિ, પરિવાર, સમૂહ કે સમુદાયનું એક સામાજિક પરિસ્થિતિમાંથી બીજી સામાજિક પરિસ્થિતિમાં સ્થળાંતર છે.*

### સીરોકીન અનુસારઃ

*"વ્યક્તિ સામાજિક વસ્તુ અથવા મૂલ્યનું એક સામાજિક સ્થાનમાંથી બીજા સામાજિક સ્થાનમાં સ્થળાંતર એટલે સામાજિક ગતિશીલતા."*

*સમયની દૃષ્ટિએ વિદ્વાનો દ્વારા બે પ્રકારની ગતિશીલતા દર્શાવી છે. (૧) અંતર પેઢી અને (૨) આંતર પેઢી.*

ISBN-978-81-973071-5-7
First Edition

### (૧) અંતર પેઢી સામાજિક ગતિશીલતાઃ

*પ્રથમ ગતિશીલતામાં પિતાની સામાજિક પરિસ્થિતિ અને પુત્રની સામાજિક પરિસ્થિતિમાં તુલના કરવામાં આવે છે. જે ઊભી, આડી કે સમાંતર ગતિશીલતા હોઇ શકે. વ્યક્તિ પહેલા કયા પદ, પરિસ્થિતિમાં હતો અને આજે કયાં છે ? અને અંતરપેઢી ગતિશીલતા કહેવામાં આવે છે.*

### (૨) આંતર પેઢી સામાજિક ગતિશીલતાઃ

*સમગ્ર વિશ્વમાં લોકોની વસ્તીને આધારે જ તે સમૂહ બહુમતિ કે લઘુમતિ તરીકે ઓળખાય છે. ભારતમાં પણ અનેક જ્ઞાતિ-જાતિ સમૂહો વસે છે, અને દરેકની વસ્તીનું પ્રમાણ વત્તુ-ઓછું છે. આવા સમૂહોને તેમની વસ્તીને આધારે લઘુમતિ કે બહુમતિ તરીકે ઓળખવામાં આવે છે. આપણે જ્યારે કોઇ સમૂહનો અભ્યાસ કરતાં હોઇએ ત્યારે તેને સમાજશાસ્ત્રીય કે અન્ય વ્યાખ્યાઓના આધારે લઘુમતિ કે બહુમતિ તરીકે સમજવાની જરૂર રહે છે.*

### ગતિશીલતાઃ

Lipset and Bendix: “The process by which individual move from one position to another in society position, which by general consent have been given specific hierarinal values.”

### સામાજિક ગતિશીલતાઃ

Sorokin : By social mobility it is understood any transition of an individual or social object or value any thing that has been created or modified by human activity from position to another”

*“સામાજિક ગતિશીલતા સમાજની સ્તર વ્યવસ્થાના વિભિન્ન સ્તરો વચ્ચે વ્યક્તિ કે જૂથનું નીચેથી નીચે અથવા તો જે તે સ્તરમાં જ પરિભ્રમણ સૂચવતી ઘટના છે અને તે એક પ્રક્રિયા તરીકે જોવા મળે છે.”*

Young and Mack: “Social Mobility refers to a change in the status of an individual, a group or a category.”

*“સામાજિક ગતિશીલતા વ્યક્તિગત સ્થિતિ, એક જૂથ અથવા શ્રેણી ફેરફાર ઉલ્લેખ કરે છે.”*

**રોઝ એન્ડ ઓઝઃ** *“સામાજિક ગતિશીલતા એટલે સામાજિક દરજ્જામાં ઊંચે અથવા નીચે જવાનું સૂચવતી સ્થિતિ.”*

**બ્રુમ એન્ડ સેલ્ઝનિકઃ** *“વ્યક્તિ કે જૂથના સ્થાનમાં થતા ફેરફારને કે સ્થાન પરિવર્તનને સામાજિક ગતિશીલતા તરીકે વ્યાખ્યાબદ્ધ કરે છે.”*

### સંશોધન પ્રશ્નઃ

*“અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતા.”*

### અમદાવાદ શહેરઃ

*ગુજરાત રાજ્યનું આ મોટામાં મોટું શહેર ૨૨°-૫૮ ઉત્તર અંક્ષાશ અને ૭૨°-૩૫ પૂર્વ રેખાંશ પર સાબરમતી નદીના કિનારે વસેલું છે. તેની સ્થાપના ૧૪૧૧માં અમહદશાહ બાદશાહે કરી હતી. ઇ.સ. ૧૯૬૦ સુધી અમદાવાદ ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું. કોટ વિસ્તારની અંદરનું ઐતિહાસિક શહેર, બીજા ભાગમાં અમદાવાદનો વિકાસ ૨૦મી સદીની શરૂઆતમાં જુના શહેરની પૂર્વ સરહદે કાપડની મિલોની આસપાસ થયો. ત્રીજો વિસ્તાર*

ISBN-978-81-973071-5-7
First Edition

*અમદાવાદનો પશ્ચિમનો મધ્યવર્ગની વસતિવાળો વિસ્તાર જે સમૃદ્ધ અમદાવાદ તરીકે ઓળખાય છે. આજે અમદાવાદ શહેરને સ્પષ્ટ રીતે બે ભાગ પડે છે. જુનું ઐતિહાસિક શહેર નદીની પૂર્વ કિનારે (ડાબી બાજુ) અને આધુનિક રીતે આયોજિત વિસ્તાર નદીના પશ્ચિમ કિનારે (જમણી બાજુ) વિકસ્યો છે. આ બંને ભાગો તેમાં વસતા લોકોનાં આર્થિક ધોરણનું પ્રતિબિંબ છે.*

*અમદાવાદની કાપડની મિલો બંધ થતાં ઘણા બધા મિલકામદારોની રોજીરોટી ઝૂટવાઈ ગઈ. કાપડ ઉદ્યોગની પડતી પછી શહેરમાં પાવરલૂમ, રસાયણો, દવાઓ, હીરાઉદ્યોગ અને એન્જિનિયરીંગ ઉદ્યોગનો વિકાસ થતાં શહેર વધુ વિકસ્યું. આર્થિક વિકાસની દૃષ્ટિએ આજે અમદાવાદ દેશમાં દસ મોટા શહેરોમાં સાતમું સ્થાન ધરાવે છે.*

## સંશોધન વિષયની પસંદગી અને ઘડતરઃ

*ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગમાં પીએચ.ડી.માં પ્રવેશ મળ્યા બાદ સંશોધન વિષય પસંદગીનાં ઘણા વિષયો વિચાર્યા. અંતે મારી પોતાની જ્ઞાતિ અંગે સંશોધન કરવાનું માર્ગદર્શકની સલાહ મુજબ નક્કી થયું. અમદાવાદ શહેરની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં સ્ત્રીઓની શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતા તપાસવા માટેનો સંશોધન પ્રશ્ન નક્કી કર્યો.*

*પ્રસ્તુત સંશોધન પ્રશ્નની પસંદગી સંદર્ભે એક પાસું એ છે કે સંશોધનકર્તા પોતે બ્રાહ્મણ જ્ઞાતિના સભ્ય છે. પરિણામે પીએચ.ડી.ની પદવી અર્થે પોતાની જ્ઞાતિનો અભ્યાસ કરવાની પ્રેરણા મજબૂત રહી પરંતુ તેનો અર્થ એ નથી કે સંશોધન વિષયનાં ઘડતરમાં વ્યક્તિગત પાસું બળવતર બન્યું. આ કારણે બ્રાહ્મણ જ્ઞાતિ અંગેના મારા સમાજશાસ્ત્રીય નિરીક્ષણો, અવલોકનો અને અનુભવો વિષય અનેકવિધ રીતે સમજવામાં મદદરૂપ બને છે.*

*ભૌગોલિક પાર્શ્વ ભૂમિકામાં બ્રાહ્મણ જ્ઞાતિના સામાજિક પરિવેશને સમજવામાં જ્ઞાતિનું સભ્યપદ તેમજ માર્ગદર્શક સાથેની ચર્ચા અગત્યની બની રહે છે. આ અગાઉ થયેલા અભ્યાસોની સાહિત્ય સમીક્ષામાં થયેલી ચર્ચા પણ પાયારૂપ બને છે.*

*સંશોધન વિષયની પસંદગી કર્યા પછી સંશોધન પ્રશ્નની વધુ સમજ મેળવવા માટે સંદર્ભ સાહિત્યો અને સંશોધન વિષયને લગતા પુસ્તકો તેમજ મહાશોધનિબંધ શોધવાનો પ્રયત્ન કર્યો ત્યારે બ્રાહ્મણ જ્ઞાતિઓને સંબંધિત સાહિત્ય ઉપલબ્ધ થયું. જેમ જેમ સંશોધન વિષય અંગે જાણકારી મેળવી તેમ તેમ સંશોધન વિષયની સમજ સ્પષ્ટ થવા લાગી. તેના આધારે સંશોધન વિષયનું ઘઠડતર થયું. સંશોધન વિષયની પસંદગી એ સંશોધનનો પ્રારંભ છે. સમાજસાસ્ત્ર એ સમાજજીવનમાં આવતાં પરિવર્તનોનું વ્યવસ્થિત અભ્યાસ કરતું શાસ્ત્ર હોવાથી સમાજનાં કોઈપણ પાસાને સ્પર્શતા પ્રશ્નો મળી રહે તે સ્વાભાવિક છે. સંશોધનની શરૂઆત હંમેશા કોઈ બૌદ્ધિક કે વ્યવહારલક્ષી પ્રશ્નોથી થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં જે વિષય પર સંશોધન હાથ ધરવાનું વિચાર્યું તે અમદાવાદ શહેરની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતા તપાસવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.*

## વિષય પસંદગી અંગેના કારણોઃ

*વિશ્વનાં કોઈપણ સમાજ સમસ્યાથી અલિપ્ત નથી. તેમાં સમસ્યાઓ વધતે-ઓછે અંશે રહેલી છે. તેથી અમદાવાદમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતા વિષય પસંદ કરતાં તેમાં સ્ત્રીઓના દરજ્જો અલગ અલગ જોવા મળે છે. તેની પાછળના અનેક કારણો પણ જાણવા મળેલ છે. માટે આ વિષય પસંદગી કરેલ છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, વ્યાવસાયિક સ્ત્રીઓમાં કુટુંબનું સ્થાન આરોગ્ય*

*વિષયકમાં સ્ત્રીઓનો દરજ્જો વગેરે બાબતો જોતાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન શું છે ? તેની કેટલી સ્વયતા મળે છે ? તે તેના હક્કો ભોગવી શકે છે કે કેમ તે તેના અંગત જીવનના નિર્ણયો લઈ શકે છે. તે તપાસવા માટે આ વિષય પસંદ કરેલ છે. તેમનાં કુટુંબોમાં તેમજ જીવન ધોરણમાં સુધારો નોંધાયો. આ વિકાસની પ્રક્રિયામાં અમદાવાદ શહેરની બ્રાહ્મણ જ્ઞાતિઓમાં સ્ત્રીઓમાં કેવા પ્રકારનાં ગતિશીલામય સુધારા નોંધાયા તે જાણવાના હેતુ પ્રસ્તુત સંશોધન પ્રશ્ન પસંદ કર્યા.*

*સંશોધન પોતે જન્મથી અમદાવાદ શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં હોવાથી અમદાવાદનો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને વ્યાવસાયિક જીવનથી પરિચીત છે, તેથી જ્યારે સંશોધન પ્રશ્નની પસંદગી કરવાનું થયું ત્યારે પોતાની જ્ઞાતિમાં આવેલ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતા તપાસવાનો વિચાર પ્રબળ બન્યો જેથી પ્રસ્તુત સંશોધન વિષયની પસંદગી કરવામાં આવી.*

## સંશોધનના હેતુઓઃ

- *બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓનું વ્યક્તિગત અને કૌટુંબિક માહિતી પ્રાપ્ત કરવી.*
- *બ્રાહ્મણ જ્ઞાતિમાાં સ્ત્રીઓની સામાજિક ગતિશીલતા વિષયક માહિતી પ્રાપ્ત કરવી.*
- *સ્ત્રીઓની કૌટુંબિક નિર્ણયોમાં ભાગીદારી અને સ્ત્રીઓની સમાજમાં ભૂમિકા અને ભાગીદારી તપાસવી.*
- *ઔદિચ્ય જ્ઞાતિમાં સ્ત્રીનું સામાજિક સ્થાન અને સામાજિક દરજ્જો તપાસવો.*
- *ઔદિચ્ય જ્ઞાતિમાં સ્ત્રીઓનો કૌટુંબિક દરજ્જાને તપાસવો.*
- *ઔદિચ્ય જ્ઞાતિમાં સ્ત્રીનો શૈક્ષણિક, આર્થિક અને આરોગ્ય વિષયક દરજ્જો તપાસવો.*
- *બ્રાહ્મણ જ્ઞાતિમાં બે પેઢી જેમ કે પિતા અને દાદા અને માતા-નાની વચ્ચેના વ્યાવસાયિક અને શૈક્ષણિક બાબતોમાં આવેલાં પરિવર્તન તપાસવા.*

## સંશોધન અભ્યાસનું મહત્ત્વઃ

- *વર્તમાન સમયમાં બ્રાહ્મણ જ્ઞાતિઓમાં સ્ત્રીઓમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, વ્યાવસાયિક બાબતોમાં આવેલ પરિવર્તનને સમજવામાં મહત્ત્વરૂપ સાબિત થશે.*
- *સ્ત્રીઓના સશક્તિકરણની વાત થઈ રહી છે. ત્યારે સ્ત્રીનાં દરજ્જાનું મહત્ત્વ ખૂબ વધુ છે અને આ અભ્યાસ દ્વારા નીતિ ઘડતરમાં મહત્ત્વ બની.*
- *મહિલાઓને તેમની શક્તિનો પૂરેપૂરો ખ્યાલ આવે એ માટે મહિલાઓનાં પૂરેપૂરા વિકાસ અંગેની વિધેયાત્મક સામાજિક અને આર્થિક નીતિઓ દ્વારા વાતાવરણનું સર્જન કરવું.*
- *વિકાસની પ્રક્રિયામાં મહિલાો અસરકારક રીતે ભાગ લઈ શકે તે માટે મહિલા તરફી નીતિ ઘટશે.*
- *પિતૃપ્રધાન સામાજિક વ્યવસ્થામાં મિલકતનાં અધિકારને પરિણામે મહિલાઓને દરજ્જો ઊતરતો રહે છે.*
- *બ્રાહ્મણ જ્ઞાતિમાં છેલ્લી બે પેઢીઓમાં સ્ત્રીઓ અને પુરૂષો શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક ક્ષેત્રોમાં આવેલ ગતિશીલતા જાણવા માટે મહત્ત્વરૂપ સાબિત થશે.*

**સંશોધન પદ્ધતિઃ**

*સમાજશાસ્ત્રમાં સંશોધન કરવા માટે બે પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે. વિશેષરૂપે સંખ્યાત્મક માહિતી મેળવવા સર્વેક્ષણ પદ્ધતિ અને ગુણાત્મક માહિતી મેળવવા સહભાગી નિરીક્ષણ એકમ અભ્યાસ પદ્ધતિ, એફ.જી.ડી.કન્ટેન એનાલિસીસ અને ઊંડાણપૂર્વકની મુલાકાત પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.*

*પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરમાં વસવાટ કરતાં તમામ બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં ઉત્તરદાતાઓ સાક્ષર હોય તે શક્ય નથી. તેથી પ્રશ્નાવલિની કેટલીક મર્યાદાઓ રહેશે. તે ઉપરાંત સ્ત્રીઓની અંગત માહિતી માત્ર નિરીક્ષણ પદ્ધતિથી મેળવી શકાય નહીં. આ મુજબની મર્યાદાઓ જોતાં સંશોધક પોતે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓની રૂબરૂ મુલાકાત લઈ અભ્યાસ વિષયક પ્રશ્નો પૂછી ઉત્તરદાતાઓએ આપેલ ઉત્તર અનુસૂચિમાં ભરશે. તેથી અહીં મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધનમાં ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિ પ્રયુક્તિના માધ્યમથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુણાત્મક માહિતી મેળવવા માટે બ્રાહ્મણ સ્ત્રીઓનાં વિભિન્ન ક્ષેત્રોમં ઉચ્ચ દરજ્જાઓ ધરાવતા વ્યક્તિઓની ઊંડાણપૂર્વકની મુલાકાત આવી હતી.*

**પ્રાથમિક તેમજ ગૌણ માહિતી**

**૧. પ્રાથમિક માહિતીઃ**

*પ્રસ્તુત સંશોધનમાં મુલાકાત અનુસૂચિના માધ્યમથી પસંદ કરેલા ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરી સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.*

*બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓમાં આગેવાનો અને મહત્ત્વના હોદ્દાઓ ધરાવતા વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી, જે પ્રાથમિક માહિતી કહેવાય.*

**૨. ગૌણ માહિતી**

*પ્રસ્તુત સંશોધન અર્થે અગાઉ થયેલ બ્રાહ્મણ જ્ઞાતિના સંશોધનો, પુસ્તકો, સામાયિકો, જ્ઞાતિ મેગેઝિનો તેમજ જ્ઞાતિની ડિરેક્ટરીઓ અંકનો ગૌણ માહિતી સ્ત્રોત તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.*

**નિદર્શ પસંદગીઃ**

*અમદાવાદ શહેરી વિસ્તારમાં પ્રસ્તુત સંશોધન અર્થે નિદર્શની પસંદગી કરવા માટે અમદાવાદ શહેરને બે વિભાગમાં વહેંચ્યા હતાં. જેમાં પૂર્વ અમદાવાદ અને પશ્ચિમ અમદાવાદ એવા બે વિભાગો પાડી બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓનાં વિસ્તારોની યાદી તૈયાર કરવામાં આવી. જેમાં ઘાટલોડિયા, ચાંદલોડિયા, વસ્ત્રાપુર, ચાંદખેડા, સેટેલાઇટ, વેજલપુર, મેમનગર, ન્યુ રાણીપ, ગોતા, નરોડા, વસ્ત્રાલ, બોપલ, મણિનગર, ઈસનપુર, રાણીપ, શાહિબાગ, થલતેજ, નારણપુરા, નવરંગપુરા, બાપુનગર, ઓગણજ, નિકોલ, વાડજ, વાસણા, સરસપુર, મેઘાણીનગર, પાલડી, સોલામાં વસવાટ કરતાં બ્રાહ્મણ જ્ઞાતિનાં કુટુંબોને નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યા હતાં. અમદાવાદ શહેરનાં તમામ વિસ્તારોનું પ્રતિનિધિત્વ જળવાય તેમજ બ્રાહ્મણ જ્ઞાતિની પેટાજ્ઞાતિઓ જેવી કે પંડ્યા, શુક્લ, જોષી, રાવલ, જાની, આચાર્ય, વ્યાસ, મહેતા, દવે, ભટ્ટ, ઉપાધ્યાય વગેરેનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે ધ્યાનમાં રાખી ૩૦૦ બ્રાહ્મણ સ્ત્રીઓનાં બિન-સંભાવનાત્મક હેતુપૂર્વકના નિદર્શન દ્વારા પ્રાપ્ત કરવામાં આવી હતી.*

ISBN-978-81-973071-5-7
First Edition

## અભ્યાસક્ષેત્રનો પરિચય:

*ગુજરાતનું અમદાવાદ શહેર સાબરમતીના કિનારે વસેલું છે. તેની સ્થાપના ઈ.સ.૧૪૧૧માં અહમદશાહ બાદશાહે કરી હતી. એટલે કે અમદાવાદે આજે ૬૦૮ વર્ષ પૂરા કર્યા છે. ઈ.સ.૧૪૮૭માં મહમદ બેગડાએ ૯૬ ફૂટ પહોળી, ૬ કિ.મી. લાંબી, ૧૮૯ ટાવરો અને ૬૦૦૦ કાંગરા તથા ૧૨ દરવાજા ધરાવતી શહેરની ફરતે દિવાલ અથવા કોટ બંધાવ્યો હતો. અમદાવાદના કોટ વિસ્તારની રચનામાં પોળો સૌથી અગત્યનો ભાગ ભજવે છે. પોળોની રચના મોટેભાગે સમાન જ્ઞાતિનો સમુહ કે સમાન ધંધાવાળા લોકોના વસવાટથી થયેલી હતી. ઈ.સ.૧૯૬૦ સુધી અમદાવાદ ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું.*

૧) *જૂનું કોટની અંદરનું ઐતિહાસિક શહેર જ્યાં ઉપલી જ્ઞાતિઓ અને મુસ્લિમો તેમની કોમ સાથે જે તે પોળમાં વસતા હતાં.*

૨) *બીજા ભાગમાં અમદાવાદનો વિકાસ ૨૦મી સદીની શરૂઆતમાં જુના શહેરની પૂર્વ સરહદે કાપડની મિલોની આસપાસ થયો. જેમાં મુસલમાન અને દલિત મજૂરો વસતા હતાં.*

૩) *ત્રીજો વિસ્તાર અમદાવાદનો પશ્ચિમનો વિસ્તાર જે 'સમૃદ્ધ અમદાવાદ' તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૨૭ થી જૂના અમદાવાદમાંથી નદીપારના વિસ્તારમાં ગયા પશ્ચિમના વિસ્તારમાં ઉપલા અને મધ્યમવર્ગ હિન્દુઓ કેટલાંક સારી આર્થિક સ્થિતિવાળા મુસ્લિમો, કેટલાંક દલિતોનાં વિસ્તારોનો વિકાસ થયો.*

*બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિવિધિ કેવી રહી અને તેમાં કેવા અને કયાં કયા ક્ષેત્રોમાં પરિવર્તન આવ્યા તે જાણવા આ અભ્યાસક્ષેત્રની પસંદગી થઈ છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓ શૈક્ષણિક અને વ્યાવસાયિકની બાબતોમાં બે પેઢીઓમાં પિતા-દાદા અને માતા-નાની શૈક્ષણિક અને વ્યવસાયિક પ્રક્રિયાએ કેવો વેગ પકડ્યો છે તે જાણવાનો આશય છે.*

## અભ્યાસની મર્યાદાઓ:

*પ્રસ્તુત અભ્યાસમાં ૩૦૦ બ્રાહ્મણ જ્ઞાતિઓની સ્ત્રીઓનું નિદર્શનમાં પસંદ કરવામાં આવ્યા હતાં. આ ૩૦૦ નિદર્શના આધાર સમગ્ર અમદાવાદ શહેરની બ્રાહ્મણ સ્ત્રીઓનો શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતા અંગે માત્ર પ્રાથમિક સમજ જરૂર મેળવી શકાય છે. પરંતુ બૃહદ ક્ષેત્રમાં કેવા પ્રકારનું વાતાવરણ છે તેની સમજ પ્રાપ્ત થતી નથી.*

*પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરમાં વસવાટ કરતી બ્રાહ્મણ જ્ઞાતિઓ પૈકી દરેક પેટાજ્ઞાતિનો સમાવેશ કરવામાં આવ્યો નથી. અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિની પેટાજ્ઞાતિની વસ્તીને આધારે તેમની પસંદગી કરવામાં આવી હોવાથી બ્રાહ્મણ જ્ઞાતિની અમદાવાદ શહેરમાં વસવાટ કરતી દરેક પેટાજ્ઞાતિનો સંશોધનમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. તે પણ અભ્યાસની એક મર્યાદા જોવા મળે છે.*

*સમાજશાસ્ત્ર સાથેનો મારો વિદ્યાર્થી સંશોધન તરીકે સીધો સંબંધ છે. પ્રસ્તુત સંશોધનમાં બ્રાહ્મણજ્ઞાતિ પૈકી ઓદિચ્ય જ્ઞાતિની પેટાજ્ઞાતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ જ્ઞાતિના સંદર્ભમાં મારી એક ઓળખ ઔદિચ્ય જ્ઞાતિજનની છે. ત્યારે ઘણા જીજ્ઞાસુઓને એવી લાગણી ચોક્કસ ઉદ્ભવે કે જ્ઞાતિની પ્રશંસાજનક બાબતો જ દર્શાવી હશે. જો કે સંશોધક તરીકે એવો કોઈ પૂર્વગ્રહ કે મર્યાદાઓ મારા તરફથી રાખવામાં આવી નથી. પૂર્વાગ્રહ રહિત વાસ્તવિક સમાજશાસ્ત્રી સંશોધન કરવાનો પ્રયત્ન રહ્યો છે.*

*વિદ્યાર્થી તરીકે આ મારું પ્રથમ બૃહદ સંશોધન હોવાથી કેટલીક મર્યાદાઓ ઉભી થઈ શકે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

## ક્ષેત્રકાર્યના અનુભવોઃ

*પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ દરમ્યાન અમદાવાદ શહેરમાં વસવાટ કરતી બ્રાહ્મણ જ્ઞાતિમાં ઔદિચ્ય જ્ઞાતિની સ્ત્રીઓની મુલાકાત અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તાર (મેમનગર)માં આવેલા સર્વમંગલ ઔદિચ્ય સમાજ હોલમાં દરેક નાના-મોટા સામાજિક પ્રસંગોમાં સ્ત્રીઓ જોવા મળતી. તેમની સાથે રૂબરૂ મુલાકાત દ્વારા મુલાકાત અનુસૂચિના જવાબ મળતા હતા. ત્યારે અમુક સ્ત્રીઓ કહેતીં કે અમે સામાજિક પ્રસંગોમાં હાજરી આપવા આવ્યા છીએ. અમારી પાસે તમારી પ્રશ્નાવલિ ભરી આપવાનો સમય નથી. જ્યારે તેની સામે ઘણા સારા લોકો મળ્યા હતા. જેઓ સામેથી મને કહેતા કે લાવો હું તમને મુલાકાત અનુસૂચિ ભરી આપું. ઘણાં ઉત્તરદાતાઓ તેમની કૌટુંબિક અને સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક અને વ્યાવસાયિક માહિતીને લગતા પ્રશ્નો વિશે ખુલીને વાત કરતાં ન હતાં. પરંતુ એક યા બીજી રીતે તે ઉત્તરદાતાઓને વિશ્વાસમાં લઈને તેમજ મારી વિદ્યાર્થી તરીકેની ઓળખ આપીને સાચી માહિતી મેળવવામાં આવી હતી. અમદાવાદમાં જુદા જુદા વિસ્તારોમાં બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબો વસવાટ કરતાં જોવા મળે છે. ત્યારે તેઓની મુલાકાત લેવા માટે તેમના વિસ્તારોમાં જતા ઘણાં ઉત્તરદાતાઓ મને વસ્તી ગણતરી અધિકારી સમજીને અનેક પ્રકારના પ્રશ્નો પૂછતાં હતાં, અમુક સ્ત્રીઓ માહિતી આપવામાં સંકોચ અનુભવતી હતી. ત્યારબાદ અભ્યાસનાં એક ભાગરૂપે મારા પીએચ.ડી. માટેના સંશોધનકાર્ય વિશે માહિતી આપીને એક વિદ્યાર્થી તરીકેની મારી ઓળખ આપ્યા બાદ તેમનો વિશ્વાસ જીતી શકી. તે ઉપરાંત હું પોતે બ્રાહ્મણ જ્ઞાતિની સભ્ય હોવાથી માહિતી આપતા તેઓ સાથે ઘરોબો સ્થાપી શકી જેના કારણે મારા સંશોધન માટેના પ્રશ્નોની જરૂરી માહિતી મેળવી શકી હતી.*

*ક્ષેત્રકાર્ય દરમ્યાન ઉત્તરદાતાઓએ મુલાકાત અનુસૂચિતના પ્રશ્નો ઉપરાંત તેમના જીવનના સામાજિક તેમજ આર્થિક બાબતોને લગતાં અનુભવોને મારી સાથે આદાન-પ્રદાન કરેલ તેમજ બે પેઢીની શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતામાં ઘણાં પ્રશ્નોમાં પરિવર્તન થયેલ જોવા મળેલ છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ-૨
# સંદર્ભ સાહિત્યની સમીક્ષા

## પ્રસ્તાવના:

*ભારતમાં આઝાદી પછી બ્રાહ્મણ જ્ઞાતિનાં સંદર્ભમાં ઘણાં અભ્યાસો કરવામાં આવ્યા છે. આ અભ્યાસોમાં બ્રાહ્મણ જ્ઞાતિનાં વિકાસ સાથે સંકળાયેલ વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસો કરવામાં આવ્યા છે. સામાજિક ક્ષેત્રે સંશોધનની પ્રવૃત્તિઓનો ઝડપી વિકાસ થવા લાગ્યો છે. સામાન્ય રીતે કોઈપણ સંશોધન કરતાં પહેલા તેના સંબંધિત સંશોધનનું જ્ઞાન મેળવવું આવશ્યક છે. સંશોધન પ્રક્રિયામાં કોઈપણ સંશોધન પહેલું કે છેલ્લું હોતું નથી. સંશોધન પ્રક્રિયામાં સંશોધકે પસંદ કરેલ સંશોધન વિષયમાં અગાઉ થયેલા અભ્યાસો તેમજ તેના અનુસંધાનમાં કે તે બાબતોને લગતાં અભ્યાસની સમીક્ષા કરવી જરૂરી છે. બ્રાહ્મણ જ્ઞાતિના સંદર્ભ તેના જુદા જુદા પાસાઓને ધ્યાનમાં રાખીને ઘણા અભ્યાસો કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યની બ્રાહ્મણ જ્ઞાતિઓના વિવિધ પાસાઓ જેવા કે સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક, વ્યાવસાયિક, કુટુંબ જીવન બાબતોમાં અનેક અભ્યાસો થયેલા જોવા મળે છે. પરંતુ અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતા વિશે મર્યાદિત અભ્યાસો થયા છે.*

## પૂર્વે થયેલા સંશોધનની સમીક્ષા:

*પ્રસ્તુત અભ્યાસ "અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતા" વિષયનાં અનુસંધાને તેમજ જ્ઞાતિ આધારિત અને સ્ત્રી આધારિત થયેલા કેટલાંક અભ્યોસની સમીક્ષા જોઈએ તો...*

### (૧) જી.એસ.ધૂર્યે : કાસ્ટ, કલાસ એન્ડ ઓક્યુપેશન (૧૯૩૨)

*ધૂર્યેએ પોતાના આ પુસ્તકમાં જ્ઞાતિ વ્યવસ્થા સમાજનું ખંડાત્મક વિભાજન ગણ્યું છે. તેમણે જ્ઞાતિ એક એકમ કહ્યું છે. તેમાં શબ્દોમાં જોઈએ તો 'જ્ઞાતિઓ પોતાનામાં લઘુ અને પૂર્ણ સામાજિક સંરચના છે. જે એકબીજા નિશ્ચિત અલગતા ધરાવે છે. પરંતુ તે વિસ્તૃત સમાજની અંતર્ગત સ્થિર થયેલ છે.' આનો અર્થ એ કે જ્ઞાતિઓનું પોતાનું અંલગ અસ્તિત્વ છે. અલગ સામાજિક વ્યવસ્થા છે. સાથે તે એક વ્યાપક સંરચનાનું અંગ છે. જેનું નિર્માણ ભારતીય સમાજની વિવિધ જ્ઞાતિઓથી જ થયું છે. પછી ભલે જુદી જુદી જ્ઞાતિઓમાં પવિત્રતા અને અપવિત્રતાના ખ્યાલોને લીધે પ્રતિબંધો કે સામાજિક અંતર જોવા મળતું હોય પરંતુ તેને લઈને તેમની સંરચનાત્મકતાને કઇ અસર થતી નથી.*

*જ્ઞાતિ એક સંરચનાત્મક વ્યવસ્થા છે. દરેક એકમને પોતાનું વિશિષ્ટ સ્થાન હોય છે. એક ચોક્કસ ભૂમિકા હોય છે. સંરચનાત્મક તત્ત્વોના રૂપમાં જ્ઞાતિઓ પોતાની પૂર્વ નિર્ધારિક સ્થિતિઓના સંદર્ભમાં સામાજિક જીવનની વિશેષ જરૂરિયાતોની પૂર્તિને માટે ફાળો આપે છે. જ્ઞાતિઓના દરજ્જા અને ભૂમિકાઓનું નિર્ધારણ સામાજિક સંરચના નિર્ણાયક અંગોના રૂપમાં સમજવામાં આવે છે.*

### (૨) એમ.એન.શ્રીનિવાસ : "આધુનિક ભારતમાં સમાજિક પરિવર્તનો" (૧૯૭૫)

*એન.એમ.શ્રીનિવાસને સંસ્કૃતિકરણનાં ખ્યાલનાં પ્રણેતા તરીકે ઓળખવામાં આવે છે. શ્રીનિવાસે જ્ઞાતિને ખૂબજ જટિલ વ્યવસ્થા કહી છે. તેમના મત પ્રમાણે ભારતીય સમાજને શ્રમવિભાજનના આધારે પાંચવર્ગોમાં વહેંચી શકાય જેમાં ઉચ્ચ સ્થાન પર બ્રાહ્મણો ત્યારપછી ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને અસ્પૃશ્ય તરીકે જ્ઞાતિને ઓળખવામાં*

*આવતી હતી. તેમના વ્યવસાયનાં આધારે તેમનામાં અસ્પૃશ્યતા કે ઊંચા-નીચના ભેદભાવ જોવા મળતા હતાં. શ્રીનિવાસના મતે જ્ઞાતિના સ્થાનનો સંબંધ ધાર્મિક ક્રિયાઓ સાથે છે. કેમ કે માત્ર દ્વિજ ગણાતી જ્ઞાતિઓ જ વૈદાદિ ગ્રંથોનું અધ્યયન કરી શકતી હતી. અને તેજ જુદા જુદા અવસરોમાં ધાર્મિક અનુપઠાન વગેરે કરી શકતી.*

*શ્રીનિવાસે કહ્યું છે કે વર્ણના પર્યાપવાસી શબ્દના સ્વરૂપમાં જ્ઞાતિની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. જ્ઞાતિ વ્યવસ્થાનો એકમ વર્ણ નથી, પરંતુ જ્ઞાતિ છે. જ્ઞાતિનો આધાર જ પવિત્રતા-અપવિત્રતાની માન્યતા છે. ધર્મ જ જ્ઞાતિનો મહત્ત્વપૂર્ણ આધાર છે. જ્ઞાતિ જન્મ પર આધારિત છે. જ્યારે જન્મ મનુષ્યના કર્મથી નક્કી થાય છે. શ્રી નિવાસ પવિત્રતા અને અપવિત્રતાની બાબતમાં વધુ જણાવે છે કે કોઈપણ પ્રકારનો સંપર્ક, સ્પર્શ, ભોજન કરવું, જાતિય સંબંધ વગેરે અપવિત્ર કરી દે છે. જો બે જુદી જુદી જ્ઞાતિઓના સભ્યોમાં કોઈપણ જાતનો સંપર્ક થાય છે. તેનાથી ઊંચી ગણાતી જ્ઞાતિના સભ્યો અપવિત્ર થઈ જાય છે અને તે સભ્યોએ શુદ્ધિકરણની વિધી પણ કરવી પડે છે.*

*ટૂંકમાં શ્રીનિવાસના મત મુજબ જ્ઞાતિની વ્યાખ્યા આપવા માટે આર્થિક કે રાજનૈતિક અભિગમ પર્યાપ્ત નથી. ધાર્મિક અભિગમને આધારે પણ જ્ઞાતિને સારી રીતે સમજી શકાય છે. પવિત્રતા અને અપવિત્રતા જ જ્ઞાતિઓને ઊંચું-નીચું સ્થાન પ્રધાન કરે. આમ, જ્ઞાતિને માત્ર શ્રમ વિભાજન કે બીજા કોઈ આર્થિક કે રાજકીય કારણને આધારે સ્પષ્ટ કરવી તે જ્ઞાતિના જટીલ ખ્યાલને સરળ કરવા બરાબર છે. જેને કારણે સમાજમાં ઊંચ-નીચના ભેદભાવો અને પવિત્રતા-અપવિત્રતાના ખ્યાલો પ્રવર્તતા હતાં.*

**(૩) નીરા દેસાઇ : ''ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન'' (૧૯૯૮)**

*આધુનિક સમાજ અને પરંપરાગત સમાજ અંગેના કેટલાક માન્ય લક્ષણોને આધારે ગુજરાતી સમાજમાં ૧૯મી સદીમાં થઈ રહેલા પરિવર્તન અંગેનો વિશ્લેષણાત્મક અભ્યાસ છે. ૧૯મી સદી દરમ્યાન ગુજરાતી સમાજના માળખામાં આવી રહેલાં પરિવર્તનનાં અભ્યાસો છે. પ્રાગઐતિહાસિક સમાજ, પ્રાગ આધુનિક સામંતશાહી, પરંપરાગત સમાજ, બ્રહ્ય રાજકીય, આર્થિક પરિબળ હેઠળ ઔદ્યોગિક, આધુનિકી મૂડીવાદી, વિકાસશીલ સમાજની દિશા તરફ કઇ રીતે જઈ રહ્યો હતો. તેનું સમાજશાસ્ત્રીય દષ્ટિથી અધ્યયન કર્યું જે દ્વારા ખૂબ માહિતગાર પૂરવાર થયું.*

**(૪) ડૉ.તારાબેન પટેલ : ભારતીય સમાજ વ્યવસ્થા**

*આ પુસ્તકમાં તેમણે જણાવ્યું કે ઈ.સ.૧૯૬૧ની વસ્તીએ આધારે લગભગ ૧૮ ટકા લોકો શહેરોમાં તથા ૮૨ ટકા લોકો ગામડામાં વસે છે. ગ્રામ અને શહેરી સમાજ વચ્ચેનો તફાવત સમજાવ્યા બાદ વસ્તીની સંખ્યા તથા ગીચતા, ભૌગોલિક પરિસ્થિતિ, કોમ્યુનિટીનું કદ, ધંધો, વસ્તીનાં સંપાદિતા તથા વિસંવાદિતા, સામાજિક ગતિશીલતા સ્થળાંતરનું પ્રમાણ તથા દિશા, સ્તરીકરણ અને સામાજિક વિભાજનનો ખ્યાલ વિગતે સમજાવ્યો છે.*

**(૫) જે.એચ.હટન : હિંદુસ્તાનની જ્ઞાતિ સંસ્થા (૧૯૪૫)**

*આ પુસ્તકમાં હટન એ જ્ઞાતિ વિશેના ખ્યાલો જુદા જુદા પ્રકરણમાં દર્શાવતાં જોવા મળે છે. તેમાં પાચમું પ્રકરણ જ્ઞાતિની રચનાનો ઉલ્લેખ થયેલો છે. તેમાં સમાજના એક અન્તર્લગ્ન પ્રથાવાળા ઘટક તરીકે જ્ઞાતિની રચના, પેટાજ્ઞાતિ, અનુલોમ વિવાહ, બર્હિલગ્ન પ્રથાવાળા વિભાગો, બ્રાહ્મણો કુલપતિઓ, સમા ઋષિઓ, તેમાં બ્રાહ્મણ ગોત્રો વિશેનો ખ્યાલ દર્શાવ્યો છે. ચાર્તુવર્ણ્ય એટલે 'જાતિ' કે 'જાત' તેનો અર્થ તદ્દન ભિન્ન છે. તેમાં ચાર ભાગ કે વર્ગો પાડવામાં આવેલા તેમાં જણાય છે.*

*જે.એચ.હટ્ટનના છઠ્ઠા પ્રકરણમાં જ્ઞાતિ સંસ્થાના વિધિનિષેધો વિશે ખ્યાલ દર્શાવતાં જોવા મળે છે. તેમાં પાણી, ખોરાક કે સ્પર્શ વાટે થતો આભડછેટ ટાળવો, મંદિરનો ઉપયોગ, સૂતક, લગ્ન અંગેના નિયમો, કપડાં અને ઘરેણા, ભાષા અંગે પ્રતિબંધો, મકાન અંગે પ્રતિબંધો, વારસા અંગે નિયમો, દેશાન્તર પ્રવાસ વગેરે પર ખૂબ ઊંડાણપૂર્વકની માહિતી દર્શાવિતા જોવા મળે છે.*

(૬) **જી.એસ.ધૂર્યે : Caste Class and Occupation Popular Prakashan, Bombay** (૧૯૬૧)

*ધૂર્યે જ્ઞાતિ વ્યવસાયને સમાજનું ખંડાત્મક વિભાજન કરે છે. તેમના વિચાર પ્રમાણે જ્ઞાતિ પોતે એક એકમ છે. પરંતુ તે એકમો પૂર્ણ રીતે અલગ નથી. તેમના શબ્દોમાં 'જ્ઞાતિ' એ પોતાનામાં લઘુ અને પૂર્ણ સામાજિક સંસાર છે. જે એકબીજાથી નિશ્ચિત અલગતા ધરાવે છે. પરંતુ તે વિસ્તૃત સમાજની અંતર્ગત સ્થિર થયેલ છે. તેનો અર્થ એ છે કે જ્ઞાતિઓ પોતાનું અસ્તિત્વ છે. પોતાની અલગ સ્થિતિ અને અલગ સામાજિક વ્યવસ્થા છે. સાથે સાથે જ્ઞાતિ એક વ્યાપક સંરચનાનું અંગ છે, જે સંરચનાનું નિર્માણ ભારતીય સમાજની અનેક જ્ઞાતિઓથી જ થયું છે. પછી ભલે તે જ્ઞાતિઓમાં પવિત્રતા કે અપવિત્રતાના ખ્યાલોના આધારે સામાજિક અંતર કે પ્રતિબંધો પ્રવર્તમાન હોય પરંતુ તે કારણથી તેમનું સંરચનાત્મક અસ્તિત્વ સામાન્ય થતું નથી.*

*આ રીતે જ્ઞાતિ એક સંરચનાત્મક વ્યવસ્થા છે. પ્રત્યેક એકમને પોતાની વિશિષ્ટ સ્થિતિ છે. એક વિશિષ્ટ ભૂમિકા છે. સંરચનાત્મક તત્ત્વોના રૂપમાં જ્ઞાતિઓ પોતાની પૂર્ણ નિર્ધારિત સ્થિતિઓના સંદર્ભમાં સામાજિક જીવનની વિશેષ આવશ્યકતાઓ પૂર્તિને માટે યોગદાન આપે છે. જ્ઞાતિઓનો દરજ્જો અને ભૂમિકાઓનું નિર્ધારણ સામાજિક સંરચનાના નિર્ણાયક અંગોના રૂપમાં સમજવામાં આવે છે.*

(૭) **Beteille, A. Cast, Class and Power, Bombay, Oxford University Press** (૧૯૬૬)

*આંદ્રેના વિચાર પ્રમાણે પ્રભુત્વ અને આધીનતા સામાજિક સંગઠનના અનિવાર્ય તત્ત્વ છે. જ્ઞાતિઓની ક્ષંત્રીબદ્ધતાની સાતત્યતાનો આધાર શક્તિ જ રહ્યો છે. વિભિન્ન જ્ઞાતિઓનો તેમનાં નિર્ધારિત દરજ્જાને ટકાવી રાખવાનો મુખ્ય આધાર શક્તિ જ છે. વિચાર સત્તાને સ્થાપીત્વ પ્રદાન કરે છે. સતાંતંત્ર પોતાની નિરતરતા માટે સંસ્થાઓ વિચારધારા દ્વારા સત્તા પ્રદાન કરે છે. સત્તાનું સંસ્થીકરણ થઈ જવાથી પ્રચલિત વ્યવસ્થાનું રક્ષણ સરળતાથી કરી શકે છે. સત્તાનો મુખ્ય આધાર બળપ્રયોગનો અધિકાર છે. સત્તાવાળી વ્યક્તિ અથવા સમૂહની પાસે સત્તા અને અધિકાર હોય છે તે બાકીના સમુદાયથી અલગ દેખાય છે. સામાજિક જીવનની સમસ્યાઓ સત્તાના માધ્યમથી જ હલ કરી શકાય છે. આથી સત્તાને કાયદેસર આપવા માટે કોઈ વિચારાત્મક અથવા સાંસ્કૃતિક વ્યવસ્થાનો વિકાસ કરવો જરૂરી છે. સત્તા વ્યવસ્થા એક પ્રકારે નિયમોની વ્યવસ્થા હોય છે. જેમાં વિભિન્ન વ્યક્તિઓ અથવા સમૂહોમાં અધિકારો અને કર્તવ્યોની વ્યાખ્યા કરવામાં આવે છે. જેવી સામાજિક સંગઠનના રક્ષણ અને સ્થાપીત્વ માટે સમસ્ત એકમો પોતાનું જરૂરી યોગદાન કરતા રહે. સત્તાનું વિસ્તરણ એ સામાજિક અધિકારો અને સાધનોનું વિતરણ છે. તે અધિકાર અને સાધનોના પ્રભુત્વથી પ્રાપ્ત થાય છે. અને અધિકાર તથા સુવિધા સત્તા પ્રદાન કરે છે. ભારતીય જ્ઞાતિ પ્રથા સત્તાશાળી સમૂહો દ્વારા પોતાના સાધનોના રક્ષણ અને નિરંતરતાને માટે અધિકારવહીન અને સાધનહીન સમૂહોને કાયમ માટે સત્તાહીન બનાવી દેવાનો આયોજન બદ્ધ પ્રયત્ન છે. જ્ઞાતિનો ભૌતિક અને રાજનૈતિક આધાર મહત્ત્વનો છે. જ્ઞાતિની આ પેટા સંરચનાની ઉપર પવિત્રતા અને અપવિત્રતાનું સુપર સ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

(૮) **J. H. Hutton: Caste in India. Its Nature Functions and Origin Bombay, Oxford University Press,** (૧૯૭૦)

*જે.એચ.હટ્ટનના પુસ્તક* Caste in India Its Nature *માં ભારતમાં વર્ણવ્યવસ્થા ઉદ્ભવ, વર્ણના કાર્યો, વર્ણના વિભાગો, વર્ણ મુજબ શ્રમવિભાજન અને વર્ણ પ્રમાણે જ્ઞાતિ વ્યવસ્થા વિશે જાણવા મળે છે. હટ્ટન એમ પણ જણાવે છે કે જ્ઞાતિ એક સામાજિક જૂથ છે અને તેના બે લક્ષણો જેનું સભ્યપદ તેના પૂરતું મર્યાદિત હોય છે. તેમાં કડક સામાજિક નિયમો હોય છે તેનો કોઈ સભ્ય જૂથની બહાર લગ્ન કરી શકે નહીં. દરેક જૂથને વિશિષ્ટ નામ હોય છે અને આવા નાના જૂથો એકત્ર થઈ મોટા જૂથો બને જે જ્ઞાતિ તરીકે ઓળખાય છે.*

(૯) **M. N. Srinivas: Social Change in Mordern India, University of California Press, Berlkely** (૧૯૬૮)

*શ્રી નિવાસને સંસ્કૃતિકરણના ખ્યાલ પ્રણેતા કહેવામાં આવે છે. તેઓ જ્ઞાતિપ્રથાની સાંસ્કૃતિક વ્યાખ્યા કરનાર મુખ્ય સમાજશાસ્ત્રી છે. તેમના વિચાર પ્રમાણે જ્ઞાતિ એક મૂલ્ય વ્યવસ્થા છે. જે સામાજિક અસમાનતાને કાયદેસરતા આપે છે. તથા પવિત્રતા-અપવિત્રતાના વિચારોને મહત્ત્વ આપે છે. શ્રીનિવાસ જ્ઞાતિ વ્યવસ્થાને અત્યંત જલ્લ વ્યવસ્થા કહી છે. તેમાંના વિચાર પ્રમાણે જ્ઞાતિને શ્રમવિભાજનની પદ્ધતિ કહી શકાય જેમાં સમગ્ર હિન્દુ સમાજને પાંચ ક્ષેત્રમાં વહેંચવામાં આવ્યો છે. એમાં સર્વોચ્ચ સ્થિતિ પર બ્રાહ્મણો અને એ પછી ક્રમાનુસાર ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને અસ્પૃશ્ય જ્ઞાતિએ સ્થાન છે. એમાં પ્રથમ ત્રણ દ્વિજ કહેવાય છે. કારણકે તેમને જ યજ્ઞોપવિત્ર અથવા ઊપનયન સરકાર કરવાનો અધિકાર છે. જેમાં દ્વારા વ્યક્તિ આધ્યાત્મિક સંસારમાં પ્રવેશ કરે છે. માત્ર દ્વિજ જ્ઞાતિઓ જ વેદાદિ ગ્રંથોનું અધ્યયન કરી શકે છે અને તેજ વિભિન્ન અવસરો પર ધાર્મિક અનુષ્ઠાન વગેરે કરી શકે છે. આ દૃષ્ટિએ જ્ઞાતિને વર્ણનો સ્વરૂપ સમજવામાં આવે છે.*

*શ્રીનિવાસનનો મત છે કે વર્ણના પર્યાયવાચી શબ્દનો સ્વરૂપમાં જ્ઞાતિની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. જ્ઞાતિ વ્યવસ્થાને એકમ વર્ણ નથી, પરંતુ જ્ઞાતિ જે એક હદ સુધી સાંસ્કૃતિક, ધાર્મિક તથા ક્ષેત્રીય સ્વાધીનતાનો ઉપયોગ કરે છે. એક જ ગામમાં રહેતા અથવા આજુબાજુમાં રહેતા જ્ઞાતિનાં સભ્યોની એક પંચાયત હોય છે. વર્ણવ્યવસ્થાની અંદર અસંખ્ય જ્ઞાતિઓને વર્ગીકૃત કરી શકાય છે. બ્રાહ્મણ અને અસ્પૃશ્ય જ્ઞાતિઓની સ્થિતિ નક્કી કરવી મુશ્કેલ છે. આ વચ્ચેની જ્ઞાતિમાં હંમેશા જ્ઞાતિક્રમમાં ઊચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતી હોય છે. શક્તિ અને સંપન્નતા જ્ઞાતિની પદો જ્ઞાતિને આધારે નથી. ઊંચી જ્ઞાતિમાં મૂલ્યો, રીત-રિવાજો અને ધાર્મિક કર્મકાંડને અપનાવવા એ જ ઊંચે ઉઠવાનો માપદંડ છે. આ રીતે શ્રીનિવાસ જ્ઞાતિની સ્થિતિનો સંબંધ ધાર્મિક ક્રિયાઓથી માને છે. જે વાસ્તવમાં પવિત્રતા અને અપવિત્રતાનું અંતર વ્યક્ત કરે છે.*

(૧૦) **Sharma K. L. (1986) Caste, Class, Social Movement, Rawat Publication, Jaipur**

*કે. એલ.શર્મા દ્વારા આ પુસ્તકમાં જુદા જુદા આઠ લેખોના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવેલ છે. જેમાં સ્તરીકરણનું સમાજશાસ્ત્ર, જ્ઞાતિવર્ણ અને ભારતીય સમાજ પરિવર્તનના સંદર્ભમાં જ્ઞાતિ અને વર્ગ સામાજિક ગતિશીલતાની અસરો, જ્ઞાતિ અને વર્ગ પરની ચર્ચા કરવામાં આવી છે. સ્તરીકરણનું માળખું, રાજસ્થાનમાં ખેડૂત આંદોલનનો ભૂમિ માલિકી અને ભૂમિ રચના અને પરિવર્તન તેમજ ભૂમિ કાનનોની રાજસ્થાનમાં થયેલી અસરો, બિહારમાં ઝારખંડમાં લોક-સંસ્કૃતિની ચર્ચા કરવામાં આવી છે. જ્યારે છેલ્લા બિહારમાં ઝારખંડના આંદોલનની ચર્ચા કરી છે.*

**(૧૧) શાહ કલ્પના (૧૯૯૭) સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ**

*સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, પુસ્તકમાં કલ્પના શાહ દ્વારા લખાયું છે, જે ૧૯૯૭માં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું. આ પુસ્તકમાં સ્ત્રીના બદલાતા દરજ્જા અને ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી છે.*

*લેખક કલ્પના શાહે પુસ્તકમાં સ્ત્રીના બદલતા દરજ્જા અને ભૂમિકાના સંદર્ભમાં જુદી જુદી બાબતો જેવાનો પ્રયત્ન કર્યા છે. જેમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે. સ્ત્રીના દરજ્જામાં ક્યા અને કેવા ફેરફારો નોંધાયા છે ? દરેક સમાજની સ્ત્રીઓમાં બંધારણીય અને કાયદાકીય દરજ્જો કેવા જોવા મળે છે અને આ બાબતમાં તેમની ભૂમિકા શું છે? સમાજમાં સ્ત્રીઓની આર્થિક ભાગીદારી, તેમના હક્કો તેમને મળતી તકો ભૂતકાળમાં કેવી હતી અને તેમાં તેનો દરજ્જો કેવો હતો ? અને વર્તમાન સમયગાળામાં કેવો બદલાવ આવેલો છે? તે અંગેની વિગતનો સમાવેશ તપાસ માટે કરાયો છે. શૈક્ષણિક વિકાસમાં સ્ત્રીઓનો બદલાવતો દરજ્જો અને ભૂમિકા અંગેની વિગતોને જોવાનો પ્રયત્ન કર્યો છે. સ્ત્રીના રાજકીય દરજ્જામાં કેવા પ્રકારના બદલાવ આવ્યા છે? તે પણ જોવાનો પ્રયત્ન કર્યો છે.*

*કલ્પના શાહે સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા પુસ્તકના અભ્યાસ માટે માહિતી મેળવવા તેઓએ*

*(૧) ગ્રંથાલયનો ઉપયોગ*

*(૨) મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરીને માહિતી એકત્રિત કરી છે.*

*આ પુસ્તકની રજૂઆત માટે લેખકે સ્ત્રીનો દરજ્જો અને તે દરજ્જામાં કેવા પ્રકારના બદલાવ આવ્યો છે. તે તપાસીને લખાયેલા તેમ અગાઉ પ્રકાશિત થયેલાં. પુસ્તકોમાંથી માહિતી મેળવવામાં આવી છે. અને કેટલીક સ્ત્રીઓની રૂબરૂ મુલાકાત લઈને તેમના દરજ્જા અને ભૂમિકા વિશેની માહિતી એકત્રિત કરીને પુસ્તકમાં ઉપયોગ કર્યા છે. આમ કરીને વર્ણનાત્મક લખાણ લખીને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં રજૂ કરેલી માહિતી મારા સંશોધન વિષય સ્ત્રીઓમાં પરિવર્તનના સંદર્ભમાં ઉપયોગ બની શકશે. ખાસ કરીને સ્ત્રીઓના દરજ્જામાં કેવા કેવા પ્રકારનો છે તે સમજવામાં આ લખાણ મહત્ત્વનું છે. એટલે આ પુસ્તકની માહિતી મારા અભ્યાસના વિષયને મદદરૂપ થઈ શકશે.*

*લેખકે પુસ્તકમાં કેટલાંક તારણો મૂક્યા છે જેમાં…*

*૧) સ્ત્રીના શૈક્ષણિક દરજ્જામાં મોટાપાયે બદલાવ આવ્યો છે. કેમ કે અત્યારે સ્ત્રીઓ વધુ શિક્ષણ મેળવતી થઈ છે.*

*૨) આર્થિક રીતે સ્ત્રીની ભાગીદારી પુરૂષની બરાબરની છે અને આર્થિક બાબતોમાં તેમના હક્કો અને તકોમાં તેમનો દરજ્જો બદલાયેલો જોવા મળે છે.*

*૩) કાયદાકીય ક્ષેત્રે વર્તમાનમાં સ્ત્રીઓને લગતા જુદા જુદા કાનૂનો ઘડી તેનો અમલ કરાયો છે. જેને લીધે સ્ત્રીનો દરજ્જો બદલાયો છે.*

*૪) રાજકીય બાબતોમાં સ્ત્રીઓ વધારે રસ ધરાવતી થઈ છે. મતાધિકારનો હક્ક પણ દરેક સ્ત્રી પાસે છે.*

*પુસ્તકમાં કોઈપણ પ્રકારના સૂચનો કરવામાં આવ્યા નથી. અને સ્ત્રીઓના બદલાતા દરજ્જાની વર્ણનાત્મક રજૂઆત કરી છે.*

(१२) मुकरजी रवीन्द्रनाथ, १९८६ भारतमें सामाजिक परिवर्तन", विवेक प्रकाशन, दिल्ली.

*"ભારતમાં સમાજિક પરિવર્તન" પુસ્તક રવીન્દ્રનાથ મુકરજી દ્વારા લખાયું છે અને ૧૯૮૬માં વિવેક, દિલ્હી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેમાં ભારતમાં સામાજિક પરિવર્તનો વિશે વર્ણન કરીને સામાજિક પરિવર્તનના પ્રેરકબળો વિશે રજૂઆત કરી છે. ભારતમાં લોકતંત્રીકરણ, રાજનીતિકરણ, ભ્રષ્ટીકરણ અને સ્થાનીપકરણની વિગતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રવીન્દ્રનાથ મુકરજીના ભારતમાં સામાજિક પરિવર્તન પુસ્તકમાં તેઓએ જુદી જુદી બાબતો જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભારતમાં જોવા મળતા સામાજિક પરિવર્તનો કેવા કેવા પ્રકારના કારણોને લીધે આવેલા છે? તે અંગેની સમજણ તપાસ માટે રજૂ કરવામાં આવી છે. જેમાં સામાજિક પરિવર્તન માટે વસતિ વિષયક, આર્થિક અને સાંસ્કૃતિક કારણો કેવી રીતે અસર કરે છે? તે જોવામાં આવ્યું છે તે બાબતો ઉપર ધ્યાન દોરવામાં આવ્યું છે અને તેને તપાસ માટે આ વિગતનો સમાવેશ કરાયો છે. સામાજિક પરિવર્તનમાં પ્રભાવી વર્ગની ભૂમિકા શું છે ? અને જાતીય સંગઠનોની ભૂમિકા શું છે? તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભારતમાં સામાજિક પરિવર્તન માટે રાજનૈતિક સંગઠન અને રાજ્ય કેવી રીતે ભૂમિકા ભજવે છે? તે જોવાનો પ્રયત્ન કરાયો છે.*

*રવીન્દ્રનાથ મુકરજીએ ભારતમાં સામાજિક પરિવર્તન પુસ્તકના અભ્યાસ માટે માહિતી મેળવવા તેઓએ*

*૧) મુલાકાત પ્રયુક્તિ*

*૨) ગ્રંથાલય પદ્ધતિ*

*૩) નિરીક્ષણ પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.*

*આ વિષયની વધુ જાણકારી મેળવવા લેખકે સામાજિક પરિવર્તન વિષયે પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી માહિતી લીધી છે અને કેટલાંક જાણકાર વ્યક્તિઓ જેઓને સામાજિક પરિવર્તન એટલે શું ? તે ખબર હોય તેમની રૂબરૂ મુલાકાત લઈને માહિતી એકત્રિત કરીને પુસ્તકમાં ઉપયોગ કર્યો છે. લેખકે ભારતના જુદા જુદા રાજ્યો અને ક્ષેત્રોમાં જઈને સમાજમાં જોવા મળતી સામાજિક બાબતોમાં કેવા પરિવર્તનો જોવા મળે છે? તેનું નિરીક્ષણ કરીને માહિતી એકત્રિત કરી છે. આ માહિતીનો ઉપયોગ કરીને વર્ણનાત્મક લખાણ લખી પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે.*

*આ પુસ્તકમાં લેખકે તારણો મૂક્યા છે જેવા કે...*

*૧) સામાજિક પરિવર્તનના લીધે ભારતમાં બાળવિવાહની પ્રથા જોવા મળતી હતી તેવા લગ્નો બંધ થયા છે.*

*૨) ભારતમાં દહેજપ્રથાને લીધે કેટલીક સમસ્યાઓ ઉભી થતી હતી અને તેમાં સ્ત્રીઓની હત્યા કરવાની ઘટનાઓ વધારે થતી હતી.*

*૩) ભારતમાં આજે સ્ત્રીઓ શિક્ષણ વધારે મેળવતી થઈ છે અને તેઓ નોકરી પણ કરી શકે છે.*

*૪) ભારતમાં સામાજિક પરિવર્તન લોકતંત્રીકરણ, રાજનીતિકરણ અને સ્થાનીકરણને કારણે વિકાસ વધારે થયેલો દેખાય છે.*

*૫) ભારતમાં જુદી જુદી સામાજિક બાબતોમાં પરિવર્તન માટે જુદા જુદા સામાજિક કાનૂન ઘડવામાં આવ્યા છે જેના લીધે મોટાપાયે સામાજિક પરિવર્તન થયેલું જોવા મળે છે. આ પુસ્તકમાં સૂચનો કરાયા નથી.*

**(૧૩) દીક્ષિત મીનળ, (૨૦૦૨): સ્ત્રી સન્માનના સોપાન, હેમંત એન. ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ**

*સ્ત્રી સન્માનના સોપાન પુસ્તક મીનળ દીક્ષિત દ્વારા લખાયું છે અને ૨૦૦૨માં હેમંત એન ઠક્કર, એન.એમ.ઠક્કરની કંપની, મુંબઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેમાં સ્ત્રીઓના સન્માન માટે જુદા જુદા સોપાનો વિશે વર્ણન કરવામાં આવ્યું છે.*

*મીનળ દીક્ષિતના સ્ત્રી સન્માનના સોપાન પુસ્તકમાં તેઓએ જુદી જુદી બાબતો જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભારતમાં સ્ત્રીઓ ઉપર કેવા પ્રકારના અત્યાચાર કરવામાં આવે છે? તે અંગેની સમજણ તપાસ માટે રજૂ કરવામાં આવી છે. ભારતમાં જે પુરૂષો શિક્ષણ મેળવેલા જોવા મળ્યા નથી. અને કોઈપણ પ્રકારના અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરતા નથી. તેમની પત્નીઓ ના છૂટકે કેવી પરિસ્થિતિ વચ્ચે વૈશ્યવૃત્તિ જેવો વ્યવસાય અપનાવવા મજબૂર થાય છે. અને તેમાં સ્ત્રીને સમાજ તરફથી કેવી બાબતો સહન કરવી પડે છે તે જોવાનો પ્રયત્ન કર્યો છે. જે સ્ત્રીઓ વૈશ્યાવૃત્તિના વ્યવસાય તરફ વળે છે. તેઓની સુરક્ષા માટે કેવા પ્રયત્નો કરવાના પ્રયત્ન થયા છે અને થતા રહે છે તે તપાસવા માટેનો પ્રયાસ કરેલો જોવા મળે છે. તેની સાથે જ સ્ત્રીઓના સન્માન માટે તેઓ કેવા પ્રકારના સોપાનોનો ઉપયોગ કરીને પ્રગતિશીલ દિશા તરફ આગળ વધવા લાગી છે તે જોવાયું / તપાસાવાયું છે.*

*પ્રસ્તુત પુસ્તકમાં લેખકે એકત્રિત કરેલી માહિતીની જુદી જુદી રીતે રજૂઆત કરી છે તે માહિતી એકત્રિત કરવા તેઓએ*

1. *ગ્રંથાલયનો ઉપયોગ*
2. *મુલાકાત પ્રયુક્તિ અને*
3. *નિરીક્ષણ પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.*

*આ વિષયની વધુ જાણકારી મેળવવા સ્ત્રી સન્માન વિશે પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી માહિતી લીધી છે. અને કેટલાંક જાણકાર વ્યક્તિઓ જેઓને સ્ત્રીઓ વિશે જાણકારી હોય તેમની રૂબરૂ મુલાકાત લઈને માહિતી એકત્રિત કરીને પુસ્તકમાં ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત જે તે જગ્યાએ સ્ત્રીઓ ઉપર જુલમ, અત્યાચાર થતાં હોય તે જગ્યાએ નિરીક્ષણ કરીને માહિતીની રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો છે. આ રીતે માહિતીનો ઉપયોગ કરીને વર્ણનાત્મક લખાણ લખી પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી છે. આ અભ્યાસમાં પુસ્તકના અંતે જે તારણો મૂકાયા છે તેમાં,*

1. *વેશ્યાવૃત્તિ જેવા વ્યવસાયમાં જે સ્ત્રી મજબૂરીથી જતી હતી તેમને સુધારકોનાં પ્રયાસો દ્વારા છૂટકારો મળેલ જોવા મળે છે.*
2. *સમાજમાં હંમેશા સ્ત્રીને જ સતી થવુ પડે છે પણ આ કાયદાની દૃષ્ટિએ આ પ્રથા બંધ કરવામાં આવી છે.*
3. *સ્ત્રીની ભૂમિકા કઠપૂતળીની સમાન ગણવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયમાં આવું ઓછું મળે છે, કારણકે આજે સ્ત્રી પોતે સ્વતંત્ર જોવા મળે છે.*
4. *વર્તમાનમાં સ્ત્રીઓ રાજકારણના ક્ષેત્રોમાં વધારે રસ ધરાવતી જોવા મળે છે.*

**(૧૪) દેસાઈ નીરા, (૧૯૭૮): ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો, શ્રીમતીના દા.ઠાકરશી, મહિલા વિદ્યાપીઠ, મુંબઈ**

*ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો, પુસ્તકમાં નીરા દેસાઈ દ્વારા લખાયું છે જે ૧૯૭૮માં શ્રીમતી ના.દા.ઠાકરશી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

*આ પુસ્તકમાં ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો કેવા પ્રકારનો છે? અને ભારતમાં સ્ત્રીઓ માટેની સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિ કેવી છે? તેના વિશે ચર્ચા કરી છે.*

*લેખકે તેમના પુસ્તક ભારતમાં સ્ત્રીઓના દરજ્જાના સંદર્ભમાં જે વિગતો જોવાનો પ્રયાસ કર્યો છે, તેમાં નીચે મુજબની વિગતોનો સમાવેશ થાય છે.*

*૧) ભારતમાં સ્ત્રીઓના દરજ્જા અંગેની પરિસ્થિતિ કેવી છે.*

*૨) ભારતમાં સ્ત્રીઓની સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિ કેવી છે?*

*૩) ભારતમાં સ્ત્રીઓના અધિકારની બાબતોમાં કેવા પ્રકારના કાયદાઓ ઘડવામાં આવ્યા છે. તે ઉપરાંત તે કાયદાઓનો કેવી રીતે અમલ કરવામાં આવે છે.*

*૪) ભારતમાં સ્ત્રીઓનો મૃત્યુદર કેટલો છે ? અને સ્ત્રી-પુરૂષનું પ્રમાણ કેટલા પ્રમાણમાં છે? તેમાં કેટલા પ્રમાણનો તફાવત છે?*

*૫) ભારતમાં આર્થિક ભૂમિકામાં સ્ત્રીઓની સહભાગીતા માટેની ભૂમિકા કયા ક્ષેત્રોમાં અને કેવા પ્રકારની છે.*

*૬) સ્ત્રીઓમાં શૈક્ષણિક વિકાસનો દરજ્જો કેવો જોવા મળે છે? તેમાં સંખ્યાત્મક દષ્ટિએ સ્ત્રી-પુરૂષમાં શૈક્ષણિક વિકાસમાં કેટલાં અંશે તફાવત છે.*

*૭) ભારતીય સમાજમાં સ્ત્રીનો રાજકીય દરજ્જો કેવો છે? અને સ્ત્રીઓના કલ્યાણ અને વિકાસ અંગે કેવા કાર્યક્રમો થયા છે? વગેરે જેવા ઉપરોક્ત મુદ્દાઓને જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

*નીરા દેસાઈએ "ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો" પુસ્તકના અભ્યાસ માટે માહિતી એકત્રિત કરવા માટે જુદી જુદી પ્રયુક્તિનો ઉપયોગ કરીને માહિતીની રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો છે તે માહિતી એકત્રિત કરવા માટે તેઓએ,*

*૧) ગ્રંથાલય પ્રયુક્તિ તેમજ*

*૨) મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.*

*કોઈપણ વિષય અંગે થયેલા અભ્યાસ અને એકત્રિત કરેલી માહિતી ગ્રંથાલયમાં સંગ્રહ કરાયેલી હોય છે. સંશોધક ગ્રંથાલયના ઉપયોગથી પોતાના વિષયના સંદર્ભે માહિતી ગ્રંથાલયમાંથી મેળવી શકે છે. આ પુસ્તકની રજૂઆત માટે નીરા દેસાઈએ ગ્રંથાલયનો ઉપયોગ કર્યો છે. તેમાંથી સ્ત્રીઓના દરજ્જા વિશે અગાઉ પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી અને લેખોમાંથી માહિતી મેળવવામાં આવી છે. લેખકે જે વ્યક્તિઓ ભારતીય સમાજ અને ભારતમાં સ્ત્રીઓના દરજ્જા અને ભૂમિકાની થોડા અંશે પણ જાણકારી ધરાવતા હોય તેવી વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત કરીને માહિતી મેળવી છે. આમ, કરીને લંબાણપૂર્વકનું વર્ણનાત્મક લખાણ લખીને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે.*

*લેખકે અભ્યાસના અંતે તારણો મૂક્યા છે. તેમાં*

*૧) ભારતમાં સ્ત્રીઓમાં લગ્નવય ૧૩ વર્ષની હતી. ૧૯૭૧માં તે વધીને ૧૬ વર્ષ થઈ હતી.*

*૨) ભારતમાં ૧૨ રાજ્યોના ગ્રામીણ વિસ્તારોમાં છોકરીઓનું મૃત્યુપ્રમાણ એક હજારે ૧૪૮ હતું અને ૧૯૭૧ સુધી કુલ વસતીમાં સ્ત્રીઓની સંખ્યા ૧૨.૭ કરોડથી ૨૬.૪ કરોડે પહોંચી છે. તો પણ પુરૂષોની સરખામણીમાં પ્રમાણ ૧૦૦૦ પુરૂષોએ ૯૩૦ જોવા મળ્યું છે.*

3) ૧૯૭૧ની સાલમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૧૮.૪ ટકા અને પુરૂષોમાં ૩૯.૪૧ ટકા હતું તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે સ્ત્રીઓ શિક્ષણ ઓછું મેળવતી હતી.
૪) ભારતમાં સ્ત્રીઓના દરજ્જાને ઊંચા લાવવા માટે લગ્ન, છૂટાછેડા, બાળક દત્તક લેવાની વિધિ તથા બાળકનું વાલીપણું, ભરણપોષણ તથા તેના સાથે સંકળાયેલી બાબતો જેવી કે વૈવાહિક સંપત્તિ, કુટુંબ ન્યાયાલય, સમાન દીવાની હક, ફોજદારી હક જેવા કાયદાને અમલમાં મૂકવામાં આવ્યાં.
૫) સ્ત્રીઓ આર્થિક ભૂમિકામાં અસંગઠિત ક્ષેત્રમાં સ્ત્રીઓનું પ્રમાણ ૪૧ થી ૪૯ ટકા હતું જે પુરૂષોના પ્રમાણ કરતાં વધુ પ્રમાણમાં છે.
૬) સ્ત્રીઓના કલ્યાણ અને વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ, કુટુંબનિયોજનની યોજનાઓ રચવામાં આવી છે. સ્ત્રીઓ માટે સ્વાસ્થ્ય, શિક્ષણ, આહાર વિષયક, બાળ ઉછેરનું શિક્ષણ, મનોરંજનની પ્રવૃત્તિઓ જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા છે.

**(૧૫) શાહ એ.જી. અને દવે જે.કે. (૨૦૦૩-૦૪): સ્ત્રીઓ અને સમાજ, અનડા બુક પ્રકાશન, અમદાવાદ**

પ્રસ્તુત પુસ્તક એ.જી.શાહ અને જે.કે.દ્વારા ૨૦૦૩-૦૪માં અનડા બુક પ્રકાશન અમદાવાદ પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. તેમાં ભારતમાં નારી અભ્યાસોની આવશ્યકતા નારી-ચળવળના પ્રવાહો વિશે ચર્ચા કરવામાં આવી છે.

લેખકે તેમના પુસ્તક સ્ત્રી અને સમાજના સંદર્ભમાં જુદી જુદી બાબતો તપાસવાનો પ્રયાસ કર્યો છે. તેમાં ભારતમાં નારી-અભ્યાસોનો અર્થ શું છે? તેની આવશ્યકતા શું છે ? અને નારી અભ્યાસોનું સ્વરૂપ અને અભિગમો કેવા છે. નારી ચળવળ માટે કેવા પ્રકારના પ્રવાહો જરૂરી છે? ભારતમાં સ્ત્રીઓનો કાનૂની દરજ્જો કેવો છે તે ઉપરાંત સ્ત્રીઓનો રાજકીય દરજ્જો, આર્થિક દરજ્જો, સામાજિક દરજ્જો અને શૈક્ષણિક દરજ્જો કેવા છે? તે તપાસવાનો પ્રયત્ન કર્યા છે. આ ઉપરાંત આ પુસ્તકમાં સ્ત્રીઓની જુદી જુદી સમકાલીન સમસ્યાઓ કેવા પ્રકારની છે તે મુદ્દાઓને અભ્યાસમાં તપાસવાનો પ્રયત્ન કર્યા છે.

"સ્ત્રીઓ અને સમાજ" આ પુસ્તકના અભ્યાસ માટે લેખકો એ માહિતી એકત્રિત કરવા માટે જુદી જુદી પદ્ધતિનો ઉપયોગ કરીને તે માહિતીની પુસ્તકમાં રજૂઆત કરવાના પ્રયત્નો કર્યા છે. તે માહિતી એકત્રિત કરવા માટે તેઓ એ...

૧) ગ્રંથાલય પ્રયુક્તિ તેમજ
૨) મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.

આ પુસ્તકમાં લખવા લેખકે સ્ત્રીઓ અને ભારતીય સમાજ વિશે માહિતી એકત્રિત કરીને વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ, કરીને એકત્રિત કરેલ માહિતીનું લંબાણપૂર્વકનું લખાણ લખીને તેને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે.

લેખકે અભ્યાસના અંતે જે તારણો મૂકાય છે તેમાં....

૧) ભારતમાં નારી અભ્યાસ માટે સ્ત્રીના દરજ્જાનો અભ્યાસ, સત્તા અને સ્વાયત્તા એ ત્રણ મુખ્ય પાસાઓ છે.
૨) નારી અભ્યાસના અભિગમોમાં વસ્તી શાસ્ત્રીય અભિગમ વિકાસાત્મક અભિગમ અને વાસ્તવિક અભિગમ છે.

૩) નારી ચળવળના પ્રવાહોમાં ઉદારમતવાદી, નારીવાદ, ઉદામવાદી, નારીવાદ, સમાજવાદી, નારીવાદ મુખ્ય છે.

૪) ભારતમાં બંધારણીય માળખા, લગ્નવિષયક કાનૂનોમાં, મિલકત વિષયક કાનૂનોમાં સ્ત્રીને રક્ષણ પૂરું પાડવા કાયદામાં અને સ્ત્રીઓના કલ્યાણ સંબંધી કાયદામાં સ્ત્રીઓ માટે કાનૂની દરજ્જો આપવામાં આવ્યો છે.

૫) સ્ત્રીઓમાં રાજકીય સહભાગીપણું અને રાજકીય પ્રક્રિયા ઉપર સ્ત્રીઓનો પ્રભાવ વધારે જોવા મળે છે.

૬) ભારતીય સમાજમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં મુખ્ય કુટુંબમાં સ્ત્રીની ભૂમિકા મહત્ત્વની બાબત છે.

૭) શૈક્ષણિક દરજ્જામાં શૈક્ષણિક અધિકારો, શૈક્ષણિક તકો, સ્ત્રીઓની શૈક્ષણિક ભૂમિકા તથા સ્ત્રી શિક્ષણ પ્રત્યેના વલણો દર્શાવે છે.

૮) સ્ત્રીઓની સમકાલીન સમસ્યાઓમાં રાજકીય સહભાગીપણામાં નડતા અવરોધો, શૈક્ષણિક સમસ્યાઓ, આરોગ્ય વિષયક સમસ્યાઓ જોવા મળે છે.

(१६) शर्मा रमा एव मिश्रा एम. के, (२०१०) : महिला विकास, अर्जुन पब्लिशिंग हाउस, दिल्ली

પ્રસ્તુત પુસ્તક રમા શર્મા અને એમ.કે.મિશ્રા દ્વારા ૨૦૧૦માં અર્જુન પબ્લિશીંગ હાઉસ, દિલ્લી પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. તેમાં મહિલા વિકાસ વિશેની ચર્ચા કરવામાં આવી છે.

લેખકોએ તેમના પુસ્તક મહિલા વિકાસના સંદર્ભમાં જુદી જુદી બાબતો તપાસવાનો પ્રયાસ કર્યો છે. તેમાં ભારતમાં મહિલા વિકાસના સ્થાનો કયા કયા છે? ભારતમાં મહિલા વિકાસ માટે કેવા કેવા કાર્યક્રમો અલમમાં આવેલા છે? તે બાબતોની અભ્યાસ માટે તપાસવાનો પ્રયત્ન કર્યો છે. ભારતીય સમાજમાં મહિલાઓનો કેવા પ્રકારના વિવિધ રૂપે જોવા મળે છે? મહિલાઓ ઉપર કેવી રીતે શોષણ થાય છે? અને શોષણ થાય છે તો શું આ વિકાસ છે કે નહીં? તે બાબતોને ધ્યાનમાં રાખીને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. મહિલાઓને સામાજિક બાબતોમાં કયા કયા અધિકારો પ્રાપ્ત થઈ શકે છે? આરક્ષણમાં કેટલાં અંશે મહિલાઓનો વિકાસ થયો છે? તે બાબતોને તપાસવાનો પ્રયત્ન થયો છે?

મહિલા વિકાસ આ પુસ્તકના અભ્યાસ માટે લેખકોએ માહિતી એકત્રિત કરવા માટે જુદી જુદી પદ્ધતિનો ઉપયોગ કરીને તે માહિતીને પુસ્તકમાં રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો છે તે માહિતી એકત્રિત કરવા માટે તેઓએ

૧) ગ્રંથાલય પ્રયુક્તિ તેમજ

૨) મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.

આ પુસ્તક લખવા માટે લેખકોએ મહિલાઓ વિશે અને મહિલા વિકાસ માટે અગાઉ પ્રકાશિત થયેલા પુસ્તકોનો સંદર્ભ તરીકે ઉપયોગ કરીને તેમાંથી જરૂરી માહિતી એકત્રિત કરીને વર્ણનાત્મક પદ્ધતિ દ્વારા રજૂઆત કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ, કરીને એકત્રિત કરેલ માહિતીનું લંબાણપૂર્વકનું લખાણ લખીને તેને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે.

લેખકે અભ્યાસના અંતે જે તારણો મૂક્યા છે તેમાં

૧) ભારતમાં મહિલા વિકાસ માટે મહિલાઓને કાનૂન દ્વારા સુરક્ષા અને જુદા જુદા અધિકાર આપવામાં આવ્યા છે.

*૨) મહિલા વિકાસ કાર્યક્રમોમાં વિજ્ઞાનો દ્વારા, ટી.વી. સીરીયલ દ્વારા, ચલચિત્રો દ્વારા, પત્રિકાઓ તથા સમાચારપત્રો દ્વારા, મહિલા ઉત્પીડન કરવામાં આવે છે. તેના માટે મહિલા વિકાસના કાર્યક્રમો વધારે થતા હોય છે અને એ માટે સંચાર માધ્યમોનો ઉપયોગ થાય છે.*

*૩) ભારતીય સમાજમાં એક સ્ત્રી માં તરીકેનું રૂપ, પત્ની તરીકેનું રૂપ, દીકરી તરીકેનું રૂપ, મિત્ર, બહેન, સાસુ-વહુ, નણંદ, ભાભી, પરિત્યક્તા, રખાત, વૈશ્યા, શિક્ષિત મહિલા, અશિક્ષિત મહિલા, કામકાજી નારી જેવા રૂપો ભજવતી જોવા મળે છે.*

*૪) ભારતમાં જુદા જુદા સમયકાળમાં અને યુગમાં નારી શોષણ થતું હતું તો શું આ વિકાસ કેવો વિકાસ છે ? અને જે શોષણ થાય છે. તેનો વિરોધ કરવા માટે જુદા જુદા પગલાંઓ લેવામાં આવ્યાં છે.*

*૫) ભારતમાં શિક્ષણ અંગે મહિલાઓનો વિકાસ થયેલો છે. ભારતમાં મહિલા સાક્ષરતા દરનાં પ્રમાણમાં વૃદ્ધિ થયેલી જોવા મળે છે.*

**(૧૭) નીરા દેસાઈ (૧૯૬૩) ભારતની સ્ત્રીઓનો પલટાતો દરજ્જોઃ**

*પ્રસ્તુત પુસ્તકમાં વૈદિક સમયથી બ્રિટિશકાળ સુધીના સમાજમાં સ્ત્રીના દરજ્જાની છણાવટ કરીને જેમાં ખાસ કરીને સ્ત્રીઓનો કાયદાકીય દરજ્જો, સ્ત્રીનો રાજકીય હક્કો અને વિવિધ પરિબળોની અસરથી સ્ત્રીનાં સ્થાનમાં કેવા પરિવર્તનો આવે છે. તેની ઊંડાઈથી ચર્ચા કરવામાં આવી છે.*

**(૧૮) ધ્રુવ શૈલજા (૨૦૦૮): સમાજનો સૂર**

*પ્રસ્તુત પુસ્તકમાં જણાવ્યા મુજબ વર્તમાન સમયમાં શિક્ષિત માતા-પિતા એક દીકરીનો સ્વીકાર કરવામાં માનતા થયા છે. તમામ ધર્મોમાં અને જ્ઞાતિઓમાં પણ દિકરીનો સ્વીકાર થઈ રહ્યો છે. આ બાબતે એક પ્રકારે સ્ત્રીઓની બદલાતી આર્થિક ભૂમિકાનો નિર્દેશ કરે છે. શિક્ષણ અને વ્યવસાયને માસિક આવક સાથે સંબંધ છે. શહેરી સમાજ સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબ તરફ વળાંક લેતો જોવા મળે છે. કૌટુંબિક આવક અને રહેઠાણ વચ્ચે સંબંધ છે. સમગ્ર અભ્યાસ દ્વારા જાણી શકાયું કે દિકરા-દિકરી વચ્ચે ભેદભાવ જોવા નથી મળતો. તેમ દિકરીના જન્મને આનંદસહ આવકારવામાં આવે છે. દિકરીના જન્મથી માતૃત્વ અને પિતૃત્વની લાગણી સંતોષાઈ સંતાન મહત્ત્વનું છે નહિં કે જાતિ. પુત્ર જ માતા-પિતાને અગ્નિ સંસ્કાર આપી 'પુ' નામના નરકમાંથી તેઓને બચાવી શકે એ માન્યતાનો સ્વીકાર કર્યો નથી. જેન્ડર ઈક્વાલિટી પર ભાર મૂકવામાં આવ્યો છે. આખરે પ્રસ્તુત પુસ્તક કાર્યાત્મક ભૂમિકાને સ્વીકારે છે અને સામાજિક કુરિવાજોનો બહિષ્કાર સ્વીકારે છે.*

**(૧૯) ડૉ.અક્ષયકુમાર દેસાઈ : જ્ઞાતિઓ ક્યાંથી આવી?**

*ડૉ.અક્ષયકુમાર દેસાઈએ 'જ્ઞાતિઓ ક્યાંથી આવી?' પુસ્તક દ્વારા જ્ઞાતિના ઉદ્ભવ, જ્ઞાતિનું મૂળ, જ્ઞાતિનો અલગ-અલગ વિભાગ વિશે વર્ગીકરણ કર્યું છે. એટલું જ નહીં પણ રહેઠાણ અને વસ્ત્ર તથા આભૂષણ અંગેના પણ વિવિધ નિયમો બનાવવામાં આવ્યા છે, આ ઉપરાંત સામાજિક સંબંધોમાં પ્રત્યેક જ્ઞાતિના સભ્યોએ કેવી ઢબનું વર્તન કરવું ? સમાજજીવન કેવી રીતે જીવે છે? કયા પ્રકારની કેળવણી લેવી? કયા ધર્મ પાળવો? કયા દેવ પૂજવા? વગેરે દરેક ક્રિયાની અટપટી નિયમાવલી જ્ઞાતિ વ્યવસ્થાએ ઘટી છે.*

**(૨૦) રાવલ ચંદ્રિકા, ધ્રુવ શૈલજા (૨૦૦૮) : ગુજરાતમાં સ્ત્રીઓનો દરજ્જો**

*પ્રસ્તુત પુસ્તકમાં ગુજરાતમાં સ્ત્રીઓના દરજ્જાને કેન્દ્રમાં રાખીને રજૂઆત કરવામાં આવેલ છે. જેમાં ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, ગુજરાતમાં મહિલાઓને ઉપયોગી વિભાગ અને સંસ્થાઓ, ગુજરાતમાં સ્ત્રીઓનો*

*દરજ્જો, ગુજરાતમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો અને સમસ્યાઓ માનવવિકાસમાં સ્ત્રીઓ જેવા વિવિધ મુદ્દાઓની સાર પૂર્વક ચર્ચા કરવામાં આવી છે.*

**(૨૧) મકવાણા રમેશ (૨૦૦૯) : એકવીસમી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકાઃ**

*પ્રસ્તુત પુસ્તક એકવીસમી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકાની બાબત કેન્દ્રમાં છે. સમાજજીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે રાજકીય ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર, કાયદાકીય ક્ષેત્ર, શિક્ષણ  ક્ષેત્ર વગેરે ક્ષેત્રોમાં ઔપચારિક રીતે સ્ત્રીઓને જે હક્કો અને અધિકારો મળેલા છે તે સ્ત્રીઓનું સ્થાન અને ભૂમિકા સૂચવે છે. ૨૧મી સદીમાં આ વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકાની વાસ્તવિક સ્થિતિ શી છે? તેમજ સ્ત્રીઓના સ્થાન સુધારણા સંદર્ભે થયેલી ચળવળો પર દ્દષ્ટિપાત, સમાજના વિવિધ ક્ષેત્રોમાં પ્રભાવશાળી ભૂમિકા ભજવી નોબેલ પારિતોષિક મેળવનાર મહિલાઓની પ્રવૃત્તિઓ અને કાર્યોની વિસ્તૃત છણાવટ તથા તેની સાથે સંકળાયેલા વિવિધ પાસાંઓનું વસ્તુલક્ષી એવું પદ્ધતિસરનું સમાજશાસ્ત્રીય પૃથક્કરણ આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યું છે.*

**(૨૨) ડૉ. શિવપ્રસાદ રાજગોર (૧૯૮૭) : ગુજરાતના બ્રાહ્મણોનો ઇતિહાસ**

*પ્રસ્તુત પુસ્તકમાં 'ગુજરાતના બ્રાહ્મણોનો ઇતિહાસને' કેન્દ્રમાં રાખીને રજૂ કરવામાં આવેલ છે. તેમાં ૧૬ પ્રકરણો અને ૪ પરિશિષ્ટોમાં વહેંચાયેલ છે. પહેલું પ્રકરણમાં તેમને જ્ઞાતિ સંસ્થા અંગે મતમતારો, ઉપયોગિતા વગેરે બાબત દર્શાવી છે. ઘટતા ફેરફાર સાથે જ્ઞાતિ અને વર્ણવ્યવસ્થા કોઈ પ્રશ્ન સ્વરૂપે રહેશે તેમ દર્શાવેલ છે. પર-સંસ્કૃતિના આક્રમણ સામે તેણે બચાવ કર્યો હતો. બીજા પ્રકરણમાં ઐતિહાસિક દ્દષ્ટિને કેન્દ્ર સ્થાને રાખી ૫૦૦૦ વર્ષ પૂર્વથી ગુજરાતમાં માનવ વસવાટ થયા ત્યારથી માંડીને પૌરાણિક કાળને આવરી લઈને અત્યાર સુધીમાં બ્રાહ્મણો એ વિવિધ ક્ષેત્રોમાં આપેલા ફાળાની ચર્ચા દર્શાવેલ છે. ત્રીજું પ્રકરણ ૮૪ બ્રાહ્મણોની સામાન્ય વિગત અંગેનું છે. વૈદિક, સંપાદય ઉચ્ચનીચના ભેદ, જ્ઞાતિ વ્યવસ્થા, આચાર દેખાવ, શીર્ષકો તેમાં વિગત નોંધપાત્ર કરેલ જોવા મળે છે. ચોથા પ્રકરણથી ગુજરાતના બ્રાહ્મણોનો પરિચય દર્શાવતા જોવા મળે છે.*

*પ્રકરણ નં. ચાર થી અગિયારમાં અનાવિલ ઔદિચ્ય, મોઢ, મેવાડા, નાગર, ખેડાવાળ, શ્રીગોડ, શ્રીમાળી અને તપોધન બ્રાહ્મણોની બહુ સંખ્યક જ્ઞાતિઓનું સવિસ્તર વર્ણન કરેલ છે. પ્રકરણ નં. પાંચમાં ઔદિચ્ય બ્રાહ્મણ ક્યાથી આવ્યા? કયાના છે તેવોની પેટાવિભાગો વગેરે સવિસ્તાર દર્શાવેલ છે. પ્રકરણ નં.૧૨ થી ૧૫ પ્રાકૃતિકને લક્ષમાં રાખીને નાના સમૂહના દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાત સોશ્યટ અને કચ્છના ભાર્ગવ, માતાળા, સુજોધરા, નાપાલ, નાંદોશ વગેરેનો ઇતિહાસ દર્શાવતા જોવા મળ્યા.*

*પરિશિષ્ટમાં બ્રાહ્મણો અલગ અલગ તરતો જોવા મળેલ છે. બીજા પરિશિષ્ટમાં બ્રાહ્મણોના ગોત્ર અને પ્રવેશ અંગે વિગત વિસ્તારથી આપે છે. ત્રીજા પરિશિષ્ટમાં નામ અને અટકો બાબત વિગત જોવા મળે છે. ચોથા પરિશિષ્ટમાં બ્રાહ્મણોના સંસ્કાર વિશે ચર્ચા કરવામાં આવી છે.*

**(૨૩) ભાગ્યા શીતલ એમ. (એમ.ફિલ.) ગુજરાતમાં સ્ત્રી-શિક્ષણ અને સ્ત્રીનું સ્થાન**

*આજે વિશ્વ એ ખૂબ જ ટેકનોલોજીમાં પ્રગતિ કરી છે, પણ જો એ પ્રગતિ બધા જ પાસાઓ તેમાં બંધબેસતા ન હોય તો તે વિકાસ લાંબો સમય નહિ રહી શકે. મારે આ લખતા જણાવું છે કે સ્ત્રી આપના સમાજને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો આ સ્ત્રી એક જ દિવસ જો પોતાની ભૂમિકા ઉપરથી હડતાલ પાડે તો સમાજના બધા જ પુરૂષોને ખબર પડે કે આ સમાજમાં જેમ પુરૂષો મહત્ત્વ ધરાવે છે. ભારતના ભાવિ સમાજના ઘડતર માટે, નિર્માણ*

*માટે નારીનું શિક્ષણ એક આવશ્યક બાબત છે. વસ્તી શાસ્ત્રીય દષ્ટિએ આપણે કેવા ભાવિ સમાજનું નિર્માણ કરવા ઈચ્છીએ છીએ તેનો વિચાર કરતાં પહેલાં સ્ત્રીઓને લગતી જે તે બાબતો લક્ષમાં લેતા કુટુંબ, ધર્મ, રાજ્ય, લગ્ન, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં સ્ત્રીની પરિસ્થિતિ તેમજ સ્ત્રીના વિચારો, આશા, આક્રોશ વિશેની જાણકારી મેળવવી જરૂરી છે.*

**(૨૪) ગુજરાતમાં સ્ત્રીઓનો શૈક્ષણિક દરજ્જો (વર્ષ ૧૯૫૧ થી ૨૦૦૧ના સંદર્ભમાં):**

*કોઈપણ રાષ્ટ્ર, રાજ્ય કે સમુદાયના સર્વાંગી સર્વતોમુખી વિકાસ અને ઉન્નતિ માટે તમામ સ્તરના લોકોની સક્રિય ભાગીદારી અતિ આવશ્યક છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર જ્યાં સુધી મહિલાઓ સક્રિય ભાગીદારી અને ભૂમિકા નહીં નિભાવે ત્યાં સુધી સર્વાંગી વિકાસ સંભવ નથી, જ્યાં સુધી મહિલાઓની સ્થિતિમાં સુધારો નહીં આવે ત્યાં સુધી દેશનો વિકાસ થવો સંભવ નથી. સ્ત્રીઓ અડધુ આકાશ ઓઢીને ઉભી છે. તેમના અસ્તિત્વને તેમની ક્ષમતાની જો નજર અંદાજ કરવામાં આવે તો સમાજની સ્થિતિ એક પૈડા પર વિકાસ રથ જેવી થાય અને સમાજ તેનું સંતુલન ખોઈ બેસે. આમ, છતાં સ્ત્રીઓને હંમેશા 'જીર્ષહક્ષ જીટ' કે 'જીર્ષહક્ષ ઝૈડીહ'નો દરજ્જો જ આપવામાં આવ્યો છે.*

*સ્ત્રીના દરજ્જામાં પરિવર્તન નિપજાવતું મહત્ત્વનું પરિબળ છે. શિક્ષણ બંધારણનો અનુચ્છેદ-૪૫માં ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને ફરજિયાત અને વિના મૂલ્યે શિક્ષણ આપવાની જોગવાઈ છે. આ ઉપરાંત સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ પણ સરકાર દ્વારા મૂકવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન લેખમાં ઈ.સ.૧૯૫૧ થી ૨૦૦૦ના સમયગાળા દરમ્યાન સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો કેવો હતો તે જાણવાનો પ્રયાસ થયો છે. આ માટે આંકડાકીય વિશ્લેષણ પદ્ધતિ અને ગ્રંથાલય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.*

**(૨૫) પ્રાચીન યુગમાં સ્ત્રીનો શૈક્ષણિક દરજ્જો:**

*વૈદિકયુગમાં સ્ત્રી અને પુરૂષ એ બંને માટે શિક્ષણ જરૂરી ગણવામાં આવતું હતું. વૈદિકયુગમાં સ્ત્રીઓને શિક્ષણ મેળવવાની સંપૂર્ણ સગવડ ઉપલબ્ધ હતી. વૈદિક યુગમાં છોકરીઓ માટે શિક્ષણ એ સુખી લગ્ન માટેની ધાર્મિક જરૂરિયાત ગણાતી. છોકરીઓને કળાકારીગરીનું શિક્ષણ પણ અપાતું હતું. રાધાકમ મુકરજીના મતે બ્રજચર્યાશ્રમમાં રહીને જે સ્ત્રીઓ એ શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવી સ્ત્રીઓ 'બામ્વાદીની' તરીકે ઓળખાતી હતી. આવી સ્ત્રીઓ લોપામુદ્રા, અપાલા, વિશ્વવારા જેવી અનેક સ્ત્રીઓના બ્રમ્વાદીની તરીકે ઉલ્લેખો મળી આવી છે. શિક્ષણ ક્ષેત્રે સ્ત્રી અને પુરૂષનું સ્થાન સમાન હતું. સ્ત્રીને પુરૂષની જેમ જ શિક્ષણ અપાતું. પુરૂષની જેમ સ્ત્રી દાર્શનિક ચર્ચામાં ભાગ લેતી. આમ, સ્ત્રીઓનો બૌદ્ધિક વિકાસ સાધવા માટેનો પુરૂષ જેટલી જ સ્ત્રીઓને તક મળતી. આમ, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો પુરૂષ સમકક્ષ હતો.*

**(૨૬) ડૉ.જીતેન્દ્રસિંહ આર. ચુડાસમા, એમ.એસ.ડબલ્યુ કૉલેજ, સલાલ : ભારતમાં મહિલાઓનો શૈક્ષણિક વિકાસ**

*કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં માનવ સંશોધનોનું યોગદાન મહત્ત્વપૂર્ણ હોય છે. ગૌરવશાળી વિશ્વ સભ્યતાઓના નિર્માણનો વિકાસનો શ્રેય માણસને જાય છે. આ રીતે જે રાષ્ટ્રનું માનવ સંશોધન જેટલું વધારે શિક્ષિત તથા બુદ્ધિજીવી હશે તે રાષ્ટ્ર એટલી જ પ્રગતિ કરશે અને વિકાસશીલ હશે. દરેક રાષ્ટ્રના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં ત્યાંની શ્રમશક્તિ તેમજ માનવ સંશાધનના સાધનો કાર્યનું ગુણાત્મક સ્વરૂપ તથા કાર્યમાં નિયમિતતાનું મહત્ત્વપૂર્ણ પ્રદાન હોય છે. આ પ્રકારનો સમગ્ર વિકાસ ત્યારે શક્ય છે કે જ્યારે એ સમાજમાં*

*મહિલાઓ તથા પુરૂષોનો સમાન અધિકાર અને સમાનતા પ્રાપ્ત હોય છે. આ અધિકાર અને સમાન કાયદાકીય તથા સૈદ્ધાંતિક હોવાની સાથોસાથ સમાજમાં તેનો વ્યવહારિક સ્વીકાર થાય તે પણ તેટલું જ આવશ્યક છે. કારણકે વ્યવહારિક રીતે સમાન અધિકાર ન હોય તો કાયદાકીય અને સૈદ્ધાંતિક અધિકારો લગભગ નિરર્થક છે. ભારતીય બંધારણની કલમ ૪૫માં શિક્ષણ ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને ફરજિયાત અને વિના મૂલ્યે આપવું તેવું ઘોષિત કરવામાં આવ્યું હતું. તેના પરિણામે ભારતમાં ૨૦૦૧માં સાક્ષરતાનું પ્રમાણ ૬૫.૩૮ ટકા સુધી પહોંચ્યું છે. જેમાં પુરૂષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૫.૮૫ ટકા અને સ્ત્રીઓમાં ૫૪.૧૬ ટકા છે. જ્યારે અનુસૂચિત જાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૪.૬૯ ટકા છે. જેમાં પુરૂષોમાં ૬૬.૬૪ ટકા અને સ્ત્રીઓમાં ૪૧.૯૦ છે અને અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૭.૧૦ ટકા જેમાં ૫૯.૧૭ ટકા અને સ્ત્રીઓમાં ૩૭.૭૬ ટકા પ્રમાણ છે. આથી નોંધી શકાય કે ભારતીય બંધારણમાં ભલે દરેક નાગરિકને ફરજિયાત અને મફત શિક્ષણ મેળવવાની અધિકાર આપવામાં આવ્યો હોય આમ છતાં ભારતની આઝાદીના આજ ૭૧ વર્ષ પછી પણ મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આથી મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તે ખાસ આવશ્યક છે. કારણકે જે મહિલા ઓ સાક્ષર હોય તે પોતાના અધિકારનો ઉપયોગ સારી રીતે કરી શકે તેમજ તેમના વ્યક્તિત્વનો સર્વાંગિક વિકાસ થાય તથા વ્યક્તિ સામર્થ્યવાન બની શકે તેમજ સમાનતા, સ્વતંત્રતા અને ન્યાય માટે શિક્ષિત મહિલાઓ આંદોલન સ્વરૂપ પણ ધારણ કરી શકે તથા દેશ અને રાષ્ટ્રના વિકાસમાં પાયાનું યોગદાન પણ આપી શકે. એટલું જ નહીં મહિલા શિક્ષણની અગત્યતાને સ્પષ્ટ કરતું કથન પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે* 'When you educate a women you education a family, when you educated many you educate an individual' *મહિલા શિક્ષણની હિમાલય કરતાં મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સમાજ સુધારક જ્યોતિરાવ ફૂલે નોંધે છે કે કોઈપણ સમાજ સાચા અર્થમાં ત્યાં સુધી શિક્ષિત ન કહી શકાય જ્યાં સુધી એ સમાજની મહિલાઓ શિક્ષિત ન હોય. સ્વામી દયાનંદ સરસ્વતી તથા મહાત્મા ગાંધીજી એ પણ ભરતી મહિલાઓમાં શિક્ષણની અગત્યતા પર વિશેષ ધ્યાન આપ્યું હતું. કારણકે તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે દેશના વિકાસ અને પ્રગતિમાં મહિલા શિક્ષણ આવશ્યક છે.*

**(૨૭) ડૉ.અક્ષયકુમાર ૨. દેસાઈ (૧૯૮૨) : ભારતમાં શહેરી કુટુંબ અને કુટુંબ નિયોજન**

*લેખકે આ પુસ્તકમાં ભારતનું આયોજન ભારતમાં નગરવિકાસ અંગે તેમજ ભારતની વિકસતી કુટુંબ વ્યવસ્થા અને કુટુંબ નિયોજન જેવા વિષયો પર પદ્ધતિસર હકીકતો અને ચર્ચાઓ કરી છે. શહેરી વિસ્તારમાં કુટુંબ નિયોજન પદ્ધતિઓ સ્વીકારતા કે ન સ્વીકારતા કુટુંબોનો પણ અભ્યાસ કર્યો છે. ભારતમાં શહેરોમાં કુટુંબજીવન જે રીતે ઘડાઈ રહ્યું છે અને જે પરિસ્થિતિમાં તે મૂકાઈ રહ્યું છે તેનો નિર્દેશ પણ કરવાનો પ્રયાસ થયો છે. અને તે દ્વારા ભારતમાં આવિષ્કાર પામતાં વધારે મોટા સામાજિક ઢાંચાના સંદર્ભમાં "શહેરી કુટુંબની સ્થિતિ"નો અભ્યાસ વિકસાવવાની જરૂરિયાતને સમજવાનો પ્રયાસ કર્યો છે.*

**(૨૮) પ્રેમીલ વર્મા (૧૯૮૧) : આધુનિક સમયમાં શહેરી કુટુંબોમાં પરિવર્તન**

*આ અભ્યાસમાં તેમનો મુખ્ય હેતુ પ્રિ-ઔદ્યોગિકીની ઔદ્યોગિક પોસ્ટ ઔદ્યોગિકીરણના સમય દરમ્યાન રાજકોટ શહેરની વસ્તીની જીવનશૈલી તેમની માન્યતાઓ, મૂલ્યો તેની રચના તથા કાર્ય પ્રણાલીના પરિવર્તનને સમજવો છે. પરોક્ષ રીતે ઔદ્યોગિકીકરણને કારણે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ઉપર શું અસર પડી છે. તેને તપાસવાનો*

*પ્રયત્ન થયો છે. સર્વેક્ષણ પદ્ધતિના ઉપયોગથી પ્રશ્નાવલિ, મુલાકાત, નિરીક્ષણ પ્રવિધિથી કાર્ય થયું છે. આ અભ્યાસમાં કુલ ૮ પ્રકાર દ્વારા રાજકોટ નગરનો કુટુંબમાં આવેલ પરિવર્તનની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો છે.*

**(૨૯) મહેન્દ્ર રાવ (પીએચ.ડી.નો શોધ નિબંધ) : આધુનિક શહેરમાં કુટુંબ પરિવર્તન (અમદાવાદ શહેરને ૧૯૮૩ લક્ષમાં રાખીને)**

*મહેન્દ્ર રાવે પીએચ.ડી.ની પદવી માટે આ શોધનિબંધ તૈયાર કર્યો છે. જેમાં અમદાવાદ શહેરનો પરિચય આપી શહેરીકરણ, ઉદ્યોગીકરણ અને આધુનિકીકરણનો કુટુંબમાં થઈ રહેલા પરિવર્તનનો સાથેનો સહસંબંધ તપાસ્યો છે. કુટુંબની સંયુક્તતા, વિભક્તતા, સ્થળાંતર અંગેની માહિતી કુટુંબમાં સ્થાન..? કુટુંબમાં કોના કેવા નિર્ણયો અંગેની માહિતી, કુટુંબ પર જ્ઞાતિનો પ્રભાવ કેવો છે? અને લોકો રહેઠાણની પસંદગી કઈ બાબતને ધ્યાનમાં રાખીને સામાજિક જૂથો સાથે કુટુંબની શિક્ષક કેવી છે તે તપાસવાનો પ્રયાસ કર્યો છે.*

**(૩૦) Towards Equality : ભારત સરકાર (૧૯૭૫)**

*૧૯૭૨માં ભારતમાં રચવામાં આવેલ સમિતિ દ્વારા સ્ત્રીના દરજ્જાનો સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો છે. સ્ત્રીના દરજ્જામાં પરિવર્તન લાવતા વિવિધ પરિબળો અને સ્ત્રીજીવનના વિવિધ પ્રશ્નોની રજૂઆત આ અહેવાલમાં કરવામાં આવી છે. જે* 'Towards Equality' *શીર્ષક હેઠળ ભારત સરકારે દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.*

**(૩૧) Indian Women : Devaki Jain. Publication Division Ministry of Information and Borod Cassing Go (1975)**

*આ પુસ્તકમાં સ્ત્રી સ્વતંત્રતાની વાતો તમામ સ્તરના લોકોમાં ચોક્કસ પ્રકારની જાગૃતિ લાગવી. સ્ત્રીઓની ભૂમિકા પ્રકાર, તેમના દરજ્જો, સ્ત્રીઓના કાયદાઓની ચર્ચા કરવામાં આવી છે.*

*પશ્ચિમી સ્ત્રીઓનું આંધળું અનુકરણ અથવા તો પુરૂષનું અનુકરણ સ્ત્રી માટે ઘણા પ્રશ્નો સર્જે છે. તેથી આ પુસ્તકની છણાવટ કરવામાં આવી છે. સ્ત્રી માટે માત્ર ભૌતિક પરિસ્થિતિ સુધરે તે મહત્ત્વનું નથી પણ તેનો દરજ્જો સુધરે તે તેમજ તે શક્તિશાળી બને તે પણ મહત્ત્વનું છે.*

**(૩૨) નીરા દેસાઈ (૧૯૬૩) : ભારતીય સમાજમાં સ્ત્રી-જીવન, આર.આર.શેઠની કંપની, મુંબઈ**

*આ પુસ્તકમાં ભારતીય જીવનમાં વિવિધ પાસાઓને સમજતા અભ્યાસો પ્રગટ થયા છે. આઝાદી પ્રાપ્તિ બાદ જે શ્રેણી સ્ત્રી-પુરૂષ સમાનતાનો બંધારણમાં સ્વીકાર કરવામાં આવ્યો. ત્યારે અન્ય દેશોની માફક સ્ત્રીઓનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઈએ તે અંગે નવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ. સમાનતાના કેટલાંક મહત્ત્વના પ્રશ્નો ઉભા થયા છે. સમાનતાની ભૂમિકા ઉપર રચાયેલ સમાજમાં સ્ત્રીનું કાર્યક્ષેત્ર શું હોઈ શકે. આ પુસ્તકમાં ભારતીય સ્ત્રી સમક્ષ ઉભા થતી સમસ્યાઓને રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

*વિવિધ સામાજિક સુધારકો અને સ્ત્રી સંસ્થાઓના વિકાસ વગેરેને વિસ્તૃત છણાવટ કરી છે. સ્ત્રીઓના સામાજિક કાયદાઓ તથા સ્ત્રીઓનો દરજ્જો, સ્ત્રીઓ અને કેળવણી, સ્ત્રીઓના રાજકીય હક્કો, સ્ત્રીઓ અને વ્યવસાય તથા વિવિધ પરિબળોને કારણે સ્ત્રીના સ્થાન અને તેના દરજ્જામાં આવેલ પરિવર્તનની ચર્ચા કરવામાં આવી છે.*

**(૩૩) પ્રેમીલા કપૂરે (૧૯૬૦)**

*ભારતમાં કામ કરતી સ્ત્રીઓ અંગે સૌથી મહત્ત્વપૂર્ણ અભ્યાસ કર્યા. સૌથી પહેલો તેમનો અભ્યાસ કામ કરતી શિક્ષિત સ્ત્રીઓના સામાજિક અને મનોવૈજ્ઞાનિક મનોવલમો તપાસવા માટે કર્યો. ૧૯૭૦માં તેમણે ભારતમાં કામ કરતી પરિણીત સ્ત્રીઓનો અભ્યાસ કર્યો. તેમાં તેમણે ભારપૂર્વક દર્શાવ્યું કે કામ કરતી શિક્ષિત પરિણીત*

ISBN-978-81-973071-5-7
First Edition

*મહિલાઓને લગ્નજીવનમાં અનુકૂલનના પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે. લગ્ન જીવનમાં અનુકૂલન સાધવા માટે અનેક પરિબળો ઉપર આધાર રાખવો પડે છે. જેમ કે પતિ-પત્નીની શૈક્ષણિક કક્ષા, આવકનું સ્તર, વ્યવસાયિક દરજ્જો, લગ્નના પ્રકાર, જ્ઞાતિ, ધર્મની ભૂમિકા, લગ્નવય, બાળકોની સંખ્યા અને કુટુંબનું બંધારણ વગેરે તેમના મતે પુરૂષ અધિપત્યતા પુરાણા ખ્યાલોનું કુટુંબજીવનમાં તાણ, તંગદિલી અને સંઘર્ષની પરિસ્થિતિ સર્જે છે. સમાજમાં કામ કરતી સ્ત્રી પરત્વેના તેમના કુટુંબના સભ્યોના મનોવલણો બદલાય તો આ પરિસ્થિતિમાંથી ઉદ્ભવતી સમસ્યાઓને ઘટાડી શકાય.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ-૩

# બ્રાહ્મણોનો પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક કાળ

**પ્રસ્તાવનાઃ**

*ભારતીય સમાજ ખાસ કરીને હિંદુ સમાજ વર્ણવ્યવસ્થાને આધારે અનેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિમાં વહેંચાયેલી છે. નિમ્નવર્ણ વર્ણની જેમ ઊપલા વર્ણમાં અનેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિમાં વહેંચાયેલો જોવા મળે છે. વર્ણવ્યવસ્થાની શરૂઆતમાં દરેક વર્ગમાં કારીગર વર્ગમાં આવતી બધી જ જાતિઓ જેવી કે બ્રાહ્મણ પરંપરાગત વ્યવસાય જજમાની પ્રથા તેમજ સુથાર, લુહાર, કુંભાર, સોની, મોચી, ચમાર વગેરેનો સમાવેશ થયો હતો. બ્રાહ્મણ જ્ઞાતિમાં નાગર, ઔદિચ્ય, પુરોહિત, મોઢ બ્રાહ્મણ તપોધન બ્રાહ્મણ વગેરે જેવી પેટાજ્ઞાતિઓ તરીકે ઓળખવામાં આવે છે.*

## બ્રાહ્મણનો ઈતિહાસઃ

### વૈદિકકાળમાં બ્રાહ્મણોઃ

*ઋગ્વેદ આર્યોનો સૌથી પ્રાચીન ગ્રંથ છે. તેમાં સૌથી પ્રથમ ચાર વર્ણનો ઉલ્લેખ છે. ઋગ્વેદમાં વૈશ્ય અને શુદ્ર જાતિનો ઉલ્લેખ પુરૂષ શુક્ત (ઋગ્વેદ ૧૦-૯૦) સિવાય અન્યત્ર નથી. જો કે અર્થવવેદમાં તેનો બે વખત ઉલ્લેખ થયો છે. પણ ઋગ્વેદના પુરૂષ સુક્તવાળા દસમાં મંડળનો અને અર્થવવેદનો રચનાકાળ ઋગ્વેદના અન્ય મંડળો કરતાં પાછળના છે. અને બ્રાહ્મણ રાજનનો તથા ક્ષત્રિય ઉલ્લેખોને કારણે હાલની જેવી ચાતુવર્ણ્યની પ્રથા ઋગ્વેદના સમયમાં હશે. એમ સામાન્ય રીતે સ્વીકારવામાં આવતું નથી. વદિક આર્યો, પંજાબ અને સિંધના સટતસિંધનુ પ્રદેશથી આગળ વધીને પૂર્વમાં વસ્યા બાદ આ પ્રથા અસ્તિત્વમાં આવી હશે એવું મોટાભાગના વિદ્વાનોનું મંતવ્ય છે. ઋગ્વેદની જ્ઞાતિવિહિન સમાજ-વ્યવસ્થામાં મોટા ફેરફારો યજુર્વેદના સમયમાં થયા એમ મનાય છે.*

### બ્રાહ્મણ શબ્દનો અર્થઃ

*ઋગ્વેદમાં 'બ્રહ્મન્' શબ્દનો આઠ વખતે અને 'બ્રહ્મણ' શબ્દનો ઋષિ કે પુરોહિતના અર્થમાં ૪૬ વખત ઉલ્લેખ થયો છે. 'બ્રહ્મન્' શબ્દ બંને નાન્યતર અને નરજાતિમાં વપરાયો છે. નાન્યતર જાતિમાં વપરાયો હોય ત્યારે તેનો અર્થ પ્રાર્થના થાય છે. જ્યારે નરજાતિમાં તે ઋષિ, પુરોહિત કે ખાસ પુરોહિતનું સૂચન કરે છે. બ્રાહ્મણ શબ્દનું મૂળરૂપ બ્રહ્મન શબ્દ બોહટલીંગ તથા રોથનાં મતાનુસાર 'બર્હ્' ધાતુમાંથી ઊદ્‌ભવ્યો છે. અને 'બ્રહ્મન' ભાવવંશ દ્વારા દેવ તરફ વ્યક્ત થતો ભક્તિભાવ અને ખાસ કરીને દૈવી વ્યક્તિની સેવા કરતી વખતેની પવિત્ર અભિવ્યક્તિ સૂચિત કરે છે. 'બ્રાહ્મણ' શબ્દ કવિ અને આર્યધ્યયને પ્રેરણા આપતી ગૂઢ શક્તિ છે એવું ગેલ્ડનનું મંતવ્ય છે. હોગ આનો અર્થ વિકાસ અથવા વિકાસ માટેનું સાધન એટલે પૂજા અને પ્રાર્થના એવો અર્થ તારવે છે. ઝંદ અવસ્તાના બહેસ્મા* (BARESMA) *સાથે આ શબ્દનો સંબંધ હોવાનું તે અનુમાન કરે છે. ઓસ્યોફ, ઓલ્ડન બર્ગ અને હિલેબ્રાંડ 'બ્રહ્મન્' શબ્દનો અર્થ જાદુ કરે છે અને તેનો સંબંધ "બ્રીચટ"* (BRICHT) *વેદમાં આનો અર્થ ફોરમ્યુલા જેવો છે અને વેદના સુક્તોમાં જાદૂઈ શક્તિ હોવાનું તે ધારે છે. આમ, બ્રાહ્મણને જાણનાર તે બ્રાહ્મણ કહેવાયો હશે.*

*બ્રાહ્મણ કર્મનો પ્રકાર પ્રમાણે વિપ્ર ઋષિ, કવિ અને પુરોહિતના પર્યાયથી ઓળખાતો હતો. ઋગ્વેદ, તૈતિરીય સંહિતા, વાજસનેથી સહિતા તથા શતપથ બ્રાહ્મણમાં વિપ્ર શબ્દ પ્રેરણા શક્તિ ધરાવનાર મંત્રના ગાયક તરીકે પ્રયોજાયો છે. પાછળથી શતપથ બ્રાહ્મણમાં વિદ્વાન બ્રાહ્મણના અર્થમાં આ શબ્દ વપરાયો છે. દૈવી ભાવાવેશમાં આવીને શક્ત કે કાવ્યની રચના કરનાર બ્રાહ્મણને ઋષિ કહેતા હતાં. પાછળથી વૈદિક સાહિત્યમાં ઊત્તમ કવિ તરીકે*

ISBN-978-81-973071-5-7
First Edition

*સુક્તો રચનાર બ્રાહ્મણને ઋષિ કહેવાયો છે. નરજાતિનો શબ્દ 'બ્રહ્મા' શુક્ત બોલનાર કે રચનારનું સૂચન કરે છે. આમ, બ્રાહ્મણો પુરોહિત યજ્ઞ કરાવનાર તથા ઋષિ વગેરેની અનેકવિધ ફરજ બજાવતા હતાં. ઋષિ પરંપરાના સંરક્ષક તરીકે બ્રાહ્મણો સમાજનું નેતૃત્વ કરતા હતા. શ્રી આટ્ટ એ કેટલાંક ઉલ્લેખો ઉપરથી બ્રાહ્મણ શબ્દથી પુરોહિતનો ધંધો કરનાર વ્યક્તિનું સૂચન થાય છે. જ્યારે કેટલાંક ઉલ્લેખો દ્વારા ખૂબ જ બુદ્ધિશાળી સદ્‌ગુણો અથવા દેવી પ્રેરણા કે આર્ષદર્શન કરતી વ્યક્તિનો ઉલ્લેખ છે. એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે. મેકડોનેલ અને કીયે 'વૈદિક ઈન્ડેક્સ'માં એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે બ્રાહ્મણ શબ્દ શરૂઆતમાં કવિ અને ઋષિ માટે વપરાયો છે. પણ પાછળથી આ શબ્દ યજ્ઞ કરાવનાર પુરોહિત માટે વપરાવા લાગ્યો હતો. મ્યુર સુક્તોના રચનાર અને વંશપરંપરાગત પુરોહિતપદ સંભાળનાર તરીકે બ્રાહ્મણનો ઋગ્વેદમાં ઉલ્લેખ થયો હોય એમ માને છે. ઝીમરનું મંતવ્ય છે કે વસિષ્ઠ અને વિશ્વામિત્રના દૃષ્ટાંત પરથી સાબિત થાય છે કે, પુરોહિતનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું હતું.*

**બ્રાહ્મણનો દેખાવઃ**

*બ્રાહ્મણો પૈકી કેટલાંક શ્વેતવર્ણના હતા જ્યારે કેટલાંક શ્યામવર્ણના હતાં. પાટીજર તથા ટી.ટી.કોસાંબી અનાર્યોના બ્રાહ્મણ તરીકે સ્વીકાર્યા હશે તેથી તેઓ શ્યામરંગીના હતાં એમ માને છે. તેઓ ઐલવંશી ન હતાં. મૂળ બ્રાહ્મણો ઈન્ડો-યુરોપિયન જાતિના આર્ય હોવાથી તેઓ શ્વેતવર્ણના હતાં.*

**વેબરના મતાનુસારઃ**

*બ્રાહ્મણ ધર્મને ચુસ્તપણે ન અનુસાર આર્યવંશીઓ વાસ્તયોમ યજ્ઞ દ્વારા બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરી શકતા હતાં.*

**હીલેબ્રાન્ટના મતાનુસાર**

*વ્રાત્ય આર્યા ચુસ્ત બ્રાહ્મણધર્મી ન હતા. તેમને 'સાવિત્રી પતિત' કહ્યા છે. અને તેઓએ અનાર્ય જાતિના હોવા છતાં આર્ય જાતિમાં પ્રવેશ મેળવ્યો હતો.*

**લેનમેનઃ**

*બ્રાહ્મણો સાથે સંબંધ ધરાવનાર તરીકે વાત્યોને ગણે છે. વ્રાત્યયેમ યજ્ઞ દ્વારા શુદ્ધ થયેલા અનાર્યો આ રીતે બ્રહ્મત્ત્વ પ્રાપ્ત કરતા હશે એવું તેનું અનુમાન છે.*

*બ્રાહ્મણો ભણાવવા માટે વિદ્યાર્થીઓ પાસેથી કેટલી દક્ષિણ લેતા હતાં. ઉત્સવો, ધાર્મિક તહેવારો અને યજ્ઞ યાગદિનના પ્રસંગોએ મળતી દક્ષિણા આ વિદ્યાર્થીઓએ સ્વેચ્છાપૂર્વક આપેલી દક્ષિણા ઉપર બ્રાહ્મણોની આજીવિકાનો આધાર હતો. કોઈ વખત રાજા કે ધનિક ગૃહસ્થો તરફથી અપાયેલી જમીનની આવકમાંથી પણ આવા બ્રાહ્મણોના ઘર નભતા હતાં. બ્રાહ્મણોને મળતી દક્ષિણા તેના કામના પ્રમાણમાં વિશેષ ન હતી.*

*બ્રાહ્મણો યજમાનવૃત્તિ ઉપરાંત જ્યોતિષ પુરાણની કયા કરવા વગેરેનું કામ કરતાં હતાં. આ કામ માટે ૧૦૦૦ 'પણ' આપવા કૌટિલ્ય ભલામણ કરે છે. બ્રાહ્મણનું સમાજમાં માન હોવાથી તે જાસૂસ તરીકે કામ કુશળતાથી કરી શકતો હતો. તે એલચી તરીકે, અમાત્ય તરીકે સેનાની તરીકે અને સૈનિક તરીકે પણ કામ કરતો હતો. મૌર્યવંશના નાશ કરનાર પુષ્યમિત્ર સેનાની હતો. શુંગવંશ, કણ્વવંશ અને સાતવાહન વંશના રાજાઓ બ્રાહ્મણો હતાં. કૌટિલ્ય બ્રાહ્મણોને તેમની દૈવી શક્તિને કારણે લશ્કરમાં સ્થાન આપવા સૂચવ્યું છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

**મૌર્યકાળ :**

*મૌર્યકાળ દરમ્યાન બ્રાહ્મણોનું વર્ચસ્વ ટકી રહ્યું હતું. અને સમાજમાં તેનું ઊચ્ચ સ્થાન હતું. આ કાળની સામાજિક, ધાર્મિક પરિસ્થિતિ અને રાજકીય ઉથલપાથલ અંગે વેધક પ્રકાશ નાંખે છે. બ્રાહ્મણોની સ્થિતિ કેટલી બદતર થઈ હશે તે કૌટિલ્યના દાખલા ઉપરથી સ્પષ્ટ થાય છે. કૌટિલ્યને મહાયજ્ઞ નંદે ઉચ્ચ આસન ઉપરથી 'બટુક' કહીને ઉઠાડીને તેનું અપમાન કર્યું હતું. બૌદ્ધધર્મના ઉદ્યને કારણે બ્રાહ્મણોનું વર્ચસ્વ ઘટી ગયું હતું. અશોકે તેમના ગિરનારના લેખના શ્રમણો અને બ્રાહ્મણોને સમાન માન આપવાનું જણાવ્યું છે. અને બૌદ્ધધર્મની ગુજરાતમાં વ્યાપક અસર ન હતી પણ પવન અને શકોના દીર્ઘ શાસનને કારણે સમાજ ઉપર કેટલીક વિપરીત અસર પડી હશે અને બ્રાહ્મણોનું વર્ચસ્વ હશે.*

*બ્રાહ્મણના શિક્ષણની શરૂઆત આઠમ વર્ષની સંસ્કારની શરૂઆત હતી. બ્રાહ્મણ બાળક યાજ્ઞવલ્ક્ય કુટુંબના રિવાજ પ્રમાણે જનોઈ આપવાનું વય નક્કી કરવા જણાવે છે. બ્રાહ્મણ માટેની આ સંસ્કાર માટેની વધારેમાં વધારે ઉંમર સોળ વર્ષ સુધીની જણાવે છે. આ સંસ્કાર વિનાનો વ્રાત્ય ગણાય છે. અને તેની સાથે કોઈપણ સંબંધો રાખે તે ઉપર પ્રતિબંધ મૂક્યો છે. ઉપનયન માટે વસ્ત્રો, મેખલા, જનોઈ અને દંડની જેમ રાખવાનું તેનું સૂચન છે. વેદભ્યાસ માટેની મુદત ૨૮ થી ૩૬ વરસની મનુએ સૂચવી છે. બ્રાહ્મણોના કેટલાક ખાસ હક્કો ધર્મસૂત્ર પ્રમાણે છે. તેને માનપાન ગણયો છે. લોકોની આઝાદી અને સુખ માટે તેને રાજા તરફથી જપ કરવાનું કામ સોંપાતું હતું.*

**બૌદ્ધધર્મ અને બ્રાહ્મણો:**

*સામાન્ય રીતે બુદ્ધે વર્ણવ્યવસ્થાનું ખંડન કર્યું છે એમ મનાય છે. બુદ્ધના સમયમાં હજી વર્ણવ્યવસ્થાઓ સ્થાયીરૂપ લીધું નહોતું બુદ્ધ બ્રાહ્મણ વિરોધી ન હતા પણ કેટલાંક બ્રાહ્મણો જન્મ ઉપર ભાર મૂકતા હશે અને બ્રાહ્મણોને વર્ણોમાં શ્રેષ્ઠ ગણતા હશે ત્યારે બુદ્ધે જન્મને ધર્મની બાબતમાં અકિંચિતકર ઠરાવી શીલ ઉપર ભાર મૂક્યો તથા બ્રાહ્મણનો જન્મ ના કારણથી શ્રેષ્ઠ માનવાની ના પાડી છે. કહે છે કે 'બ્રાહ્મણ' બાળકનો જન્મ પણ બીજા વર્ણના બાળકની પેઠે સ્ત્રીના ઊદરથી એ જ કર્મ થાય છે. એમ કહેવાનો સો અર્થ છે. ઘોડા અને ગધેડાના સંબંધથી જેમ ત્રીજી જાતિનું ખરચર પાણી થાય છે તેમ બ્રાહ્મણ અને ક્ષત્રિયના સંબંધથી જે પ્રજા થાય છે જુદી જાતિની નથી થતી મનુષ્ય જ થાય છે. અર્થાત્ બ્રાહ્મણ ક્ષત્રિય જેવી જાતિઓ નથી પણ એક મનુષ્ય જાતિ જ છે. બ્રાહ્મણ અગ્નિ સળગાવે છે અને શૂદ્ર સળગાવે એની ગરમીમાં ફેર પડતો નથી. સારા કે ખરાબ કર્મના ફળ સર્વ વર્ણોને એક સરખા મળે છે. આમ, બ્રાહ્મણોનું મહત્ત્વ કે વર્ચસ્વ બૌદ્ધધર્મમાં સ્વીકારાયું નથી છતાં તેમના ઉચ્ચ સ્થાનનો સ્વીકાર થયો છે.*

*બ્રાહ્મણોને આ કાળ દરમ્યાન તેમની મુખ્ય છ ફરજો ઉપરાંત બીજા ધંધાઓ સ્વીકારવા પડતા હતાં.* **ધુર્યે તથા કેટલાંક વિદ્વાનો આ કાળ દરમ્યાન ક્ષત્રિયો બ્રાહ્મણ કરતા ચડિયાતા હતા એવું મંતવ્ય વ્યક્ત કરે છે. પણ તે સર્વસ્વીકૃત નથી. લગ્ન શિક્ષણ અને સંસ્કારોને કારણે તેમનું વિશિષ્ટ સ્થાન હતું.**

*આમ, બ્રાહ્મણને કાયદાના ક્ષેત્રમાં ઘણી છૂટછાટ આપી હતી. આમ ઐતિહાસિક કાળ દરમ્યાન બ્રાહ્મણ ઉચ્ચ સ્થાન ધરાવતો હતો. પણ બૌદ્ધધર્મની અસરને કારણે તથા પરદેશીઓના શાસનને કારણે તેનું વર્ચસ્વ ઘટ્યું હશે અને તેને ક્ષત્રિય અને વૈશ્યના ધંધા સ્વીકારવાની ફરજ પડી હશે. કેટલાંક વિદ્વાનો માને છે કે પવન, શાક, સિધીઅન આભીર વગેરેની હિંદુ સમાજમાં સ્થાન આપીને બ્રાહ્મણો એ તેમનું સ્થાન મજબૂત કર્યું હતું.*

ISBN-978-81-973071-5-7
First Edition

## ભારત : બ્રાહ્મણોની વસ્તીનું પ્રમાણઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | જમ્મુ કાશ્મીર | : | ૨ લાખ + ૪ લાખ વિસ્થાપિત |
| ૨. | પંજાબ | : | ૯ લાખ બ્રાહ્મણ |
| ૩. | હરિયાણા | : | ૧૪ લાખ બ્રાહ્મણ |
| ૪. | રાજસ્થાન | : | ૭૮ લાખ બ્રાહ્મણ |
| ૫. | ગુજરાત | : | ૬૦ લાખ બ્રાહ્મણ |
| ૬. | મહારાષ્ટ્ર | : | ૪૫ લાખ બ્રાહ્મણ |
| ૭. | ગોવા | : | ૫ લાખ બ્રાહ્મણ |
| ૮. | કર્ણાટક | : | ૪૫ લાખ બ્રાહ્મણ |
| ૯. | કેરલ | : | ૧૨ લાખ બ્રાહ્મણ |
| ૧૦. | તમિલનાડુ | : | ૩૬ લાખ બ્રાહ્મણ |
| ૧૧. | છતીસગઢ | : | ૨૪ લાખ બ્રાહ્મણ |
| ૧૨. | આંધ્રપ્રદેશ | : | ૨૪ લાખ બ્રાહ્મણ |
| ૧૩. | ઓડિસા | : | ૩૭ લાખ બ્રાહ્મણ |
| ૧૪. | ઝારખંડ | : | ૧૨ લાખ બ્રાહ્મણ |
| ૧૫. | બિહાર | : | ૯૦ લાખ બ્રાહ્મણ |
| ૧૬. | પશ્ચિમ બંગાળ | : | ૧૮ લાખ બ્રાહ્મણ |
| ૧૭. | મધ્યપ્રદેશ | : | ૪૨ લાખ બ્રાહ્મણ |
| ૧૮. | ઉત્તરપ્રદેશ | : | ૨ કરોડ બ્રાહ્મણ |
| ૧૯. | ઉત્તરાખંડ | : | ૨૦ લાખ બ્રાહ્મણ |
| ૨૦. | હિમાચલ | : | ૪૫ લાખ બ્રાહ્મણ |
| ૨૧. | સિક્કિમ | : | ૧ લાખ બ્રાહ્મણ |
| ૨૨. | આસામ | : | ૧૦ લાખ બ્રાહ્મણ |
| ૨૩. | મિઝોરમ | : | ૧.૫ લાખ બ્રાહ્મણ |
| ૨૪. | અરૂણાચલ | : | ૧ લાખ બ્રાહ્મણ |
| ૨૫. | નાગાલેન્ડ | : | ૨ લાખ બ્રાહ્મણ |
| ૨૬. | મણિપુર | : | ૭ લાખ બ્રાહ્મણ |
| ૨૭. | મેઘાલય | : | ૯ લાખ બ્રાહ્મણ |
| ૨૮. | ત્રિપૂરા | : | ૨ લાખ બ્રાહ્મણ |

ISBN-978-81-973071-5-7
First Edition

## ઔદિચ્ય બ્રાહ્મણોઃ

### ઔદિચ્ય બ્રાહ્મણોનો ઈતિહાસઃ

*ઔદિચ્ય બ્રાહ્મણોની જ્ઞાતિ ગુજરાતની બ્રાહ્મણ જ્ઞાતિઓ પૈકી સૌથી વધુ સંખ્યાબળ ધરાવતી જ્ઞાતિ છે. પાણિનીના મતાનુસાર સરસ્વતીના ઉત્તરકાંઠા ઉપર વસનાર 'ઊદીચ્ય' બ્રાહ્મણો દક્ષિણ કિનારે (જમણે) વસતા પ્રાચ્ય કરતાં શ્રેષ્ઠ હતાં. સપ્તસિંધુનો પ્રદેશ છોડ્યા બાદ તેઓ ગંગા-યમુનાના પ્રદેશમાં વસ્યા હતાં. ગુજરાતમાં આ ઔદિચ્ય બ્રાહ્મણો મૂળરાજ સોલંકીના શાસનકાળ દરમિયાન તેનાં આમંત્રણથી આવ્યા હતાં. પોતાના મોસાળ પક્ષના વડીલોની હત્યાના દોષના નિવારણ અર્થે આ બ્રાહ્મણોને બોલાવ્યા હતાં. ૧૦૫ બ્રાહ્મણો ગંગા-યમુનાનો સંગમ થાય છે. ત્યાંથી ૧૦૦ સામવેદી બ્રાહ્મણો રચવનના આશ્રમમાંથી ૧૦૦ સામવેદી, પવિત્ર અને વેદાભ્યાસી બ્રાહ્મણો સરયુ નદીના તટપ્રદેશમાંથી, ૨૦૦ યજુર્વેદી કનોજથી ૧૦૦ કાશીથી, ૧૦૦ ગંગાદ્વાશયી, ૧૦૦ નેમિષારણ્યથી ૧૦૦ કુરુક્ષેત્રથી અને ૧૩૨ પુયકરરાજથી એમ કુલ ૧૦૩૭ બ્રાહ્મણો આવ્યા હતાં.*

*દલપતરામે 'જ્ઞાતિનિબંધ' ગ્રંથણાં આ સંખ્યા ૧૧૦૯ જણાવી છે. આ બ્રાહ્મણો ઔદિચ્ય હતા એવો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પણ મૂળરાજના સમયમાં હિમાદ્રીથી બ્રાહ્મણો આવ્યા હતા તેવું એક સ્થળે હેમચંદ્રાચાર્યના 'દયાશ્રય' કાવ્યમાં જણાવ્યું છે. અન્ય સ્થળે સિદ્ધરાજે બ્રાહ્મણોનો સિંહપુર (શિહોર) અને તેની આજુબાજુના ગામડાઓ આપ્યાની હકીકત છે. ઔદિચ્ય બ્રાહ્મણોનો સહુથી પ્રથમ ઉલ્લેખ ભીમદેવ પહેલાના ઈ.સ.૧૦૩૦ના લેખમાં 'ઊદીચ્ય' તરીકે મળે છે. મૂળરાજે ઉપરોક્ત ઔદિચ્ય બ્રાહ્મણોને ધન, રત્નો વગેરે આપવા ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેમણે ના પાડી અને સરસ્વતીના તટ ઉપર પર્ણશાળા (ઝૂંપડી) બાંધીને જપ, તપ કરતાં રહેવા લાગ્યા. થોડા દિવસો બાદ આ બ્રાહ્મણો કાર્તિક શુક્લપક્ષની એકાદશીથી પૂર્ણિમાના પાંચ દિવસો માટે (ભીષ્મ પંચક) ઋષિના આશ્રમે તીર્થયાત્રા માટે ગયા. આ આશ્રમ સાબરમતી ઉપર આવ્યો હતો. ભીષ્મ પંચકના દિવસો દરમ્યાન મૂળરાજની રાણીએ છૂટા હાથે, આભૂષણો વસ્ત્રો, હીરા, મોતી વગેરેની લહાણી કરી. દધિચિના આશ્રમમાંથી પાછા ફરેલા બ્રાહ્મણો એ આવીને તેમની પત્નીઓએ રાજાના દાનનો સ્વીકાર કર્યો હતો તે વાત જાણી અને તેઓ કોપાયમાન થયા. પણ બ્રાહ્મણ સ્ત્રીઓના માગવાથી આ દાન આપેલ એમ વાત જાણીને તેઓ રાજાને શ્રાપ આપતા અટકી ગયા. ત્યારબાદ મૂળરાજે યજ્ઞ કર્યો અને ૨૧ બ્રાહ્મણોને યજ્ઞદાન સાથે સિદ્ધપુર નગર દાનમાં આપ્યું. બાકીના ૫૦૦ પૈકીના અન્ય બ્રાહ્મણોને પુષ્પાદર વગેરે ૨૭૦ ગામો દાનમાં આપ્યા. આ ૫૦૦ બ્રાહ્મણોનો સમુદાય સિદ્ધપુર સમાવાય તરીકે જાણીતો ધંધો બીજો ૫૦૦ બ્રાહ્મણોના સમૂહ પૈકી ૧૦ આગેવાનોને શિહોર ગામ આવ્યું અને બાકીના બ્રાહ્મણોને વઢવાણ સહિત ૮૮ ગામો આવ્યા. આ સમુદાયના બ્રાહ્મણો 'સિંહપુર સમવાય'ના બ્રાહ્મણો તરીકે ઓળખાય છે. બાકીના ૩૭ જણા ટોળે વળીને બેઠા હતા. તેમને ખંભાત સહિત પંદર ગામો આવ્યા અને તે 'ટોળકિયા ઔદિચ્ય' તરીકે જાણીતા થયા. કેટલાંક સિદ્ધપુર વિભાગને ૧૯૨, શિહોર વિભાગને ૮૨ અને ટોળકિયાને ૧૨ ગામો આવ્યા હતાં. એમ જણાવે છે મૂળરાજે આ દાન શકસંવત ૯૨૪ના કાર્તિક માસની શુક્લપક્ષની પૂર્ણિમાને દિવસે આપ્યું હતું. જે બ્રાહ્મણોને રાજાએ ગામ આવ્યા ત્યાં તેઓએ કાયમી વસવાટ કર્યા અને તે ગામના નામથી તેઓ ઓળખાવા લાગ્યા. દા.ત. પુયયાદરા આચાર્ય, વરવાડિયા દવે, કનાડિયા જાની, માંડલીઆ રાવલ, બગોદરિયા દવે, અંબાસણા જાની, બોકરવાડિયા રાવલ, ઊંઝિયા ચાણરિમયા વ્યાસ, ચંદમાણિયા, ખોડિયા, છત્રાળા, શિહોરા, ઈસ્માલિયા, ખંભાતી વગેરે.*

ISBN-978-81-973071-5-7
First Edition

*સિદ્ધરમાં આવેલા રુદ્રમહાલયનો 'ગુજરાત ડિસ્ટ્રીક્ટ ગેઝેટીઅર મહેસાણામાં જણાવ્યા પ્રમાણે અલાઉદ્દીન ખલજીના ભાઈ ઉલુદાખાને ઈ.સ.૧૨૯૭ કે ૧૨૯૮માં નાશ કર્યો. ત્યારબાદ સુલતાન અહમદશાહે ઈ.સ.૧૪૧૫માં તેનો નાશ કર્યો હતો. મુસલમાનો એ સિદ્ધપુરના બ્રાહ્મણો પૈકી કેટલાકને વટલાગ્યા હતાં. જ્યારે કેટલાક બ્રાહ્મણો એ પોતાના ધર્મની રક્ષા માટે અન્યત્ર સ્થળાંતર કર્યું હશે. સિદ્ધપુર સમવાપના (૧) સિદ્ધપુર વિભાગ (૨) અમદાવાદ વિભાગ (૩) દંઢાવ્ય વિભાગ (૪) પાટણ વાડો (૫) ઈડર પિસ્તાલિશી (૬) વડનગર પરચાસી (૭) લુણાવડા વિભાગ (૮) દહેગામ વિભાગ (૯) ચરોતર વિભાગ (૧૦) આણંદ-બાવળા વિભાગ (૧૧) ભાલ (૧૨) ઝાલાવાડ (૧૩) વઢિયાર (૧૪) ધાન્યધાર વિભાગ (૧૫) રેવાકાંઠા વિભાગ (૧૬) સુરત વિભાગ (૧૭) ઉત્તર ભારત વિભાગ (૧૮) માળવા વિભાગ આ સિવાય કેટલાક નાના વિભાગો સ્વતંત્ર થયા છે. ઉપરોક્ત મુખ્ય અઢાર વિભાગો પૈકી (૧૬) વિભાગો તળ ગુજરાતમાં છે. શિહોર કે સિંહપુર વિભાગમાં (૧) સિમ્બર (૨) તળજિયા (૩) શિહોર અગિયારસો વિભાગ (૪) ઔદિચ્ય સાડા ચારસો વિભાગ (૫) ગઢિયા (૬) ખરેડી વિભાગ (૭) હડિયાણા ચોવીસી (૮) ચોભડિયા (૯) ઘેલારામજી (૧૦) નથ્થુ તુલસી (૧૧) ગોહિલ વાડી વિભાગ (૧૨) બારગામડી (૧૩) એકડા (૧૪) ગુજરાતી (૧૫) હામાપર સમવાય (૧૬) જાદવજી પંડ્યાનો ગોળ (૧૭) માનશ્રંત્રા (૧૮) કણજા (૧૯) ઢાલવાડિયા વગેરે વિભાગ છે. કચ્છમાં ધારક ઔદિચ્યો છે. મારવાડમાં વસ્યા તે મારું તરીકે ઓળખાય છે.*

*ઔદિચ્યની મોટી વસ્તી અમદાવાદ ઊંઝા, સિદ્ધપુર, વિરમગામ, ધોળકા, સરખેજ, નાંદોલ, પાંતિજ, સાણંદ, કડી, પાટણ, ચાણસ્મા, મહેમદાવાદ, નડિયાદ, કલોલ, ગોધરા, હાલોલ, રાજપીપળા, ડાભોડા, વાસણા, પાલનપુર, ડીસા, રાધનપુર, સૂઈગામ, વડોદરા, વિજાપુર, નવસારી, મહુવા, પલસાણા, ભરૂચ, હાંસોટ, માંડવી, બલેશ્વર, વલસાડ, સોશ્યટના વઢવાણ, શિહોર, લીમડી, લખતર, હળવદ, મોરબી, તળાજા, રાજકોટ, વેરાવળ, ગોડલ, ધોરાજી, કચ્છ, અંજાર, મુંદ્રા, લખપત વગેરે ગામોમાં ગુજરાતમાં દરેક જિલ્લામાં જોવા મળે છે. અમદાવાદમાં સને ૧૮૭૨ પૂર્વે સૌ દોઢસો વરસ અગાઉ ૨૨૦૦ ઘરની વસ્તી હતી અને ૯૦૦૦ માણસો જમનારા હતા સને ૧૮૮૦માં વસ્તી ઘટીને ૫૦૦૦ થઈ ગઈ છે. વિરમગામમાં સો વર્ષ ઉપર ૬૦૦ ઘર હતાં તે પૈકી ૧૮૮૦માં ૪૦૦ ઘર જ રહ્યા હતાં. પ્રાંતીજમાં ૩૦૦ની બદલે ૨૦૦ ઘરો રહ્યા હતાં. ધોળકામાં ૩૫૦માંથી ઘટીને ફક્ત ૧૫૦ રહ્યાં.*

*આ વસ્તી ઘટવાનાં કારણો તરીકે બહુપત્ની પ્રથા, બાળલગ્ન, રોગચાળો, કજોડાં અને તે કારણે વિધવાનું વધુ પડતું પ્રમાણ વગેરે ગણી શકાય. ગામડાના લોકો પોતાની કન્યા શહેરોમાં આપે તેથી તેમને કન્યાની અછત પડી હતી. અને કેટલાંક કુંવારા રહી ગયા હતાં. સિદ્ધપુર અને અમદાવાદની કન્યા શહેર બહાર જતી ન હતી. કડીની કન્યા અમદાવાદમાં વરે, વિરમગામની કન્યા સિદ્ધપુર કે અમદાવાદમાં વરે, નાંદોલ, મહેમદાવાદ, પ્રાંતીજ, સરખેજ, ધોળકા વગેરેની કન્યાઓ પણ અમદાવાદમાં વરે.*

### ગુજરાતમાં ઔદિચ્ય આગમનઃ

गुजरात प्रान्त में प्राची सरस्वती नदी के उत्तर और पश्चिम तट पर पुराण प्रसिद्ध मनु के समय का 'श्रीस्थल' अथवा सिद्धक्षेत्र है जिसे आजकाल सिद्धपुर कहते हैं । यहाँ तीर्थ गुजरात सच में श्रेष्ठ गिना जाता है । यहाँ पर मातुगया की जाती है ।भारत के सुप्रसिद्ध गया जी की

ISBN-978-81-973071-5-7
First Edition

तरह सिद्धपुर में भी हर समय यात्रियों का आवागमन बना ही रहता है । वहाँ के सब तीर्थ पुरोहित औदिच्य ब्राह्मण ही है। समय समय पर राजा भोग भी स्थान दानादि करने के लिए इस क्षेत्र में जाते रहते है । पाटन के राजा मुलराजा देव के प्रधान था । सिद्धक्षेत्र में वेदो का कर्म, यहा याहागि कशने वाले तेजस्वी ब्राह्मणो का उस काल में बडा ही अभाव था । साथ ही मुलराज की आदि कराने में राजा का मनोरथ पूर्ण करने और राजा का मनोरथ पूर्ण करने के लिए उत्तमोत्तम ऋषि संतानो की आवश्यकता थी । शुद्ध महालय तीर्थ तथा मंदिर तो प्राचीन काल से ही श्रीस्थल में मोजूद था । मुलराज ने उसी स्थान पर नया विशाल मंदिर बनवाया ।

यह बात रासमाला आदि ग्रंथो से भी सही है कि श्रीस्थल में शुद्ध महालय स्थान अति प्राचीन काल से ही जीणा स्थिति में पड़ा था । जिसे मूलराज ने विशाल रुप से नया बनवाया एस मंदिर का स्वरुप कैसा हुआ उसे । औदिच्य रहस्य के लेखको श्री नानालाल देव शंकर जी याज्ञिक ने शब्धो से सुनिय ।

श्री सिद्धपुर मां मध्य महान महान रुद्रालय हतो । शुद्ध एटले अगियार मालवाला पत्थरनो बाधेलो मंडप हतो, हरे माल मां १०० खंड हता. अपने दरेक खंड में १०० शिवालय स्थापन दरावी शताब्दिक के प्रंतमें यह स्थान क्षेत्र पाचण के राजा मूलराजा देव के प्राधीन था । स्थापन एमे १००० शिवलिंग पद मंत्रो बडे स्थापित करेला हता । नीचेनो माल बैठकनो खाली हतो हरेक शिव मंडप में परिक्रमण करातीन हती. अपाची दुनिया ना तोडयु माल बैठक मध्य शिवालय वीजे भाग्येज जरवारो । उपलाउद्दीन खिलजीए जोड, कहे छे तेनो हाल एकज स्तंभ अगा माल उभो रहीलो छे त्यां मसजिह वनी ब्राह्मणो ने वटाभाग्या थी सवामझा जनोई उतरेली कहेवाय छे जो ब्राह्मण ने वटलाव्या ते वहोरा कोम बनी । तेमने अटको हजु त्रवादी पंड जानी औदिक जरवाय छे ।

गंगा यमुना के संगम अर्थात् क्षेत्र से १०४ ब्राह्मण चैर्यवन ऋषि के आश्रम से सामवेदी १०० ब्राह्मण सरयु तट पर से वेद शास्त्र सम्पन्न १०० ब्राह्मण, कान्यकुण्ज अर्थात् कन्नोज से यर्जुरवंदी २०० ब्राह्मण, काशाक्षेत्र से यजूरवेदी १०० ब्राह्मण, कुरुक्षेत्र से १०० ब्राह्मण गंगादार अर्थात् हरद्वार से ऋग्वेदी १०० ब्राह्मण नेमिषारण्य से १०० ब्राह्मण पुष्करराज तीर्थ से १३२ ब्राह्मण.

इस प्रकार कुल १०३७ ब्राह्मणो को मूलराज के अनुवरोने सिद्ध क्षेत्र में किया । इस प्रकार उत्तर दिशा से आये हुए सहरत्रधिक ब्राह्मण गुजरात में ही बल गये मुल राज से सिद्धपुर के साथ मन्य ११०० गाम ५००० ब्राह्मण को दिये । इन पाँच सो ब्राह्मणों की दिये । इने पांच सो ब्राह्मण की समुदाय सिद्धपुर सम्प्रदाय कहलायी और दूसरे ५०० ब्राह्मणो को सीहोर के साथ ७० मान्य ग्राम प्राप्त हुए उन पाँचसो ब्राह्मणो के समुदाय का सिहोर सम्प्रदाय नामकरण हुआ । इन्हीं उदीच्य ब्राह्मण से क्रमशः अनेक ब्राह्मण जातियाँ बन गई ।

ISBN-978-81-973071-5-7
First Edition

**ઔદિચ્ય બ્રાહ્મણની વસ્તીનું પ્રમાણઃ**

*ઔદિચ્યની વસ્તીની ઝીણવટભરી વિગત સૌ પ્રથમ ઈ.સ.૧૮૭૨ની સાલની ગુજરાત "સર્વ સંગ્રહ" માં કવિ નર્મદાશંકરે આપી છે. તે મુજબ ગુજરાતમાં*

*૧) સુરત જિલ્લામાં ૮૫૯૦*
*૨) ભરૂચ જિલ્લામાં ૪૩૯૪*
*૩) ખેડા જિલ્લામાં ૧૦૭૩૮*
*૪) અમદાવાદ જિલ્લામાં ૧૯૩૩૦*
*૫) પંચમહાલ જિલ્લામાં ૧૦૬૪*
*૬) કચ્છ જિલ્લામાં ૨૯૪૫*

*કુલ સંખ્યા ૪૪,૨૫૬ હતી બધા દેશી રાજ્યોમાં થઈને ૩૦ હજાર ગણતાં કુલ ઔદિચ્ય બ્રાહ્મણોની સંખ્યા* **પોણા લાખ હતી**. *દેશી રાજ્યોનો અંદાજ મૂકવામાં નર્મદાશંકર ભૂલ કરી જણાય છે. કારણકે બોમ્બે ગેઝેટીઅર વો.વર્મા ઈ.સ.૧૮૯૧ના આધારે વસ્તી જણાવી તે બે લાખ ઉપર ૨,૦૪,૬૦૮ હતી.*

*ગુજરાતમાં બ્રાહ્મણોની કુલ વસ્તી ૫,૬૮,૮૬૮ હતી. તે પૈકી ફક્ત ઔદિચ્ય બ્રાહ્મણોની સંખ્યા ૩૯.૧ ટકા.*

- *અમદાવાદ જિલ્લામાં તેમની વસ્તી ૧૮૪૮૭*
- *ખેડા જિલ્લામાં ૯૫૨૨*
- *ભરૂચ જિલ્લામાં ૩૨૬૮*
- *સુરત જિલ્લામાં ૫૭૭૭*
- *વડોદરા રાજ્યમાં ૪૯૪૬૦*

*અને સૌરાષ્ટ્રના ભાવનગર, જૂનાગઢ, મોરબી, વઢવાણ, લીમડી, ધાંગ્રધા, વાંકાનેર, જામનગર, અમરેલી, પાલીતાણા, કચ્છમાં થઈને ૧,૧૬,૫૦૭ વસ્તી હતી. ૧૮૭૨ થી ૧૮૯૧ના ટૂંકાગાળામાં વસ્તી વધારો સવાલાખ જેટલો વધી જાય તો તે વખતની પરિસ્થિતિ જોતાં યોગ્ય લગાતું નથી.*

*સને ૧૯૦૧માં અન્યવિનના જણાવ્યા પ્રમાણે ઔદિચ્ય બ્રાહ્મણોની કુલ વસ્તી ૧૭૮૨૫૪ હતી. આ પૈકી ૯૧૭૫૩ પુરૂષો અને ૮૬૫૦૧ સ્ત્રીઓ હતી. આમ એક જ દસકામાં ૨૬૩૫૪ માણસોનો ઘટાડો થયો છે. આ એકદમ વસ્તી વધવાને બદલે જવાનું કારણ ઈ.સ.૧૮૯૬નો યલંગ તથા અન્ય રોગચાળો તથા ૧૯૦૦-૦૧ દરમ્યાન પડેલો ભયંકર છપ્પનિયા દુકાળ છે. સને ૧૯૧૧માં આ ઘટાડો ચાલુ હતો અને તેની વસ્તી ૧૬૦૭૩૨ હતી. ૧૯૧૧-૨૧ દરમ્યાન રોગચાળો, અછત અને ખાસ કરીને ઈન્ફ્લુએન્ઝા એ સારો વિનાશ વેર્યો હતો. સને ૧૯૨૧માં તેમની કુલ વસ્તી ૧,૪૯,૬૦૫ થઈ હતી. આમ ત્રીસ વર્ષના ગાળામાં ૫૫૦૦૩ માણસોની વસ્તી ઘટી ગઈ હતી. નાની જ્ઞાતિમાં કન્યાની અછત પણ આમાં થોડો ભાગ ભજવ્યો હશે. કન્યા વિક્રયને કારણે કેટલાક પરણ્યા વિના રહ્યા હશે. ૧૮૯૧-૧૯૮૧ના ગાળામાં ગુજરાતની વસ્તી ચાર ગણી થઈ ગઈ છે.*

*એમ ગણતાં ઔદિચ્યોની હાલ સંખ્યા ૮ લાખ આસપાસ હશે. છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન વસ્તીનું પ્રમાણ ૨૨.૨૭ અને ૨૯ ટકાના દરે વધ્યું છે. (૧૯૪૧-૭૧) ત્યારબાદ પણ વસ્તી વધારો ૨૫ ટકાથી ઓછો થયો નથી.*

ISBN-978-81-973071-5-7
First Edition

*દલપતરામે જ્ઞાતિ નિબંધમાં જણાવ્યું છે કે કચ્છના વાગડના ઔદિચ્યોની કન્યાઓ ઝાલાવાડના ગુજરાતના ઔદિચ્યોની પોતાની નાતમાંથી કન્યા ન મળે તો લાવતા હતાં. આવા કુટુંબોને નાતવાળા દંડ કરીને દાખલ કરતા હતાં. પોતાની દીકરી અથવા બંનેને ઘરે વાગડના ઔદિચ્યો જતાં ત્યારે તેમને ઊતરતા ગણીને અલગ બેસાડીને જમાડતા ગણીને અલગ બેસાડીને જમાડતા હતાં. પરણતી વખતે કુળનું ભાન ભૂલાતું હતું. પણ ત્યારબાદ ઊંચાનો ગર્વ કરતા હતાં.*

**અમદાવાદમાં ઔદિચ્ય વિભાગઃ**

*અમદાવાદમાં સિદ્ધપુર, ઊંઝા, પુષ્પાદર, બોકરવાડા, કનોડા, અંબાસણ, ભાલપ્રદેશ, નાંદોલ-દહેગામ, શિહોર, હળવદ વગેરે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ઔદિચ્યને આવીને કાયમી વસવાટ કર્યા છે. અમદાવાદની સ્થાપના પૂર્વ આશાવલમાં ઔદિચ્યો વસતા હતાં. તેઓ અમદાવાદની સ્થાપના થતા અહીં વસ્યા હતાં. આ ઔદિચ્યો આશાવલા તરીકે ઓળખતા હતાં. ઈ.સ.૧૪૭૦ આસપાસ અમદાવાદ ઔદિચ્યોના આ પૂર્વજો 'સ્થાનિક ઉદિરા' જ્ઞાતિ તરીકે ઓળખાય છે. ઈ.સ.૧૪૭૦ આસપાસ અમદાવાદનું કેન્દ્ર બન્યું જણાય છે. હાલ ઔદિચ્યોનો આ પૂર્વજો 'સ્થાનિક ઊદિચ્ય' જ્ઞાતિ તરીકે ઓળખાય છે. સંવત ૧૬૦૦-૧૭૦૦ દરમ્યાન તેઓ સમુદ્ર હતાં. અમદાવાદના બ્રાહ્મણોની ચોરાશીનો વહીવટકર્તા તરીકે આ જ્ઞાતિના ભાઉભટ્ટ હતાં. આ જ્ઞાતિના લોકો શહેર બહાર કન્યા આપતા નથી. પણ અમદાવાદ આજુબાજુના દસક્રોઈ, નાંદોલ, ચરોતર, દઢાવ્ય વગેરે ગોળના ખાસ કરીને ગામ વિસ્તારના લોકો તેમને કન્યા આપે છે. આ કારણે કુલનશાહી અને વરવક્રિય જન્મ્યા હતાં. આ કારણે એક ઉપર બીજી કરવાની પ્રથા પણ પ્રચલિત થઈ હતી. હાલમાં આ પ્રથા બંધ થઈ છે. પણ ઊંચા હોવાનો તેઓ ગર્વ કરે છે. હાલની નાતના મૂળ ૨૪૦૦ ઘર ગણાય છે. પણ ૧૮૯૮માં ૧૭૦૦ ઘરો રહ્યા હતાં. મોટાભાગના નોકરી કરે છે. કેટલાંક જ્યોતિષ, કર્મકાંડ, વેપાર કરે છે. વકીલ ઈજનેર, ડૉક્ટર તરીકે તથા સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ઘણા છે. કેટલાંકને પેશ્વ તથા ગાયકવાડ તરફથી જાગીર પ્રાપ્ત થઈ હતી. સંવત ૧૯૦૦ની શરૂઆતમાં વેદસપત્ર બ્રાહ્મણો સુખી હતાં. રાવલ વેણીરામ વડોદરાના દીવાન હતાં (૧૮૫૬-૫૭) કવિ બુલાખીરામ દલપતરામના શિષ્ય હતાં. સને ૧૮૬૪માં જ્ઞાતિમાં મતભેદ ઉત્પન્ન થયો. 'બેનુ અનુ બળવા' નામના ઓળખાતા પ્રશ્નમાં તેઓ વિભક્ત થયા હતાં. એકબીજાને મહાત કરવા જ્ઞાતિભોજનની પરંપરા શરૂ કરી હતી. અને ૧૯૨૯ પછી યુવક મંડળે વરા તથા અયોગ્ય લગ્નો સામે ઝૂંબેશ શરૂ કરી હતી. પરિણામે મરણ પાછળના વરા લગભગ બંધ થઈ ગયા છે. સુરતમાં આ વિભાગના ૪૦૦ ઘરો છે. તેઓ મૂળવિભાગ સાથે લ્હાણાનો સંબંધ રાખી રહ્યાં છે.*

**ઔદિચ્ય બ્રાહ્મણનો ગોત્રઃ**

*ઔદિચ્ય બ્રાહ્મણોના કુલ ૨૯ ગોત્રો છે. પણ તેમાં કાલાંતરે એકાદ બે ગોત્ર 'હિરણ્યગર્ભ' ગોત્રે વધ્યા છે. ઔદિચ્ય બ્રાહ્મણોના 'ઔદિચ્ય ગોત્રાવલી' ગોત્ર અને પ્રવર આ મુજબ જોઈ શકાય છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

| ક્રમ | ગોત્રનું નામ | પ્રવશે | પ્રવર સંખ્યા | વેદ | શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | વત્સ | વત્સ, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | શુક્લ યજુર્વેદ | માધ્યન્દિની |
| ૨ | ભાર્ગવ | ભાર્ગવ, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | શુક્લ યજુર્વેદ | માધ્યન્દિની |
| ૩ | દાલભ્ય | દાલભ્ય, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | સામવેદ | કોયમી |
| ૪ | દ્રોણ | દ્રોણ, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | શુક્લ યજુર્વેદ | માધ્યન્દિની |
| ૫ | મૌનસ | મોનસ, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | | |
| ૬ | ગંગાયન | ગંગાયન, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | | |
| ૭ | સાંકૃત્ય-સાંકૃતિ | સાંકૃત્ય, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | | |
| ૮ | પૌલસ્ત્ય | પોલસ્ત્ય, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | | |
| ૯ | માંડવ્ય | માંડવ્ય, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ | ૫ | | |
| ૧૦ | શૌનક | શૌનક, ચ્યવન, આપ્રુવાન, ઓર્વ, જમદગ્નિ, મહેતા અટક | ૧ | ઋગ્વેદ | આશ્વલાયન |
| ૧૧ | ભારદ્વાજ | ભારદ્વાજ, અગિરસ, બહિસ્પત્ય | ૩ | સામવેદ<br>શુક્લયજુર્વેદ | કોયમી<br>માધ્યન્દિની |
| ૧૨ | કૌડિન્સ | કૌડિન્ય, અગિરસ, બહિસ્પત્ય | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૩ | અત્રિ | અત્રિ, આર્ચનાનસ, શાવાશ્વ | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૪ | કુયણાત્રિ | કુયણાત્રિ, આર્ચનાનસ, શાવાશ્વ | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૫ | શ્વાતેત્રિ | શ્વેતાત્રિ, આર્ચનાનસ, શાવાશ્વ | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૬ | ચંદ્રાત્રિ | આત્રેય, આર્ચનાનસ, ત્રવિયટી | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૭ | ગૌતમ | ગોતમ, અંગિરસ, શારદવંત | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૮ | કૃત્સસ | કોત્સ, અંગિરસ, માંધાતા | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૧૯ | આંગિરસ | ગોતમ, અંગિરસ, શારદવંત | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૨૦ | વસિયઠ | વસિયઠ, ઈન્દ્રપ્રમદ, ભરદસુ, ત્રિવેદી અટક | ૩ | શુક્લયજુર્વેદ, સામવેદ | માધ્યન્દિની, કોયમી |
| ૨૧ | ઊપમન્યુ | ઉપમન્યુ, ઈન્દ્રપ્રમદ, ભરહસુ, જાની | ૩ | શુક્લયજુર્વેદ, ઋગ્વેદ | માધ્યન્દિની, આશ્વાલાયન |

| ક્રમ | ગોત્રનું નામ | પ્રવશે | પ્રવર સંખ્યા | વેદ | શાખા |
|---|---|---|---|---|---|
| ૨૨ | ઉદ્‌વાર-ઔહવાહ | ઉદવાહ, ઈન્દ્રપ્રમદ, ભરહસુ | ૩ | ઋગ્વેદ | આશ્વલાયન |
| ૨૩ | પારાશર | પારાસર, વસિયઠ, સાંકૃત્ય | ૩ | ઋગ્વેદ | આશ્વલાયન |
| ૨૪ | લૌગાક્ષિ | કાશ્યપ, અવત્સાર, વસિયઠ | ૩ | ઋગ્વેદ | આશ્વલાયન |
| ૨૫ | કશ્યપ | કાશ્યપ, અવત્સાર, નૈધ્રુવ, ત્રિવેદી અટક | | સામવેદ | કોયમી |
| ૨૬ | શાંડિલ્ય | શાંડિલ્ય, કાશ્યપ, વત્સાર | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૨૭ | ગોભિલ | ગોભિલ, અસિત, દેવલ | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૨૮ | પિપ્પલાદ | પિપ્લાદ, અસિત, દેવલ | ૩ | સામવેદ | કોયમી |
| ૨૯ | ઉદાલક-ઔદાલક | ઓદાલક, આર્ચનાનસ, રાવાશ્વ | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૩૦ | ગર્ગ | ગર્ગ, બાર્હસ્પત્ય, ભારદ્વાજ, ઐંગિરસ | ૫ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| | | ત્રિવેદી અટક પંચોળી | | સામવેદ, અર્થવવેદ | કોયમી |
| ૩૧ | કૌશિક | વિશ્વમિત્ર, દેવરાજ, ઔદલ્ય | ૩ | શુક્લયજુર્વેદ | માધ્યન્દિની |
| ૩૨ | હિરણ્ય ગર્ભ | વ્યાસ પંડ્યા | | ઋગ્વેદ | આશ્વલાયન |

*ઔદિચ્ય બ્રાહ્મણોમાં દવે, પંડ્યા, ઠાકર, ઉપાધ્યાય, કે પાધ્યા, ત્રિવેદી, મહેતા, શુક્લ, જાની, પંડિત, આચાર્ય, રાવલ, જોષી વગેરે અન્ય બ્રાહ્મણોમાં મળતી અટકો છે. દહેરું કે મંદિરમાં કામ કરનારની અટક દેરાશ્રી કે દેરાસરી પડી છે. સિદ્ધપુરમાં ૭-૮ ઘરની તથા વાલોડમાં ૧૦૦ ઘરમાં દેસાઈ અટક છે. દેસાઈ કલેક્ટર જેવો અધિકારી હતો, ઋગ્વેદની આશ્વલાપની શાખાના ભૃગુગોત્રી દવે, કૌશિકગોત્રી, પંડ્યા અને દવે, ઊપમન્યુ ગોત્રના ઉપાધ્યાય, વ્યાસ અને જાની, ગર્ગ, ગોત્રના મહેતા અને શોનક ગોત્રના આચાર્ય અને મહેતા છે.*

*સામવેદની કૌયમી શાખાના દાલભ્ય વસિયઠ, ગોતમ, કશ્યપ, ગર્ગ, ભારદ્વાજ, હિરણ્યગર્ભ અને કૌડિન્ય, ગોત્રનો ત્રિવેદી કે ત્રવાડી, પિટલાદ ગોત્રના ઉપાધ્યાય અને વત્સ ગોત્રના પંડ્યા અને મહેતા છે.*

*અર્થવવેદની પિટલાયની શાખાના ગોતમ ગોત્રના પંચોળી છે. બાકીના બધા શુક્લ યજુર્વેદની મધ્યન્દિની શાખાના છે.*

*અટકો બદલાતી રહે છે. જેમ કે દવે કયા વાંચે અને યજમાનવૃત્તિ કરે તો ભટ્ટ થઈ ગયા. ચાણસ્મિયા વ્યાસ અને દવે શુક્લવૃત્તિ સ્વિકારવાથી મોરબીમાં તે શુક્લ થઈ ગયા. મણિયારી મહેતા કુટુંબે ભદ્રવૃત્તિ સ્વીકારી એટલે હાલભટ્ટ કહેવાયા છે. તે પ્રમાણે મણિયારી આદેશ્રી કે દેરાસરી મંદિરમાં કામ કરવાથી કહેવાયા છે. આમ ધંધા પ્રમાણે કેટલીક અટકો પડી છે. સિદ્ધપુરમાં કૃલીનતાના ગર્વવાળા કુટુંબ મશ્કરીમાં રાવણ અને વ્યાસ કુટુંબ, જમલોકિયા, વંતાકડી વગેરે તરીકે ઓળખાય છે.*

*ઊંચનીચાનો ભેદ સિદ્ધપુર, શિહોર, અમદાવાદ, ઝાલાવાડ વગેરેના સિંહપુર અને શિહોર સંપ્રદાયના બ્રાહ્મણોમાં છે. સિદ્ધપુર, પાટણ અને અમદાવાદના ઔદિચ્યો પોતાની દીકરી ગામ બહાર આપતા નથી પણ ગામની*

*અને ગામ બહારથી વાંકડો લઈને લે છે. સિદ્ધપુર છઠ્ઠા પદના ઠાકર, તેરમાં પદના ઠાકર, પંડિત કે પંડ્યા, દવે, ભટ્ટ, આચાર્ય, ત્રિવેદી, ઊંચા ગણાય છે. તેઓ ૨૦-૨૫ તોલા સોનું, ચાંદીના પૂજાનાં વાસમો, ઘડિયાળ વગેરે લે છે. શિહોર સંપ્રદાયમાં ઘરમધોળિયા એટલે કન્યા વિક્રય ન કરનાર ઊંચા ગણાય છે. અમદાવાદ અને પાટણ તળના ઔદિચ્યો શહેરની બહાર સિદ્ધપુરની માસ્ક કન્યાઓ બહાર આપતા નથી અને થોડા વધતાં પ્રમાણમાં વોંકડા લે છે. સિદ્ધપુરમાં તળગામ તો જોશી, રાવળ વગેરે કુલીન ગણતાં ન હોઈને વાંકડો લે છે. સિદ્ધપુરમાં તળ ગામના જોશી, રાવળ વગેરે કુલીન ગણતાં ન હોઈને વાંકડો મેળવી શકતા નથી. ઝાલાવાડમાં પંચોળી, આચાર્યો વગેરે ઊંચા ગણાય છે. ક્યાંક સિદ્ધપુર સંપ્રદાયના શિહોર સંપ્રદાય કરતાં પોતાને ઊંચા માને છે. ઔદિચ્ય ગોત્રાવલી ના કર્તા આ અંગે સૂચક ટીકા કરે છે. આ તો હાલાઈ છે, આ તો સિહોરી સંપ્રદાયના ૨૧ પદવાળા બગસ્થળિયા દવે, આતો શિહોરી સંપ્રદાયના ૮૨ પદવાળા પાંકલા ભટ્ટ, આતો શિહોરી સંપ્રદાય ૩૦ પદવાળા ગોભિલ ત્રવાડી આ તો પાઠક છે. આ તો દેરાશ્રી છે, ૫૬ ટટૂવાળા આતો નાડી દવે છે. આ તો પંડિત છે, આ તો જોશી છે, આ તો પંડ્યા છે, આ તો ઝીઝુવાડીયા વ્યાસ છે. આ તો મરાલી આ રાવલ છે. આ નિંદ ભરેલા શબ્દો જ્ઞાતિબંધુઓ ન બોલે એવી સદ્બુદ્ધિ તેમને પરમાત્મા આપો. આ વ્યથા ભરેલા શબ્દો કોઠા નીચા ગણાય છે. તે બાબત તેમ ન કરવા લખાયેલા છે. વિરમગામ, ચાણસ્મા, ઊંઝા, ઉનાવા અને નાંદોલવાળા સિદ્ધપુરમાં કન્યા આપવા અગાઉ ખૂબ ઉત્સુક રહેતા હતાં. કેટલાંક મૂળરાજ વગેરેના વખતમાં દાન સૌથી પ્રથમ ક્રમોમાં લેનાર ઊંચા અમે જે પછીના ક્રમમાં હોય તો નીચા ગણતા હોય એમ જણાય છે. આ ઊંચનીચના ભેદી અને પેઢકા કે વાંકડાની પ્રથાઓ અનેક અનિપટો સર્જ્યો છે.*

*વાત્રકને કાંઠે આચાર્ય મિત્ર શર્માએ પારાશર મહાદેવ પાસે બ્રહ્મપુરી વસાવી હતી તેનો વંશને બામણવેલા પંડ્યા તરીકે ઓળખાય છે. તેમને પ્રથમ તિલક કરવાની પ્રથા હતી. ૨૫૦ વર્ષ પૂર્વ ખંભાતમાં ટોળી પંડ્યાએ પક્ષ કરી નાત તેડું કર્યું. ત્યારે ઘણાં બામરોલા બ્રાહ્મણો આવ્યા હતાં તેઓ અભણ અને ખેતીવાડીવાળા હતાં. તેમની અવિનથી વાણીને કારણે આ અધિકાર સોમશર્મા દક્ષાત્રીને આપવામાં આવ્યો હતો. આ બ્રાહ્મણો પ્રથમ કોટેશ્વર પાસેના શ્રી સ્થળમાં અને ત્યારબાદ ખંભાતમાં વસ્યા હતાં. તેઓ ખંભાતી તરીકે જાણીતા છે. તેમની સાથે નગરના સામવેદી ત્રિવેદીઓ ભળ્યા હતાં. ભટ્ટ, પંડ્યા, શુક્લ પૈકી ભટ્ટ ઊંચા ગણાય છે. વસિયઠ ગોત્રી સુમાર અને શીશાવાવાસી વિશ્વશર્માના વંશજો શીશાવા પંડ્યા તરીકે ઓળખાય છે.*

**જજમાની પદ્ધતિઓ:**

*મૂળ બ્રાહ્મણોનો મુખ્ય વ્યવસાય ખેતી અને યજમાનવૃત્તિનો હતો. શિક્ષકનું પ્રમાણ ઓછું હતું. પહેલાનો સમયમાં જ્ઞાતિ વ્યવસ્થામાં જજમાની પદ્ધતિ જોવા મળતી હતી. જ્ઞાતિ વ્યવસ્થાનું ગામડામાં પહેલાના સમયમાં આ એક લક્ષણ હતું.*

*ગુજરાતી શબ્દકોશ પ્રમાણે યજમાન એટલે ગોર કે બ્રાહ્મણ તે દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર અથવા આશ્રય આપનાર યજમાનવૃત્તિ એટલે યજમાનના દાનદક્ષિણા વડે આજીવિકા ચલાવાવીને જજમાન શબ્દ સંસ્કૃતના યજમાન શબ્દમાંથી અપભ્રંશ થઈને બન્યો છે. યજમાનનો અર્થ "યજ્ઞ કરવાવાળો" થાય છે. જજમાન શબ્દની વ્યાખ્યા વેબસ્ટર શબ્દકોશમાં આ પ્રમાણે આપવામાં આવી છે, "એક વ્યક્તિ કે જેના દ્વારા એક બ્રાહ્મણને ધાર્મિક સેવાઓ કરવા માટે ભાડૂતિ રાખવામાં આવે છે."*

ISBN-978-81-973071-5-7
First Edition

*બ્રિટિશ અમલ દરમ્યાન ગામડાનાં જજમાની પદ્ધતિ જોવા મળતી હતી. જજમાની વ્યવસ્થા પ્રમાણે દરેક જ્ઞાતિઓ પોતાનો નક્કી કરેલો ધંધો કરતી અને અન્ય જ્ઞાતિને સેવા પૂરી પાડતી. જુદા જુદા પ્રકારની સેવા યજમાનને પૂરી પાડવામાં આવતી. જ્ઞાતિ પ્રમાણે વ્યવસ્યા એ તેમનો એક હથ્થુ હજારો હતો. દરેક જ્ઞાતિનાં સભ્યો પોતપોતાનો વ્યવસાય કરતા હતાં અને એકબીજાની આવશ્યકતાઓ પૂરી પાડતા હતાં. દા.ત. બ્રાહ્મણ ગામના લોકોના જન્મ, લગ્ન, વાસ્તુ તથા મરણ અને અન્ય પ્રસંગે ધાર્મિક ક્રિયાઓ, કર્મકાંડ કે પૂજા વિધિ કરતો જેનું કામ કરતાં તે તેના યજમાન કહેવાતાં.*

*આ પ્રમાણે બ્રાહ્મણ, વણકર, લુહાર, સુથાર, ધોબી, કુંભાર, વણકર, મોચી, ચમાર, ભંગી તથા ચાંડાલ વગેરે કામ કરવાવાળા વસતાયાં તરીકે ઓળખાતા જે સેવા કરવામાં આવતી તેને જજમાન કહેવાતાં. ઓસ્કર લેવિસ લખે છે “આ પ્રથામાં એક ગામડામાં રહેલા જ્ઞાતિ-સમૂહથી એ આરા રાખવામાં આવે છે કે તે બીજા જ્ઞાતિનાં કુટુંબોને કેટલીક પ્રાથમિક રીતે સેવાઓ આપે.”*

*શ્રી એન.એન.રેડ્ડી લખે છે “જજમાન કામનો અધિકાર સંપત્તિના કોઈ અન્ય ભાગ માફક જ હસ્તાનાતરિત થાય છે. તે પિતાથી પુત્રને વંશપરંપરાગત મળે છે. અને જ્યારે ભાઈ-ભાઈ જુદા થાય છે. તો બીજી સંપત્તિ માફક જજમાનો વહેંચી લેવામાં આવે છે. જે કોઈ કુટુંબમાં ફક્ત પુત્રી જ હોય તો તેવી સ્થિતિમાં પુત્રીનો પતિ પોતાની પત્નીના પિતા પાસેથી અધિકાર મેળવે છે. જજમાની વ્યવસ્થાનો વ્યવસાય વંશપરંપરાગત હોય છે. એક બ્રાહ્મણના જજમાન નક્કી હોવાથી તેના સંબંધો વંશપરંપરાગત નક્કી થયેલા હોય છે. જ્યારે એક કુટુંબના સભ્યો જુદા થાય છે તો તેઓ જે રીતે અન્ય સંપત્તિના ભાગ કરે છે તેવી જ રીતે એ પોતાના જજમાનોની વહેંચણી કરે છે.”*

*જજમાનો તેઓને દૂર કરી શકતા નથી. કદાચ કોઈ જજમાન તેના બ્રાહ્મણને ગોરપદું કરવા ન બોલાવે તો બીજા બ્રાહ્મણ તેને ત્યાં આવશે નહિ કદાચ કોઈ બ્રાહ્મણ તૈયાર થાય તો જ્ઞાતિપંચ તેને રોકશે.*

*જજમાની વ્યવસ્થાનો સૌથી મોટોલાભ એ થયો કે બધાને આર્થિક સુરક્ષા મળતી હતી. દરેક પોતાની જ્ઞાતિ પ્રમાણે નિશ્ચિત વ્યવસાય કરતો હતો અને તેનો એક હથ્થુ ઈજારો મળતો હતો. જજમાની પ્રથાથી ઘણા ગેરફાયદા જોવા મળે છે. જેનાથી જ્ઞાતિનું વર્ચસ્વ ઘણું જ વધી જાય છે. યજમાનો કયા આધારે વહેંચી લેવા એનો કોઈ માપદંડ ન હતાં. એટલે વહેંચાયેલા યજમાનોમાં અસંતોષ જોવા મળતો હતો.*

### ગોત્ર અને પ્રવરોઃ

*ઋગ્વેદમાં ગોત્ર શબ્દનો અર્થ ગાયનો વાડો અથવા ગાયોનું ટોળું થાય છે. જેવી રીતે ગાયો વાડામાં પૂરાયેલી હોય છે તેવી રીતે પાણીથી ભરપૂર વાદળાઓ માટે આ શબ્દ રૂપક તરીકે વપરાવા લાગ્યો હતો. આ ઉપરાંત વાદળોને અટકાવી રાખનાર રાક્ષસ અને વાદળોથી ઢંકાયેલા પર્વતોના રાખશે માટે પણ આ શબ્દ પ્રયોજાતો હતો. બૃહસ્પતિના વાહનને ગોત્ર ભેદ કહેવામાં આવેલ છે. ઋગ્વેદ ઉપરાંત આ જ અર્થમાં તૈતિરીય સંહિતા અર્થવવેદ અને વાજારાનેથી સંહિતામાં ઉલ્લેખો મળે છે. ગોત્ર શબ્દ કેટલાંક ઉલ્લેખો પ્રમાણે દુર્ગ કે કિલ્લાના અર્થમાં પણ પ્રયોજાયો છે.*

*તૈતિરીય સંહિતાના કેટલાંક ઉલ્લેખ પ્રમાણે કેટલાંક મહર્ષિઓનાં વંશજો તેમનાં આદિ પુરૂષથી ઓળખાતા હતાં. તાંડપ બ્રાહ્મણ સગોત્ર બ્રાહ્મણોને ઉજારાનો ખ્યાલો દક્ષિણા તરીકે આપવા સૂચવે છે. દરેક ગોત્રના ઋષિઓના નામ સાથે સંકળાયેલા એક, બે, ત્રણ કે પાંચ પ્રવર હોય છે.*

*બોધાયન શ્રોનસૂત્ર પ્રમાણે વિશ્વામિત્ર જમદગ્નિ, ભારદ્વાજ, અત્રિ, વસિયઠ, કાશ્યપ અને ગૌતમ સપ્તર્ષિઓ તથા આઠમા અગસત્ય મૂળ ગોત્ર પુરૂષો છે. ઉપરોક્ત સપ્તઋષિઓનો ઉલ્લેખ બૃહદારણ્યક ઉપનિષદ અને શતપથ બ્રાહ્મણમાં કરાયો છે. આથી ગ્રંથ હજારો લાખો અને અર્બુદ ગોત્રો હોવાનું અને પ્રવર માત્ર ૪૯ હોવાનું જણાવે છે. સૂત્રો, ગ્રંથો ઉપરાંત મત્સ્ય વાયુ, સ્કંદ વગેરે ગોત્રોનો વિગતથી ઉલ્લેખ કરે છે.*

*શ્રી કાણે ગોત્ર દ્વારા સમાન પૂર્વજનો ઉલ્લેખ પ્રથાનું માને છે. અહીં પુરૂષનો વંશ અવિછિન્ન રીતે તેના પૂર્વજો સાથે સંબંધ ધરાવતો હોવો જોઈએ. આવી બધી વ્યક્તિઓ એક જ ગોત્રની કહેવાય છે.*

"The general conception about the gotra is that it denotes all persons who trace descent in un unbroken male line froma common male ancestar" *કોઈ જ્યારે તે જન્મદગિ ગોત્રનો છે. અમે કહે છે ત્યારે તે જમદાગ્રીના વંશના પુરૂષનાં સીધો વારસ છે એમ કહી શકાય. "હિન્દુ કુળ અથવા વંશની એક વિશિષ્ટ સંજ્ઞાને ગોત્ર તરીકે ઓળખવામાં આવે છે. કોઈ મૂળ પુરૂષ કે ગુરૂના નામથી એ સંજ્ઞા પ્રચલિત થઈ છે." પ્રેતને પાણી અર્પણ કરતા તેના ગોત્ર અને નામનો ઉચ્ચતર કશય છે. ચોલકર્મ વખતે વાળગોત્રના રિવાજ પ્રમાણે રખાતા હતાં. વસિયઠો વાળની ગાંઠ વાળતા હતા એવો ઉલ્લેખ છે. સંધ્યાવંદન વખતે પદ્મ ગોત્ર, પ્રવર, વેદ અને શાખાનો ઉલ્લેખ જરૂરી છે. ગોત્રનો ઉપયોગ લગ્ન, યજ્ઞયાગાદિ પ્રસંગે, વાળ ઉતરાવતી વખતે અને સંધ્યાવદન વખતે હાલ પઠા થાય છે.*

*પ્રવરનું બીજું નામ આર્ષેય છે તેનો ઋગ્વેદમાં ઉલ્લેખ છે. પ્રવર શબ્દથી પ્રાર્થના શબ્દ સૂચિત થાય છે. અગિનું જ્યારે આહ્વાન થાય છે. ત્યારે યજ્ઞ કરાવનાર યજમાનના ગોત્રમાં ઉત્પન્ન થયેલી જાણીતી વ્યક્તિઓનો ઉલ્લેખ થાય છે. લગ્ન વખતે સમાન્ત પ્રવરવાળા કુટુંબો વચ્ચે સંબંધ કરવા અંગે સૂત્રકારો એ પ્રતિબંધ મૂક્યો છે. ઉપનયન વખતે જનોઈની ત્રણ કે પાંચ ગાઠો પ્રવર પ્રમાણે રખાય છે. ચોલકર્મ વાળ ઉતરાવતી વખતે પ્રવરની સંખ્યા પ્રમાણે વાળના ગુચ્છા રાખવામાં આવતા હતા. આમ, પ્રાચીનકાળથી ગોત્ર અને પ્રવરનો ઉલ્લેખ કરવાની પ્રથા બ્રાહ્મણોમાં પ્રચલિત હતી. પ્રવરમંજરીનો ગોત્ર અંગેની વિગત આશ્વાલાયન, આપસ્તંભ, બૌદ્ધાયન, કાત્યાયાન શ્રોત અને ધર્મસૂત્ર વગેરેને આધારે આપેલ છે. આશ્વલાયન શ્રાતસૂત્ર આધારે મૂળ ગોત્રનો સમૂહ કે ગણ હશે શ્રી કાણે જણાવે છે. દાત.: વસિયઠગણ, ઉપમન્યુગણ, પરાશર ગણ, કુન્ડીન ગણ વગેરે આ ચાર ગણોના પેટાવિભાગો ગોત્ર તરીકે ઓળખાતા હતા. ભૃગૃગુહ અને અંગીરસ ગણનો ઉલ્લેખ ઉપરાંત બૌધાયને ગોત્રોને પક્ષમાં વિભાજન કરેલાં છે. કેટલાંક પ્રવર દ્વારા મૂળગોત્રમાં થઈ ગયેલા વિશિષ્ટ વ્યક્તિઓ સાથે સંકળાયેલા સમૂહ કે જથ્થાનો ઉલ્લેખ છે એમ તે માને છે. આમ, મૂળ ગણ, પક્ષ અને ગોત્ર એવા વિભાગો હશે એમ શ્રી કણે માને છે.*

*જો કોઈ વ્યક્તિ પોતાનું ગોત્ર જાણે તો ન હોય તો તે પોતાના આચાર્યના ગોત્રને અપનાવી શકે છે. એમ આપસ્તંભ જણાવે છે. સંસ્કાર કૌસ્તુભ અને સંસ્કાર પ્રકાશ આવી સ્થિતિમાં અને આચાર્યનું ગોત્ર પણ જાણતો ન હોય તો પોતે કાશ્યપ ગોત્ર અપનાવી શકે એમ જણાવે છે. સ્મૃતિ ચંદ્રિકા પ્રમાણે નાનાનું ગોત્ર જાણતો ન હોય તો આવી વ્યક્તિ નાનાનું કાશ્યપ ગોત્ર કરી પિંડદાન વગેરે કરી શકે છે.*

*શ્રી કાણેએ ગોત્ર પ્રવર અંગે નીચે મુજબની સ્પષ્ટતા કરી છે.*

"Gofta is tha latest ancestor or one of the latest ancestors of a person by whose name his family has been known for generations while pravara is gonstituted by the saye or sayes

ISBN-978-81-973071-5-7
First Edition

who lived in the remotest past, who were most illustrious and are generally the ancestors of the gofra sayes in some cases the remotest ancestar alone.”

### નામ અને અટકો:

*પ્રાચીનકાળમાં શરૂઆતમાં શારીરિક લાક્ષણિક કે ખોડખાંપણ ઉપરથી નામો પડતા હતા. સંયુક્ત કુટુંબની પ્રથા અસ્તિત્વમાં આવતાં કુટુંબના વડાના નામ ઉપરથી તે ઓળખાતો હતો અને આ રીતે ક્રમશઃ ગોત્રો અને કુટુંબ નામો અસ્તિત્વમાં આવ્યા હતાં. દા.ત. જનકની પુત્રી જાનકી દશરથનો પુત્ર દાશરથી, પાંડુનો પુત્ર પાંડવ, કુરુનો પુત્ર કૌરવ વગેરે અનેક સ્ત્રીઓ પરણવાના રિવાજને કારણે માતાના નામથી પુત્ર ઓળખવા લાગ્યો હતો. દા.ત. કુન્તીપુત્ર કર્ણ, કુન્તી સૂત રાધાનો પુત્ર રાધેય, સુમિત્રાનો પુત્ર સોમિત્ર.*

*ગુજરાતમાં મૈત્રકાળ પૂર્વના લોકોના નામો હતા. મૈત્રકકાલીન દાનશાસનોમાં દેવવાચક ઘણા નામો મળે છે. આ નામોને દેવ, શર્મા, આદિત્ય વગેરે ઉપપદો લગાડેલા જોવા મળે છે. કેટલાંક સીધા વેદ અને પુરાણોમાંથી લીધેલા જોવા મળે છે. કેટલાંક બિનસંસ્કૃત, પાકૃત કે દૈશ્ય નામો પણ જોવા મળે છે. પ્રાચીનકાળ દરમ્યાન બ્રાહ્મણોમાં નામ પાડવાની આ પ્રણાલિકા ચાલુ રહી હતી. મુસ્લિમ શાસન દરમ્યાન અરબી અને ફારસીની અસર નીચે અરબી ઉપપદવાળા નામો અસ્તિત્વમાં આવ્યા હતાં. ખાસ કરીને નાગરો જે રાજવહીવટ સાથે ઘનિયઠ રીતે સંકળાયેલા હતા. તેમના નામોમાં આ અસર વધુ જોવા મળે છે. દા.ત. મિજલસશય, સાહેબરાય, ખુશાલરાય, દોલતરામ, ગુલાબરાય, હિમ્મતરાય, ન્યાયતરાય, ચમનલાલ, અંગ્રેજી શાસન દરમ્યાન ડોલી, જોલી જેવાઓ સિવાય નારાયણ, લક્ષ્મી નારાયણ, લક્ષ્મીશંકર, લક્ષ્મીપ્રસાદ મંગળદાસ, દેવી પ્રસાદ, શિવપ્રસાદ, રવિશંકર ગુણવંતરાય ભાનુપ્રસાદ વગેરે નામો જોવા મળે છે. નામને અંતે પ્રસાદ, રાય લાલશંકર, જેવા ઉપપદો લગાડેલા જોવા મળે છે. આધુનિક નામો સંસ્કૃતને બંગાળી વિશેષ પસંદ થાય છે.*

*સ્ત્રીઓના નામો પવિત્ર નદીઓ ઉપરથી કે પૌરાણિક સ્ત્રી પાત્રો, સતીઓ દેવીઓ વગેરે ઉપરથી પડેલા જણાય છે. દા.ત. નર્મદા, ગંગા, ગોદાવરી, સરસ્વતી, ભાગીરથી, કરુણા, કાવેરી, તાપી, જમના, ત્રિવેણી, લક્ષ્મી, સાવિત્રી, અંબા, અનસૂયા, સીતા વિજયા, નીલા ગાગી, પૂર્ણિમા, નયના લીલા પુરૂષોના પણ આવો ગુણવાચક નામો હોય છે. ગુણવંતરાય, શાંતિલાલ, આનંદ પ્રસાદ, પશુ-પક્ષી પરથી કેટલાંક નામો પડ્યા છે. દા.ત. ગુલાબરાય, ગુલાબશંકર, દુધીબેન, કેસરબેન, જૂઈ, કેતકી.*

*નામ પાડવા માટે શાસ્ત્રોનું સૂચન છે કે બ્રાહ્મણનું નામ મંગલકારક પાડવું જોઈએ. ભરતનાટ્યશાસ્ત્રમાં બ્રાહ્મણ અને શ્રત્રિયોના નામ તેના ગોત્ર અને કર્મો પ્રમાણે પાડવા સૂચન કરાયું છે. હાલ ટૂંકા ઉચ્ચારમાં સહેલા નામો પાડવાની પ્રથા છે. લાડમાં બાળકોના ચકુ, ટીકુ, કીકો, કીકી, મોના વગેરે નામો રખાય છે.*

*શરૂઆતમાં કોઈ અટકોનો ઉપયોગ થતો હોય અને એમ જણાતું નથી પણ મૈત્રકાળ દરમ્યાન દીક્ષિત, ચતુર્વિધ, ત્રોવિધ, આચાર્ય, અધ્વર્યુ, ઉપાધ્યાય, યાજ્ઞિક વગેરે વેદાધ્યયન તથા યજ્ઞકર્મને લક્ષમાં લઈને પડેલી જોવા મળે છે. આમ, ધંધાને લગતી અટકો પડવાની શરૂઆતમાં થઈ હતી. જોષી 'જ્યોતિષીક', દવે, વૈદ્ય, પંડિત, પંડ્યા, ભટ્ટ, પુરાણી, પુરોહિત, રાજગુરૂ, વ્યત્સ, પાઠક, ત્રિપાઠી, વગેરે ધંધાસૂચિત છે. ધાર્મિક પ્રવૃત્તિ કે ક્રિયાને કારણે અધ્યારૂ અધ્વર્યુ, આચાર્ય, ઉપાધ્યાય, ઉપાસની ગોર, ચાતુર્વેદી, ત્રિવેદી, જાની, યાજ્ઞિક, ત્રિપાઠી, દવે, દીક્ષિત, દેરાસરી, દેવાશ્રયી, ભગૃશાસ્ત્રી, યોગી, રાજગુરૂ, વેદ, વૈષ્ણવ, સ્માર્ત, પાધ્યા વગેરે અટકો પડી છે. મુસલમાનકાળ*

*દરમ્યાન નોકરી કે હોદ્દાને કારણે કેટલી અટકો પડી છે. દા.ત. દેસાઈ, દીવાનજી, મપારા, વીણ, કામદાર, પટેલ, જ્યોતિદાર, મઝમુદાર, પટેલ, નાયક, મહેતા, દંડનાયક, ઠાકોર, મુનશી, રાવલ, પંચોળી, ઠાકર, વહી આ બક્ષી વગેરે. પૂર્વજોના અને બાપના નામ ઉપરથી કેટલીક અટક પડી છે. દા.ત. અંતાણી, ઉદાણી, કીકાણી, વચ્છરાજાણી, વીરાણી, નાંદી, સારાભાઈ, ધંધાપરથી માસ્તર, જોષી, પુરાણી, વ્યાસ, પાઠક, ત્રિપાઠી, યાજ્ઞિક, મુનશી, વોરા, મહારાજા, શાસ્ત્રી, સેવક વગેરે અટકો પડી છે.*

*અટકોમાં ઘણીવાર મૂળ એક અટક હોય છે. પણ પાછળથી કોઈ કારણસર ખાસ કરીને ધંધાને કારણે અટકો બદલાતી જોવા મળે છે. ભાર્ગવોમાં વિશ્વભર વ્યાસના સમયથી તેમના કુટુંબની દેસાઈગીરી મળવાને કારણે દેસાઈ અટક બદલાઈને પડી હતી. દહેજના દેસાઈની મૂળ અટક આચાર્ય હતી. આ રીતે જોશી અટકવાળા કુટુંબની અટક પણ દેસાઈ કુટુંબ સાથે સગ્ર સંબંધ બાંધવાને કારણે અને વારસામાં દેસાઈ ગીરી મળવાને કારણે દેસાઈ પડી હતી. ઠાકર અટકવાળા કુટુંબની અટક સોના-ચાંદીના ધંધાને કારણે ચોક્સી પડી હતી. ઔદિચ્ય પૈકી કયા વાંચનાર દવે કુટુંબની અટક બદલાઈને ભટ્ટ થઈ છે. ચાણાસ્મીઆ વ્યાસ અને દવે કુટુંબના માણસોએ શુક્લવૃત્તિ સ્વીકારવાથી મોરબીમાં શુક્લ અટક લખે છે. રાજગોર સમવાયમાં ઉપાધ્યાય પૈકી શુક્લવૃત્તિ કરનારની અટક શુક્લ થઈ છે અને તેમનાં ગોત્રો એક જ છે. મણિયારી મહેતા આ રીતે ભદ્રવૃત્તિ સ્વીકારીને ભટ્ટ બન્યા છે. દહેરુ કે દેશમાં કામ કરનાર મણિયારી મહેતા કુટુંબની અટક બદલાઈને દેરાસરી, દેશશ્રી પડી છે.*

*મોગલકાળ દરમ્યાન અટક લખવાની શરૂઆત થઈ હતી. અને તે ધર્મ, જ્ઞાતિ અને વ્યવસાય સૂચક છે. સામાન્ય રીતે ઓગણીસમી સદીના મધ્યમભાગ પછી અટક લખવાનું અંગ્રેજોના અનુકરણે રૂપ લખવાનું શરૂ થયું હોય એમ જણાય છે. હાલ લોકો માણસનું નામ ઘણી વખત જાણતા નથી. પણ જોશી, ભટ્ટ વગેરે અટકથી બોલાવે છે.*

*પ્રાચીનકાળમાં લોકો અંગત નામથી ઓળખતા હતા. ત્યારબાદ માણસની માનસિક શક્તિના આધારે, શારીરિક ટેવો અથવા તેના બ્રાહ્ય વ્યક્તિગત ગુણોને આધારે નામની પસંદગી થતી હતી. વડીલોની ધાર્મિક પ્રણાલિકા, કુદરતી પ્રેમ, વિકાસ પામેલી વિશિષ્ટતાઓ, વિશિષ્ટ હોદ્દા કે દરદજ્જો, રીતરિવાજને આધારે નામની પસંદગી માટેના કારણો હતાં.*

**બ્રાહ્મણના સંસ્કારોઃ**

*ઋગ્વેદના પાંચમાં મંડળના ૭૬માં સુક્તમાં સંસ્કૃત શબ્દ શુદ્ધ કરવાના અર્થમાં વપરાતો છે. બ્રહ્મ મન અને વાણીને યજ્ઞ દ્વારા શુદ્ધ કરે છે. જેમ સૂત્રોમાં સંસ્કાર શબ્દ અનેકવાર વપરાયો છે અને તેનો સામાન્ય અર્થ યજ્ઞવિધિ દરમ્યાન શુદ્ધિકર્મ થાય છે. જ્યોતિપટોમાં યજ્ઞ વખતે વાળ ઊતરાવવાની દાંત સાફ કરવાની અને નખ કાપવાની ક્રિયાનો સંસ્કાર તરીકે ઉલ્લેખ કરાયો છે. આ બાહ્ય શુદ્ધિના પ્રકાર છે. શબર ભાષ્મમાં કોઈ હેતુ કે કાર્ય સિદ્ધ કરવા માટેની ક્રિયા અંગે સંસ્કાર શબ્દ વપરાયો છે. તંત્ર વાર્નિકમાં જણાવ્યા પ્રમાણે પાપ દૂર કરવા માટે અને ગુણો વધારવા માટેની વિધિ કે કાર્યને સંસ્કારનું નામ આપવામાં આવ્યું છે. જ્યોતિર્મય વગેરે યજ્ઞો દ્વારા આ જન્મ અને પૂર્વજન્મમાં નક્કી કરેલી ફરજ અદાત ન કરવાથી થતું થાય દૂર થાય છે. યજ્ઞ યોગ્ય રીતે કરવામાં આવ્યો હોય તો પણ તેનું ફળ દોષો દૂર કરવામાં ન આવે તો મળતું નથી. ટૂંકમાં સમાજની સંસ્કારી બનાવવા માટે ધર્મ, સૂત્રકારો તથા સ્મૃતિકારો*

*એ સંસ્કારોની યોજના કરી છે. ગૌતમ ધર્મસૂત્રમાં ગભાધાનાદિયી માંડીને અત્યોયિટ સુધીના ચાળીસ સંસ્કારો અને આત્માના આઠ ગુણોનો ઉલ્લેખ તથા ચર્ચા છે.*

*મોટાભાગના ગૃહશુત્રોમાં પુસવન, સીમન્તોનયન, જાતકર્મ, નામકરણ, અન્નપ્રાશન, ચોલકર્મ, ઉપનયન, ચાર વ્રતો, કેશાન્ત અથવા ગોદાન, સમાવર્તન કે સ્નાન, વિવાહ મહાયજ્ઞ અને અંત્યોષ્ટિનો સંસ્કાર તરીકે ઉલ્લેખ થયો છે.*

- **ગર્ભાદાન :**

*આ સંસ્કારના ઉલ્લેખ અર્થવવેદના પાંચમાં મંડલના ૨૫માં સુક્તમાં થયો છે. માસિક ધર્મના ત્રણ દિવસ પછી સ્ત્રીઓ સ્નાન કરીને ડાંગર ખાંડવી જોઈએ. પછી સ્થાલી પાક પદ્ધતિ ઘી તૈયાર કરી પણ તેણે ધીમે ધીમે સ્યાલી પાકમાંથી આ અગ્નિ માટે છે સ્વાહા "આ અનુમતિ માટે છે, સ્વાહા આ સાચા કર્તા દૈવી સવિતા માટે છે. સ્વાહા" એમ બોલીને આહુતિ આપવી જોઈએ. ત્યારબાદ મિશ્રિત ભાત તેજો ખાવો અને બાકીનો થોડાક તેની પત્નીને આપવો જોઈએ. ત્યારબાદ તેના હાથ ધોઈ નાંખીને વાસણમાં પાણી ભરીને તેને પત્ની ઉપર ત્રણ વખત પાણી છાંટવું અને કહેવું 'ઓ વિશ્વવસ્તુ તમે ઉભા થાવ, બીજી કુમળી છોકરીને શોધો જે તેના પતિ સાથે પત્ની તરીકે હોય.' ત્યારબાદ સ્ત્રીને આ લિંગન આપતી વખતે "હું અમદુ", હું સામન છું, તું ઋક છે. હું આકાર છું, તું પૃથ્વી છે. ચાલો આપણે સાથે મળીને નર બાળક માટે પ્રયત્ન કરીએ. કેટલાંક મંત્રો બોલીને સ્ત્રી સાથે સહશયન કરે છે.*

*શાંખ્યાન ગૃહસૂત્રમાં "ચાર્તુયી" કર્મ ગનો ઉલ્લેખ છે. લગ્ન પછી ચોથા દિવસે અગ્નિ, વાયુ, સૂર્ય, અર્યમન વરૂણ, પુષન, પ્રજાપતિ અને સ્વીયટકતને રાંધેલા અન્નની અગ્નિમાં આઠ આહુતિઓ આપે છે. ત્યારબાદ અહુપાન્ડાના મૂળિયાને ખાંડીને સ્ત્રીના નસ્કારોમાં તે સ્વાહા અંતે બોલીને બે મંત્રોથી નસ્કારોમાં મૂળિયાનું ચૂર્ણ છાંટે છે કે સુધુ છે. ત્યારબાદ 'તુ' ગંધવી વિશ્વસુનું મૂળ છે એમ કહીને સંભોગ કરે છે. આ ઉપરાંત કેટલાંક બૃહરણ્ય ઉપનિષદના શ્લોકો બોલે છે. આમ મંત્રો સાથે ગર્ભાદાન સંસ્કાર કરવાની ગૃહસૂત્રોએ સૂચના આપી છે. ગુજરાતમાં જાંબુ બ્રાહ્મણોમાં 'ચાર્તુથી કર્મનો' સંસ્કાર પળાય છે. આ પ્રથા હાલ સમય લુપ્ત થયેલી જોવા મળે છે.*

- **ઉત્થાનઃ**

*પુત્ર જન્મ પછી દસમા કે બારમાં દિવસે પિતા હજામત કરાવી સ્નાન કરી થાય છે. ઘરને શુદ્ધ કરે છે અને પૃથ્વીને ઉદ્દેશીને જાતક અગ્નિમાં આહુતિ આપી અન્ય ગોત્રી બ્રાહ્મણ પાસે હોમ કરાવે છે. ઘરના અગ્નિમાં ધાતુ અને બીજાને ઉદ્દેશીને આહુતિ આપે છે. વરૂણને પણ પાંચ આહુતિઓ આપે છે અને બ્રહ્મભોજન કરાવે છે. ધાતા દધાતુનો રથિ એવો મંત્રોચ્ચાર સાથે સુતકનો અગ્નિ દૂર કરી ઓપાસન અગ્નિ પ્રગટાવી ઘી થી હોમ કરવા પણ સૂચવાયું છે.*

- **નામકરણ**

*શતપથ બ્રાહ્મણ તથા પતંજલિનું મહાભાયય પુત્રના જન્મ બાદ તુરત દુર્ઘટકર્મા ના નાશ માટે અથવા ભૂત પ્રેતાંદિને દૂર કરવા કે ખરાબ અસરો નષ્ટ કરવા તુરત નામ આપવા જણાવે છે. દા.ત. દેવદત, યજ્ઞદત વગેરે આપસ્તંબ બોધાયન વગેરે દસમાં દિવસે નામ પાડવા જણાવે છે. યજ્ઞવલ્ક્ય ૧૧માં દિવસે સૂચવે છે. બોધાયન ગૃહસૂત્ર ૧૦ કે ૧૨માં દિવસ સૂચવે છે.*

ગોભિલ વગેરે બાળકના જન્મ પછી દસમાં દિવસ પછી કોઈપણ દિવસે અથવા સો રાત્રિઓ કે વરસ પછી નામ પાડવા જણાવે છે. લઘુ આશ્વાલાયન ૧૧, ૧૨ અને ૧૯માં દિવસનું સૂચન કરે છે. બાણભટ્ટે તારા પીડે ચંદ્રાપીડનું દસમાં દિવસે શુભ મૂર્હુતમાં નામ પાડ્યું હતું. એમ કાદમ્બરીમાં જણાવ્યું છે. સામાન્ય રીતે દસમાં કે બારમાં દિવસે ત્રણ કે ચાર નામ આપતા હતા. પિતાના નામ ઉપરથી ગોત્ર ઉપરથી વધારાના નામ અપાતા હતા. દાત. શુનઃરોપ, આ મૂગતી અને ઓગિરસ, નક્ષત્ર ઉપરથી નામ અપાતું હતું. હાલબારમાં દિવસે રત્રીઓ વડે ઘરના પુરૂષોની સંમતિથી એકઠા થઈને શૂત્રગ્રંથોમાં સૂચવાયેલી કોઈપણ વિધિ વિના નામ પડાય છે. ગુજરાતમાં દસમાં દિવસે નામ પાડવાનો રિવાજ છે. હાલ તો હોઈ જ્યારે આવે ત્યારે ચોક્કસ નામ અપાય છે તે અગાઉ ઘરમાં વપરાતું હુલામણું નામ અપાય છે.

- **ચૌલ કે ચુડાકર્મઃ**

બાળકના જન્મ પછી પહેલા કે ત્રીજા વરસે બાળકના બાલમોવાળા ઉતારવાની વિધિ સૂચવાઈ છે. આ અંગે કુલાચાર પણ લક્ષમાં લેવાય છે. કેટલાંક પાંચમે વરસ કે ઉપનયનના પ્રસંગે પણ આ વિધિ કરે છે. વૈદિક સમયમાં આ વિધિ હશે કે કેમ તે નક્કી નથી. આ વિધિમાં વાળ કાપવા ઉપરાંત હોમ, બ્રહ્મભોજન, આર્શીવચન, દક્ષિણાનું દાન વગેરે વિધિ થઆય છે. કેટલાંક સંપૂર્ણ મુંડનને બદલે એક લટ કપાવે છે. કુળદેવતાના મંદિરે કે સુરધનના સ્થળે જઈને કે તીર્થ સ્થળે જઈને હાલ આ વિધિ કરવામાં આવે છે.

- **ઉપનાયનઃ**




ઉપનયન સંસ્કાર ખૂબ પ્રાચીન છે. ઋગ્વેદના દસમાં મંડળના ૧૦૯માં સુક્તમાં 'બ્રહ્મચારી' શબ્દનો ઉલ્લેખ છે. તૈતિરીય બ્રાહ્મણમાં જીવનનો પોણો ભાગ બ્રહ્મચારી રહેલા ભારદ્વાજનો ઉલ્લેખ છે. આંતરેય બ્રાહ્મણના મનુના પુત્ર નાભિનેદિયક વારસાગત મિલકતમાંથી ગુરૂના ઘરે રહેતો હોવાથી ભાગ મેળવી શક્યો ન હતો, તેવો ઉલ્લેખ છે. ટૂંકમાં ઉપનયન વિધિ મૂળ ઉપનિષદકાળ સુધી ખૂબ સાદી હતી. વિદ્યાર્થી સમધિ લઈને ગુરૂ પાસે જતો હતો તેની બ્રહ્મચારી તરીકે રહીને ભણવા માટે અનુમતિ માંગતો હતો. ગૃહસુત્રમાં જે વિસ્તૃત વિધિ સૂચવાઈ છે. તેવી વિધિઓ અગાઉ ન હતી. ટૂંકમાં ગુરૂ પાસે વિદ્યા મેળવવા વિદ્યાર્થી લાંબી વિધિ વિના ઉભો રહેતો હતો. શરૂઆતમાં કદાચ પિતા જ ગુરૂ હશે. તૈતિરીય સંહિતા અને બ્રાહ્મણોના રચનાકાળ પછી ગુરુગૃહે રહીને અભ્યાસ કરવાની શરૂઆત થઈ હશે. બ્રાહ્મણને ઉપનયન વિધિ ૮માં વરસે થતી હતી. ખાસ કેસ તરીકે પાંચમે વરસે પણ કેટલાં દાખલ થતા હતો. સામાન્ય રીતે બ્રાહ્મણને વસંત ઋતુમાં બુધ, ગુરૂ કે શુક્રવારે પ્રવેશ અપાતા હતા. સવારનો ચાર કલાકનો સમય ઉત્તમ ગણાતો હતો. બપોર પછીના સમયની ઉપનયન માટે મની હતી એકમ, ચાંપ, સાતમ, આઠમ, નવમી, તેરસ, ચૌદસ, પૂન, અમાસ, ઉપનયન માટે વર્જ્ય ગણતા હતાં. ત્યારે ઉપનયનનની મનાઈ કરાઈ હતી. બ્રહ્મચારી ઉતરીય અને નીચે એમ બે કપડાં પહેરાતો હતો. આ કપડું શણનું કે મગૃચર્મ હતું. કેટલાંક ગુરૂ કે લાલ રંગના સુતરાઉ કપડાંની પણ છૂટ આપી છે. પાછળથી કુંશના અને ઊનના વસ્ત્રોની નીચલા વસ્ત્ર તરીકે છૂટ મૂકાઈ હતી. બોધાયને ઉતરીય તરીકે કુપણા

ISBN-978-81-973071-5-7
First Edition

જીવની ભલામણ કરી છે. બાંધાયન વગેરે એ બકરીના ચર્મની ઊતરતીય તરીકે ભલામણ કરી છે. પારસ્કર ગૃહસૂત્રે પોતાના વર્ણને યોગ્ય કોઈ પણ વસ્ત્ર ન મળે તો ગાયના ચામડાના ઉતરીયની ભલામણ કરી છે. બાંધાયન ગૃહસૂત્રે કાળિયારના ચામડાની ભલામણ કરાઈ છે. યજ્ઞમાં વપરાતો પવિત્ર વૃક્ષોના દંડની છૂટ બધા વર્ણો માટે આપી છે. પલાશ ઉપરાંત પીપળો, વડ, ઉમરો, બોરડી, બીલી, ખેર, દંડાનો ઉપયોગ ગુરૂના ઢોરોની સાચવણી માટે તથા નદી માયા જેટલી સૂચવે છે.

- **યજ્ઞોપવિતઃ**




તૈતિરીયસ હિતા ૨-૫-૧૧માં સૌથી પ્રથમ 'નિવીત' નો ઉલ્લેખ છે. તેનો માણસ માટે અને ઉપવિતનો દેવતારની ધાર્મિક વિધિઓ કરતી વખતે ઉપયોગ કરાતો હતો. તે તેને ખભાની ડાબી બાજુએ લટકાવીને પહેરતો હતો. પિતૃઓ માટે તેને જમણે ખંભે લટાકવીને પહેરતો હતો. ગોભિલ ગૃહપશુત્ર પ્રમાણે જમણો હાથ ઊંચો કરી માથું નાંખીને ડાબા ખભા ઉપર સૂત્રને રાખીને જમણી બાજુ લટકાતી યજ્ઞોપવિત રાખવી પડે છે. ઋષિઓનું તર્પણ કરતી વખતે, સહરાયનને સંભોગ વખતે, બાળકોના હોમસિવાયના સંસ્કારો કરતી વખતે, પેશાબ તથા જાજરૂ કરવા જતી વખતે, મડદુ ખભા ઉપર લઈ જતી વખતે તથા મનુષ્ય માટેના અન્ય કોઈપણ કાર્ય વખતે જનોઈનું સૂત્ર ગળામાં લટકાતું રખાય છે. આ સ્થિતિ નિવીત કહેવાય છે. શતપથ બ્રાહ્મણમાં દેવતાઓનો યજ્ઞોપવિતવાળા કહેવામાં આવ્યા છે. આ ઉપરથી દેવતાઓની પાસે જતી વખતે મનુષ્યો કપડાં પહેરીને જતાં હશે તેઓ જનોઈ કે સૂત્ર પહેરી જતા ન હતાં. દેવભાગ ગોતમને વાકૃદેવી પ્રત્યક્ષ થયા, ત્યારે તેણે યજ્ઞોપવિત પહેરેલી હતી. પ્રાચીનકાળમાં તૈતિરીય આરણ્યકમાં જણાવ્યા પ્રમાણે બ્રાહ્મણો ઉપવીત તરીકે કાળા હરણનું ચર્મ અથવા કપડું પહેરતાં હતાં. યજ્ઞોપવિત પહેરનારનો યજ્ઞ પ્રસિદ્ધને પામે છે. સમૃદ્ધિને અર્થે છે. બ્રાહ્મણ કોઈપણ વિદ્યા ભણતી વખતે યજ્ઞોપવિત પહેરે છે તો તે યજ્ઞ સમાન ગણાય છે. આથી યજ્ઞોપવિત પહેરીને જ અભ્યાસ કરવો જોઈએ કે યજ્ઞ કરવો જોઈએ. દર્શ પૂર્ણમાસ યજ્ઞ વખતે દેવકર્મ તે હોઈને ઉપવિત પહેરવાની ખાસ ફરજ જૈમિનિએ ગણી છે. આપસ્તબ ધર્મસૂત્ર પ્રમાણે ગૃહસ્થે ઉતરીય હંમેશા પહેરવું જોઈએ તેને બદલે જનોઈ ઉતરીયનું સ્થાન છે. ટીકાકાર આનો અર્થ એવો કરે છે કે જનોઈ ખોવાય જાય તો વસ્ત્ર અને વસ્ત્ર ખોવાઈ જાય તો કુશમું દોરડું ઉપવીત તરીકે વાપરી શકાય. અને તેના ત્રણ સૂત્રો હોવાનું જણાવ્યું છે. ઋપયશૃંગ બધા હેતુ માટે ઉતરીય પહેરવાનું અને તેના અભાવે ત્રણ સૂત્રની જનોઈ પહેરવાનું જણાવે છે. ટૂંકમાં આધુનિકકાળ અને સ્મૃતિઓની રચનાકાળ દરમ્યાન જેમ જનોઈ પહેરાતી હતી તેમ ઉતરીય તરીકે તે પહેરાતી ન હતી. ઉતરીય તો અમુક કાર્ય વખતે પહેરીને કાઢી શકાતું હતું, જ્યારે જનોઈ ઉતરીય તો વિકલ્પે પહેરાતી હતી અને પાછળથી જ તે ફરજીયાત પહેરવાનું શરૂ થયું હશે. તેની લંબાઈ ડુંટી સુધી પહોંચે તેટલી હોવી જોઈએ. અને ત્રણ સૂત્રો મૂળ નવ તાંતણાને વણીને બનાવવા જોઈએ. ૐકાર, અગ્નિનાગ, સોમ, પિતૃઓ, પ્રજાપતિ, વાયુ, સૂર્ય અને વિશ્વદેવઃ ના નવ તંતુઓ સાથે સંલગ્ન છે. મનુસ્મૃતિએ બ્રાહ્મણની જનોઈ સુતરાઉની

ISBN-978-81-973071-5-7
First Edition

હોવી જોઈએ એમ જણાવ્યું છે. સંન્યાસી અને બ્રહ્મચારી માટે એક યજ્ઞોપવિત્રની જરૂર છે. જ્યારે સ્નાતક અને ગૃહસ્થ માટે બે યજ્ઞોપવિત્ર પહેરવાની અને દીર્ધાયુષ્યની ઈચ્છાવાળા બે કરતાં વધારે યજ્ઞોપવિત્ર પહેરવાની સૂચના છે. વસિયક અને બોધાયન ધર્મસૂત્રમાં કાયમ જનોઈ પહેરવાની સૂચના છે એટલે જનોઈ પહેરવાનો તથા ચોટલીની ગાંઠ મારવાનો રિવાજ ઈસુ પૂર્વનો જણાય છે.

- **લગ્ન:**



આ માટે ઉદ્વાહ, વિવાહ, પરિનયન ઉપમય અને પાણીગ્રહણ વગેરે શબ્દો વપરાય છે. વિવાહનો હેતુ યજ્ઞ કરવા માટે તથા વંશ વિસ્તાર માટે પુત્ર પ્રાપ્તિ માટે ઋગ્વેદમાં જણાવાયેલ છે. કુળ, સારુ, ચારિત્ર્ય, સુભચિન્હોથી અંકિત, વિદ્વાન અને તંદુરસ્ત વ્યક્તિને કન્યા આપવા માટે પસંદ કરવા શાસ્ત્રોએ જણાવેલ છે. કન્યાની પસંદગીમાં સારું કુળ તથા રોગવિહીન હોય તે જરૂરી છે. વેદના કાળમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ ૨૦ વરસ પછી લગ્ન કરી શકાતા હતા. મનુ ત્રીસ વરસના પુરૂષને ૧૨ વરસની કન્યા સાથે અને ૨૪ વરસના પુરૂષને ૮ વર્ષની કન્યા સાથે પરણવા સૂચવે છે. ધર્મસૂત્રો અને ગૃહસૂત્રો સામાન્ય રીત સ્ત્રી રજસ્વલા થાય તે પહેલા લગ્નનું સૂચન કરે છે. ઈ.સ.પૂ.૬૦૦ થી ઈસવીસનની પહેલી સદી દરમ્યાન સ્ત્રી રજસ્વલા થાય તે પહેલા કે પછી લગ્ન કરી તે અંગે કોઈ નોંધ ન હતી. ઈ.સ.૨૦૦ આસપાસ રજસ્વલા કન્યા થાય તે પૂર્વ લગ્ન કરવાનો આગ્રહ જણાય છે. લો જ્ઞાતિ, ૧૦ કે ૧૨ વરસ સુધી કન્યાને બ્રહ્મચર્ય પાળવા સૂચવે છે. આ સ્થિતિ છ સૈકા સુધી હતી. વૈખાનસૂત્ર ૮ વર્ષની વય પછી ૧૦-૧૨ વરસની કન્યાને પરણવા સૂચન કરે છે. તેને 'ગૌરા' કહે છે. પારાસર આઠ વરસની કન્યાને ગૌરી વરસની કન્યાને રોહામી અને ૧૦ વર્ષની કન્યાને કન્યા કહે છે. આથી વધારે વયની રજસ્વલા કહેવાતી હતી. ૧૨ વર્ષ પૂર્વ કન્યાના લગ્ન ન થાય તો તેના પિતૃઓને તેનો પેશાબ પીવો પડે છે. ૧૨ વરસ પછીની વયની કન્યાના પતિને સંપક્તિ ભોજનનો નિષેધ કરાયો છે અને કન્યાને "વૃષણી" કહી છે. ૧૦૨૫ માં 'શારદા એક્ટ' પછી આમાં સુધારો થયો છે. હાલ ૧૮-૨૦ વરસની વયે સામાન્ય રીતે કન્યાના લગ્ન થાય છે. હાલના સમયમાં ૨૦-૨૫ વરસે લગ્ન થતા હોય છે.

પ્રાચીનકાળમાં આંતરજ્ઞાતિય લગ્નો થતા હતાં તેના દાખલા છે સુકન્યા ક્ષત્રિય કન્યા રથવન ઋષિને પરણી હતી. વૈશ્ય સ્ત્રીનો પુત્ર રાજા થઈ શકતો ન હતો એવો શતપથ બ્રાહ્મણનો ઉલ્લેખ છે. પોતાના વર્ણમાં લગ્ન કરવા સૂચવે છે. અને મિશ્ર લગ્નને ધિક્કારે છે. ગોતમ પોતાના વર્ણની કન્યા સાથેના લગ્ન બાબત મોન છે. પણ ગૌતમ મિશ્ર લગ્નથી થતી નથી. જાતિનો ઉલ્લેખ કરે છે અને તેમને શ્રાદ્ધમાં ભોજનના આમંત્રણ માટે અયોગ્ય ગણે છે. પ્રાચીન સ્મૃતિગ્રંથો એ બ્રાહ્મણના ક્ષત્રિય અને વૈશ્ય કન્યા સાથેના લગ્નને માન્ય રાખ્યા છે. પણ શૂદ્ર કન્યા સાથેના લગ્ન માટે સર્વસંમત મતે નથી. વાકાટક, કંદબ, પ્રતીહાર, આહમાન, પરમાર, આંધ્ર વગેરે વંશના રાજાઓ બ્રાહ્મણકુળના હતા અને ક્ષત્રિય કન્યાને પરણ્યા હતાં. પિતૃપક્ષે સાત પેઢી અને માતૃપક્ષે પાંચ પેઢી સામાન્ય રીતે પરસ્પર લગ્ન માટે વર્જ્ય ગણાઈ છે. 'ફોઈ પાછળ ભત્રીજી' લગ્નમાં આપવાનો રિવાજ બ્રાહ્મણોમાં કેટલીક

*જ્ઞાતિઓમાં જોવામાં આવે છે. ક્ષત્રિયોમાં આવો સંબંધ વધારે ઈચ્છનીય ગણાય છે. ધર્મશાસ્ત્રો અને સ્મૃતિઓ આઠ પ્રકારના લગ્નો પૈકી પ્રથમ ચાર લગ્ન પ્રકારો બ્રાહ્મણો માટે યોગ્ય ગણાયા છે. બ્રાહ્મણો માટે યોગ્ય ગણાયા છે. 'બ્રાહ્મ', પ્રાજાપત્ય, આર્ષ અને દૈવ સિવાય ગાંધર્વ, અસૂર, રાક્ષસ અને પૈશાચ વિવાહ બ્રાહ્મણ માટે વર્જ્યા છે. આમ હાલના સમયમાં આંતરજ્ઞાતિયનું પ્રમાણ જોવા મળે છે.*

- **અંત્યેયિટ:**

*આ મનુષ્યના મૃત્યુ પ્રસંગે કરાતી વિધિ છે. દશા, એકદશાને દ્વાદશાને દિવસે શ્રાદ્ધ કર્યા બાદ તેરમાં દિવસે પુત્રી કે બ્રાહ્મણ (ગોરને) શય્યાદાન કરાય છે. કેટલાંક ભોજનપ્રિય બ્રાહ્મણો ચૌદમાં દિવસે પણ ઘહભોજન કરે છે. ઊનમાસીઓ, મામીસો, છમાસી અને વર્ષીની ક્રિયા પછી શોકમુક્ત કુટુંબ થાય છે. ત્રીજા વરસથી નિયમિત શ્રાદ્ધવિધિ થાય છે.*

*ગુજરાતના બ્રાહ્મણીમાં બધી વિધિઓ મિતાશ્રા, મયુખ, નિર્ણયસિંધુ અને ધર્મસિદ્ધ પ્રમાણે થાય છે. ગર્ભાદાનથી ઉપનયન સુધીના સંસ્કારો દ્વિજો માટે ફરજીયાત છે. સ્નાન અને સમાવર્તન મરજીયાત છે. અંત્યેવિયટ સંસ્કારની વિગત મનુ-સ્મૃતિ તથા યાજ્ઞવલ્યકમાં છે. આમ હાલના સમય અમુક અંતરે સંસ્કાર પ્રવર ગોત્ર વગેરે પર ભાર મૂકતાં જોવા મળે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ-૪
# ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી

## પ્રસ્તાવના:

*ગુજરાતની કુલ બ્રાહ્મણ જ્ઞાતિઓમાંથી સૌથી વધારે ઔદિચ્ય જ્ઞાતિઓની વસ્તી છે. તેમજ અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે અમદાવાદ શહેરી વિસ્તારમાં ઔદિચ્ય જ્ઞાતિઓની વસ્તી વસવાટ કરતી જોવા મળે છે. જેમાં નાગર, ઔદિચ્ય, પુરોહિત, મેવાડા, મોઢ, તપોધન વગેરે જ્ઞાતિઓનું પ્રમાણમાં ઔદિચ્ય જ્ઞાતિ વધારે છે. આઝાદી પછી શહેરીકરણની પ્રક્રિયા તેમજ કાળક્રમે આવેલ પરિવર્તનોને કારણે અમદાવાદ શહેરમાં ઘણા મોટા પરિવર્તનો જોવા મળ્યા છે. ત્યારે અમદાવાદ શહેરમાં વસવાટ બ્રાહ્મણ જ્ઞાતિઓની સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતા તપાસવાના હેતુસર બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં ૩૦૦ ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી હતી. આ ઉત્તરદાતાઓની પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ તેમની વય, રહેઠાણનો વિસ્તાર, મૂળવતન, શિક્ષણ, વૈવાહિક દરજ્જો, ઘરની ભૌતિક સગવડો, રહેઠાણના પ્રકારો, વ્યક્તિગત અને કૌટુંબિક માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. પિતૃપક્ષે શિક્ષણ અને વ્યવસાય અને માતૃપક્ષે શિક્ષણ અને વ્યવસાયની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. જેનું વૈજ્ઞાનિક પદ્ધતિથી પૃથક્કરણ કરી પ્રસ્તુત પ્રકરણમાં સવિસ્તાર પૂર્વક તેમજ જરૂરી કોષ્ટક દર્શાવીને રજૂ કરવામાં આવી છે.*

## ઉત્તરદાતાઓની વ્યક્તિગત માહિતી:

*અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં અનેક પેટાજ્ઞાતિના લોકો રહે છે. પ્રસ્તુત અભ્યાસમાં બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક ગતિશીલતા જોતાં જ્ઞાતિમાં ઔદિચ્ય પેટા જ્ઞાતિની પસંદગી કરીને દરેક સ્ત્રી સભ્યોને સમાવવાનો પ્રયત્ન કર્યો છે. આ અભ્યાસમાં સામાન્ય પેટાજ્ઞાતિમાં પંડ્યા, દવે, શુક્લ, મહેતા, ઉપાધ્યાય, જાતિ, જાષી, રાવલ, ત્રિવેદી, વ્યાસ, પુરોહિત, પંડિત, રાજગોર, આચાર્ય, ઠાકરનો સમાવેશ કર્યો છે. આ અભ્યાસમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ લીધા છે જેમાં ઔદિચ્ય સમાજની સ્ત્રીઓનો સમાવેશ કર્યો છે. નીચેના કોષ્ટક પરથી જણાશે કે ઉત્તરદાતાઓ અમદાવાદમાં કયા વિસ્તારમાં વસવાટ કરે છે, વયજૂથ, શૈક્ષણિક માહિતી, મૂળવતન, ગૌત્ર અને વૈવાહિક દરજ્જાની માહિતી દર્શાવે છે.*

## ઉત્તરદાતાઓનો વિસ્તાર અને શૈક્ષણિક માહિતી:

**કોષ્ટક નં. ૪.૧ ઉત્તરદાતાના વિસ્તાર અને શૈક્ષણિક માહિતી દર્શાવતું કોષ્ટક**

| વિસ્તાર | પ્રાથમિક | માધ્યમિક | સ્નાતક | અનુસ્નાતક | અન્ય | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ઘાટલોડિયા | - | ૩ | ૫ | ૪ | ૨ | ૧૪ | ૪.૬૬ |
| ચાંદલોડિયા | ૪ | ૨ | ૫ | ૪ | ૧ | ૧૬ | ૫.૩૩ |
| વસ્ત્રાપુર | - | ૩ | ૬ | ૫ | - | ૧૪ | ૪.૬૬ |
| ચાંદખેડા | ૩ | ૩ | ૩ | ૩ | - | ૧૨ | ૪ |
| સેટેલાઇટ | ૧ | ૨ | ૩ | ૫ | - | ૧૧ | ૩.૬૬ |
| જીવરાજપાર્ક (વેજલપુર) | ૨ | ૩ | ૫ | ૩ | - | ૧૩ | ૪.૩૩ |
| મેમનગર | ૧ | ૪ | ૪ | ૪ | - | ૧૩ | ૪.૩૩ |

| વિસ્તાર | પ્રાથમિક | માધ્યમિક | સ્નાતક | અનુસ્નાતક | અન્ય | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ન્યુ રાણીપ | ૧ | ૩ | ૪ | ૨ | ૧ | ૧૧ | ૩.૬૬ |
| ગોતા | ૧ | ૩ | ૬ | ૬ | - | ૧૬ | ૫.૩૩ |
| નરોડા | ૩ | ૪ | ૪ | ૩ | ૧ | ૧૫ | ૫ |
| વસ્ત્રાલ | ૪ | ૨ | ૨ | - | - | ૮ | ૨.૬૬ |
| બોપલ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૧૫ | ૫ |
| મણિનગર | ૨ | ૪ | ૧ | ૩ | ૧ | ૧૧ | ૩.૬૬ |
| ઈસનપુર | ૫ | - | ૩ | ૫ | - | ૧૩ | ૪.૩૩ |
| રાણીપ | ૨ | ૪ | ૪ | ૫ | - | ૧૮ | ૬ |
| શાહિબાગ | ૧ | ૧ | ૩ | ૬ | ૧ | ૧૨ | ૪ |
| થલતેજ | ૧ | ૩ | ૫ | ૨ | - | ૧૧ | ૩.૬૬ |
| નારણપુરા | - | ૨ | ૬ | ૪ | ૧ | ૧૩ | ૪.૩૩ |
| નવરંગપુરા | ૧ | ૪ | ૬ | ૪ | ૨ | ૧૮ | ૬ |
| બાપુનગર | - | ૩ | ૪ | ૪ | ૧ | ૧૨ | ૪ |
| ઓગણજ | - | ૫ | ૧ | ૨ | - | ૮ | ૨.૬૬ |
| નિકોલ | ૧ | ૨ | ૪ | ૩ | - | ૧૦ | ૩.૩૩ |
| વાડજ | ૧ | ૪ | ૨ | ૪ | - | ૧૨ | ૪ |
| વાસણા | - | - | - | - | ૧ | ૧ | ૦.૩૩ |
| સરસપુર | ૧ | ૧ | ૪ | ૧ | - | ૭ | ૨.૩૩ |
| **કુલ** | | | | | | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક નં. ૪.૧ પરથી જણાશે કે અમદાવાદના વિવિધ વિસ્તારમાંથી સૌથી વધુ ઉત્તરદાતાઓ નવરંગપુરા વિસ્તારમાંથી શિક્ષણ મેળવનાર છે. કુલ ૧૮ (૬%) ઉત્તરદાતાઓ પ્રાથમિકથી લઈને અનુસ્નાતક સુધીનું શિક્ષણ મેળવનાર છે. જ્યારે સૌથી ઓછા શિક્ષણ મેળવનાર ઉત્તરદાતાઓ વાસણા વિસ્તારના જોવા મળે છે જે કુલ ૧ (૦.૩૩%) ઉત્તરદાતાઓ છે.*

*જ્યારે કુલ ૧૬ (૫.૩૩%) ઉત્તરદાતાઓ ચાંદલોડિયા, ગોતા વિસ્તારમાંથી પ્રાથમિકથી લઈને અનુસ્નાતક/અન્ય સુધી શિક્ષણ મેળવનાર છે. કુલ ૧૫ (૫%) ઉત્તરદાતાઓ જેઓ નરોડા અને રાણીપ વિસ્તારમાંથી પ્રાથમિકથી લઈને અનુસ્નાતક સુધીનું શિક્ષણ મેળવતા જોવા મળે છે. કુલ ૧૪ (૪.૬૬%) ઉત્તરદાતાઓ ઘાટલોડિયા અને વસ્ત્રાપુર વિસ્તારમાંથી પ્રાથમિકથી લઈને અનુસ્નાક સુધીનું શિક્ષણ મેળવનાર જોવા મળે છે.*

*કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી વિસ્તાર પ્રમાણે ઉત્તરદાતાઓનું શિક્ષણ જોતાં સ્નાતક કક્ષાએ શિક્ષણ મેળવનાર કુલ ૯૪ ઉત્તરદાતા છે. તેથી જોઈ શકાય કે અમદાવાદનું પ્રમાણ અન્ય સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળે છે. તેથી જોઈ શકાય કે મોટાભાગની સ્ત્રીઓ શિક્ષિત છે. ઉપરની માહિતી પરથી જણાશે કે જેમ જેમ સમય બદલતા જાય છે તેમ તેમ બ્રાહ્મણ સ્ત્રીઓમાં જાગૃતિ આવતી જાય છે. સૌથી વધારે અનુસ્નાતક અને સ્નાતક ઉત્તરદાતાઓ છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

તેના પરથી સમજી શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં શિક્ષણ માટે પોતાનો દ્દષ્ટિકોણ બદલ્યો છે. તેથી સ્ત્રીઓ વધુને વધુ શિક્ષણ મેળવવા માટેનો આગ્રહ રાખે છે. તેથી તેઓ ગૃહિણી તરીકે જ નહિ પરંતુ એક કારકિર્દી તરફ આગળ વધતી જોવા મળે છે. જેથી તેઓ પોતાના સમાજ કુટુંબની તથા બાળકોની જવાબદારી પણ સાથે નિભાવતી જોવા મળે છે.

**વયજૂથઃ**

**કોષ્ટક નં. ૪.૨ ઉત્તરદાતાઓનું વય પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૨૦ થી ૩૦ વર્ષ | ૯૨ | ૩૦.૬૬ |
| ૨ | ૩૧ થી ૪૦ વર્ષ | ૭૪ | ૨૪.૬૬ |
| ૩ | ૪૧ થી ૫૦ | ૮૪ | ૨૮ |
| ૪ | ૫૧ થી ૬૦ | ૫૦ | ૧૬.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ઉપરોક્ત કોષ્ટક પરથી જણાશે કે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાંથી કુલ ૩૦૦ ઉત્તરદાતાઓને વય પ્રમાણે જોતાં તેમાં ૨૦ થી ૬૦ વર્ષ સુધઈના ઉત્તરદાતાઓ સમાવવાનો પ્રયત્ન કર્યો છે.

જેમાં બહુમતી ઉત્તરદાતાઓની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની વચ્ચેની છે. જે ૩૦.૬૬ ટકા છે. એક સંદર્ભમાં જોઈએ તો બધી જ ઉંમરના ઉત્તરદાતાઓ આપણને જોવા મળે છે. જેમાં સૌથી વધારે ૨૦ થી ૩૦ વર્ષની વચ્ચેનાં ઉત્તરદાતાઓ જોવા મળે છે. જ્યારે ૪૧ થી ૫૦ વર્ષની ઉંમરના ૨૮ ટકા ઉત્તરદાતાઓ જોવા મળે છે જેમને પરિપક્વ વ્યક્તિઓ તરીકે આપણે ગણનાં કરી શકીએ. જ્યારે સૌથી ઓછા ઉંમરના ઉત્તરદાતાઓ ૫૧ થી ૬૦ વર્ષના જોવા મળે છે જે ૧૬.૬૬ ટકા જોવા મળે છે.

**મૂળવતનઃ**

**કોષ્ટક નં. ૪.૩ ઉત્તરદાતાઓનું મૂળવતન પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૬ | ૮.૬૬ |
| ૨ | અરવલ્લી | ૦૪ | ૧.૩૩ |
| ૩ | અમદાવાદ | ૨૯ | ૯.૬૬ |
| ૪ | ખેડા | ૦૯ | ૩ |
| ૫ | રાજકોટ | ૧૫ | ૫ |
| ૬ | મહેસાણા | ૨૧ | ૭ |
| ૭ | બનાસકાંઠા | ૧૪ | ૪.૬૬ |
| ૮ | આણંદ | ૧૫ | ૫ |
| ૯ | કચ્છ | ૦૯ | ૩ |
| ૧૦ | સુરેન્દ્રનગર | ૧૯ | ૬.૩૩ |

ISBN-978-81-973071-5-7
First Edition

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧૧ | સાબરકાંઠા | ૧૬ | ૫.૩૩ |
| ૧૨ | ભાવનગર | ૧૮ | ૬ |
| ૧૩ | પંચમહાલ | ૦૫ | ૧.૬૬ |
| ૧૪ | વડોદરા | ૧૦ | ૩.૩૩ |
| ૧૫ | જુનાગઢ | ૧૪ | ૪.૬૬ |
| ૧૬ | નવસારી | ૦૫ | ૧.૬૬ |
| ૧૭ | ડાંગ | ૦૮ | ૨.૬૬ |
| ૧૮ | પાટણ | ૨૨ | ૭.૩૩ |
| ૧૯ | મહીસાગર | ૦૬ | ૨ |
| ૨૦ | પોરબંદર | ૨૦ | ૬.૬૬ |
| ૨૧ | મોરબી | ૧૫ | ૫ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાનો મૂળવતન (જિલ્લો) તપાસતાં જાણવા મળ્યું કે ગુજરાત રાજ્યનાં અલગ અલગ જિલ્લામાંથી સ્થળાંતર થઈને અમદાવાદ આવીને વસ્યા જોવા મળે છે.*

*જેમાં ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ જોવા મળેલ છે. ૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ જેઓ અરવલ્લી જિલ્લો તેઓનું મૂળવતન છે તે નહિવત પ્રમાણમાં છે. તેમાં ૮.૬૬ ટકા ઉત્તરદાતાઓનું મૂળવતન ગાંધીનગર જોવા મળેલ છે. ૬.૩૩ ટકા ઉત્તરદાતાઓ સુરેન્દ્રનગર તેઓનું મૂળવતન તરીકે જોવા મળ્યું છે. ૬ ટકા ઉત્તરદાતાઓના મૂળવતન ભાવનગર પણ જોવા મળેલ છે. તેથી જોઈ શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિ ગુજરાતનાં અલગ અલગ જિલ્લામાંથી સ્થળાંતર કરીને અમદાવાદ જિલ્લામાં વસવાટ કરતી જોવા મળે છે.*

*તેથી કહી શકાય ગ્રામીણ સમાજમાં બ્રાહ્મણ જ્ઞાતિ અને પરંપરાગત વ્યવસાય વચ્ચેનો સંબંધ નબળો પડ્યો અને રોજગારી માટે વિષમ પરિસ્થિતિ ઉદ્‌ભવતી તેને પરિણામે પુરૂષ રોજગારી માટે શહેરમાં આવવા લાગ્યા, આમ મોટેભાગે પુરૂષો આર્થિક કારણોને લીધે મૂળવતનમાંથી સ્થળાંતર કરીને અમદાવાદ શહેરમાં આવે છે. વ્યક્તિ પોતે જ નોકરી-વ્યવસાય માટે આવતી હોય છે. ત્યાં સ્થિર થયા બાદ પાછળથી પોતાના કુટુંબ (પરિવાર)ને સાથે બોલાવી લે છે.*

**ગૌત્રઃ**

**કોષ્ટક નં. ૪.૪ ઉત્તરદાતાનું ગોત્ર અને કુળદેવી પ્રમાણે વર્ગીકરણ**

| ક્રમ | ગોત્ર | કુળદેવી | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ચંદ્રાતી | રાજરાજેશ્વરી માં | ૧૦ | ૩.૩૩ |
| ૨ | ગોભિલ | અન્નપૂર્ણા માં | ૧૬ | ૫.૩૩ |
| ૩ | કશ્યપ | મોઢેશ્વરી માં | ૭ | ૨.૩૩ |
| ૪ | ભારદ્વાજ | મહાકાળી માં | ૧૫ | ૫ |

ISBN-978-81-973071-5-7
First Edition

| ક્રમ | ગોત્ર | કુળદેવી | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|
| ૫ | ગૌતમ | બ્રહ્માણી માં | ૧૪ | ૫.૬૬ |
| ૬ | ભારદ્વાજ | શિકોતર માં | ૧૯ | ૬.૩૩ |
| ૭ | કૃત્સસ | ખંભલાવ માં | ૧૫ | ૫ |
| ૮ | કશ્યપ | વિઘ્નેશ્વરી માં | ૮ | ૨.૬૬ |
| ૯ | વચ્છછ | ભદ્રકાળી માં | ૧૫ | ૫ |
| ૧૦ | ગોતમ | ભુવનેશ્વરી માં | ૮ | ૨.૬૬ |
| ૧૧ | ઉપમન્યુ | બહુસ્મર્ણા માં | ૧૮ | ૬ |
| ૧૨ | કશ્યપ | રાંદલ માં | ૨૧ | ૭ |
| ૧૩ | ભારદ્વાજ | તજારી માં | ૦૧ | ૦.૩૩ |
| ૧૪ | ગોતમ | બહુચર માં | ૨૩ | ૭.૬૬ |
| ૧૫ | ભાર્ગવ | ઉમિયા માં | ૨૧ | ૭ |
| ૧૬ | કશ્યપ | ખોડીયાર માં | ૫ | ૧.૬૬ |
| ૧૭ | કૌશિક | વિદ્તેશ્વરી માં | ૧૨ | ૪ |
| ૧૮ | કૌશિક | અંબે માં | ૨૧ | ૭ |
| ૧૯ | ભારદ્વાજ | સુઢા-ચામુંડા | ૩ | ૧ |
| ૨૦ | દાલ્ભ્ય | હરસિદ્ધિ માં | ૧૦ | ૩.૩૩ |
| **૨૧** | વરછસ | અંબા માતા | ૧૧ | ૩.૬૬ |
| **૨૨** | વસિયટ | સિદ્ધેશ્વરી માં | ૦૮ | ૨.૬૬ |
|  | **કુલ** |  | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા પરથી જણાય છે કે ઉત્તરદાતાનાં ગોત્ર અને કુળદેવી બંને ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં ગોત્ર અને કુળદેવીની ઓળખથી તેમાં મોખરે રાખવામાં આવે છે.*

*બ્રાહ્મણ જ્ઞાતિમાં ઔદિચ્ય સમાજમાં ઉત્તરદાતાઓના ગોત્ર અને કુળદેવી તપાસતાં જાણવા મળ્યું કે ૮ ટકા ઉત્તરદાતાનાં કશ્યપ (ગોત્ર) અને વિઘ્નેશ્વરી (કુળદેવી) સૌથી વધારે પ્રમાણમાં જોવા મળેલ છે. જ્યારે સૌથી ઓછા ૦.૩૩ ટકા ભારદ્વાજ (ગોત્ર) અને તજારી માં કુળદેવીમાં જોવા મળ્યા છે. તેમ જોતાં ગોતમ (ગોત્ર) અને બહુચરમાં કુળદેવી ૭.૬૬ ટકા જોવા મળ્યા છે.*

*આમ કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિમાં (ઓદિચ્ય સમાજ)માં તેમાં દરેક કુટુંબમાં અલગ અલગ ગોત્ર અને કુળદેવી પૂજાતાં જોવા મળે છે.*

## ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો

*વૈવાહિક દરજ્જો સામાજિક ઘટના સંદર્ભે એક અસરકર્તા પરિબળ છે. સામાજિક સંશોધનમાં ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જો જાણવો અનિવાર્ય છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓમાં જોઈએ તો અપરણિત, પરણિત, વિધવા, છૂટાછેડા, ત્યક્તા લીધેલ એમ તમામ પ્રકારનાં ઉત્તરદાતાઓ જોવા મળે છે.*

**કોષ્ટક નં. ૪.૫ ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો**

| ક્રમ | વૈવાહિક દરજ્જો | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | અપરણિત | ૭૧ | ૨૩.૬૬ |
| ૨ | પરણિત | ૧૮૪ | ૬૧.૩૩ |
| ૩ | વિધવા | ૨૪ | ૮ |
| ૪ | છૂટાછેડા | ૧૨ | ૪ |
| ૫ | ત્યક્તા | ૦૯ | ૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા નં. ૪.૫ પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૬૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ પરણિત છે જ્યારે ૨૩.૬૬ ટકા ઉત્તરદાતાઓ અપરણિત છે. જ્યારે વિધવા હોય તેવા ૮ ટકા સ્ત્રી ઉત્તરદાતાઓ જોવા મળ્યા છે. છૂટાછેડા લીધેલ ઉત્તરદાતા ૪ ટકા અને ત્યક્તા થયેલા ઉત્તરદાતાઓનું પ્રમાણ ખૂબ જ ઓછું એટલે કે માત્ર ૩ ટકા જ છે.*

*આમ આંકડાઓ પરથી જાણવા મળે છે કે પરણિત, અપરણિત, વિધવા, છૂટાછેડા, ત્યક્તા ઉત્તરદાતાઓનો સમાવેશ જોવા મળે છે.*

## ઉત્તરદાતાઓની કૌટુંબિક માહિતીઃ

### કુટુંબનું સ્વરૂપઃ

*પ્રાચીન સમયથી જ સમાજ વ્યવસ્થાની એક પાયાની સંસ્થા તરીકે કુટુંબ વ્યવસ્થા આગવું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતમાં પરંપરાગત રીતે સંયુક્ત કુટુંબની પ્રણાલિકા જોવા મળે છે. પરંતુ શિક્ષણ, ઉદ્યોગીકરણ, સ્થળાંતર શહેરીકરણને લીધે જીવન મૂલ્યોમાં બદલાવ આવ્યો છે.*

*કુટુંબ એક સામાજિક સંસ્થા તરીકે વ્યક્તિ અને સમાજ માટે વિભિન્ન સંસ્થા તરીકે વ્યક્તિ અને સમાજ માટે વિભિન્ન કાર્યો કરે છે. તે કેટલાંક વિશિષ્ટ લક્ષણો ધરાવે છે. તેમજ દરેક કુટુંબને તેનું નિવાસ-સ્થાન ઘર હોય છે. જેને પારિવારિક એકમ તરીકે ગણવામાં આવે છે.*

*વર્તમાન કે ભૂતકાળનો કોઈપણ સમાજ કુટુંબના અભાવવાળો જોવા મળતો નથી. મનુષ્ય તેના જીવનકાળ દરમ્યાન વિવિધ જૂથો અને સંસ્થાઓ અને સંસ્થાઓની અસર નીચે આવે છે. પણ મનુષ્ય જીવન ઉપર કુટુંબ જેટલી ગાઢ અને નિક્ટની અસર અન્ય કોઈ જૂથ કે સંસ્થા દ્વારા થતી નથી. વ્યક્તિના જન્મથી જ મૃત્યુ સુધી કુટુંબ સતત અસર કરે છે. કુટુંબ એવું પ્રથમ જૂથ અને સંસ્થા છે જેમાં વ્યક્તિના સામાજિક જીવન અનુભવોની શરૂઆત થાય છે.*
**ભારતીય સમાજમાં બે પ્રકારની કુટુંબવ્યવસ્થા જોવા મળે છે.**

(૧) *સંયુક્ત કુટુંબ*

(૨) *વિભક્ત કુટુંબ*

**કોષ્ટક નં. ૪.૬ ઉત્તરદાતાના કુટુંબનું સ્વરૂપ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | *સંયુક્ત કુટુંબ* | *૧૪૨* | *૪૭.૩૩* |
| ૨ | *વિભક્ત કુટુંબ* | *૧૫૮* | *૫૨.૬૬* |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક નં. ૪.૬માં જણાવ્યા પ્રમાણે ૩૦૦ કુટુંબોમાંથી ૫૨.૬૬ ટકા વિભક્ત કુટુંબનાં છે. તેમાં સંખ્યા વધારે જોવા મળે છે. તેની તુલનામાં સંયુક્ત કુટુંબનું પ્રમાણ ૪૭.૩૩ ટકા છે.*

*આમ, સંયુક્ત કુટુંબમાં ૩ થી માંડીને ૧૦ સભ્યો સુધી વસવાટ કરે છે. મોટા ભાગના સંયુક્ત કુટુંબમાં ૨ પેઢીઓ સાથે રહે છે અને વિભક્ત કુટુંબમાં મોટેભાગે ૨ થી માંડીને ૪ સભ્યો સંખ્યા જોવા મળે છે.*

*ઉપરના કોષ્ટકનાં આંકડા પરથી જોઈ શકાય છે કે સંયુક્ત કુટુંબ કુટુંબવાદમાંથી વ્યક્તિવાદ તરફ પ્રમાણ કરી રહ્યું છે. બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ પરથી જાણી શકાયું છે કે સંયુક્ત કુટુંબના બદલે વિભક્ત કુટુંબને પ્રાધાન્ય આપતા થયા છે. પતિ-પત્ની બંને નોકરી કરતાં હોવાથી તેમની આર્થિક સ્વતંત્રતાનો વિચારો અસ્તિત્વમાં આવ્યા છે. વ્યક્તિઓ વધુ સ્વતંત્રતા અને સમાનતા તથા પોતાના વ્યક્તિત્વ વિકાસને મહત્ત્વ આપતા થયા છે. છતાં તેઓમાં વડીલો પ્રત્યે એટલું જ માન છે.*

*આમ જોવા મળે છે કે બ્રાહ્મણ જ્ઞાતિના સમાજમાં વિભક્ત કુટુંબ પણ રહે છે અને સંયુક્ત કુટુંબમાં આજના યુગમાં પણ સાથે રહેતા જોવા મળે છે.*

## કૌટુંબિક માહિતી :

### પ્રસ્તાવના:

*પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતાને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ માટે ઔદિચ્ય બ્રાહ્મણોનાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ પાસેથી તેમના કુટુંબમાં અત્યારે જેટલાં સભ્યો સાથે રહેતા હોય તેમની કૌટુંબિક માહિતી (કુટુંબનું કદ, ઉત્તરદાતાનું પોતાનું અને તેમના કુટુંબના સભ્યોનું શિક્ષણ, વ્યવસાય, આવક વગેરે મેળવવામાં આવી હતી. તેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.*

## કુટુંબ:

*કુટુંબ માનવ સમાજની પાયાગત સંસ્થા છે. વિશાળ સંયુક્ત કુટુંબો ભારતની પ્રાચીન પરંપરા રહી છે. બ્રિટિશ યુગમાં શિક્ષણ, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, આધુનિકીકરણ વગેરે અનેક વિધ પરિબળોની અસરરૂપે કુટુંબ સંસ્થામાં ઝડપી પરિવર્તનો આવવા લાગ્યા હતાં. અને સ્વતંત્ર ભારતમાં આ પરિવર્તનો વધુ ઝડપી બનવા લાગ્યા છે.*

**કોષ્ટક નં. ૪.૭ કુટુંબના સભ્ય દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રીઓ | ૪૯૧ | ૪૭.૧૨ |
| ૨ | પુરૂષો | ૫૫૧ | ૫૨.૮૭ |
| | **કુલ** | **૧૦૪૨** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક પરથી જણાશે કે ઉત્તરદાતાના કુટુંબના સભ્યમાં સ્ત્રીની ટકાવારી પ્રમાણે જોતાં ૪૭.૧૨ ટકા જોવા મળે છે. જ્યારે તેમાં પુરૂષ સભ્યની ટકાવારી જોતાં ૫૨.૮૭ ટકા જોવા મળેલ છે. આંકડા પરથી જાણવા મળે છે કે પુરૂષનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળ્યું છે.*

**કોષ્ટક નં. ૪.૮ ૧૪ વર્ષની ઉંમર પછીના બાળકોનું સભ્ય કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | છોકરા | ૭૭ | ૫૨.૭૩ |
| ૨ | છોકરી | ૬૯ | ૪૭.૨૬ |
| | **કુલ** | **૧૪૯** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક પરથી જણાશે કે ઉત્તરદાતાના કુટુંબના સભ્યમાંથી ૧૪ વર્ષની ઉંમર પછીના બાળકોનું સભ્ય જોતાં જાણવા મળે છે કે ૫૨.૭૩ ટકા છાકરાઓ જોવા મળ્યા છે જ્યારે ૪૭.૨૬ ટકા છાકરીઓની સભ્ય સંખ્યા જોવા મળે છે. છોકરા-છોકરીની સભ્ય સંખ્યા મહત્તમ અંશે સમાન જોવા મળે છે. તેથી જોઈ શકાય કે ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિમાં છોકરા-છોકરી ક્યાંક અંશે છોકરા કરતાં છોકરીઓની મહત્તમ અંશે ખામી જોવા મળે છે.*

**કુટુંબનો વૈવાહિક દરજ્જો**

**કોષ્ટક નં. ૪.૯ ઉત્તરદાતાના કુટુંબનો વૈવાહિક દરજ્જો**

| ક્રમ | વૈવાહિક દરજ્જો | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | અપરણિત | ૬૦૧ | ૫૭.૩૪ |
| ૨ | પરણિત | ૩૦૮ | ૨૯.૩૮ |
| ૩ | વિધવા | ૨૪ | ૨.૨૯ |
| ૪ | વિધૂર | ૦૯ | ૦.૮૫ |
| ૫ | છૂટાછેડા | ૧૩ | ૧.૨૪ |
| | **કુલ** | **૧૦૪૮** | **૧૦૦** |

*ઉત્તરદાતાના કુટુંબના વૈવાહિક સામાજિક ઘટના સંદર્ભે એક અસરકર્તા પરિબળ છે. સામાજિક સંશોધનમાં ઉત્તરદાતાના કુટુંબ પત્રકમાં વૈવાહિક દરજ્જો જાણવો અનિવાર્ય છે. ઔદિચ્ય જ્ઞાતિના સંદર્ભમાં જોઈએ તો પરણિત, અપરણિત, વિધવા, વિધૂર, છૂટાછેડા લીધેલ એમ તમામ પ્રકારના જોવા મળે છે.*

*ઉપરના કોષ્ટક પરથી જણાય છે કે સૌથી વધુ ૫૭.૩૪ ટકા ઉત્તરદાતાના કુટુંબ સભ્યમાંથી પરણિત જોવા મળેલ છે જેઓની વય જોતાં જાણવા મળ્યું કે તેઓ ૨૨ થી ૯૦ વર્ષ સુધીના જોવા મળ્યા છે. ૨૯.૩૮ ટકા ઉત્તરદાતાના કુટુંબ સભ્ય અરપણિત જોવા મળ્યા જેઓ જન્મથી લઈને ૨૫ વર્ષ સુધીના જોવા મળ્યા. ૨.૨૯ ટકા ઉત્તરદાતાઓના કુટંબ સભ્યમાં સ્ત્રીઓ વિધવા થયેલ જોવા મળેલ છે. ૦.૮૫ ટકા ઉત્તરદાતાઓના કુટુંબ સભ્યમાંથી*

ISBN-978-81-973071-5-7
First Edition

પુરૂષ વિધૂર થયેલ જોવા મળ્યા જ્યારે ૧.૨૪ ટકા ઉત્તરદાતાઓના કુટુંબ સભ્યમાં છૂટાછેડા લીધેલ સભ્યો પણ જોવા મળ્યાં. વૈવાહિક દરજ્જો જોતાં તેમાં સૌથી વધુ ઉત્તરદાતાઓનાં કુટુંબ સભ્યમાં પરણિત સભ્ય માલૂમ પડે છે. આ આંકડાઓ પરથી જાણવા મળ્યું કે પરણિત, અપરણિત, વિધવા, વિધૂર, છૂટાછેડા થયેલા કુટુંબના સભ્યોનો સમાવેશ થયો છે જે જીવનશૈલીના ભાગરૂપે છે.

**કોષ્ટક નં. ૪.૧૦ ઉત્તરદાતાના કુટુંબના સભ્યોનું શિક્ષણ**

| વિગત | પુરૂષ | | સ્ત્રીઓ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| પ્રાથમિક | ૫૧ | ૧૦.૩૭ | ૩૭ | ૧૦.૩૭ |
| માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક | ૫૮ | ૧૨.૨૧ | ૫૦ | ૧૪.૩૬ |
| સ્નાતક | ૨૦૧ | ૪૨.૩૧ | ૧૦૧ | ૨૯.૦૨ |
| અનુસ્નાતક | ૬૧ | ૧૨.૮૪ | ૬૦ | ૧૭.૨૪ |
| અન્ય | ૯૦ | ૧૮.૯૪ | ૮૧ | ૨૩.૨૭ |
| જણાવેલ નથી | ૧૪ | ૨.૯૪ | ૧૯ | ૫.૪૫ |
| **કુલ** | **૪૭૫** | **૧૦૦** | **૩૪૮** | **૧૦૦** |

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓના કુટુંબના સભ્યનું શિક્ષણ જોતાં જાણવા મળે છે જેમાં ૧૦.૭૩ ટકા પુરૂષો સભ્યો એ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે જ્યારે ૧૦.૬૩ ટકા સ્ત્રીઓએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે. ૧૨.૨૧ ટકા પુરૂષ એ જેઓ કે માધ્યમિક થી ઉચ્ચ માધ્યમિક સુધીનું શિક્ષણ મેળવેલ જણાય છે જ્યારે ૧૪.૩૬ ટકા સ્ત્રીઓએ માધ્યમિક થી ઉચ્ચ માધ્યમિકનું શિક્ષણ મેળવેલ જોવા મળે છે.

૪૨.૩૧ ટકા ઉત્તરદાતાઓના કુટુંબ સભ્યમાંથી મોટાભાગના પુરૂષ સ્નાતક સુધીનો અભ્યાસ કરેલ જોવા મળ્યા તેની સામે કુટુંબ સભ્યમાં સ્ત્રીઓ ૨૯.૦૨ ટકા સ્નાતક થયેલ જોવા મળેલ છે. ૧૨.૮૪ ટકા પુરૂષ અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરેલ જોવા મળે છે તેની સામે ૧૭.૨૪ ટકા સ્ત્રીઓ અનુસ્નાતક થયેલ જોવા મળે છે. ઉત્તરદાતાઓના કુટુંબ સભ્યમાં ૧૮.૯૪ અન્ય શિક્ષણ મેળવેલ જોવા મળેલ છે. જેઓ કે ડૉક્ટર, એન્જિનીયર, પીએચ.ડી., પી.ટી.સી. વગેરે જેવું ઉચ્ચ શિક્ષણ મેળવતા જોવા મળેલ છે. જ્યારે તેની સામે ૨૩.૨૭ ટકા સ્ત્રીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવેલા જોવા મળેલ છે. ૨.૯૪ ટકા કુટુંબ સભ્યોને પુરૂષ સભ્ય શિક્ષણ જણાવેલ નથી તેઓ ઉત્તરદાતાઓની વડીલ પુરૂષના અભ્યાસ વિશે જણાવેલ નથી. જ્યારે ૫.૪૫ ટકા વડીલ સ્ત્રીઓના અભ્યાસ વિશે જણાવેલ નથી.

તેથી ઉપર મુજબ કુટુંબ સભ્યના શિક્ષણ વિશે જોતાં જાણવા મળેલ છે કે ક્યાંક અંશે ઔદિચ્ય જ્ઞાતિમાં પુરૂષ કરતાં સ્ત્રીઓના અભ્યાસ ક્ષેત્ર પ્રગતિશીલ (ઊર્ધ્વ ગતિશીલતા) જોવા મળેલ છે. તેમાં ઉત્તરદાતાના કુટુંબ સભ્યના શિક્ષણ મેળવેલ જોવા મળે છે. કુટુંબના અમુક સભ્યનું શિક્ષણ પૂર્ણ થયેલ છે. જ્યારે અમુક સભ્યનું શિક્ષણ ચાલુ દર્શાવેલ બતાવે છે.

**ઉત્તરદાતાના કુટુંબની માસિક આવક દર્શાવતું કોષ્ટક**

*ઉત્તરદાતાની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવવા માટે તેમની આવક તપાસી શકાય છે. વ્યક્તિના શિક્ષણ અને વ્યવસાયની સાથે આવક સામાન્યત ગાઢ સંબંધ ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓના કુટુંબમાં એક કરતાં વધારે વ્યક્તિઓ વ્યવસાયમાં રોકાયેલી છે. ઉત્તરદાતાના કુટુંબની માસિક આવક અંગે માહિતી મેળવવામાં આવી છે. ઉત્તરદાતાના કુટુંબની આર્થિક પરિસ્થિતિનો બહોળો ખ્યાલ તેમણે દર્શાવેલી માસિક આવક પરથી મળે છે જે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.*

**કોષ્ટક નં. ૪.૧૧ ઉત્તરદાતાના કુટુંબની માસિક આવક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૫૦૦૦ થી ૧૦૦૦૦ | ૩૮ | ૮.૬૩ |
| ૨ | ૧૧૦૦૦ થી ૨૦૦૦૦ | ૩૬ | ૮.૧૮ |
| ૩ | ૨૧૦૦૦ થી ૩૦૦૦૦ | ૫૪ | ૧૨.૨૭ |
| ૪ | ૩૧૦૦૦ થી ૪૦૦૦૦ | ૧૨૬ | ૨૮.૬૩ |
| ૫ | ૪૧૦૦૦ થી ૫૦૦૦૦ | ૯૮ | ૨૨.૨૭ |
| ૬ | ૫૧૦૦૦ થી વધુ | ૬૭ | ૧૫.૨૨ |
| ૭ | જણાવેલ નથી | ૨૧ | ૪.૭૭ |
| | **કુલ** | **૪૪૦** | **૧૦૦** |

*ઉત્તરદાતાની માસિક કૌટુંબિક આવક જોતાં જણાય છે કે ૨૮.૬૩ ટકા સૌથી વધારે કુટુંબોની માસિક આવક ૩૧,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીનું દર્શાવતા જોવા મળે છે. જ્યારે ૨૨.૨૭ ટકા કુટુંબોની માસિક આવક ૪૧,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીની છે. ૧૬.૮૧ ટકા કુટુંબોની માસિક આવક ૫૦૦૦ થી ૨૦,૦૦૦ સુધીની દર્શાવલા માલૂમ પડે છે. ૧૨.૨૭ ટકા ઉત્તરદાતાના કુટુંબના સભ્યોની માસિક આવક ૨૧,૦૦૦ થી ૩૦,૦૦૦ ની જોવા મળેલ છે. ૧૫.૨૨ ટકા કુટુંબોની માસિક આવક ૫૧,૦૦૦ થી વધુ જોવા મળેલ છે. ૪.૭૭ ટકા ઉત્તરદાતાઓ કુટુંબની માસિક આવક દર્શાવેલ નથી.*

*આમ, અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિના મોટાભાગના સભ્યોને મધ્યમવર્ગમાં સમાવી શકાય છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ પાસેથી તેમના કુટુંબ સભ્યથી જણાવવા મળેલ છે કે તેઓના કુટુંબમાં તેમની જ સમાન જ સ્ત્રી પણ નોકરી કરતાં જોવા મળેલ છે. તેથી એક જ કુટુંબમાં એક કરતાં વધુ કમાણીની આવક જોવા મળેલ છે. જેમાં અમુક કુટુંબના સભ્યો વિદેશ હોવાથી ત્યાં પૈસા મોકલતાં જોવા મળેલ છે.*

**કોષ્ટક નં. ૪.૧૨ કુટુંબોના સભ્ય સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | એક સભ્ય | ૦૪ | ૧.૩૩ |
| ૨ | બે સભ્ય | ૩૩ | ૧૧ |
| ૩ | ત્રણ સભ્ય | ૫૧ | ૧૭ |
| ૪ | ચાર સભ્ય | ૭૦ | ૨૩.૩૩ |

ISBN-978-81-973071-5-7
First Edition

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૫ | પાંચ સભ્ય | ૭૭ | ૨૫.૬૬ |
| ૬ | છ સભ્ય | ૨૧ | ૭ |
| ૭ | સાત સભ્ય | ૩૦ | ૧૦ |
| ૮ | આઠ સભ્ય | ૦૯ | ૩ |
| ૯ | નવ સભ્ય | ૦૧ | ૦.૩૩ |
| ૧૦ | દસ થી વધુ સભ્ય | ૦૪ | ૧.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*ઉપરોક્ત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે ૩૦૦ કુટુંબોમાંથી ૫૨.૬૬ ટકા કુટુંબો જેઓ એક સભ્યથી ચાર સભ્ય એટલે કે એક પેઢી સાથે રહેતાં કુટુંબો છે. પાંચથી આઠ સભ્ય જૂથનું કુટુંબ ૪૨.૬૬ ટકા છે જેઓ બે પેઢી સાથે રહેતાં જોવા મળેલ છે. જ્યારે આઠ થી વધુ સભ્ય જૂથ વડામાત્ર ૪.૬૬ ટકા હતાં જેઓ ત્રણ પેઢી સાથે રહેતાં કુટુંબ જોવા મળેલ છે. ચાર પેઢી સાથે રહેતા કુટુંબો એક પણ જોવા મળ્યાં નથી.*

*એક પેઢી સાથે રહેતા એટલે કે એકથી ચાર સભ્ય રહેતાં સૌથી વધુ જોવા મળે છે. જેઓ પતિ-પત્ની અને બાળકો સાથે રહેતાં જોવા મળેલ છે. બે અને ત્રણ પેઢી સાથે રહેતા કુટુંબોમાં વડીલ સભ્યોનો સમાવેશ જોઈ શકાય છે.*

*આઈ.પી.દેસાઈ અભ્યાસ જણાવે છે કે શેહરોમાં એક પતિ-પત્ની અને બાળકોનાં બનેલાં કુટુંબો તરફનું વલણ વધતું જાય છે.*

*શિક્ષણ પ્રસારે સ્વાતંત્ર્ય, સમાનતા, વ્યક્તિવાદ, વિવેકીકરણ જેવા નવા વિચારોને આત્મસાત કરવાની અનુકૂળતા સર્જી આપી છે. એટલું જ નહિ પરંતુ રૂઢિ અને રિવાજનાં નિયંત્રણમાંથી મુક્તિ મેળવવાની ભાવના પણ જગાડી છે. ડૉ.શ્રીવાસ્તવ અને ડૉ.શર્માના ૮૦૧ કુટુંબોના અભ્યાસમાં રૂઢિગત સંયુક્ત કુટુંબો માત્ર ૭૩ હતાં આ વિદ્વાનો એ તેમના અભ્યાસને આધારે જણાવ્યું છે કે નાના કદનું કુટુંબ એ સામાન્ય પ્રવાહ છે.*

*ઊપરના કોષ્ટકના આંકડા પરથી જોઈ શકાય છે કે સંયુક્ત કુટુંબ કુટુંબવાદમાંથી વ્યક્તિવાદ તરફ પ્રમાણ કરી રહ્યું છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં કુટુંબોના અભ્યાસ પરથી જાણી શકાયું છે કે લોકો સંયુક્ત કુટુંબના બદલે વિભક્ત કુટુંબને થોડું વધુ પ્રાધાન્ય આપતા થયા છે. પતિ-પત્ની બંને નોકરી કરતાં હોવાથી તેમની આર્થિક સ્વતંત્રતાના વિચારો અસ્તિત્વમાં આવ્યા છે. વ્યક્તિઓ વધુ સ્વતંત્રતા અને સમાનતા તથા પોતાના વ્યક્તિત્વ વિકાસને મહત્ત્વ આપતાં થયા છે. છતાં તેઓમાં વડીલો પ્રત્યે એટલું જ માન છે. તેઓ ધાર્મિક પ્રસંગો એ કે વાર-તહેવારે પોતાના વડીલો કે સગાસંબંધીઓને મળતાં રહે છે.*

## પિતૃપક્ષે શિક્ષણઃ

**કોષ્ટક નં. ૪.૧૩ ઉત્તરદાતાના વડીલ સભ્યમાં શિક્ષણનું પ્રમાણ**

| ક્રમ | શિક્ષણ | દાદા | ટકાવારી | પિતા | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | અભણ | ૪૩ | ૧૪.૩૩ | - | - |
| ૨ | ૧ થી ૧૦ ધોરણ | ૭૭ | ૨૫.૬૬ | ૮૯ | ૨૯.૬૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ૧૧ થી સ્નાતક | ૬૮ | ૨૨.૬૬ | ૧૩૫ | ૪૫ |
| ૪ | અનુસ્નાતક | ૧૭ | ૫.૬૬ | ૨૨ | ૭.૩૩ |
| ૫ | ખબર નથી | ૫૯ | ૧૯.૬૬ | - | - |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટકમાં ઉત્તરદાતાના દાદા અને પિતાના શિક્ષણ અને વ્યવસાયની માહિતી રજૂ કરવામાં આવી છે. શિક્ષણ પ્રમાણે જોવા મળે છે કે બે પેઢીના સંદર્ભમાં ઉત્તરદાતાના દાદા અને પિતાનું શિક્ષણ જોતાં દાદા ૧૪.૩૩ ટકા અભણ જોવા મળે છે. જ્યારે કુલ ૩૦૦ ઉત્તરદાતાના પિતાના શિક્ષણમાં કોઈ અભણ નથી. ૧ થી ૧૦ ધોરણ સુધીનું દાદાના શિક્ષણ જોતાં ૨૫.૬૬ ટકા મેળવેલું જોવા મળે છે જ્યારે ૨૯.૬૬ ટકા પિતાનું શિક્ષણ જોવા મળેલ છે. ૨૨.૬૬ ટકા ઉત્તરદાતાના દાદાઓ ઉચ્ચ માધ્યમિકથી સ્નાતક સુધી શિક્ષણ મેળવતાં જોવા મળ્યા. તેમાં સૌથી મોટો તફાવત જોવા મળ્યો હતો તેમાં ૪૫ ટકા ઉત્તરદાતાઓના પિતાનું શિક્ષણ જોવા મળે છે જે સૌથી મોટો તફાવત છે. સૌથી ઓછું પ્રમાણ અનુસ્નાતકમાં જોવા મળે છે. ૫.૬૬ ટકા દાદાએ અનુસ્નાતક થયેલ હતાં જ્યારે ૭.૩૩ ટકાના પિતા અનુસ્નાતક થયેલાં જોવા મળ્યા.*

*આમ ઉપર મુજબથી કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિમાં પેઢી દર પેઢી શિક્ષણનું પ્રમાણ વધતું જોવા મળે છે. જેમાં કુલ ૩૦૦ ઉત્તરદાતાના દાદા અને પિતાના શિક્ષણમાં સૌથી મોટો તફાવત જોવા મળ્યો છે.*

### પિતૃપક્ષે વ્યવસાયઃ

*સામાજિક ગતિશીલતા માપવા માટેના એક પરિબળ (માપદંડ) તરીકે વ્યવસાયનો આધાર લેવામાં આવે છે અને તેમાંથી મોટેભાગે બે પેઢીના વ્યવસાયને ધ્યાનમાં લેવામાં આવે છે.*

*પહેલાના સમયમાં જ્ઞાતિ પ્રમાણે વ્યવસાય કરતાં જોવા મળતાં હતાં. પરંતુ ઉદ્યોગીકરણ, શહેરીકરણ, આધુનિક મૂલ્યો જેવાં પરિબળોનો વિકાસ થતાં જ્ઞાતિ પ્રમાણે વ્યવસાયની પ્રથામાં પરિવર્તન આવવા લાગ્યું. શહેરોમાં વ્યક્તિ પોતાની લાયકાત તથા ક્ષમતા અનુસાર પોતાને મનગમતા ધંધામાં પ્રવેશી શકે છે.*

**કોષ્ટક નં. ૪.૧૪ ઉત્તરદાતાના વડીલ સભ્યમાં વ્યવસાયનું પ્રમાણ**

| ક્રમ | શિક્ષણ | દાદા | ટકાવારી | પિતા | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ગૌરપદું | ૬૯ | ૨૩ | ૫૪ | ૧૮ |
| ૨ | સરકારી નોકરી | ૬૧ | ૨૦.૩૩ | ૧૦૮ | ૩૬ |
| ૩ | ખાનગી નોકરી | ૯૨ | ૩૦.૬૬ | ૯૯ | ૩૩ |
| ૪ | સ્વતંત્ર વ્યવસાય | ૫૫ | ૧૮.૩૩ | ૩૯ | ૧૩ |
| ૫ | જણાવ્યું નથી | ૨૩ | ૭.૬૬ | - | - |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાના દાદા અને પિતાના વ્યવસાય અંગેની માહિતી રજૂ કરતાં જોવા મળે છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાના દાદાનો વ્યવસાય જોતાં સૌથી વધુ ૨૩ ટકા ગોરપદું કરતાં જોવા મળ્યા જ્યારે તેમાં ૧૮ ટકા પિતા ગોરપદું કરતાં જોવા મળ્યા. તેમાં સૌથી મોટો તફાવત જોવા મળે છે. બ્રાહ્મણ જ્ઞાતિના મૂળ વ્યવસાય ગોરપદું (યજમાનવૃત્તિ) માં પેઢી દર પેઢી જોતાં તફાવત મળ્યો. ૨૦.૩૩ ટકા ઉત્તરદાતાના દાદાઓ સરકારી નોકરી કરતાં*

જોવા મળ્યા. જેમાં ૩૬ ટકા ઉત્તરદાતાના પિતા સરકારી નોકરી કરતાં જોવા મળ્યા જેવી કે શિક્ષણ, પ્રોફેસર, બેન્કમાં, પોલિસમાં, ડૉક્ટર, વકીલ, એન્જીનીયર, ચાર્ટડ એકાઉન્ટર, ઓફિસર વગેરે જેવી સરકારી નોકરી કરતાં જોવા મળ્યાં. ૩૦.૬૬ ટકા ઉત્તરદાતાના દાદા ખાનગી નોકરી કરતાં જોવા મળ્યા. જ્યારે ૩૩ ટકા ઉત્તરદાતાના પિતા પ્રાઈવેટ નોકરી કરતાં જોવા મળે છે. ૧૮.૩૩ ટકા ઉત્તરદાતાના પિતા સ્વતંત્ર વ્યવસાય કરતાં જેમાં ઘટાડો થયેલ જોવા મળેલ છે. ૧૩ ટકા ઉત્તરદાતાના પિતા સ્વતંત્ર વ્યવસાય કરતાં હતાં.

ઉપરના કોષ્ટકમાં વ્યવસાયના કોષ્ટકમાં જોતાં એક પેઢી જતાં વંશ-પરંપરાગત વ્યવસાય કરનારની સંખ્યામાં તફાવત જોવા મળ્યો. ત્યારે ઉત્તરદાતાના દાદા પરંપરાગત વ્યવસાયમાં રસ દાખવતા જ્યારે તેની સરખામણીમાં પિતા બીજા વ્યવસાય કરવાની ઈચ્છા રાખતા હોય છે. કેટલીક વખત પિતા એ શિક્ષણ પૂરતું લીધું હોય તો બીજા વ્યવસાય કરવાની વૃત્તિ કે રસ રાખતા હતા. તેઓ પિતાનો વ્યવસાય સ્વીકારતાં જોવા મળતાં નથી. પોતાની કુશળતા પ્રમાણે વ્યવસાય કરતાં જણાય છે.

આમ, ઉત્તરદાતાના વ્યવસાય પરથી જોવા મળે છે કે જ્ઞાતિનો પરંપરાગત ધંધો છોડીને પ્રતિષ્ઠા અને વધુ પગાર મળે તેવા વ્યવસાયને અપનાવે છે. તો તે ઉભી ગતિશીલતા ગણાય છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ વધતાં અને ઉદ્યોગીકરણ શહેરીકરણને લીધે વ્યવસાયમાં ગતિશીલતા જોવા મળે છે.

**માતૃપક્ષે શિક્ષણઃ**

**કોષ્ટક નં. ૪.૧૫ ઉત્તરદાતાના વડીલ સભ્યમાં શિક્ષણનું પ્રમાણ**

| ક્રમ | શિક્ષણ | નાની | ટકાવારી | માતા | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | અભણ | ૬૦ | ૨૦ | ૧૬ | ૫.૩૩ |
| ૨ | ૧ થી ૧૦ ધોરણ | ૮૫ | ૨૮.૩૩ | ૬૧ | ૨૦.૩૩ |
| ૩ | ૧૧ થી ૧૨ ધોરણ | ૭૩ | ૨૪.૭૩ | ૭૨ | ૨૪ |
| ૪ | સ્નાતક | ૨૫ | ૮.૩૩ | ૧૦૫ | ૩૫ |
| ૫ | અનુસ્નાતક | ૧૭ | ૫.૬૬ | ૪૬ | ૧૫.૩૩ |
| ૬ | ખબર નથી | ૪૦ | ૧૩.૩૩ | - | - |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** | **૩૦૦** | **૧૦૦** |

કોષ્ટક નં. ૪.૧૫ પરથી ઉત્તરદાતાના નાની અને માતાના શિક્ષણ અને વ્યવસાયની માહિતી રજૂ કરવામાં આવે છે. તેમાં શિક્ષણ પ્રમાણે જોતાં ૨૦ ટકા ઉત્તરદાતાના નાની અભણ હતાં. જેમાં તફાવતનું પ્રમાણ જોવા મળ્યું તેમાં ૫.૩૩ ટકા જ ઉત્તરદાતાના માતા અભણ જોવા મળ્યાં. ૨૮.૩૩ ટકા ઉત્તરદાતાઓના નાનીનું પ્રાથમિક અને માધ્યમિક સુધીનું શિક્ષણ જોવા મળ્યું. પહેલાના સમયમાં વાંચતા લખતા આવડે એટલું અક્ષરજ્ઞાન મોટેભાગે પૂરતું ગણવામાં આવતું હોવાથી આ પરિસ્થિતિ જોવા મળે છે. ૨૦.૩૩ ટકા ઉત્તરદાતાના માતાઓ પ્રાથમિક/માધ્યમિક સુધીનું શિક્ષણ લીધેલા જોવા મળે છે.

૮.૩૩ ટકા ઉત્તરદાતાના નાની સ્નાતક થયેલા જોવા મળે છે. જેમાં જોતાં આધુનિક સમયમાં ઔપચારિક શિક્ષણની કિંમત સવિશેષ જોવા મળે છે. તેથી ઉપર નાની સ્નાતક થયેલા કોષ્ટક પરથી માતાનું શિક્ષણ આંકડામાં જોતાં ૩૫ ટકા ઉત્તરદાતાની માતા સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલ જોવા મળે છે. તે સોથી મોટો તફાવત જોવા મળે છે.

*૧૩.૩૩ ટકા ઉત્તરદાતાઓને પોતાની નાનીના શિક્ષણની ખબર નથી. ૫.૬૬ ટકા ઉત્તરદાતાના અનુસ્નાતકની ડિગ્રી મેળવેલ જોવા મળ્યા જ્યારે ૧૫.૩૩ ટકા માતા અનુસ્નાતકની ડિગ્રી મેળવેલ છે.*

*આમ, જોઈ શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીને પેઢી દર પેઢી શિક્ષણનું પ્રમાણ વધતું જોવા મળે છે. માતા-પિતા પુરતું શિક્ષણ મેળવ્યું હોવાથી શિક્ષણનું પ્રમાણ વધતાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ (માતા)એ શિક્ષણનો પૂરતો લાભ લેવાતો જોવા મળે છે. આંકડા પ્રમાણે કુલ ૩૦૦ ઉત્તરદાતામાંથી સૌથી વધારે પ્રમાણમાં માતા સ્નાતક થયેલ જોવા મળે તે સૌથી મોટો તફાવત જોવા મળ્યો. ભૂતકાળમાં ઉચ્ચ શિક્ષણ લેનાર ઉત્તરદાતાના નાનીની સંખ્યા ઓછી હતી પરંતુ ઉત્તરદાતાના માતાની ઉચ્ચ કેળવણીમાં નવી પેઢીની સંખ્યા સવિશેષ છે.*

*તેથી કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રી-પુરૂષ બંનેના શિક્ષણનું પ્રમાણ સરખું માપસર જોવા મળે છે. બ્રાહ્મણ સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. ઉપરની માહિતી પરથી જણાશે કે જેમ જેમ સમય બદલાતો જાય છે તેમ તેમ બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓમાં જાગૃતિ આવતી જાય છે. સૌથી વધારે સ્નાતક ઉત્તરદાતાઓના માતા જોવા મળે તેના પરથી સમજી શકાય છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં શિક્ષણ માટે દૃષ્ટિકોણ બદલાયો છે. તેથી ગ્રેજ્યુએટની ડિગ્રી મેળવવા માટેનો આગ્રહ તો રાખે જ છે.*

**માતૃપક્ષે વ્યવસાયઃ**

**કોષ્ટક નં. ૪.૧૬ ઉત્તરદાતાના વડીલ સભ્યમાં વ્યવસાયનું પ્રમાણ**

| ક્રમ | શિક્ષણ | નાની | ટકાવારી | માતા | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | સરકારી નોકરી | ૫૮ | ૧૯.૩૩ | ૭૬ | ૨૫.૩૩ |
| ૨ | ખાનગી નોકરી | ૨૮ | ૯.૩૩ | ૬૧ | ૨૦.૩૩ |
| ૩ | ગૃહઉદ્યોગ (સ્વતંત્ર વ્યવસાય) | ૬૧ | ૨૦.૩૩ | ૫૪ | ૧૮ |
| ૪ | ઘરકામ | ૧૫૩ | ૫૧ | ૧૦૯ | ૩૬.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા પરથી ઉત્તરદાતાના નાની અને માતાના શિક્ષણ અને વ્યવસાયની માહિતી રજૂ કરવા ૫૧ ટકા ઉત્તરદાતાના નાની ઘરકામ કરતાં હતાં તેની સામે સૌથી વધુ તફાવત જોવા મળે છે જે ઘટીને વર્તમાન સમયમાં ઉત્તરદાતાની માતા ૩૬.૩૩ ટકા ઘરકામ કરતાં જોવા મળે છે. ૧૯.૩૩ ટકા ઉત્તરદાતાના નાની સરકારી નોકરી જેવી કે કલાર્ક, ડૉક્ટર, શિક્ષણ, વકીલ જોવા મળે છે જ્યારે તેની સામે માતા ૨૫.૩૩ ટકા સરકારી નોકરી કરતાં જોવા મળ્યાં.*

*કુલ ૩૦૦ ઉત્તરદાતાના નાની અને માતાના વ્યવસાયમાં ૯.૩૩ ટકા નાની પ્રાઈવેટ નોકરી કરતાં જોવા મળે છે, જ્યારે તેની સામે ૨૦.૩૩ ટકા ઉત્તરદાતાના માતાઓ પ્રાઈવેટ નોકરી કરતાં જોઈ શકાય છે. તેમાં વ્યવસાયિક ગતિશીલતા થયેલી જોવા મળે છે. ૨૦.૩૩ ટકા ઉત્તરદાતાના નાની સ્વતંત્ર ધંધો (ગૃહઉદ્યોગ) કરતાં જોવા મળ્યા જ્યારે તેમાં ઘટાડો થઈને ૧૮ ટકા ઉત્તરદાતાની માતા ગૃહઉદ્યોગ જેવા કે બ્યુટી પાર્લર, સિવણ, ખાખરા જેવા વ્યવસાય કરતાં જોવા મળે છે. નાની અને માતાને ઘરની જવાબદારી હોવાથી ઘરમાં બેસીને ઘરકામ સાથે ગૃહઉદ્યોગ કરતાં જોવા મળ્યાં.*

ISBN-978-81-973071-5-7
First Edition

*નાની અને માતાના વ્યવસાયના કોષ્ટક પરથી જોઈ શકાય કે એક પેઢી જતાં વ્યવસાય કરનાર બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓની સંખ્યા વધતી જોવા મળે છે. આંકડા પરથી જોઈ શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રી ઘરની ચાર દિવાલમાંથી બહાર નીકળતી જોવા મળેલ છે.*

*આમ, બ્રાહ્મણ જ્ઞાતિમાં વડીલ સભ્યમાં બે પેઢીમાં શિક્ષણ અને વ્યવસાયનું પ્રમાણ જોતાં જાણવા મળે છે કે શિક્ષણનું પ્રમાણ સ્ત્રી-પુરૂષમાં બંનેમાં વધુ જોવા મળ્યું અને વ્યવસાયની દષ્ટિએ પણ પતિ-પત્ની બંને નોકરી કરતાં હોવાથી તેમની આર્થિક સ્વતંત્રતાના વિચારો અસ્તિત્વમાં આવ્યા છે. વ્યક્તિઓ વધુ સ્વતંત્રતા અને સમાનતા તથા પોતાના વ્યક્તિત્વ વિકાસને મહત્ત્વ આપતાં થયા છે.*

## રહેઠાણનું સ્વરૂપઃ

**કોષ્ટક નં. ૪.૧૭ ઉત્તરદાતાઓની રહેઠાણની માલિકી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | પોતાનું | ૧૭૭ | ૫૯ |
| ૨ | સરકારી ક્વાટર્સ | ૬૨ | ૨૦.૬૬ |
| ૩ | સગાનું | ૪૩ | ૧૪.૩૩ |
| ૪ | ભાડાનું | ૧૮ | ૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૪.૧૭ પરથી જણાશે કે કુલ ૫૯ ટકા ઉત્તરદાતાઓ પોતાના મકાનમાં રહેઠાણ કરતાં જોવા મળે છે. જેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ સારી નિર્દેશ કરે છે. જ્યારે ૧૮ ટકા ઉત્તરદાતાઓના રહેઠાણનું સ્વરૂપ ભાડાનું જોવા મળે છે. જેમાં વિભક્ત કુટુંબમાં રહેતા વધારે જોવા મળે છે. ૨૦.૬૬ ટકા ઉત્તરદાતાઓ સરકારી ક્વાટર્સમાં રહેતા જોવા મળે છે. ઉત્તરદાતાના ઘરના સભ્યોમાંથી કોઈપણ એક પોલીસ, નર્સ, રેલ્વે, ડૉક્ટર જેવો વ્યવસાય કરતાં હોવાથી સરકારી ક્વાટર્સમાં રહેતા જોવા મળે છે.*

## ૪.૯ ઉત્તરદાતાના કુટુંબોમાં ઓરડાની સંખ્યાઃ

**કોષ્ટક નં. ૪.૧૮ ઉત્તરદાતાના કુટુંબમાં ઓરડાની સંખ્યાનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | એક | ૨૨ | ૭.૩૩ |
| ૨ | બે | ૭૧ | ૨૩.૬૬ |
| ૩ | ત્રણ | ૧૧૧ | ૩૭ |
| ૪ | ચાર | ૩૬ | ૧૨ |
| ૫ | ચારથી વધુ | ૬૦ | ૨૦ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૪.૧૮ પરથી જાણી શકાશે કે એક ઓરડાવાળા કુલ ૨૨ (૭.૩૩) ટકા ઘરો છે જે નબળી આર્થિક પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. અને સાથોસાથ બદલાતા જતાં સમય અને અનુકૂલન સાંધવાનો પ્રયાસ કરતાં હોવાનું જણાય છે.*

બે રૂમોવાળા કુલ ૭૧ (૨૩.૬૬) ટકા જોવા મળે છે. જેઓ એક પેઢી સાથે રહેતા હોય અને વિભક્ત કુટુંબનો નિર્દેશ કરે છે.

સૌથી વધારે રૂમોવાળા ઘરો કુલ ૧૧૧ (૩૭) ટકા જોવા મળે છે. જેઓની આર્થિક પરિસ્થિતિ સારી અને બાપ-દાદાના સમયના ઘરો જોવા મળે છે.

ચાર રૂમોવાળા ઘરો કુલ ૩૬ (૧૨) ટકા છે જે જુના પરંપરાગત બાંધકામના જોવા મળે છે. જ્યારે ચાર રૂમોથી વધારે રૂમોવાળા કુલ ૬૦ (૨૦) ટકા છે. જેમને આર્થિક પરિસ્થિતિ ખૂબ જ સારા પ્રમાણમાં જોવા મળે છે.

કોષ્ટક પરથી જણાશે કે જુના પરંપરાગત ઘરોની રચના ઓછી થવા પામે છે. લોકો જુના ઘરો તોડી નવા ઘરો કે ફ્લેટોમાં રહેવા જવાનું વધારે પસંદ કરવા લાગ્યા છે.

## ઉત્તરદાતાના ભૌતિક સાધનોઃ

**કોષ્ટક નં.૪.૧૯ ઉત્તરદાતાના ભૌતિક સાધનો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ભૌતિક સાધનો | હા | ટકા | ના | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | ટીવી | ૨૯૮ | ૯૯.૩૩ | ૦૨ | ૦.૬૬ |
| ૨ | ફ્રીજ | ૨૬૭ | ૮૯ | ૩૩ | ૧૧ |
| ૩ | ટેલિફોન | ૧૪૫ | ૪૮.૩૩ | ૧૫૫ | ૫૧.૬૬ |
| ૪ | મોબાઈલ | ૩૦૦ | ૧૦૦ | - | - |
| ૫ | ઘરઘંટી | ૧૩૩ | ૪૪.૩૩ | ૧૬૭ | ૫૫.૬૬ |
| ૬ | લેપટોપ | ૧૫૭ | ૫૨.૩૩ | ૧૪૭ | ૪૯ |
| ૭ | કોમ્પ્યુટર | ૧૭૧ | ૫૭ | ૧૨૯ | ૪૩ |
| ૮ | વોશીંગ મશીન | ૧૮૯ | ૬૩ | ૧૧૧ | ૩૭ |
| ૯ | એ.સી. | ૨૦૫ | ૬૮.૩૩ | ૯૯ | ૩૩ |
| ૧૦ | સ્કુટર (બાઈક) | ૩૦૦ | ૧૦૦ | - | - |
| ૧૧ | કાર/ગાડી | ૧૮૬ | ૬૨ | ૧૧૪ | ૩૮ |

કોષ્ટક નં. ૪.૧૯ પરથી જાણી શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં વધતા ઓછા પ્રમાણમાં બધા જ ભૌતિક સુખ સગવડનાં સાધનો જોવા મળે છે.

અભ્યાસક્ષેત્રના બ્રાહ્મણ જ્ઞાતિમાં આધુનિક ભૌતિક વસ્તુઓમાં ટી.વી.નું પ્રમાણ ૯૯ ટકા, ફ્રીજનું પ્રમાણ ૮૯ ટકા, ટેલિફોનનું પ્રમાણ ૪૮.૩૩ ટકા, મોબાઈલનું પ્રમાણ ૧૦૦ ટકા, ઘરઘંટીનું પ્રમાણ ૪૪.૩૩ ટકા, લેપટોપનું પ્રમાણ ૫૨.૩૩ ટકા, વોશીંગ મશીનનું પ્રમાણ ૬૩ ટકા, એ.સી.નું પ્રમાણ ૬૮.૩૩ ટકા, સ્કુટર (બાઈક)નું પ્રમાણ ૧૦૦ ટકા, કાર/ગાડીનું પ્રમાણ ૬૨ ટકા જોવા મળે છે.

બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્તરદાતાઓના અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે ટી.વી.નું પ્રમાણ ૯૯.૩૩ ટકા છે એટલે કે ફક્ત ૦.૬૬ ટકા ઉત્તરદાતાઓ પાસે જ ટી.વી. ન હતું. જે ઉત્તરદાતા ભાડે રહેતા હોવાથી તેઓ પાસે જ ટી.વી. ન હતું. આ આંકડાઓ પરથી જાણી શકાય છે કે ટી.વી. જેવું ભૌતિક સાધન લગભગ ઘણા બધા ઉત્તરદાતાઓ ધરાવે છે.

*૧૧ ટકા ઉત્તરદાતાઓ પાસે ફ્રીજ ન હતું, મોબાઈલ આધુનિક યુગમાં ૧૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે જોવા મળ્યું. હવે લોકો ટેલિફોનના બદલે મોબાઈલ લેવાનું વધારે પસંદ કરે છે અને તેથી જ બધા જ ઉત્તરદાતા તે અમીર હોય કે ગરીબ બધા જ પાસે મોબાઈલ જોવા મળ્યા હતાં.*

*ઘરઘંટીના પ્રમાણની વાત કરીએ તો હજું પણ ફક્ત ૪૪ ટકા ઉત્તરદાતાઓ પાસે જ છે. લોકો હજુ પણ ફ્લોરમીલમાં જઈ લોટ દળવાનું વધુ પસંદ કરે છે.*

*લેપટોપના પ્રમાણને જોઈએ તો વધુ પ્રમાણ જોવા મળે. ૫૨.૩૩ ટકા લોકો પાસે લેપટોપ છે કેમ કે લોકોનું શિક્ષણ અને વ્યાપાર એ પ્રકાર જોવા મળે છે કે તેઓ લેપટોપનો મહત્તમ ઉપયોગ કરી શકતાં જોવા મળે છે. એની સામે કોમ્પ્યુટર ૫૭ ટકા ઉત્તરદાતાઓ પાસે છે. તેથી જણાશે કે જિજ્ઞાસાવૃત્તિ, શીખવાની ધગશ હોવાથી કોમ્પ્યુટર અને લેપટોપનું પ્રમાણ વધુ જોવા મળે છે.*

*વોશીંગ મશીન ૬૩ ટકા ઉત્તરદાતાઓ પાસે જોવા મળે છે. જેઓ ઉત્તરદાતાઓ સર્વિસ કરતી હોવાથી તેઓ પાસે સમય અનુકૂળતાનો અભાવ હોવાથી કપડા વોશીંગ મશીનમાં ધોતાં હોવાનું જાણવા મળ્યું. ૩૭ ટકા ઉત્તરદાતાઓ પાસે વોશીંગ મશીન નથી. તેઓ કપડાં જાતે જ ધોવે છે તેઓ માને છે કે ઘરનું સફાઈનું કામ જાતે કરવાથી સફાઇ અને તંદુરસ્તી બંને સારા રહે છે.*

*એ.સી. એરકંડીશન વધુ પ્રમાણમાં જોવા મળે છે. ૬૮.૩૩ ટકા લોકો પાસે એ.સી.નથી. એ.સી. નથી એ.સી. હોવાનું કારણ એ પણ કહી શકાય કે અમદાવાદ શહેરમાં દિવસે દિવસે પ્રદૂષણનું પ્રમાણ વધતું હોવાથી વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધુ જોવા મળે છે તેથી લોકો સમયની માંગ પ્રમાણે એ.સી.નું પ્રમાણ જોવા મળ્યું.*

*બાઈક/સ્કુટરના પ્રમાણને જોતાં જણાય છે કે ૧૦૦ ટકા લોકો પાસે બાઈક/સ્કુર જોવા મળ્યા. સમયની માંગ અને જરૂરિયાત ઉપરાંત એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે બાઇક ખૂબ જ જરૂરી જણાય છે અને લોકો તેનો મહત્તમ ઉપયોગ કરતાં થયાં છે.*

*કાર/ગાડીનું પ્રમાણ વધુ જોવા મળે છે. ૬૨ ટકા ઉત્તરદાતાઓ પાસે ઘરમાં કાર જોવા મળે છે. જેઓની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ સારી છે તેવા લોકો પાસે ભૌતિક સાધનો છે. ભૌતિક સુખ સગવડનાં સાધનોનાં પ્રમાણને જોતાં જણાય છે કે મોબાઈલ અને બાઈક ૧૦૦ ટકા ઉત્તરદાતાઓ પાસે છે. ઘરવપરાશની વસ્તુઓ જેવી કે વોશીંગ મશીન, ફ્રીજ, ઘરઘંટી વગેરેનો વપરાશનું પ્રમાણ લોકોમાં વધતું જોવા મળ્યું તેથી કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિનો આર્થિક દરનું પ્રમાણ વધતું જોવા મળે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ-૫
# બ્રાહ્મણ સ્ત્રીઓનું સામાજીક જીવન

## પ્રસ્તાવનાઃ

*પ્રસ્તુત સામાજિક સંશોધનમાં બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અમદાવાદ શહેરમાં વસવાટ કરતાં ઔદિચ્ય જ્ઞાતિઓની સ્ત્રીમાં શૈક્ષણિક અને વ્યવસાયિક ગતિશીલતા વિષયક જુદા જુદા પાસાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં વસવાટ કરતી બ્રાહ્મણ જ્ઞાતિ મોટાભાગે ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતી હતી. સમયાંતરે ગ્રામીણ વિસ્તોરની સ્થિતિનાં કારણે જ્ઞાતિના ઘણા-ખરાં કુટુંબો ગુજરાતનાં જુદા જુદા વિસ્તારોમાં સ્થળાંતર કરીને વસવાટ કરવા લાગ્યા. ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતી બ્રાહ્મણ જ્ઞાતિનાં કુટુંબો વ્યવસાય/શિક્ષણ અર્થે ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતર કરી અમદાવાદમાં સ્થાયી થયા અને અમદાવાદમાં વ્યવસાય અને શિક્ષણમાં જોડાયા. ધીમે-ધીમે મોટા પ્રમાણમાં પરિવર્તનો આવ્યા. તેમની શૈક્ષણિક અને વ્યવસાયિક સ્થિતિમાં સુધારો આવ્યો. તેમજ મૂળ પરંપરાગત વ્યવસાય શહેરોમાં આવ્યા પછી ઓછા વત્તા અંશે છોડી દીધા હતા. તેઓને નવા વ્યવસાયોમાં જોડાયા જ્ઞાતિમાં સ્ત્રીની સ્વતંત્રતા, આંતરજ્ઞાતિય લગ્નનું પ્રમાણ અમદાવાદ શહેરની બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ ૩૦૦ ઉત્તરદાતાઓ પાસેથી તેમનું સામાજીક જીવનને લગતા જુદા જુદા પાસાઓને તપાસવામાં આવ્યા હતાં. જેના દ્વારા મળેલ માહિતીને વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યા બાદ જરૂરી કોષ્ટક દ્વારા દર્શાવી તેમની ઊંડાણપૂર્વકની સમજૂતી પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવી છે.*

## જ્ઞાતિમાં કઈ ઉંમરે છોકરા-છોકરીના લગ્ન થાય તેની માહિતીઃ

**કોષ્ટક નં.૫.૧ જ્ઞાતિમાં કઈ ઉંમરે લગ્ન કરાય છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | છોકરાઓ | ટકાવારી | છોકરીઓ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮ થી ૨૦ વર્ષ | ૦૦ | -- | ૬૧ | ૨૦.૩૩ |
| ૨ | ૨૧ થી ૨૩ વર્ષ | ૨૨ | ૭.૩૩ | ૧૧૭ | ૩૯ |
| ૩ | ૨૪ થી ૨૭ વર્ષ | ૧૯૭ | ૬૫.૬૬ | ૧૧૮ | ૩૯.૩૩ |
| ૪ | ૨૮ થી વધુ | ૮૧ | ૨૭ | ૦૧ | ૧.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૫.૧ પરથી જણાશે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં છોકરાઓ અને છોકરીઓ કઈ ઉંમરે લગ્ન કરતા જોવા મળે છે. જોતાં સૌથી વધુ પ્રમાણમાં એટલે કે ૨૪ થી ૨૭ વર્ષની ઉંમરે જોવા મળે છે જેમાં ૬૫.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તે ઉંમરે છોકરાના લગ્ન કરવા એ યોગ્ય સમયગાળો કહેવાય. જ્યારે તેની સામે ૩૯.૩૩ ટકા ઉત્તરદાતાઓ પણ કહે છે કે છોકરીઓને પણ આ ઉંમરે લગ્ન કરવા એ એક યોગ્ય ઉંમર કહેવાય. બ્રાહ્મણ જ્ઞાતિમાં સાક્ષરતાનું પ્રમાણ વધતું હોવાથી તેમાં વડીલ સભ્યમાં પણ માનસિકતામાં બદલા થયેલો જોવા મળે છે. ૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે ૨૧ થી ૨૩ વર્ષની ઉંમરના છોકરાઓના લગ્ન કરવા માટે યોગ્ય ઉંમર નથી. જ્યારે ૩૯ ટકા ઉત્તરદાતાઓ તે ઉંમર છોકરીઓના લગ્ન કરવા માટે પૂરતી ઉંમર છે તેમ કહેવું છે. ૨૭ ટકા ઉત્તરદાતાઓ છોકરાની ૨૮ થી વધુ ઉંમર પછી લગ્ન કરવા તેવું તેમનું માનવું છે. ૧.૩૩ ટકા ઉત્તરદાતાઓનું માનવું છે કે ૨૮ થી વધુ વર્ષની ઉંમરે લગ્ન કરવા તે છોકરી માટે યોગ્ય સમયગાળો ન કહેવાય.*

*૨૪ થી ૨૭ વર્ષની ઉંમર એ લગ્ન કરવા એ છોકરા અને છોકરીઓ માટે યોગ્ય સમય કહેવાય છે તેવું આંકડા પરથી જાણવા મળ્યું. આ પ્રમાણે જોતાં જણાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં ધીમે-ધીમે પણ વડીલ સભ્યમાં પણ પોતાની માનસિકતામાં બદલાવ લાવતાં જણાય છે. ઉત્તરદાતાનું કહેવું છે કે જ્યારે છોકરાઓ, છોકરીઓ પૂરતું શિક્ષણ મેળવેલ અને પોતે એક કારકિર્દી તરફ આગળ વધી જાય પોતાના નિર્ણય તેઓ જાતે લઈ શકે ત્યારે લગ્નની યોગ્ય ઉંમર કહેવાય.*

## ઉત્તરદાતાઓનું અમદાવાદમાં છેલ્લા કેટલા વર્ષોથી વસવાટ કરે છે

**કોષ્ટક નં.૫.૨ ઉત્તરદાતાઓનું અમદાવાદમાં વસવાટ કરતાંનું વર્ષ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ વર્ષ | ૩૧ | ૧૦.૩૩ |
| ૨ | ૧૧ થી ૨૦ વર્ષ | ૫૧ | ૧૭ |
| ૩ | ૨૧ થી ૩૦ વર્ષ | ૫૬ | ૧૮.૬૬ |
| ૪ | ૩૧ થી ૪૦ વર્ષ | ૬૭ | ૨૨.૩૩ |
| ૫ | ૪૧ થી ૫૦ વર્ષ | ૯૫ | ૩૧.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૫.૨ પરથી જણાશે કે ઉત્તરદાતાઓ કેટલા વર્ષથી અમદાવાદમાં વસવાટ કરતાં જોવા મળે છે. સૌથી વધુ ૩૧.૬૬ ટકા ઉત્તરદાતાઓ ૪૧ થી ૫૦ વર્ષથી વધુ સમયગાળાથી અમદાવાદમાં વસવાટ કરતાં જોવા મળે છે જેઓ બે-ત્રણ પેઢીથી અમદાવાદમાં રહે છે અને અમદાવાદને જ પોતાનું મૂળવતન સમજે છે.*

*અભ્યાસમાં સમાવિષ્ટ કુલ કુટુંબમાંથી માત્ર ૧૦.૩૩ ટકાના ઉત્તરદાતાઓ ફક્ત ૧ થી ૧૦ વર્ષના સમયગાળાથી જ અમદાવાદમાં રહેતા જોવા મળે છે. જેઓના હજુ વડીલ સભ્યો મૂળવતનમાં રહે છે અને પોતાના મૂળવતન સાથેનો સંપર્ક તેઓ ટકાવા રાખ્યો છે. ૧૭ ટકા ઉત્તરદાતાઓ ૧૧ થી ૨૦ વર્ષથી અમદાવાદમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે. જેઓના કુટુંબમાં સામાજિક પ્રસંગમાં હાજરી આપવા માટે તેઓ પોતાના વતનમાં ચોક્કસ રીતે જાય છે અને તેઓની બીજી પેઢી સ્થળાંતર કરીને અમદાવાદમાં વસવાટ કરતી હોવાથી તેઓના ઘરના સભ્યો વતનમાં રહેતા પોતાના વડીલોને મળવા માટે દર મહિને જાય છે. ૧૮.૬૬ ટકા ઉત્તરદાતાઓ ૨૧ થી ૩૦ વર્ષથી અમદાવાદમાં વસવાટ કરે છે તેવું આંકડા પરની માહિતી પરથી જાણવા મળ્યું છે. ૨૨.૩૩ ટકા ઉત્તરદાતાઓ ૩૧ થી ૪૦ વર્ષથી અમદાવાદમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે. ઉત્તરદાતાઓનું કહેવું છે કે એકાદ દિવસ માટે ગામડે જાઉ હોય તો ગમે તેમાંથી કેટલા ઉત્તરદાતા પાસે પોતાનું મૂળવતન જ નથી તેવો ત્રણ પેઢીથી અમદાવાદમાં વસવાટ કરતાં જોવા મળે છે.*

*તેથી ઉપર મુજબના આંકડા પરથી જોઈ શકાય છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ બે ત્રણ પેઢીથી સ્થળાંતર કરીને આવ્યા હોય અને અમદાવાદમાં સ્થાયી થવા માટે શિક્ષણ અને આર્થિક ઉપાર્જનને વધુ મહત્ત્વ આવ્યું હોવા તેવો ઘણા દાયકાથી વસવાટ કરતાં જોવા મળ્યા તેવો પૂરેપૂરા અમદાવાદની સંસ્કૃતિથી રંગાયેલા જોવા મળ્યાં.*

*તેમાં સ્થળાંતર માટેના વિવિધ કારણોમાં શહેરીકરણ, ઉદ્યોગીકરણ જેવા ખેંચતાણના પરિબળો અને ગામડામાં નડતી આર્થિક વગેરે મુશ્કેલીઓના પરિબળોનો વિચાર કરવામાં આવે છે. તે દષ્ટિએ આ ઉત્તરદાતાઓ*

*કેટલા સમયથી સ્થળાંતર કરીને રહે છે તે તપાસવું જરૂરી હતું. મોટાભાગના બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબ બધા જ બહારના છે. એટલે અહીં પ્રાદેશિક ગતિશીલતા જોવા મળે છે.*

*વિલિયમ વ્હાઈટે સહભાગી નિરીક્ષણ દ્વારા કરેલા સ્ટીટ કોર્નર સોસાયટી અભ્યાસમાં પણ આ બાબત જોવા મળી હતી જે મુજબ ઇટાલીથી સ્થળાંતર કરીને અમેરિકાના બોસ્ટનમાં પરામાં રહેતા ખ્રિસ્તીઓની બીજી પેઢીને ઈટાલી પ્રત્યે ઓછા લગાવ હતો. બીજી પેઢીના સભ્યો અમેરિકન સંસ્કૃતિથી રંગાયેલા હતાં. નગર સમાજશાસ્ત્રના મોટાભાગના અભ્યાસો પણ આ બાબતને સમર્થન આપે છે.*

## સ્થળાંતર કરવા પાછળું કારણ

**કોષ્ટક નં.૫.૩ સ્થળાંતર કરવા પાછળનું ઉત્તરદાતાનું કારણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | વ્યવસાય/નોકરી અર્થ | ૧૨૩ | ૪૧ |
| ૨ | સગા-સંબંધી હોવાથી | ૫૩ | ૧૭.૬૬ |
| ૩ | પિતાનું વતન હોવાથી | ૬૧ | ૨૦.૩૩ |
| ૪ | અન્ય કારણ | ૬૩ | ૨૧ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક નં. ૫.૩ પરથી સ્થળાંતર કરવા પાછળનું કારણ જોતાં આંકડા પરથી જાણવા મળ્યું છે કે સૌથી વધુ પ્રમાણમાં ૪૧ ટકા ઉત્તરદાતાઓ પોતાના મૂળવતનમાંથી વ્યવસાય અને નોકરીના અર્થે સ્થળાંતર કરતાં જોવા મળ્યાં છે જે પ્રમાણ શિક્ષિત છે. તેથી તેઓ આર્થિક ઉપાર્જનને વધુ મહત્ત્વ આપે છે.*

*કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૦.૩૩ ટકા ઉત્તરદાતાઓનું સ્થળાંતરનું કારણ જોતાં જાણવા મળ્યું કે તેઓ ત્રણ-ચાર પેઢીથી અમદાવાદમાં જ રહેતા હોવાથી તેઓનું મૂળવતન જ અમદાવાદને માને છે. તેઓ મૂળવતન જ અમદાવાદ છે. તેઓના કુટુંબના ઉત્તરદાતાઓએ પોતાના મૂળ વતન સાથેનો સંપર્ક નહિવત હોવાનું જણાવ્યું છે. અભ્યાસમાં સમાવિષ્ટ અન્ય સગા-સંબંધીઓ હોવાથી ૧૭.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓનું સ્થળાંતર કરવા પાછળનું કારણ જ સગા-સંબંધીને મહત્ત્વ આપતાં જોવા મળ્યાં. ૨૧ ટકા ઉત્તરદાતાઓ સ્થળાંતર કરવા પાછળનું કારણ જોતાં જાણવા મળ્યું કે તેઓ અન્ય કારણોથી અમદાવાદ શહેરમાં સ્થળાંતર કરીને સ્થાયી થયા છે. તેમાં જોતાં બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ દર્શાવ્યું કે તેઓ લગ્ન કરીને પોતાની સાસરી અમદાવાદ હોવાનું કારણ દર્શાવતા જોવા મળે છે અને અભ્યાસના અર્થે પણ અમદાવાદમાં સ્થળાંતર કરતાં જોવા મળે છે.*

*આમ, અમદાવાદમાં સ્થળાંતર કરવા પાછળનું સૌથી વધુ પ્રમાણ વ્યવસાય અને નોકરીને વધુ મહત્ત્વ આપ્યું છે તે જોતાં કહી શકાય કે નવી પેઢીના ઉત્તરદાતાઓ વ્યક્તિત્વનો વિકાસ, સ્વતંત્રતા ઈચ્છે છે. તેઓ પોતાની રીતે કારકિર્દી ઘડવા ઈચ્છે છે. તેથી બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ સ્થળાંતર કરવા પાછળ ખુશ છે. અને તેઓના નવી પેઢીના બાળકો અમદાવાદ જેવા શહેરમાં જન્મ્યાં માંગે છે તેથી આંકડા પરથી જોઈ શકાય કે તેઓ શિક્ષણ અને વ્યવસાય/નોકરીને વધુ પ્રાધાન્ય આપતાં જોવા મળે છે.*

## લગ્ન પછી શિક્ષણ ચાલું રાખ્યું કે બંધ

**કોષ્ટક નં.૫.૪ લગ્ન પછી ઉત્તરદાતાઓએ શિક્ષણ ચાલુ રાખ્યું હતું તે અંગેની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૨૨ | ૪૦.૬૬ |
| ૨ | ના | ૧૭૮ | ૫૯.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*વર્તમાન સમયમાં શિક્ષણનું વધતું જતું મહત્ત્વ જોવા મળે છે. પ્રસ્તુત કોઠા પરથી ૪૦.૬૬ ટકા ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓએ લગ્ન પછી પણ શિક્ષણ ચાલું રાખ્યું હતું તેમાં જોતાં જાણવા મળ્યું છે કે તેઓનું અધરૂં શિક્ષણ હોવાથી તેઓ શિક્ષણને મહત્ત્વ આપીને તેમના પરીવારના વડીલોએ પણ તેમને સાથ-સહકાર આપીને શિક્ષણ ચાલું રાખ્યું તેવું જોવા મળે છે. ૫૯.૩૩ ટકા ઉત્તરદાતાઓએ લગ્ન પછી શિક્ષણ મેળવેલું નથી તેઓ જાણવા મળ્યું છે જેમાં ૬૬ ઉત્તરદાતાઓએ લગ્ન પછી શિક્ષણ મેળવ્યું ન હતું. તેઓના અભ્યાસ લગ્ન પહેલા જ પૂર્ણ થયેલ હતાં. ૪૭ ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓને લગ્ન પછી ઘરની જવાબદારી તેમના ઉપર હોવાથી શિક્ષણ પૂર્ણ કરી શકાયું નથી. ૩૮ ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી શિક્ષણ પૂર્ણ કર્યું નથી. ૩૮ ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓની આર્થિક સ્થિતિ સારી હોવાથી તેમની નોકરી જરૂર ન હતી તેથી શિક્ષણ આગળ મેળવેલ ન હતું. જ્યારે ૨૭ ઉત્તરદાતાઓનું કહેવું છે કે લગ્ન થયા એ પહેલા જ તેમને અભ્યાસની લાયકાત પ્રમાણે નોકરી મેળવેલ હતી.*

*અભ્યાસમાં સમાવિષ્ટ મોટાભાગની બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓ સામાન્ય રીતે લગ્ન પછી શિક્ષણ ચાલુ ન હતું રાખ્યું તેમનું મહત્ત્વનું કારણ જાણવા મળ્યું હતું કે લગ્ન પહેલા જ તેઓનું શિક્ષણ પૂર્ણ થયેલ હતું તેથી તે પરથી જાણી શકાય છે બ્રાહ્મણ જ્ઞાતિમાં પેઢી દર પેઢી શિક્ષણનો વ્યાપ વધતો હોવાથી વડીલ સભ્યો તેમની પુત્રના લગ્ન પૂર્ણ થયા બાદ જ લગ્ન કરતાં જોવા મળે છે. તેના લીધે ઉચ્ચ શિક્ષણ મેળવીને સ્ત્રીઓ જેમણે વ્યાવસાયિક તક મેળવીને વ્યક્તિગત વિકાસ સધાયો છે. જેઓ કૌટુંબિક જવાબદારી સંભાળવી અને નોકરી કરવી આ પ્રકારની બેવડી ભૂમિકા ભજવે છે.*

## ઉત્તરદાતાના ઘરમાં લાજ કાઢવા અંગેની માહિતી

**કોષ્ટક નં.૫.૫ ઉત્તરદાતાના ઘરમાં સ્ત્રીઓને લાજ કાઢવી પડે છે તે અંગેની માહિતી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧ | ૩.૬૬ |
| ૨ | ના | ૨૮૯ | ૯૬.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા નં. ૫.૫ પરથી જાણી શકાય છે કે સૌથી વધુ પ્રમાણમાં ૯૬.૩૩ ટકા ઉત્તરદાતાઓએ ઘરમાં વડીલ સભ્યને સામે લાજ કાઢતી જોવા મળતી નથી. તેમાં ફક્ત ૩.૬૬ ટકા ઉત્તરદાતાઓએ ઘરમાં વડીલ સભ્યની સામે સ્ત્રીઓ લાજ કાઢતી જોવા મળે છે. તેમાં જોતાં બે ત્રણ પેઢીઓ સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી વડીલ સભ્યો હોવાથી તેઓને લાજ કાઢવી પડે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

*આમ, આંકડા પરથી જોઈ શકાય છે કે વડીલ સભ્યમાં પણ શિક્ષણનું વધુ પ્રમાણ હોવાથી ઘરના સભ્ય વર્તમાન સમયને માન આપતાં જોવા મળે છે. અને તેઓ જાગૃતિ-પ્રગતિ તરફ વણેલા જોવા મળ્યા છે. ૨૧મી સદી પરિવર્તનની સદી છે. નવી શોધ, નવા વિચારોને બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ માન આપતી જોવા મળી. ખૂબ જ ઓછામાં પણમાં જોવા મળ્યું તેઓના ઘરમાં સ્ત્રીઓ લાજ નીકળતી જોવા મળે જેવા વડીલ સભ્યમાં શિક્ષણ મેળવેલ નથી તેઓમાં રૂઢિચુસ્તતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.*

## કૌટુંબિક બાબતોમાં સ્ત્રીની ભાગીદારી

**કોષ્ટક નં.૫.૬ કૌટુંબિક બાબતોમાં સ્ત્રીની સલાહની ભાગીદારી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | *હા* | *૨૭૭* | *૯૨.૩૩* |
| ૨ | *ના* | *૨૩* | *૭.૬૬* |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા નં. ૫.૬ પરથી જણાશે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ પ્રમાણમાં ૯૨.૩૩ ટકા ઉત્તરદાતાઓ પરથી જણાવ્યું છે કે કૌટુંબિક બાબતોમાં સ્ત્રીની સલાહ લેવી જ જોઈએ. તેમાં હા, તો કઈ કઈ બાબતો એ સલાહ લેવી જોઈએ, તે જોતાં જાણવા મળ્યું છે કે કુટુંબની દરેક સામાજીક અને વ્યવહારિક બાબતમાં સલાહ લેવી તેવું ૮૯ ઉત્તરદાતાઓએ જણાવ્યું. ૭૭ ઉત્તરદાતાઓનું કહેવું છે કે કુટુંબના વિકાસ અને એક્તાને લગતા દરેક બાબતમાં ૫૬ ઉત્તરદાતાઓનું કહેવું છે કે ઘર કે કુટુંબના દરેક અગત્યના નિર્ણયમાં સ્ત્રીઓની સલાહ લેવી જ જોઈએ, ૫૫ ઉત્તરદાતાઓનું કહેવું છે કે પુરૂષ પ્રધાન સમાજ હોવાથી તેમને યોગ્ય લાગે એ પ્રશ્નો પર જ પૂછવું જોઈએ.*

*૭.૬૬ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે કૌટુંબિક બાબતોમાં સ્ત્રીની સલાહ ન લેવી જોઈએ. તેઓ જણાવે છે કે ઉત્તરદાતાઓની વય ૫૫ થી ૬૦ વર્ષની જોવા મળી હતી. રૂઢિચુસ્તતાનું વલણ અપનાવતા જોવા મળ્યાં છે.*

*આપણો સમાજ પુરૂષ પ્રધાન છે. તેથી સામાન્ય રીતે નિર્ણય લેવાની સત્તા પુરૂષોના હાથમાં છે. કૌટુંબિક નિર્ણય લેવાની બાબતમાં અભ્યાસમાં સમાવિષ્ટ વડીલ સ્ત્રીઓ અને યુવાન સ્ત્રીઓના મત અલગ અલગ જોવા મળ્યો છે. વડીલ સ્ત્રીઓના મતે આર્થિક નિર્ણય લેવાની સત્તા પતિ-પુત્રો પાસે છે. પરંતુ યુવાન સ્ત્રીઓ શિક્ષિત હોવાથી તેવું નું માનવું છે કે આર્થિક સામાજીક દરેક કુટુંબમાં યોગ્ય લાગે એવા દરેક પ્રશ્નમાંથી સ્ત્રીઓની સલાહ લેવી અવશ્ય છે.*

## ઉત્તરદાતાઓનાં કુટુંબમાં પુત્રની માફક જ પુત્રીનો ઉછેર થાય છે

**કોષ્ટક નં.૫.૭ પુત્ર અને પુત્રીના ઉછેરની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | *પહેલા જેવો જ ઉછેર થાય છે* | *૩૪* | *૧૨.૬૬* |
| ૨ | *પહેલા કરતાં થોડો સારો ઉછેર થાય છે.* | *૬૬* | *૨૨* |
| ૩ | *પહેલા કરતાં ઘણો સારો ઉછેર થાય છે.* | *૧૯૬* | *૬૫.૩૩* |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

ISBN-978-81-973071-5-7
First Edition

*પ્રસ્તુત કોઠા નં. ૫.૭ પરથી જાણી શકાય છે કે ૬૫.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે કુટુંબમાં પુત્રની માફક જ પુત્રીનો ઉછેર છે. પરંતુ પહેલા કરતાં ઘણો સારો ઉછેર થતો જોવા મળ્યા છે. જેમાં મોટાભાગના બ્રાહ્મણ જ્ઞાતિની યુવાન સ્ત્રીઓ કહેતાં જોવા મળે છે. તેનું કારણ શૈક્ષણિક મહત્ત્વ જોવા મળ્યો. જ્યારે ૨૨ ટકા ઉત્તરદાતાઓ એ પહેલાં કરતાં થોડો સારો ઉછેર થાય છે તેવું જણાવ્યું છે. ૧૨.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે પહેલા જેવો જ ઉછેર થાય છે તેવું કહેનાર ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી બે-ત્રણ પેઢીના વડીલ સભ્ય સાથે હોવાથી વડીલો દરેક બાબતમાં શિસ્ત, ગંભીરતા, રૂઢિચુસ્તતા વગેરેનો આગ્રહ રાખે છે. તેથી કહેવું છે ઉત્તરદાતાનું કે પુત્રની માફક પુત્રીનો ઉછેર તેમના પરિવારમાં નથી થતો જોવા મળતો. કોષ્ટકમાં આંકડા પરથી જોઈ શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં જેટલું પુત્રને મહત્ત્વ અપાય છે તે જ રીતે પુત્રીને પણ સમાન મહત્ત્વ આપતું જોવા મળે છે. તેમાં પેઢી દર પેઢી તફાવત જોવા મળ્યો જેમાં મહત્ત્વની બાબત ઉચ્ચ શિક્ષણ તારણ જોવા મળ્યો છે.*

## આંતરજ્ઞાતિય કે ધર્મ વિરૂદ્ધ લગ્ન

**કોષ્ટક નં.૫.૮ ઉત્તરદાતાના ઘરના સભ્યમાંથી આંતરજ્ઞાતિય કે ધર્મ વિરૂદ્ધ લગ્ન કરનાર માહિતી**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | *જ્ઞાતિમાં જ લગ્ન કરનાર* | ૨૩૫ | ૭૮.૩૩ |
| ૨ | *આંતરજ્ઞાતિય/ધર્મ વિરૂદ્ધ લગ્ન* | ૬૫ | ૨૧.૬૬ |
| | **કુલ** | ૩૦૦ | ૧૦૦ |

*પ્રસ્તુત કોઠા નં. ૫.૮ પરથી જણાશે કે ૨૩૫ ઉત્તરદાતાઓના ઘરના સભ્યમાંથી કોઈએ આંતરજ્ઞાતિય કે ધર્મવિરૂદ્ધ લગ્ન કરનાર ન હતાં જોવા મળ્યાં. તેઓ જ્ઞાતિ બહાર એટલે કે આંતરજ્ઞાતિય લગ્ન કરનાર ઉત્તરદાતાઓના ઘરના સભ્યમાંથી ૬૫ એટલે કે ૨૧.૬૬ ટકા જ હતાં. આ પ્રમાણ જોતાં જણાય છે કે લોકો ભલે ધીમે-ધીમે પણ પોતાની માનસિકતામાં બદલાવ લાવતા થયા છે. જે ઉત્તરદાતાઓ પોતાના ઘરના સભ્યમાંથી જ્ઞાતિમાં જ લગ્ન કર્યાં છે. ઉત્તરદાતાઓએ જણાવ્યું કે હવે પછીને પેઢી પોતાની સ્વ-પસંદગીથી લગ્ન કરવા ઈચ્છે છે. જો એ પાત્ર સારું શિક્ષિત હોય તો વડીલોને આંતરજ્ઞાતિય લગ્ન માટે કોઈ જ વિરોધ નથી એવું જાણવા મળ્યું હતું.*

*વર્તમાન સમયમાં શિક્ષિત ન વધતું જતું મહત્ત્વ અને વ્યક્તિવાદી મૂલ્યોના વિકાસને કારણે લગ્નમાં પણ કુટુંબ અને જ્ઞાતિ કરતાં વ્યક્તિ મહત્ત્વની બનતી જાય છે. એકબાજું આંતરજ્ઞાતિય, આંતરધર્મીય લગ્નનોનું પ્રમાણ વધતું જાય છે. જ્યારે બીજી બાજુ અમદાવાદમાં સ્થાયી બનેલા ઔદિચ્ય જ્ઞાતિના ગોળ પોતાના ગોળની બહાર જવા પણ તૈયાર નથી. આર્થિક-શૈક્ષણિક બાંધછોડ કરીને પણ વડીલો સંતાનોના લગ્ન ગોળમાં જ થાય એવા પ્રયત્નો કરે છે. જ્યારે તેની સામે અમુક ઉચ્ચશિક્ષિત મેળવેલ યુવાન પોતાની સ્વ-પંસદગીથી તેમને લાયકાત પ્રમાણે લગ્ન કરતાં જોવા મળ્યા હતાં.*

ISBN-978-81-973071-5-7
First Edition

## કુટુંબમાં સ્ત્રીઓમાં ઉદ્‌ભવતા સામાજિક પ્રશ્નોમાં જ્ઞાતિમંડળ મદદરૂપ થાય છે કે નહી :

**કોષ્ટક નં.૫.૯ કુટુંબમાં સ્ત્રીઓમાં ઉદ્‌ભવતા સામાજિક પ્રશ્નોમાં જ્ઞાતિમંડળ મદદરૂપ થાય છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૫ | ૩૮.૩૩ |
| ૨ | ના | ૯૭ | ૩૨.૩૩ |
| ૩ | ખબર નથી. | ૮૮ | ૨૯.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં.૫.૧૦ પરથી જાણી શકાય છે કે કુટંબમાં સ્ત્રીઓમાં ઉદ્‌ભવતા સામાજિક પ્રશ્નોમાં બ્રાહ્મણમાં (ઔદિચ્ય) જ્ઞાતિ મંડળ મદદરૂપ થતો જોવા મળે છે. ૩૮.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે દરેક કાર્ય પ્રસંગોપાત ઔદિચ્ય જ્ઞાતિમંડળની પ્રવૃત્તિઓ થકી મદદ કરતું તેમજ સમાજ પ્રયોગી સાહિત્ય આગળથી બહાર પડતું અને જાણ કરતું સામાજિક પ્રશ્નોમાં છૂટાછેડામાં વિધવા પુનઃલગ્ન (સમૂહલગ્ન) જીવન સાથેની પસંદગી વગેરેમાં જ્ઞાતિમંડળ ખૂબ જ મદદરૂપ થાય છે. ૩૨.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓને જ્ઞાતિમંડળ મદદરૂપ થતું જોવા મળતું નથી. ૨૯.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓને ખબર નથી કે જ્ઞાતિમંડળ તેમને સામાજિક પ્રશ્નોમાં મદદરૂપ થાય છે કે નહીં.*

*કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધારે પ્રમાણમાં ઉત્તરદાતાઓનું કહેવું છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં જ્ઞાતિમંડળ ખૂબ જ મદદરૂપ થતાં જોવા મળે છે. ઔદિચ્ય સતત તાલુકાના જ્ઞાતિ મંડળ અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલું છે. કૌટુંબિક સામાજિક દરેક પ્રશ્નોમાં મદદરૂપ થતું જોવા મળે છે. તે પરથી જોઈ શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમંડળ વર્તમાન સમયમાં તો મદદરૂપ થતું જોવા મળે છે તે ભૂતકાળમાં પણ જ્ઞાતિ મંડળના જ્ઞાતિપંચો હતા. બ્રાહ્મણ જ્ઞાતિપંચો સામાજિક પ્રશ્નો, કૌટુંબિક ઝઘડાઓ, મિલકતના ઝઘડાઓ, લગ્ન વિચ્છેદના પ્રશ્નો વગેરેનાં ઉકેલ લાવવામાં કામ કરે છે. ઉપરાંત જ્ઞાતિના રિવાજોમાં સુધારા-વધારા સમય જતાં શૈક્ષણિક વિકાસ, સ્વતંત્રતા, વ્યક્તિવાદી મૂલ્યોનો વિકાસ વગેરેમાં જ્ઞાતિ મંડળો મદદરૂપ થતાં જોવા મળે છે.*

## ઉત્તરદાતાઓના કુટુંબમાં કોનું પ્રભુત્વ

**કોષ્ટક નં.૫.૧૦ ઉત્તરદાતાના કુટુંબમાં કોનું પ્રભુત્વ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી | ૬૬ | ૨૨ |
| ૨ | પુરૂષ | ૯૨ | ૩૦.૬૬ |
| ૩ | સ્ત્રી-પુરૂષ બંનેનું | ૧૪૨ | ૪૭.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક પરથી જાણી શકાયું કે સૌથી વધુ ૪૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે કુટુંબમાં સ્ત્રી-પુરૂષ બંનેનું પ્રભુત્વ જોવા મળે છે. ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીઓના મતે આર્થિક નિર્ણય લેવાની સત્તા-પતિ-પુત્રો પાસે છે. જ્યારે કૌટુંબિક બાબતો જેવી સંતાનોના વિવાહ, લગ્ન જેવી સામાજિક બાબતો તથા પુત્રોને મિલકતની વહેંચણી કરવી સંબંધીઓના લગ્ન પ્રસંગે ચાંદલો કેટલો કરવો વગેરે જેવી બાબતોની નિર્ણય લેવાની સત્તા*

*ઉત્તરદાતાઓના હાથમાં રહે છે. જેવો વિભક્ત કુટુંબમાં રહેતા જોવા મળ્યા તેવા ૩૦.૬૬ ટકા ઉત્તરદાતાઓના હાથમાં રહે છે જે વિભક્ત કુટુંબમાં રહેતા જોવા મળ્યા હતાં. તેમના કુટુંબમાં પુરૂષનું પ્રભુત્વ વધારે પ્રમાણમાં છે. જ્યારે તે સ્ત્રીઓ જેઓ સંયુક્ત કુટુંબમાં રહેતી હોવાથી ત્રણ પેઢી સાથે હોવાથી પુરૂષનું પ્રભુત્વ છે જ્યારે ૨૨ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેમના ઘરમાં સ્ત્રીઓનું પ્રભુત્વ જોવા મળ્યું છે જેઓના ઘરમાં પતિ નથી, તેમાં અમુક ઉત્તરદાતાઓ પુરૂષ કરતાં ઉચ્ચ પોસ્ટ પર નોકરી કરતાં હોવાથી તેમના પરિવારનું ભરણપોષણ સ્ત્રી પૂર્ણા કરતી જોવા મળે છે તેથી તેઓના કુટુંબમાં સ્ત્રીઓનું પ્રભુત્વ છે.*

*આમ, આપણો સમાજ પુરૂષ પ્રધાન છે. તેથી સામાન્ય રીતે નિર્ણય લેવાની સત્તા પુરૂષોના હાથમાં છે. પરંતુ તેમાં વર્તમાન સમયમાં જોતાં જાણવા મળે છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં વર્તમાન સમયમાં પુરૂષ પણ કુટુંબની સ્ત્રીઓને દરેક અધિકાર આપતો જોવા મળ્યો છે અને સ્ત્રી-પુરૂષ બંને સાથે નિર્ણય લેતા જોવા મળે છે. તેમાં સ્ત્રીઓના મતે જાણવા મળ્યું કે ઘર સભ્યો સાથે મળે ને સામૂહિક ચર્ચા દ્વારા દરેકના મત જાણીને નિર્ણય લે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ-૬
# બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક જીવન

## પ્રસ્તાવનાઃ

*પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરની બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જ્ઞાતિમાં લોકો વર્તમાન સમયમાં વિવિધ ક્ષેત્રમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે તેની પાછળનું કારણ છે શિક્ષણ. શિક્ષણ દ્વારા વ્યક્તિ ઘણા વિકાસ કરતાં જોવા મળે છે. શિક્ષણ ક્ષેત્ર દ્વારા જ્ઞાતિની સ્થિતિમાં પરિવર્તનની દિશા જોવા મળી છે. પરંતુ હજું પણ ઘણા પરિવારમાં શૈક્ષણિક વ્યવસાયિક અને સામાજિક પરિસ્થિતિ અત્યંત નિમ્ન કક્ષાની હોય તેમ કહી શકાય છે.*

*કોઈપણ વ્યક્તિની શૈક્ષણિક ઘડતરમાં તેનાં કુટુંબની સામાજિક-આર્થિક પરિસ્થિતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આની સાથે અભ્યાસ સાથે સંકળાયેલી બાબતો અને શૈક્ષણિક વાતાવરણની અસર પણ વ્યક્તિના ઘડતરમાં મહત્ત્વની છે. ઉત્તરદાતાઓની શૈક્ષણિક ઘડતરનો આધાર માત્ર શિક્ષણ પૂરતો મર્યાદિત ન રહેતા બીજી કેટલીક મહત્ત્વની બાબત જેવી કે ઉચ્ચશિક્ષણ માટે વિદેશનો નિર્ણય, શિક્ષણમાં અનામત નીતિ (શિષ્યવૃત્તિ)માં પડતી મુશ્કેલી, જ્ઞાતિમાં સ્ત્રીઓનું શિક્ષણ કેટલું, વિષય ઉપયોગિતા, ઉત્તરદાતામાં વાંચનનું પ્રમાણ વગેરે બાબતો ઉત્તરદાતાઓનો શૈક્ષણિક ગતિશીલતાની નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માટે પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ પાસેથી આ તમામ બાબતો અંગેની માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કર્યો છે.*

**બહારના સ્થળોએ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પુત્ર-પુત્રીને જવા દેશો**

**કોષ્ટક નં.૬.૧ પુત્ર કે પુત્રીને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અન્ય શહેરમાં જવા દેશો કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૮૮ | ૯૬ |
| ૨ | ના | ૧૨ | ૦૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં.૬.૧ પરથી જાણી શકાય છે કે પુત્ર અને પુત્રીને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અન્ય શહેર મોકલવામાં લગભગ ૨૮૮ એટલે ૯૬ ટકા ઉત્તરદાતાઓ સંમતિ બતાવી હતી. ફક્ત ૪ ટકા ઉત્તરદાતાઓએ જ આ બાબતમાં રૂઢિચુસ્ત જણાવ્યા હતા. આ કોષ્ટક પરથી જણાય છે કે પુત્ર અને પુત્રીને ઉચ્ચશિક્ષણ મેળવવા માટેના અભિગમોમાં પરિવર્તન આવતું જાય છે. અને તેથી કહી શકાય કે ઉત્તરદાતાઓના વિચારો પર શિક્ષણની પૂરેપૂરી અસર પડેલી જણાય છે. હવે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ રૂઢિચુસ્તતા અને સંકુચિત વિચારોથી મુક્ત થવા લાગ્યા છે.*

## અનામત નીતિને કારણે બાળકોને પડતી મુશ્કેલીની વિગત

**કોષ્ટક નં.૬.૨ ઉત્તરદાતાઓના બાળકોને અનામતનીતિને કારણે શિક્ષણમાં પડતી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવવા | ૧૪૨ | ૪૭.૩૩ |
| ૨ | નોકરી મેળવવામાં | ૧૫૪ | ૫૧.૩૩ |
| ૩ | અન્ય કારણ | ૦૪ | ૧.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૬.૨ પરથી જણાશે કે ૫૧.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓને તેમની જ્ઞાતિમાં અનામત નીતિના લીધે નોકરી મેળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. તેની સામે જ ૪૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેમના બાળકોને અનામત નીતિના કારણે ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવવા માટે ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ફક્ત ૧.૩૩ ટકા ઉત્તરદાતાઓમાં અન્ય કારણ જોવા મળે છે.*

*કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનું એક જ મત જોવા મળે છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં અનામત પ્રથા દૂર કરવી જોઈએ. દરેક ઉત્તરદાતાઓને કાં તો શિક્ષણ મેળવવા કાં તો નોકરી મેળવવા મુશ્કેલી અનુભવતા જોવા મળે છે. તેમાં અમુક ઉત્તરદાતાઓનું કહેવું છે કે અનામત દરેક જ્ઞાતિનું વાર્ષિક આવક પ્રમાણે આપવી જોઈએ.*

## ઉત્તરદાતાઓને સ્ત્રીવિષયક કાયદા-કાનૂન વિશે જ્ઞાન કેટલું?

**કોષ્ટક નં.૬.૩ ઉત્તરદાતાઓ સ્ત્રી-વિષયક કાયદા-કાનૂન વિશે કેટલું જાણે છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી-પુરૂષ સમાનતાનો કાનૂન | ૧૦૯ | ૧૬.૫૬ |
| ૨ | વિધવા-વિવાહનો કાયદો | ૧૧૩ | ૧૭.૧૭ |
| ૩ | બાળલગ્ન પ્રતિબંધક કાનૂન | ૨૯ | ૪.૪૦ |
| ૪ | મહિલા અનામત કાનૂન | ૬૫ | ૯.૮૭ |
| ૫ | છૂટાછેડાનો કાયદો | ૧૦૧ | ૧૫.૩૪ |
| ૬ | સ્વતંત્ર મતાધિકારનો કાનૂન | ૮૯ | ૧૩.૫૨ |
| ૭ | વ્યક્તિ સ્વાતંત્ર્યનો કાનૂન | ૩૯ | ૫.૯૨ |
| ૮ | સિવિલ મેરેજનો કાયદો | ૧૧૩ | ૧૭.૧૭ |
| | **કુલ** | **૬૫૮** | **૧૦૦** |

*કોષ્ટક નં.૬.૩ પરથી જોતાં ઉત્તરદાતાઓ સ્ત્રી-વિષયક કાયદા-કાનૂન વિશે જાણતા જોવા મળે છે કે તેમાં જોતાં જાણવા મળે છે કે શિક્ષણનું કાર્ય સમાજની નવી પેઢીની બૌદ્ધિક શક્તિનો વિકાસ કરવાનું છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ દ્વારા સ્ત્રી-વિષયક કાયદા કાનૂન વિશે જાણતા મધ્યમથી વધારે પ્રમાણમાં ઉત્તરદાતાઓમાં સૌથી ઓછા પ્રમાણનું જ્ઞાન બાળલગ્ન પ્રતિબંધક કાનૂન વિશે જાણવા મળ્યું છે. મોટાભાગના યુવાન ઉત્તરદાતાઓ શિક્ષણ હોવાથી તેઓમાં સ્ત્રી-વિષયક કાયદા-કાનૂન વિશે મધ્યમથી વધારે પ્રમાણનું જ્ઞાન હતું તે જોતાં જાણવા મળ્યું છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

*ઉપરની માહિતી પરથી જણાશે કે જેમ-જેમ સમય બદલાતો જાય છે. તેમ-તેમ બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં પોતે એક સ્ત્રી હોવાથી કાયદા-કાનૂન વિશેની પૂરતી એક જાગૃતિ આવતી જાય છે. તો સ્ત્રી હોવાથી તેના દરેક અધિકાર જાણતી જોવા મળે. આમ, કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્તરદાતાઓ શિક્ષિત હોવાથી શિક્ષણના પ્રસારે સ્વતંત્ર્ય, સમાનતા, વ્યક્તિવાદ, વિવેકીકરણ જેવી નવા વિચારો આત્મસાત કરવાની અનુકૂળતા સર્જીત જોવા મળે છે.*

**ઉત્તરદાતામાં વાંચનનું પ્રમાણ કેટલું અને કેવું?**

**કોષ્ટક નં.૬.૪ ઉત્તરદાતાઓ નવરાશના સમયમાં કયા કયા કાર્ય કરે છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કાયમ | ક્યારેક | કદી નહિ |
|---|---|---|---|---|
| ૧ | વર્તમાન પત્ર | ૨૦૭ | ૯૩ | ૦૦ |
| ૨ | જ્ઞાતિ અખબાર | ૭૯ | ૧૧૯ | ૧૦૨ |
| ૩ | ધર્મશાસ્ત્ર | ૧૧૯ | ૫૬ | ૧૨૫ |
| ૪ | ટીવી જુએ | ૨૫૯ | ૪૧ | ૦૦ |
| ૫ | ફિલ્મ જુએ | ૧૦૦ | ૧૩૫ | ૬૫ |

*કોષ્ટક નં.૬.૪ પરથી જોવા મળે છે કે ઉત્તરદાતાઓ નવરાશના સમયમાં સૌથી વધુ કાયમ ઉત્તરદાતાઓ વર્તમાનપત્રનું વાંચન તો કરે છે. તેઓ ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર, ડિ.એન.એ. જેવા વર્તમાન પત્રનું વાંચન કરે છે. તેમાં અમુક ઉત્તરદાતાઓનું કહેવું છે તેઓ ક્યારેક લોકલ છાપાઓનું પણ વાચન કરતાં જોવા મળે છે. ૧૧૯ ઉત્તરદાતાઓ જેઓ ક્યારેક ક્યારેક જ્ઞાતિ અખબારનું વાંચન કરે છે. જ્યારે ૭૯ ઉત્તરદાતાઓ કાયમ દર માસિક જ્ઞાતિ અખબારનું વાંચન કરતા હતાં તેઓ જ્ઞાતિમંડળના સભ્ય હોવાનું જાણવા પણ મળ્યું. ધર્મશાસ્ત્ર સૌથી વધુ ઉત્તરદાતાઓનું જાણવા મળ્યું કે તેઓ ધર્મશાસ્ત્ર કદી વાંચન નથી કરતાં જેઓ કહેવાવાળા ઉત્તરદાતાઓ ૨૦ થી ૩૫ વર્ષની વયના જોવા મળ્યા તેઓ શિક્ષણ ચાલુ હોવાથી અને અમુક સ્ત્રીને ઘરની જવાબદારી હોવાથી તેઓ કદી ધર્મશાસ્ત્રની પુસ્તકનું વાંચન નથી કરતાં જેમાં માધ્યમથી વધારે ઉત્તરદાતાઓ કાયમ તેનું વાંચન કરતાં જોવા મળે છે. જેઓની ૫૦ થી ૬૦ વર્ષની વય હોવાથી સંસારની જવાબદારીથી નિવૃત્ત હોવાથી તે ઉત્તરદાતાઓ કાયમ વાંચન કરે છે, તેઓ ભજન મંડળ, સ્વાધ્યાય, આનંદનો ગરબો, જેવા ધર્મશાસ્ત્રમાં સભ્ય પણ છે.*

*સૌથી વધુ પ્રમાણમાં ફુરસદના સમયમાં ઉત્તરદાતાઓ ટી.વી.જોવાનું વધુ પસંદ કરે છે. જેઓ ખાસ કરીને દૈનિક સમાચાર, ગીતો, ક્રાઈમ પેટ્રોલ, સાવધાન ઈન્ડિયા, દૈનિક પ્રોગ્રામ, ધાર્મિક સીરિયલો આ વધારે પડતું જોવા મળ્યું. ૧૩૫ ઉત્તરદાતાઓ ક્યારેક ફિલ્મ જોવાનું રાખે છે. જેઓને ઘરની જવાબદારી હોવાથી અને નોકરી કરતી હોવાથી ઉત્તરદાતાઓ ક્યારેક સમય મળે તો જ ફિલ્મ જુએ છે.*

*આમ, મોટાભાગના ઉત્તરદાતાઓ પોતાના ફુરસદના સમયને પૂરેપૂરો ઉપયોગ કરતા જોવા મળે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ૭
# બ્રાહ્મણ સ્ત્રીઓની વ્યાવસાયિક ગતિશીલતા

## પ્રસ્તાવના:

*ભૂતકાળના ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થામાં વ્યક્તિ જે જ્ઞાતિમાં જન્મ લેતી તે જ જ્ઞાતિનો વ્યવસાય તેને સ્વીકારવો પડતો હતો. પરંતુ વર્તમાનમાં આ વ્યવસ્થામાં બદલાવ આવી રહ્યો છે. અને હવે વ્યક્તિ પોતાની કુશળતા અને કૌશલ્યતાના આધારે પોતાના ગમતા વ્યવસાય અપનાવતી થઈ છે અને કોઈપણ વ્યવસાય એ વ્યક્તિના સમાજ વ્યવસ્થાના ઘડતરમાં ઉપયોગી બને છે અને તે વ્યવસાયથી વ્યક્તિનો જીવન નિર્વાહ ચાલે છે. માટે પ્રસ્તુત અભ્યાસના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ પાસેથી તેમની વ્યવસાય તપાસવામાં આવે છે.*

*બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓની વ્યવસાયિક ગતિશીલતા નક્કી કરવામાં રહેલી મુશ્કેલીઓ ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓના કિસ્સાઓમાં તેમના પિતા/પતિના શિક્ષણ અને વ્યવસાયને ધ્યાનમાં લેવામાં તેમજ તેઓના અભિપ્રાય મેળવ્યા બાદ જોતાં ઉત્તરદાતાના વ્યવસાયને જાણતા જોવા મળેલ છે કે તેઓનું વર્તમાન વ્યવસાયનું સ્વરૂપ, વ્યવસાયની પસંદગીના કારણો, ઉત્તરદાતાઓ સ્વ-આવકનો સ્વતંત્ર ઉપયોગ, ઉત્તરદાતાઓને નામે કોઈ મિલકત છે અને તેનો અધિકાર? ઉત્તરદાતા વિદેશયાત્રા કરેલ છે? ઉત્તરદાતાના કુટુંબમાં પુરૂષ સભ્યમાં પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) કરે છે. નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતા, કુટુંબમાં સ્ત્રીનું સ્થાન વગેરે જુદા જુદા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે.*

## ઉત્તરદાતાનું વર્તમાન સમયમાં વ્યવસાયનું સ્વરૂપ

*પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરમાં વસવાટ કરતાં બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં વ્યવસાયિક ગતિશીલતાને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ માટે જ્ઞાતિના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓ પાસેથી વર્તમાન વ્યવસાય જાણવું ખૂબ અગત્યની બાબત હતી. તેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.*

**કોષ્ટક નં.૭.૧ વર્તમાન સમયમાં ઉત્તરદાતઓના વ્યવસાયના સ્વરૂપની માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ઘરકામ | ૭૦ | ૨૩.૩૩ |
| ૨ | સરકારી નોકરી | ૬૩ | ૨૧ |
| ૩ | ખાનગી નોકરી | ૮૮ | ૨૯.૩૩ |
| ૪ | પોતાનો ધંધો | ૩૮ | ૧૨.૬૬ |
| ૫ | ગૃહઉદ્યોગ | ૨૩ | ૭.૬૬ |
| ૬ | અન્ય | ૧૮ | ૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૭.૧ પરથી જણાશે કે ૮૮ (૨૯.૩૩%) ઉત્તરદાતાઓ ખાનગી નોકરી કરતાં જોવા મળેલ છે જેઓ કોઈ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતાં, શિક્ષણ એજન્સી, સમાજસેવામાં વગેરે જેવી ખાનગી નોકરી કરતાં જોવા મળ્યાં. જ્યારે ૨૩.૩૩% ઉત્તરદાતાઓ ઘરકામ કરતાં જોવા મળે છે. જેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી તેમના ઘરની ખૂબ જ જવાબદારી હોવાથી ૨૧% ઉત્તરદાતાઓ સરકારી નોકરી કરતાં જોવા મળેલ છે. જેઓ શિક્ષક, નર્સ,*

*પ્રોફેસર, બેન્ક, ડૉક્ટર, પોલીસ ઓફિસરની નોકરી કરતાં જોવા મળેલ છે. ૧૨.૬૬% ઉત્તરદાતાઓ પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરતાં હતાં. ૭.૬૬% ઉત્તરદાતાઓ ગૃહઉદ્યોગ કરતાં હતાં. બ્યુટી પાર્લર, સિવણ, ખાખરા ઉદ્યોગ, ભરતકામ જેવા ગૃહઉદ્યોગ કરતાં જોવા મળ્યા હતાં. ૬ ટકા ઉત્તરદાતાઓ જેઓ અન્ય વ્યવસાય કરતાં હતાં જેઓ અભ્યાસ કરતાં પણ જોવા મળેલ હતાં. તેઓની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની જોવા મળતી હતી.*

*આમ ઉપરના કોષ્ટક પરથી જાણી શકાય છે કે પેઢી દર પેઢી બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓ વ્યવસાય પરિવર્તન જોવા મળ્યું. પહેલાના સમયમાં મોટાભાગના સ્ત્રીઓ ઘરકામ કરતાં જોવા મળ્યા હતાં. જ્યારે વર્તમાન સમયમાં મધ્યમથી વધારે ઉત્તરદાતાઓ સરકારી અને ખાનગી નોકરી કરતાં જોવા મળ્યા છે. જેમાં વ્યક્તિ પોતાની લાયકાત અને ક્ષમતા પ્રમાણે ઉત્તરદાતાઓનો વર્તમાન વ્યવસાય જોવા મળે છે તે પ્રમાણે જોતાં ઉદ્યોગીકરણ, શહેરીકરણ, આધુનિક મૂલ્યો જેવા પરિબળોના વિકાસ થતાં બ્રાહ્મણ જ્ઞાતિમાં પેઢી દર પેઢી સ્ત્રીઓનાં વર્તમાન વ્યવસાયમાં પરિવર્તન જોવા મળેલ છે.*

## ઉત્તરદાતાઓ સ્વ-આવકનો ઉપયોગ

**કોષ્ટક નં.૭.૨ ઉત્તરદાતાઓ તેમની આવકનો ઉપયોગ સ્વતંત્ર રીતે કરે છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૨૦ | ૭૬.૩૩ |
| ૨ | ના | ૭૧ | ૨૩.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૭.૨ પરથી જાણવા મળે છે કે ૭૬.૩૩% ઉત્તરદાતાઓ પોતાની આવકના સ્વતંત્ર રીતે ઉપયોગ કરતાં જોવા મળ્યાં છે. જેઓ મોટાભાગે સર્વિસ કરતાં જોવા મળે છે. તેઓ તેમાંથી આવક કુટુંબની પાછળ પણ વાપરતા જોવા મળે છે અને તેઓ પોતે સ્વતંત્ર રીતે પણ તેમની આવકનો ઉપયોગ કરતાં જોવા મળ્યા હતાં. ૨૩.૬૬% ઉત્તરદાતાઓ જેઓ તેમની આવકનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકતા નથી. તેઓનું કહેવું છે કે તેઓ બે-પેઢી સાથે રહેતી હોવાથી ઘરના વડીલ સભ્ય તે આવક લઈ લેતાં જોવા મળે છે.*

*આમ, ઉપરના કોષ્ટક પરથી આંકડાની માહિતી મુજબ જોઈ શકાય છે કે સમય બદલતાં બ્રાહ્મણ જ્ઞાતિમાં કુટુંબમાં પરિવર્તન જોવા મળે છે. પરંતુ સાથે સાથે સ્ત્રીઓ તેમની આવકનો સંપૂર્ણપણે ઉપયોગ કરી શકે છે.*

## ઉત્તરદાતાઓની મિલકતના અધિકારને લગતી માહિતીઃ

**કોષ્ટક નં.૭.૩ ઉત્તરદાતાઓના નામે કોઈ મિલકત છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૩૮ | ૪૬ |
| ૨ | ના | ૧૬૨ | ૫૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૭.૩ પરથી જાણવા મળ્યું છે કે ૫૪ ટકા ઉત્તરદાતાઓ પાસે તેમના નામે કોઈ મિલકત નથી. જેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી તેઓના પતિ-સસરાના નામે મિલકત જેવી કે ઘર, દુકાન, જમીન વગેરે જેવી*

ISBN-978-81-973071-5-7
First Edition

*મિલકત જોવા મળે છે. જ્યારે ૪૬ ટકા ઉત્તરદાતાઓના નામે મિલકત જોવા મળે છે તેમાં બે પેઢી સાથે રહેતા હોવાથી તેમાં સ્ત્રીઓના નામે અમુક ઉત્તરદાતાઓ પાસે તેમના નામે મિલકત જોવા મળે છે.*

## સ્ત્રીને જાતે નિર્ણય લેવાનો અધિકાર

**કોષ્ટક નં.૭.૪ સ્ત્રીને જાતે નિર્ણય લેવાનો અધિકાર તમારા કુટુંબમાં છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૨૦૨ | ૬૭.૩૩ |
| ૨ | ના | ૯૮ | ૩૨.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૭.૪ પરથી જાણવા મળે છે કે ૬૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેમને સ્વ-નિર્ણય લેવાનો પૂરેપૂરો અધિકાર છે. ૩૨.૬૬ ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓને હજું પણ પોતાનો નિર્ણય સ્વ-રીતે લેવાનો અધિકાર નથી. જેઓ સંયુક્ત કુટુંબમાં હોવાથી મોટાભાગની સ્ત્રીઓનો નિર્ણય પતિ-સસરા અને સાસુ જે નિર્ણય લે તે પ્રત્યે તેઓ માન આપે છે.*

*કોઈપણ સમાજની સામાજિક પરિસ્થિતિ સમજવાના વિવિધ માપદંડો માનો એક માપદંડ એ છે કે સમાજમાં સ્ત્રીનું સ્થાન અને સ્ત્રીના અધિકાર અથવા સ્ત્રીનો દરજ્જો કેવો છે. ૨૧મી સદીના પ્રારંભે જ્યારે સ્ત્રી-જાગૃતિ, સ્ત્રીઅધિકાર, સ્ત્રી સમાનતા, સ્ત્રી કેળવણી વગેરે પરિસ્થિતિઓના સંદર્ભમાં ભૂતકાળના સમયને જણાવ્યા પછી વર્તમાન સમયને જોતાં જાણવા મળે છે કે મધ્યમથી પણ વધારે પ્રમાણમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓને સામાજીક, કૌટુંબિક, આર્થિક દરેક નિર્ણય લેવાનો અધિકાર આપવામાં આવે છે.*

## કુટુંબમાં સ્ત્રીઓની ભૂમિકા

**કોષ્ટક નં.૭.૫ કુટુંબમાં સ્ત્રીએ શું કરવું જોઈએ? (ભૂમિકાના સંદર્ભમાં) સૂચનોનું વર્ગીકરણ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રીએ ખૂબ જ અભ્યાસ કરવો જોઈએ | ૫૨ | ૧૭.૩૪ |
| ૨ | સ્ત્રીએ ઘરકામ સિવાય અન્ય નોકરી પણ કરવી જોઈએ. | ૧૦૩ | ૩૪.૩૪ |
| ૩ | માતા,દિકરી અને પુત્રવધુ દરેક પોતાની જવાબદારી નિભાવી અને સરકારી બનવું | ૪૬ | ૧૫.૩૪ |
| ૪ | વડીલોનો આદરથી બોલાવવા | ૨૯ | ૯.૬૬ |
| ૫ | સ્ત્રીએ કારકિર્દી તરફ આગળ વધવું જોઈએ | ૭૦ | ૨૩.૩૪ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૭.૫ પરથી જણાશે કે સૌથી વધુ પ્રમાણમાં ૩૪.૩૪ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે બ્રાહ્મણ જ્ઞાતિને સ્ત્રીએ દિકરી, માતા કે પુત્રવધુ સ્ત્રી ત્રણેય ભૂમિકા ભજવે છે. તેના ભૂમિકા સંદર્ભને જોતાં સ્ત્રીએ ઘરકામ સિવાય અન્ય નોકરી પણ કરવી જોઈએ. જેઓ કૌટુંબિક જવાબદારી સંભાળવી અને નોકરી કરવી આ પ્રકારની બેવડી ભૂમિકા ભજવી જોઈએ. ૨૩.૩૪ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીએ કારકિર્દી તરફ આગળ વધવુ જોઈએ. તેઓનું કહેવું છે તેઓ કારકિર્દીમાં આગળ વધશે તો તેઓ તેમને જવાબદારી સંભાળશે પરંતુ કૌટુંબિક જવાબદારીને*

ISBN-978-81-973071-5-7
First Edition

*પણ સંભાળશે. ૧૭.૩૪ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીએ ખૂબ જ અભ્યાસ કરવો જોઈએ. તેવું કહેનાર ઉત્તરદાતાઓ મોટેભાગે શિક્ષિત અને એક પુત્રીના માતા હોવાનું જાણવા મળ્યા. ૧૫.૩૪ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે માતા, દિકરી અને પુત્રવધુ દરેક પોતાની જવાબદારી નિભાવી અને સંસ્કારી બનવું તેવું કહેવાવાળા ઉત્તરદાતાઓની વય જોતા જેઓ ૫૦ થી ૬૦ વર્ષના જોવા મળ્યાં. જેઓના ઘરમાં દિકરી, પુત્રવધુ હોવાથી તેઓનું આ કહેવું હતું. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ફક્ત ૯.૨૬ ટકા જ ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓ એ વડીલોનો આદર કરવો અને આદરથી બોલવા તેવું કહેનાર ઉત્તરદાતાઓ થોડા રૂઢિચુસ્તતાવાળા જોવા મળેલ છે.*

*આમ, ઉપરના આંકડાકીય માહિતી પરથી જોઈ શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્તરદાતાઓએ કુટુંબમાં સ્ત્રીઓ ભૂમિકાના સંદર્ભમાં શું કરવું જોઈએ તેમજ દરેક ઉત્તરદાતાઓએ તેમની વય મૂજબ જોતાં અલગ અલગ સૂચનો રજૂ કરેલ જોવા મળેલ છે. મોટાભાગના ઉત્તરદાતાઓનું કહેવું જોવા મળેલ છે કે સ્ત્રીએ બેવડી ભૂમિકા ભજવવી જોઈએ અને દરેક માતા, દિકરી કે પુત્રવધુએ કારકિર્દી તરફ આગળ વધવું જોઈએ તેવું કહ્યું છે. તેથી આવી આધુનિક ભૂમિકા આ સમુદાયની સ્ત્રીઓમાં કહેતાં જોવા મળે છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓને સામાજિક-શૈક્ષણિક વાતાવરણ મળે છે.*

## ઉત્તરદાતાની વિદેશયાત્રા

**કોષ્ટક નં.૭.૬ ઉત્તરદાતાએ વિદેશયાત્રા કરી છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૭૯ | ૫૯.૬૬ |
| ૨ | ના | ૧૨૧ | ૪૦.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*કોષ્ટક નં. ૭.૬ પરથી જાણવા મળે છે કે મોટાભાગના ૧૭૯ (૫૯.૬૬%) ઉત્તરદાતાઓ અને તેમના કુટુંબમાંથી કોઈ પરદેશ ગયેલ હોય તેવું જોતાં જાણવા મળેલ છે જેમાં કયા કારણથી પરદેશ ગયા તે જોતાં જણાવવા મળે છે કે ૫૫ ઉત્તરદાતાઓનું કારણ શિક્ષણના અર્થે જોવા મળેલ. જ્યારે ૮૯ ઉત્તરદાતાઓ નોકરી વ્યવસાયના અર્થે જાણવા મળે છે કે ફક્ત ૩૪ ઉત્તરદાતાઓ જેવો ફક્ત ફરવા માટેનું જ કારણ બતાવેલ છે જ્યારે અમુક ઉત્તરદાતાઓ જ પરદેશ ગયા હતાં. જ્યારે અમુક ઉત્તરદાતાઓના કુટુંબમાંથી પરદેશ ગયેલ જોવા મળેલ છે. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૨૧ (૪૦.૩૩) ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કેઓ કે તેઓના કુટુંબમાંથી હજું કોઈ પરદેશ ગયેલ જ નથી.*

*આમ, ઉત્તરદાતાઓ અને તેમના કુટુંબમાંથી પરદેશ ગયા છે તે કોષ્ટક પરથી જાણી શકાય કે કયા મહદ્અંશે ઉતાર-ચડાવ જોવા મળેલ છે. જોઈએ તેટલી ઉર્ધ્વગામી ગતિશીલતા જોવા મળે નથી કહી શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં હજું ક્યાંક અંશે પ્રાદેશિક ગતિશીલતા થયેલ જોવા મળી નથી. પરંતુ ભૂતકાળની પેઢીને જોતાં વર્તમાન પેઢીમાં ઉત્તરદાતાઓ અને તેના પરિવારમાંથી પરદેશ ગયેલ જોવા મળેલ છે. તેથી કહી શકાય કે પ્રાદેશિક ગતિશીલતાની શરૂઆત થઈ ગયેલ જોવા મળેલ છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

## પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા):

*આપણે પુરોહિતોની (જજમાની પદ્ધતિ) ની ઉત્પત્તિ વિશે ચર્ચા કરીએ. પહેલાના સમયમાં જ્ઞાતિ-વ્યવસ્થામાં જજમાની પદ્ધતિ જોવા મળતી હતી. જ્ઞાતિ વ્યવસ્થાનું ગામડામાં પહેલાના સમયમાં આ એક લક્ષણ હતું. તેને વિશે આપણે કોષ્ટકમાં જોઈશું તો પહેલા જજમાની પ્રથા શું છે તેના વિશે જાણીએ.*

*ગુજરાતી શબ્દકોશ પ્રમાણે યજમાન એટલે ગોર કે બ્રાહ્મણને દક્ષિણા આપી ધાર્મિક ક્રિયા કરાવનાર, અથવા આશ્રય આપનાર યજમાનવૃત્તિ એટલે યજમાનના દાનદક્ષિણા વડે આજીવિકા ચલાવતી તે. જજમાન શબ્દ સંસ્કૃતના યજમાનનો અર્થ 'યજ્ઞ કરવાવાળો' થાય છે. જજમાન શબ્દની વ્યાખ્યા વેબસ્ટર શબ્દકોશમાં આ પ્રમાણે આપવામાં આવી છે. "એક વ્યક્તિકે જેના દ્વારા એક બ્રાહ્મણને ધાર્મિક સેવાઓ કરવા માટે ભાડુતિ રાખવામાં આવે છે."*

*બ્રિટીશ અમલ દરમ્યાન ગામડામાં જજમાની પદ્ધતિ જોવા મળતી હતી. જજમાની વ્યવસ્થા પ્રમાણે દરેક જ્ઞાતિએ પોતાનો નક્કી કરેલો ધંધો કરતી અને અન્ય જ્ઞાતિને સેવા પૂરી પાડતી જ્ઞાતિ પ્રમાણે વ્યવસાયે તેમનો એક હથ્થું ઈજારો હતો. દરેક જ્ઞાતિના સભ્યો પોતપોતાનો વ્યવસાય કરતા હતા અને એકબીજાની આવશ્યકતાઓ પૂરી પાડતા હતાં.*

*શ્રી એન.અંશ.રેડ્ડી લખે છે કે "જજમાની કામનો અધિકાર સંપત્તિના કોઈ અન્ય ભાગની માફક જ હસ્તાન્તરિત થાય છે. તે પિતાથી પુત્રને વારસાગત મળે છે અને જ્યારે ભાઈ-ભાઈ જુદા જાય છે. તો બીજી સંપત્તિની માફક જજમાનો વહેથી લેવામાં આવે છે."*

*જજમાનો તેઓને દૂર કરી શકતા નથી કદાચ કોઈ જજમાન તેના બ્રાહ્મણને ગોરપદું કરવા ન બોલાવે તો બીજા બ્રાહ્મણ તેને ત્યાં આવશે નહિં. કદાચ કોઈ બ્રાહ્મણ તૈયાર થાય તો જ્ઞાતિપંચ તેને રોકશે.*

*તે પ્રમાણે બ્રાહ્મણ જ્ઞાતિનો પરંપરાગત વ્યવસાય જજમાની પ્રથા વર્તમાન સમયમાં કોણ કરે છે તે આંકડાઓ પરની માહિતી પ્રમાણે નીચે મુજબ છે.*

**કોષ્ટક નં.૭.૭ ઉત્તરદાતાના કુટુંબમાં પુરૂષ સભ્યમાંથી કોઈ પરંપરાગત વ્યવસાય (જજમાની) કરે છે કે નહીં તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૧૧ | ૩૭ |
| ૨ | ના | ૧૮૯ | ૬૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોષ્ટક નં.૭.૭ પરથી જણાશે કે ૬૩% ઉત્તરદાતાઓના કુટુંબમાં પુરૂષ સભ્યમાંથી કોઈ પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) કરતાં નહતાં જોવા મળ્યા. જ્યારે ફક્ત ૩૭% ઉત્તરદાતાઓના કુટુંબમાંથી પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) કરતાં જોવા મળે છે. જેમાંથી તેઓના પિતા, પતિ, ભાઈ કે સગાસંબંધીમાંથી કોઈ જજમાની પ્રથાનો વ્યવસાય કરતા જોવા મળ્યા. તેઓનું કહેવું છે કે બ્રાહ્મણના પરંપરાગત વ્યવસાય જ શ્રેષ્ઠ છે અને તેઓને તે જ કરવો જોઈએ.*

*આમ, કહી શકાય છે કે આધુનિક સમાજમાં આ વ્યવસાયની પ્રતિષ્ઠા લુપ્ત થતી જોવા મળે છે. ઉત્તરદાતાએ કહેવું છે કે યજમાની વૃત્તિનો વ્યવસાય બીજી નોકરી અથવા ધંધાની સરખામણીમાં નીચો ગણાવ્યો છે. તેઓનું મંતવ્ય*

ISBN-978-81-973071-5-7
First Edition

હતું કે અત્યારે ગોરને મહારાજ કહીને બોલાવે છે. કેટલીક વખત બેસવા માટે મહારાજને પાટલો લાવવાનું કહેવામાં આવે છે. આમ, ઉપર કોષ્ટક પરથી આંકડાકીય માહિતી દ્વારા જોઈ શકાય છે કે પરંપરાગત વ્યવસાય છોડીને પ્રતિષ્ઠા અને વધુ પગાર મળે તેવા વ્યવસાયને અપનાવે તો ઉભી ગતિશીલતા ગણાય. આ વ્યવસાયમાં એક પેઢી જતાં વ્યવસાય કરનારની સંખ્યા ઓછી થવા માંડી ત્યારે તેની સરખામણીમાં તેમના કોઈ પુત્ર આ વ્યવસાય કરવાની ઈચ્છા રાખતાં નથી. યુવાન વર્ગનું કહેવું છે કે આ પરંપરાગત વ્યવસાય કરવાથી કોઈ છોકરીઓ તેમની સાથે લગ્ન કરવા માંગતી નથી. આથી તેઓ પિતાના જજમાનવૃત્તિનો વ્યવસાય સ્વીકારતા નથી.

એમ.એન.શ્રીનિવાસ મંદિરના પૂજારીના દરજ્જા વિશે સુંદર અને સચોટ દ્દષ્ટાંત તેમણે કરેલા રામપૂરાના અભ્યાસમાં આપે છે કે સામાન્ય રીતે કહી એ તો ઉચ્ચ જ્ઞાતિઓ પૈસે ટકે પણ ઉચ્ચ હોય છે. અને નીચલી જ્ઞાતિઓની ગણના ગરીબોમાં થાય છે. પરંતુ જ્ઞાતિઓની શ્રેણીને મુખ્યત્વે આર્થિક અથવા રાજકીય ધોરણે ગોઠવવામાં આવે તો તેનાથી એવી રચના વિશે કે જે ધાર્મિક ધોરણે કરેલી રચના કરતાં કંઈક જુદી હશે એક જ્ઞાતિનો ધાર્મિક દરજ્જો અને તેનો આર્થિક અથવા રાજકીય દરજ્જો એ બંને વચ્ચેની અસમાનતા ઘણી મોટી હોય છે.

## ઉત્તરદાતાઓ સ્ત્રીના અધિકારોથી સંમત છે તેને લગતી માહિતી

**કોષ્ટક નં.૭.૮ ઉત્તરદાતાઓ સ્ત્રીના અધિકારોથી સંમત છે તેને લગતી માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | સંમત | અસંમત | આંશિક અંસમત |
|---|---|---|---|---|
| ૧ | પતિની દરેક વાત માનવીએ પત્નીનો ધર્મ છે. | ૯૬ | ૧૫૬ | ૪૮ |
| ૨ | પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે. | ૭૭ | ૧૮૬ | ૩૭ |
| ૩ | સ્ત્રીએ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે. | ૯૯ | ૧૨૧ | ૮૦ |
| ૪ | રસોઈ, ઘરકામ, બાળકોની સારસંભાળએ પત્નીના કામો છે. | ૯૬ | ૧૩૬ | ૬૮ |
| ૫ | તમારી કમાણી પર તમારો અધિકાર છે. | ૧૪૫ | ૮૮ | ૯૭ |
| ૬ | પત્નીની કમાણી પર તેના પતિ અને કુટુંબીજનોનો વધુ હક છે. | ૯૧ | ૧૨૩ | ૮૬ |
| ૭ | પુત્રીને દહેજ આપવું જોઈએ | - | ૨૯૩ | ૦૭ |
| ૮ | પુરૂષ કરતાં સ્ત્રીમાં જન્મથી જ બુદ્ધિ ઓછી હોય છે. | - | ૨૯૦ | ૧૦ |
| ૯ | મિલકત તો પતિના નામે જ હોય છે. | - | ૨૨૨ | ૧૭૮ |
| ૧૦ | કુટુંબમાં સ્ત્રી કમાતી હોય છતાં વડા પુરૂષો જ હોય | ૧૮૦ | ૧૨૮ | ૫૫ |

ઉપરોક્ત કોષ્ટક નં.૭.૮ પરથી જોઈ શકાય છે કે ઉત્તરદાતાઓ સ્ત્રીના અધિકારોથી સંમત છે તે જોતાં દરેક ઉત્તરદાતાએ અલગ અલગ પોતાનો મંતવ્યો રજૂ કરલે હતા જે નીચે મુજબ છે.

**૧. 'પતિની દરેક વાત માનવીએ પત્નીનો ધર્મ છે.'**

આ વિધાન પરથી જોઈ શકાય છે કે અભ્યાસમાં સમાવિષ્ટ સૌથી વધુ ૧૫૬ ઉત્તરદાતાઓનું કહેવું છે કે આ આ વિધાન પર ઉત્તરદાતાઓ અસંમત જોવા મળે છે. આ વિધાન કહેનાર ઉત્તરદાતાઓ પરથી જાણવા મળ્યું કે જેમ સમાજમાં પુરૂષનું સ્થાન છે તે સ્ત્રીનું પણ સ્થાન એક મોભો હોવો જરૂરી છે. આ કહેનારની વય આશરે ૨૫ થી ૪૦ વર્ષ સુધીના ઉત્તરદાતાઓ છે. આ વિધાન પર અસંમત જોવા મળેલ સૌથી ઓછા પ્રમાણમાં ૪૮ ઉત્તરદાતાઓ

*આંશિક સંમત દર્શાવિતા જોવા મળે છે. તેઓની વય જોતાં તેઓ ૫૦ થી ૫૬ વર્ષની અંદરના હતાં. તેથી તેઓનું કહેવું છે પતિની દરેક વાત માનવી એ પત્નીનો ધર્મ અને અધિકાર છે.*

**૨. 'પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું છે.'**

*આ વિધાન પરથી જોઈ શકાય છે કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ ૧૮૬ ટકા ઉત્તરદાતાઓ આ વિધાનથી અસંમત જોવા મળે છે તેઓનું કહેવું છે કે આપણો સમાજ એક પુરૂષ પ્રધાન છે. એ વાત સાચી છે. પરંતુ પતિનું સ્થાન પત્ની કરતાં ચડિયાતું હોવું એ જરૂરી નથી. આપણા સમાજમાં સ્ત્રીનું સ્થાન અને સ્ત્રીનો દરજ્જો જોતાં ૨૧ મી સદીના પ્રારંભમાં સ્ત્રી સમાનતા સ્ત્રી જાગૃતિ હોવો જ જોઈએ. જ્યારે હજુ જોઈએ મહ્દઅંશે હજું સ્ત્રી-પુરૂષની સમાનતા જોવા મળેલ નથી. ૩૭ ઉત્તરદાતાઓ આ વિધાન પર આંશિક સંમતિ દર્શાવિતા જોવા મળેલ છે. જેમાં રૂઢિચુસ્તતાનું અપનાવતાં જોવા મળેલ હતાં.*

**૩. 'સ્ત્રીએ ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે.'**

*આ વિધાનને જોતાં કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૧૨૧ ઉત્તરદાતાઓનું કહેવું છે કે આ વિધાન પર તેઓ અસંમત જોવા મળેલ છે. તેઓનું કહેવું છે કે સ્ત્રીએ પોતાનો વ્યક્તિગત વિકાસ સાધવો જોઈએ અને ખૂબ જ અભ્યાસ કરે કારકિર્દી આગળ વધવું જોઈએ. જેથી સ્ત્રીએ ત્યાગ અને સહનશીલતા જેવું વિધાન પોતાની જીવનકાળ દરમ્યાન જોવા જ ન મળે. ૮૦ ઉત્તરદાતાઓનું કહેવું છે કે આ વિધાન માટે તેઓ આંશિક સંમત થયેલ જોવા મળેલ છે. જેઓ આવું કહેનાર સંયુક્ત કુટુંબને રૂઢિચુસ્તતાવાળું જીવન જીવતાં જોવા મળેલ હતાં. તેથી કહી શકાય કે રૂઢિચુસ્તતા વિચારોમાંથી થયેલ જોવા મળેલ હતાં.*

**૪. 'રસોઈ, ઘરકામ, બાળકોની સારસંભાળએ પત્નીના કામો છે.'**

*આ વિધાન પર ઉત્તરદાતાઓએ સૌથી વધુ પ્રમાણમાં અસંમત થયેલ જોવા મળે છે. અસંમત થયેલ ઉત્તરદાતાઓનું કહેવું છે કે ગમે તેવી પરિસ્થિતિ હોય છતાં પણ સ્ત્રીઓ પોતાના દરેક કામ પૂર્ણ કરતી જોવા મળતી હોય છે આ કામ પોતે બંધાયેલી નથી. ૬૮ ઉત્તરદાતાઓનું કહેવું છે કે રસોઈ ઘરકામ, બાળકોની સારસંભાળ એ પત્નીના કામો છે તેઓનું વય જોતાં તેઓ ૫૫ થી ૬૦ વર્ષના હોવાનું જાણવા મળ્યું અને તેઓ કહે છે કે પુરૂષ આ કામ ન કરે પુરૂષનું કામ કમાઈને ઘરે પૈસા આપવાનું છે. અને સ્ત્રીનું કામ ઘરની દેખરેખ અને બાળકોને સારસંભાળ કરવાનું છે.*

**૫. 'તમારી કમાણી પર તમારો અધિકાર છે.'**

*૧૪૫ ઉત્તરદાતાઓનું કહેવું છે કે આ વિધાન સાથે અમે સંમત છીએ. તેઓની તેમની કમાણી પર પૂરેપૂરો અધિકાર જોવા મળ્યો અને તેઓ છૂટથી પૈસાનો વપરાશ પોતાની પાછળ કરતાં જોવા મળ્યા જ્યારે ૬૭ ઉત્તરદાતાઓનું આંશિક સંમત દર્શાવિતાં જોવા મળેલ છે.*

**૬. 'પત્નીની કમાણી પર તેના પતિ અને કુટુંબીજનોનો વધુ હક છે.'**

*આ વિધાન સાથે ૧૨૩ ઉત્તરદાતાઓ અસંમત છે તેઓનું કહેવું છે કે તેમની કમાણી પર તેમનો હક પહેલાં છે અને બધા જ કુટુંબીજનો માટે સમાન હક અને બધા જ અધિકાર સમાન હોવા જોઈએ. ૮૬ ઉત્તરદાતાઓ આ વિધાન સાથે આંશિક રીતે સંમત જોવા મળ્યા છે. જેઓનું કહેવું હતું કે પત્નીની કમાણી પર કુટુંબીજનો અને પતિનો વધુ હક હોવા જોઈએ. આ વિધાન કહેનાર ઉત્તરદાતાઓ ગામડાથી સ્થળાંતર કરીને શહેરમાં વસવાટ કરીને થોડા સમય જ થયો હોવાથી આ વિધાન સાચી આંશિક સંમત દાખવતો જોવા મળ્યો છે.*

**૭. 'પુત્રીને દહેજ આપવું જોઇએ'**

*આ વિધાન સાથે સૌથી વધુ પ્રમાણમાં ૨૯૩ ઉત્તરદાતાઓનાં અંસમત જોવા મળે છે જ્યારે ફક્ત ૭ ઉત્તરદાતાઓ એ આંશિક સમંત દર્શાવતા જોવા મળે છે. જેઓ ઉત્તરદાતાઓ રૂઢિચુસ્ત જણાયા હતાં. આ કોષ્ટક પરરથી જણાય છે કે ઉત્તરદાતાઓના વિચારો પર શિક્ષણની પૂરેપૂરી અસર પડેલી જણાઇ હતી. હવે લોકો રૂઢિચુસ્તતા અને સંકુચિત વિચારોથી મુક્ત થવા લાગ્યા છે. દહેજ પ્રથાના કુરિવાજોનેથી ઉત્તરદાતાઓ દૂર થવા લાગ્યા છે.*

**૮. 'પુરૂષ કરતાં સ્ત્રીમાં જન્મથી જ બુદ્ધિ ઓછી હોય છે.'**

*આ વિધાન સાથે ૨૯૦ ઉત્તરદાતાઓનું અસંમત થયેલ જોવા મળેલ છે. ૧૦ ઉત્તરદાતાઓ આંશિક સંમત થયેલ જોવા મળેલ છે. અસંમત ઉત્તરદાતાઓનું કહેવું છે કે આ એક ભૂતકાળની કહેવત છે જે હજું લોકો અપનાવતા જોવા મળે છે. શિક્ષણનું પ્રમાણ વર્તમાન સમયમાં સ્ત્રીઓમાં વધુ હોવાથી આ એક વડીલોની કહેવત ગણના આપે છે.*

*તેથી કહી શકાય કે જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. તેમાં વર્તમાન સમયમાં આજે પુરૂષની સાથે દરેક વ્યવસાયમાં સ્ત્રી જોડાતી જોવા મળે છે.*

**૯. 'મિલકત તો પતિના નામે જ હોય છે.'**

*આ વિધાન સાથે ૨૨૨ ઉત્તરદાતાઓનું કહેવું છે કે તેઓ અંસમત જોવા મળે છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં અગાઉ કોષ્ટક પરથી જાણ્યું કે સમય બદલાતાં મોટાભાગના ઉત્તરદાતાઓ (સ્ત્રીઓ) પાસે તેમના નામે મિલકત જોવા મળે છે. ૧૭૮ ઉત્તરદાતાઓ આ વિધાન સાથે અસંમતનું પ્રમાણ વધુ જોવા મળે છે.*

**૧૦. 'કુટુંબમાં સ્ત્રી કમાતી હોય છતાં વડા પુરૂષો જ હોય'**

*આ વિધાન સાથે સૌથી વધુ ૧૮૦ ઉત્તરદાતાઓ સંમત જોવા મળે છે. ૫૫ ઉત્તરદાતાઓ આ વિધાન સાથે આંશિક સંમત જોવા મળેલ છે. તેથી જોઈ શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં અમુક અંશે હજુ પણ સ્ત્રી કમાતી હોવા છતાં ઘરના વડા પુરૂષ જ છે. ભારતીય સમાજ એ પુરુષ પ્રધાન સમાજ છે.*

*આમ, ઉપર મુજબ ૧૦ સૂચનો પરથી ૨૪૪ થી ૮૧.૩૩ ટકા ઉત્તરદાતાઓ સ્ત્રીના અધિકારોથી સંમત નથી. જ્યારે ૫૬ એટલે કે ૧૮.૬૬% ઉત્તરદાતાઓ જ સ્ત્રીના અધિકારોથી સંમત જોવા મળે છે.*

*તેથી કહી શકાય કે આંકડાકીય માહિતી પરથી કે જેમ જેમ શિક્ષણ અને કાયદાનું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ આ કુરિવાજથી દૂર થતાં જોવા મળેલ છે. કોષ્ટક પરથી જણાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓમાં શિક્ષણ અને નોકરી માટેના અભિગમોમાં ખૂબ જ પરિવર્તન આવતું જણાય છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

**નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો કે ઘટાડોઃ**

**કોષ્ટક નં.૭.૯ નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો થયો છે તે માટે ઉત્તરદાતાના સૂચનોનું વર્ગીકરણ**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હજુ અમુક કુટુંબમાં જ મહત્તઅંશે થયેલો જોવા મળે છે. | ૫૮ | ૧૯.૩૩ |
| ૨ | પોતાના ધંધામાં જ્ઞાતિના લોકોને નોકરીએ રાખવા જોઈએ જેથી નવા વ્યવસાયના લીધે ગતિશીલતામાં વધારો થયો. | ૪૭ | ૧૫.૬૬ |
| ૩ | હજું ટેકનીકલ શિક્ષણ લેવું જોઈએ જેથી હજું નવો વ્યવસાય જ્ઞાતિમાં વિકાસમાં વધારે થતો જોવા મળે છે. | ૪૯ | ૧૬.૩૩ |
| ૪ | ના | ૪૪ | ૧૪.૬૬ |
| ૫ | હા | ૮૪ | ૨૮ |
| ૬ | કોઈ સૂચન જણાવેલ નથી. | ૧૮ | ૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓએ નવા વ્યવસાય ગતિશીલતા લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો થયો છે તે અંગે એક ખુલ્લો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ અંગે ઉત્તરદાતાઓએ આપેલ અગત્ય સૂચન કોષ્ટક નં.૬.૯માં દર્શાવવામાં આવ્યા છે. પ્રસ્તુત કોષ્ટકની વિગત જોતાં જણાય છે કે ૨૮ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે હા નવા વ્યવસાયના લીધે જ્ઞાતિમાં ગતિશીલતા જોવા મળે છે. ૧૯.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે હજું અમુક કુટુંબમાં જ મહત્ત અંશે થયેલ જોવા મળેલ છે. ૧૫.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે પોતાના ધંધામાં જ્ઞાતિના લોકોને નોકરી એ રાખવા જોઈએ. જેથી નવા વ્યવસાયના લીધે જ્ઞાતિને ગતિશીલતામાં વધારો થયો. ૧૬.૩૩ ટકા ઉત્તરદાતાઓ હજુ ટેકનીકલ શિક્ષણ લેવું જોઈએ જેથી હજું નવો વ્યવસાય થાય જ્ઞાતિમાં વિકાસમાં વધારો થતો જોવા મળે છે. ૧૪.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે ના હજુ સુધી નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો થયો નથી. ૬ ટકા ઉત્તરદાતાઓ આ વિધાન પર કાંઈ સૂચન જણાવેલ નથી. એકંદરે જોતા એવું લાગે છે કે આ જ્ઞાતિના લોકો વ્યવસાયિક પ્રગતિ માટે બહુજન સમાજમાં જે તક અને વલણ છે તેને અનુરૂપ થવું જોઈએ એવો અભિપ્રાય ધરાવે છે.

તેથી કહી શકાય કે પહેલાના સમયમાં જ્ઞાતિ પ્રમાણે વ્યવસાય હતા. પરંતુ ઉદ્યોગીકરણ, શહેરીકરણ, આધુનિક મૂલ્યો જેવા પરિબળોનો વિકાસ થતાં નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો અને પરિવર્તન આવવા લાગ્યા છે. અને બ્રાહ્મણ સમાજમાં ગામડાથી સ્થળાંતર કરીને શહેરોમાં વ્યક્તિ પોતાની લાયકાત તથા ક્ષમતા અનુસાર પોતાને મનગમતા નવા વ્યવસાયમાં પ્રવેશે છે. નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો થયેલ છે. અને પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) મહ્દઅંશે લુપ્ત થતી જોવા મળે છે.

ISBN-978-81-973071-5-7
First Edition

## ઉત્તરદાતાની જ્ઞાતિમાં સ્ત્રીઓમાં કયા કયા ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું

**કોષ્ટક નં.૭.૧૦ ઉત્તરદાતાની જ્ઞાતિમાં સ્ત્રીઓમાં કયા કયા ક્ષેત્રમાં પરિવર્તન થયેલું જણાય તે અંગે સૂચનોનું વર્ગીકરણ**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ખાસ કરીને શૈક્ષણિક અને વ્યવસાય ક્ષેત્ર ખૂબ જ પરિવર્તન થયેલ છે. | ૯૬ | ૩૨ |
| ૨ | બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓ કારકિર્દીના દરેક ક્ષેત્રમાં આગળ જાગૃત થયેલી જોઈ શકાય છે. | ૭૮ | ૨૬ |
| ૩ | કુટુંબના વ્યવહારિક કાર્ય અને સામાજિક કાર્ય આર્થિક ક્ષેત્ર પરિવર્તન જોવા મળે છે. | ૬૨ | ૨૦.૬૬ |
| ૪ | કુરિવાજો જેવા કે બાળલગ્ન સ્વતંત્ર અધિકાર વિધવા વિવાહ વગેરે ક્ષેત્ર | ૨૨ | ૭.૩૩ |
| ૫ | હજું જોઈએ એટલું પરિવર્તન થયેલ નથી. | ૧૪ | ૪.૬૬ |
| ૬ | પહેલાની દષ્ટિએ જોવા જોઈએ એના કરતાં ઘણું પરિવર્તન દરેક ક્ષેત્ર થયેલું છે. | ૨૮ | ૯.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓની જ્ઞાતિમાં સ્ત્રીઓમાં કયા ક્ષેત્રમાં પરિવર્તન થયેલું જણાય છે તે અંગે એક ખુલ્લો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ અંગે ઉત્તરદાતાઓએ આપેલ અગત્યના સૂચનો આ કોષ્ટકમાં દર્શાવેલ છે.

પ્રસ્તુત કોષ્ટકની વિગત જોતાં જણાય છે કે ૩૨ ટકા ઉત્તરદાતાઓ કહેવું જોવા મળે છે કે ખાસ કરીને શૈક્ષણિક અને વ્યવસાય ક્ષેત્રે ખૂબ જ પરિવર્તન થયેલ છે. ૨૬ ટકા ઉત્તરદાતાઓ બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓ કારકિર્દીના દરેક ક્ષેત્રમાં આગળ જાગૃત થયેલી જોઈ શકાય છે તેવું કહેતા જોવા મળે છે. ૨૦.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે કુટુંબનાં વ્યવહારિક કાર્ય અને સામાજિક કાર્ય, આર્થિક ક્ષેત્ર પરિવર્તન જોવા મળે છે. ૯ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે પહેલાની દષ્ટિએ જોવા જોઈએ એના કરતાં ઘણું પરિવર્તન દરેક ક્ષેત્રે થયેલું છે. ૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે કુરિવાજો જેવા કે બાળલગ્ન, સ્વતંત્ર અધિકાર, વિધવાવિવાહ વગેરે ક્ષેત્રે પરિવર્તન થયેલ જોવા મળેલ છે. જ્યારે ફક્ત ૪ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે હજું જોઈએ એટલું પરિવર્તન થયેલ નથી.

ઉપરના સૂચનો પરથી કહી શકાય કે કુલ ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી મોટાભાગના ઉત્તરદાતાઓનું કહેવું છે કે શૈક્ષણિક અને વ્યવસાય ક્ષેત્ર આજે બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ કારકિર્દીમાં ખૂબ જ આગળ જોવા મળે છે તેઓનું કહેવું છે કે ઉચ્ચ શિક્ષિત સ્ત્રીઓ જેમણે વ્યાવસાયિક તક મેળવીને વ્યક્તિગત વિકાસ સાધઅયો છે. જેઓ કૌટુંબિક જવાબદારી સંભાળવી અને સાથે સાથે દરેક ભૂમિકાના ક્ષેત્રમાં સમાનતા જાળવી રાખે છે. આવી આધુનિક ભૂમિકાઓ આ સમુદાયની સ્ત્રીઓમાં જોવા મળે છે.

આમ, સામાજિક અને શૈક્ષણિક વાતાવરણમાં ફેરફાર થયેલ જોવા મળ્યો છે.

## ઉત્તરદાતાના કુટુંબમાં સ્ત્રીનું સ્થાન

**કોષ્ટક નં.૭.૧૧ સ્ત્રીના સ્થાન અંગે કઈ કહેવું છે તે અંગેના સૂચનો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | સ્ત્રીને સ્ત્રીના દરેક અધિકાર મળવા જોઈએ. | ૪૩ | ૧૪.૩૩ |
| ૨ | સ્ત્રીને પુરૂષને જેમ સમાજમાં સમાન માન મળવું જોઈએ. | ૩૭ | ૧૨.૩૩ |
| ૩ | આપણો સમાજ સુધરે છે પણ ઘણા ઘરોમાં સ્ત્રીઓનું સ્થાન હજું એક સરખું નથી. | ૫૭ | ૧૯ |
| ૪ | સ્ત્રીએ અન્યાય સહન ન કરવો જોઈએ સત્યનો સાથ આપવો જોઈએ. | ૨૬ | ૯.૬૬ |

ISBN-978-81-973071-5-7
First Edition

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૫ | સ્ત્રીએ પુરૂષ સમોવડી બનવાની જરૂર નથી તે સદીઓથી પુરૂષ કરતાં દરેક વાતમાં આગળ છે. | ૮૨ | ૭.૩૩ |
| ૬ | સ્ત્રી એક શક્તિ છે તેથી સ્ત્રી હોવાથી મને ગર્વ છે. | ૬૪ | ૨૧.૩૩ |
| ૭ | આપણો સમાજમાં સ્ત્રીને ખરાબ નજરથી અને ગેરમાન્યતાથી જોવામાં આવે છે. | ૧૩ | ૪.૩૩ |
| ૮ | સ્ત્રી પોતે પોતાનું વર્તન વ્યવહાર અને ચારિત્ર્ય સારું રાખવું. | ૧૩ | ૪.૩૩ |
| ૯ | અમુક અંશે હજુ પરિવર્તન જરૂરી છે. | ૧૬ | ૪.૩૩ |
| ૧૦ | જણાવ્યું નથી. | ૦૯ | ૫.૩૩ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓએ સ્ત્રીના સ્થાન અંગે કઈ કહેવું છે. એક ખુલ્લો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ અંગે ઉત્તરદાતાઓએ આપેલ અગત્ય સૂચનો આ કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યા છે.

કોઈપણ સમાજની સામાજિક પરિસ્થિતિ સમજવાના વિવિધ માપદંડોનો એક માપદંડ એ છે કે તે સમાજમાં સ્ત્રીનું સ્થાન અથવા સ્ત્રીનો દરજ્જો કેવો છે. ૨૧મી સદીના પ્રારંભે જ્યારે સ્ત્રી જાગૃતિ, સ્ત્રી સમાનતા, સ્ત્રી કેળવણી, સ્ત્રીઓની રાજકીય ભાગીદારી વગેરે પરિસ્થિતિઓના સંદર્ભમાં બે પેઢીમાં સ્ત્રીનું સ્થાન કેવું છે, જ્ઞાતિની પરંપરા, સામાજિક રીવાજો, શિક્ષણ વગેરે સ્ત્રીઓના સ્થાનને કેવી રીતે અસર પહોંચાડે છે તે તપાસવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓમાં ૨૧.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રી એક શક્તિ છે. તેથી સ્ત્રી હોવાથી મને ગર્વ છે તેવું કહેતા જોવા મળેલ છે. ૧૯ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે. આપણો સમાજ સુધરે છે પણ ઘણાં ઘરોમાં સ્ત્રીઓનું સ્થાન હજું એક સરખું નથી થયું. તે કહેતાં ઉત્તરદાતા એ સ્ત્રીના સ્થાન વિશે એ પંક્તિ કરેલ છે.

यंत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता
यत्र दतास्तृ न पूज्यनां तत्र
सर्वत्राफला किया ॥

૧૪.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીને સ્ત્રીના દરેક અધિકાર મળવા જોઈએ. ૧૨.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીને પુરૂષની જેમ સમાજમાં સમાન માન મળવું જોઈએ. ૯.૬૬ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીએ અન્યાય સહન ન કરવો જોઈએ. સત્યનો સાથ આપવો. ૭.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રીએ પુરૂષ સમોવડી બનાવવાની જરૂરી નથી. તે સદીઓથી પુરૂષ કરતાં દરેક વાતમાં આગળ છે. ૫.૩૩ ટકા ઉત્તરદાતાઓનું કહેવું છે. અમુક અંશે હજું પરિવર્તન જરૂરી છે ૪.૩૩ ટકા ઉત્તરદાતાઓનું વર્તન/ચારિત્ર્ય સારું રાખવું. ૩૨ ટકા ઉત્તરદાતાઓએ સ્ત્રીના સ્થાન અંગે કંઈ જ જણાવેલ નથી.

આમ, ઉપર માહિતી પરથી જાણી શકાય છે કે ઉચ્ચ શિક્ષિત સ્ત્રી જેમણે વ્યવસાયિક તક મેળવીને વ્યક્તિગત વિકાસ સાધ્યો છે. તેમ છતાં કહી શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં સમાજનો વિકાસ થયો છે પણ હજું સ્ત્રીઓ પ્રત્યે જોઈએ તેટલો વિકાસ થયેલ જોવા મળ્યો નથી. સમાજ આગળ વધતો જાય છે. પણ મહદ્અંશે સ્ત્રીઓ જોઈએ તેટલો

ISBN-978-81-973071-5-7
First Edition

*સુધારણા મળેલ નથી. ક્યાંક અંશે સ્ત્રીઓના શિક્ષણ વ્યવહાર, સામાજિક, આર્થિક, વ્યવસાયિક ક્ષેત્રે અભિગમોમાં મધ્યમથી વધારે પરિવર્તન આવતું જણાય છે.*

## ઉત્તરદાતાઓ કોઈ ક્લબ કે કીર્ટી પાર્ટીમાં જાય છે?

**કોષ્ટક નં.૭.૧૨ ઉત્તરદાતાઓ કોઈ કલબ કે કીર્ટી પાર્ટીના સભ્ય છે તે અંગેની માહિતી**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | હા | ૧૮૧ | ૬૦.૩૩ |
| ૨ | ના | ૧૧૯ | ૩૯.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા નં. ૭.૧૨ પરથી જાણવા મળે છે કે ૧૮૧ (૬૦.૩૩ ટકા) ઉત્તરદાતાઓ કલબ કે કીટી પાર્ટીના સભ્ય જોવા મળે છે. જેઓની આર્થિક પરિસ્થિતિ જોતા ખૂબ જ સારી જોવા મળે છે. જેઓ ઉત્તરદાતાઓતો કલબ અને કીટી પાર્ટીના સભ્ય હતાં જેઓ પરણિત હતાં. પરંતુ તેમાંથી અમુક ઉત્તરદાતાઓનું કહેવું છે મારી સાસુ પણ આજ પાર્ટીના સભ્ય છે. ૧૧૯ (૩૯.૬૬ ટકા) ઉત્તરદાતાઓ જેવો કોઈ જ કલબ કે કીટી પાર્ટીના સભ્ય નથી તેઓ સંયુક્ત હોવાથી ઘરકામની જવાબદારીઓ તેમના પર હોવાથી તેવો પાસે કલબ કે કીટી પાર્ટીના સભ્ય થવાનો સમય નથી.*

*આમ, ઉપરની માહિતી પરથી જોઈ શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિની આર્થિક પરિસ્થિતિ પહેલા કરતાં વર્તમાન સમય થોડી સારી જોવા મળે છે તેઓ શિક્ષિત જોવા મળેલ હતાં. આમ કહી શકાય કે ઉત્તરદાતાઓ ફક્ત ચાર દિવાલની અંદર જ નહીં પરંતુ ધીમે ધીમે સમાજમાં કઈ સ્થાન ધરાવતાં જોવા મળે છે. જ્યારે અમુક ઉત્તરદાતાઓ હજું આ વસ્તુ સુધી પહોંચ્યા નથી.*

## ઉત્તરદાતાઓના વ્યસનને લગતી માહિતી

**કોષ્ટક નં.૭.૧૩ ઉત્તરદાતાઓના વ્યસનને લગતી માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | કુલ | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ચા-કૉફી | ૧૩૪ | ૪૪.૬૬ |
| ૨ | સિગારેટ | ૨ | ૦.૬૬ |
| ૩ | દારૂ | ૦૦ | - |
| ૪ | કોઈ વ્યસન નથી. | ૧૬૪ | ૫૪.૬૬ |
| | **કુલ** | **૩૦૦** | **૧૦૦** |

*પ્રસ્તુત કોઠા નં. ૭.૧૩ પરથી જાણવા મળે છે કે સૌથી વધુ ૧૬૪ (૫૪.૬૬ ટકા) ને કોઈ વ્યસન નથી. સૌથી ઓછું ૨ (૦.૬૬) ટકા સિગારેટનું વ્યસન કરતાં જોવા મળેલ છે. તે બંને ઉત્તરદાતાઓ યુવાન હતાં. જેઓને કુટુંબ ગામડામાં રહેતા હતાં. તેઓ અહીંયા અભ્યાસના અર્થ સ્થળાંતર કરતાં જોવા મળ્યા હતાં. આમ, કહી શકાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓ કોઈ ખરાબ વ્યસન કરતી જોવા મળેલ નથી.*

ISBN-978-81-973071-5-7
First Edition

# પ્રકરણ-૮
# અભ્યાસના તારણો અને સૂચનો

## પ્રસ્તાવના:

*સંશોધનનું અંતિમ ચરણ ''સંશોધનના તારણો'' છે. જેમાં સંશોધનનો સાર સંક્ષેપ સામેલ કરવામાં આવ્યો હોય છે. કોઈપણ સંશોધન ફક્ત માહિતીમાં સમાપ્ત થતું નથી. અર્થઘટન અને તારવણી ન કરાય ત્યાં સુધી સંશોધન અપૂર્ણ જ ગણાય. સંશોધન દરમ્યાન એકત્ર કરેલી માહિતીના વર્ગીકરણ અને વિશ્લેષણના આધારે તારણો તારવવામાં આવે છે. નિદર્શનનાં આધારે હેતુઓનું સમષ્ટિમાં અનુમાન તારવવામાં આવે છે. જેના વડે સંશોધનની ફળશ્રુતિને સચોટ રીતે રજૂ કરી શકાય છે.*

*સંશોધનની પ્રક્રિયાનું આ છેલ્લું સોપાન છે. જે જુદા જુદા પરિવર્ત્યો વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરે છે. સંશોધનમાં ઉપલબ્ધ થયેલી માહિતી સંશોધક વૈજ્ઞાનિક પદ્ધતિ અને પોતાની આંતરસૂઝ વડે વિષયને અનુરૂપ અર્થઘટન રજૂ કરે છે.*

*પ્રસ્તુત અભ્યાસ નગર હોવાથી નગરના સંદર્ભમાં નગરો, મહાનગરોની જાણકારી ઉપરાંત વ્યારા નગરની ભૌગોલિક ઐતિહાસિક અને સામાજિક, આર્થિક દૃષ્ટિએ નગર લોકોનું જીવનધોરણ જાણવાનો પ્રયત્ન કર્યો છે. સંશોધન વિષય પસંદગી, સંશોધન પદ્ધતિ, જુદી જુદી વિભાવનાઓના અર્થ, અભ્યાસનો વિસ્તાર, પૂર્વ અભ્યાસોની સમીક્ષા, ઉત્તરદાતાઓની માહિતીનું એકત્રીકરણ, વર્ગીકરણ અને વિશ્લેષણના આધારે સંશોધનનાં અંતિમ ચરણમાં અને નક્કર તારણો તારવવાનો પ્રામાણિક પુરૂષાર્થ કર્યો છે. અર્થાત્ અમારા અભ્યાસનું છેલ્લું પ્રકરણ અમારા સંશોધન કાર્યની ફળશ્રુતિ રૂપે રજૂ કરીએ છીએ. જેમાં સમગ્ર અભ્યાસનું હાર્દ સમાવિષ્ટ છે. તેમાં માત્ર સંશોધનનો નિચોડ નથી પણ સંશોધકના આગવા દૃષ્ટિકોણ વડે હેતુઓ આ સંશોધનની પ્રક્રિયાને પરિણામે અપેક્ષિત હેતુઓ સિદ્ધ થયા છે કે નહીં ? વગેરે જેવા મુદ્દાઓની સ્પષ્ટતા અને તેના આધારે સંશોધકને ઉપલબ્ધ થયેલું સત્ય રજૂ કરવા માટેનું આ પ્રકરણ છે. આ સૂચનો અને તારણો સંશોધકના ક્ષેત્રમાં સંશોધનના વિકાસ માટે અને ભાવિ પેઢી મહત્ત્વનો રાહ ચીંધનારું પ્રકરણ છે. પ્રત્યેક તારણને હવે વિગતવાર જાણવાનો પ્રયત્ન કરીએ.*

## અભ્યાસ આધારિત તારણો:

*પ્રસ્તુત સંશોધનમાં કુલ ૩૦૦ બ્રાહ્મણ જ્ઞાતિમાં ઔદિચ્ય જ્ઞાતિની સ્ત્રીઓને પસંદ કરવામાં આવ્યા હતાં. જેમાં અમદાવાદના વિસ્તાર અને તેઓનું શિક્ષણ તપાસવામાં આવ્યું. જેમાં અમદાવાદ વિસ્તારના નવરંગપુરામાંથી ૧૮ ઉત્તરદાતાઓ (૬%) પ્રાથમિક થી લઈને અનુસ્નાતક સુધીનું શિક્ષણ મેળવેલ છે. જ્યારે સૌથી ઓછું વાસણા વિસ્તારના ઉત્તરદાતાઓ પાસે જાણવા મળેલ છે જેઓ ૧ (૦.૩૩%) ઉત્તરદાતાઓ જોવા મળેલ છે. જ્યારે અન્ય વિસ્તારમાં માધ્યમિક થી વધારે પ્રાથમિક થી લઈને અનુસ્નાતક સુધીનું શિક્ષણ મેળવતા જોવા મળેલ છે. આમ, વિસ્તાર પ્રમાણે ઉત્તરદાતાઓનું શિક્ષણ જોતાં સ્નાતક કક્ષાએ શિક્ષણ મેળવનાર કુલ ૯૪ છે. અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ અન્ય સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળે છે. સ્ત્રીઓ એક ગૃહિણી તરીકે નહીં પરંતુ એક કારકિર્દી તરફ આગળ વધતાં જોવા મળે છે.*

ઉત્તરદાતાનો મૂળવતન (જિલ્લો) તપાસતાં જાણવા મળ્યું કે ગુજરાત રાજ્યનાં અલગ અલગ જિલ્લામાંથી સ્થળાંતર થઈને અમદાવાદ આવીને વસ્યાં છે. ૯.૬૬% ઉત્તરદાતાઓનું મૂળવતન અમદાવાદ છે. જ્યારે ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, મહેસાણા, રાજકોટ, ખેડા, નવસારી, ગુજરાતના અનેક જિલ્લાઓ તેઓનું મૂળવતન જોવા મળેલ છે તેથી કહી શકાય કે ગ્રામીણ સમાજમાં બ્રાહ્મણ જ્ઞાતિ અને પરંપરાગત વ્યવસાય વચ્ચેનો સંબંધ નબળો પડ્યો અને રોજગારી માટે વિષમ પરિસ્થિતિ ઉદ્‌ભવી. આમ, મોટેભાગે પુરૂષો આર્થિક કારણોને લીધે મૂળવતનમાંથી સ્થળાંતર કરીને અમદાવાદ શહેરમાં આવે છે.

અભ્યાસમાં સમાવિષ્ટ થતાં બહુમતી ઉત્તરદાતાઓની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષની વચ્ચેની છે. બધી જ ઉંમરના ઉત્તરદાતાઓ આપણને જોવા મળેલ છે. સૌથી વધારે ૨૦ થી ૩૦ વર્ષની વચ્ચેના ઉમેદવાર જોવા મળેલ ૪૧ થી ૫૦ વર્ષની ઉંમર ૨૮% ઉમેદવાર જોવા મળેલ છે. જેમને પરીપક્વ વ્યક્તિઓ તરીકે ગણના કરી શકીએ. સૌથી ઓછા ૫૧ થી ૬૦ વર્ષના ઉંમરના ઉત્તરદાતાઓ ૧૬.૬૬% જોવા મળેલ છે. આમ, જોઈ શકાય કે બ્રાહ્મણ સ્ત્રીઓમાં યુવા સ્ત્રીઓનું પ્રમાણ વધુ છે.

બ્રાહ્મણ જ્ઞાતિમાં ગૌત્ર અને કુળદેવીની ઓળખથી તેના મોખરે રાખવામાં આવે છે. ઔદિચ્ય સમાજમાં ઉત્તરદાતાઓના ગૌત્ર અને કુળદેવી તપાસતાં જાણવા મળ્યું કે ૮% ઉત્તરદાતાઓનાં કશ્યપ (ગોત્ર) અને વિદનેશ્વરી (કુળદેવી) સૌથી વધારે પ્રમાણમાં જોવા મળ્યા છે જ્યારે ૦.૩૩ ટકા ભારદ્વાજ (ગૌત્ર) અને તજારીમાં (કુળદેવી) જોવા મળ્યાં. ૭.૬૬% ગૌતમ (ગોત્ર) અને બહુચરમાં (કુળદેવી) જોવા મળ્યાં. આમ, બ્રાહ્મણ જ્ઞાતિમાં (ઔદિચ્ય સમાજ)માં તેમાં દરેક કુટુંબમાં અલગ અલગ ગૌત્ર અને કુળદેવી પૂજાતાં જોવા મળેલ છે.

બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓનાં વૈવાહિક દરજ્જામાં જોતાં ૬૧.૩૩% ઉત્તરદાતાઓ પરણિત જોવા મળેલ છે. ૨૩.૬૬% ઉત્તરદાતાઓ અપરણિત છે જ્યારે ૮ ટકા વિધવા અને ૪ ટકા છૂટાછેડા લીધેલ જોવા મવેલ છે. જ્યારે ત્યક્તા થયેલી સ્ત્રીઓ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળેલ છે. ૩% જ છે. આમ, જાણવા મળેલ છે કે છૂટાછેડા વિધવા ત્યક્તાનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. તેની પાછળનું કારણ તપાસતાં જાણવા મળ્યું કે નાની ઉંમરમાં વિધવા કે છૂટાછેડા થાય તો બીજે વળાવામાં આવે છે. અભ્યાસમાં મહત્ત્વની બાબત જોવા મળી હતી કે અભ્યાસમાં સમાવિષ્ટ બ્રાહ્મણ જ્ઞાતિમાં છૂટાછેડા અને વિધવા લીધેલ સ્ત્રીઓના હવે પુનઃલગ્ન કરાવે છે. વૈવાહિક દરજ્જાની બાબતમાં સામાજિક ઉભી ગતિશીલતા જોવા મળી હતી.

અભ્યાસ પરથી જાણી શકાય છે કે બ્રાહ્મણ કુટુંબમાં સંયુક્ત કુટુંબનું ચલણ ધીમે ધીમે ઘટતું જાય છે. અને વિભક્ત કુટુંબનું પ્રમાણ વધતુ જાય છે. સૌથી વધારે કુટુંબો એક પેઢી સાથે રહેતા જોવા મળે છે પણ તે ઓછા છે હજું પણ થોડી રૂઢિચુસ્તતા અને કુટુંબ પ્રત્યેની લાગણી કે પરંપરા જાળવવાનો પ્રયત્ન કરતાં જોવા મળે છે. ૫૨.૬૬% કુટુંબમાં ૧ થી ૫ સભ્ય સાથે રહેતા જોવા મળ્યા. ૪૨.૬૬% કુટુંબમાં ૬ થી ૯ સભ્ય જોવા મળેલ હતાં. ફક્ત ૧.૩૩% કુટુંબમાં જ ૧૦ સભ્ય જૂથ સાથે જોવા મળ્યાં.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના કુલ ૩૦૦ બ્રાહ્મણ જ્ઞાતિનાં ૧૦૪૨ સભ્યો નોંધવામાં આવ્યા હતાં. તેમાં જોતાં ૫૫૧ ૫૨.૮૭% પુરૂષોનું પ્રમાણ અને સ્ત્રીઓનું ૫૯૧ ૪૭.૧૨% સ્ત્રી સભ્યો નોંધવામાં આવ્યા. બ્રાહ્મણ જ્ઞાતિના ૧૦૪૨ સભ્યોમાં ૧૪ વર્ષની ઉંમર પછીના બાળકો અંગેની માહિતી જોઈએ તો દિકરી કરતાં દિકરાઓનું પ્રમાણ

*વધારે જણાયું હતું. જેમાં ૫૨.૩૭% દિકરાઓ અને ૪૭.૨૬% દિકરીઓ જોવા મળેલ હતાં. કુટુંબમાં સભ્યોનું સ્વરૂપ જોતાં પુરૂષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળેલ છે.*

*અભ્યાસમાં સમાવિષ્ટ કુલ 300 બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબોમાંથી કુલ સભ્યોની શિક્ષણની સ્થિતિમાં અનુસ્નાતક કક્ષા સુધી પહોંચવાવાળા સ્ત્રીઓનું પ્રમાણ ૧૭.૨૪% નોંધાયું હતું તેની તુલનામાં પુરૂષોનું પ્રમાણ ૧૨.૮૪% જોવા મળ્યું હતું. અન્ય એટલે કે એન્જિનીયર, ડૉક્ટર, ડિપ્લોમાં, પી.ટી.સી.માં પણ મહિલાઓનું પ્રમાણ ૨૩.૨૭% હતું. જ્યારે પુરૂષોનું ૧૮.૯૪% હતું. તેથી કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિમાં ઔદિચ્ય જ્ઞાતિમાં પુરૂષ કરતાં સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ સુધી વધુ પહોંચી છે. જેને શૈક્ષણિક ગતિશીલતાના સ્વરૂપમાં જોઈ શકાય. શિક્ષણની બાબતમાં સ્નાતક કક્ષા સુધી અભ્યાસ કરનાર સ્ત્રીઓ ૨૯.૦૨% જ્યારે પુરૂષો ૪૨.૩૧% જોવા મળ્યા હતાં. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધી સ્ત્રીઓની અને પુરૂષોનું પ્રમાણ અમુક અંશે સમપ્રમાણ જોવા મળ્યું હતું. પરંતુ ઉચ્ચ અભ્યાસની વાત કરીએ તો ઔદિચ્ય જ્ઞાતિમાં સ્ત્રીઓ પુરૂષોની સરખામણીમાં વધારે પ્રમાણમાં ઉચ્ચ અભ્યાસ લેતી હોય તેવું જોવા મળે છે. જ્યારે પુરૂષ ઉચ્ચ અભ્યાસમાં સ્ત્રીની સરખામણીમાં ઓછા પ્રમાણમાં ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરે છે તેમ કહી શકાય.*

*બ્રાહ્મણ જ્ઞાતિમાં વૈવાહિક દરજ્જામાં ૪૯૧ સ્ત્રીઓ અને ૫૫૧ પુરૂષોમાંથી ૫૭.૩૪% સ્ત્રી-પુરૂષો પરણિત જણાયા હતાં. ૨૯.૩૮% અપરણિત જોવા મળ્યા હતાં. ૨.૨૯% મહિલાઓ વિધવા અને ૦.૮૫% પુરૂષો વિધૂર તેમજ ૧.૨૪% સ્ત્રી-પુરૂષો છૂટાછેડા લીધેલ હોય તેમ જોવા મળ્યું. બ્રાહ્મણ જ્ઞાતિમાં વિધવા અને વિધૂર પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું. તેની પાછળનું કારણ તપાસવા જાણવા મળ્યું કે નાની ઉંમરમાં વિધવા કે વિધૂર થાય તો બીજે વળાવવામાં આવતું હતું. વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે વિધવા પુનઃલગ્ન સ્વીકાર્ય બન્યા છે.*

*પ્રસ્તુત અભ્યાસમાં કુટુંબના સભ્યની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવવા તેમની આવક તપાસવી જરૂરી હતી. વ્યક્તિના શિક્ષણ અને વ્યવસાયની સાથે આવક સામાન્યત ગાઢ સંબંધ ધરાવે છે. કુટુંબ સભ્યની માસિક આવક જોતાં ૨૮.૬૩% સૌથી વધારે કુટુંબોની માસિક આવક ૩૧,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીનું દર્શાવતાં જોવા મળેલ હતાં. ૮.૬૩% જે કુટુંબની માસિક આવક ફક્ત ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ ની વચ્ચે દર્શાવતાં જોવા મળ્યા હતાં. આમ, તેથી જોઈ શકાય કે અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિના મોટાભાગના સભ્યોને મધ્યમ વર્ગમાં સમાવી શકાય. કુટુંબના સભ્યથી જાણવા મળેલ છે કે તેઓના કુટુંબમાં તેમની સમાન જ સ્ત્રી પણ નોકરી કરતાં જોવા મળેલ છે. આમ, જોઈ શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિઓ મધ્યમ વર્ગીય આર્થિક જીવન ધોરણ ધરાવે છે.*

*પ્રસ્તુત અભ્યાસમાં બ્રાહ્મણ જ્ઞાતિનાં 300 ઉત્તરદાતાઓની તેમના પિતૃપક્ષે બે પેઢીમાં શૈક્ષણિક ક્ષેત્રે ઊર્ધ્વગામી ગતિશીલતા હાંસલ કરી છે. બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબોમાં દાદાઓની પેઢીમાં ૧૪.૩૩% અભણ હતાં, પિતાની પેઢીમાં એક પણ વ્યક્તિ અભણ નોંધાયા ન હતાં. જેના પરથી કહી શકાય કે બ્રાહ્મણ જ્ઞાતિઓમાં છેલ્લી બે પેઢીમાં શૈક્ષણિક ગતિશીલતા ઊર્ધ્વગામી દિશા તરફની રહી છે. પેઢી દર પેઢી શિક્ષણના સ્તર અને પ્રમાણમાં સુધારો જોઈ શકાય છે. આમ, શિક્ષણમાં જોવા મળતી ઊર્ધ્વગામી ગતિશીલતા કોઈપણ જ્ઞાતિ કે સમાજની સામાજિક આર્થિક ગતિશીલતાને ઊર્ધ્વગામી દિશા આપનાર મહત્ત્વનું પરિબળ બની રહી છે. બે પેઢીમાં શિક્ષણના સ્તરમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધી ઉચ્ચ શિક્ષણમાં ઘણો તફાવત જોવા મળ્યો હતો. આ તફાવતનું મૂળ કારણ શિક્ષણનું વધતું પ્રમાણ જોઈ શકાય છે.*

*પ્રસ્તુત અભ્યાસમાં પિતૃપક્ષે બે પેઢીમાં વ્યવસાય તપાસતાં જાણવા મળ્યું કે બ્રાહ્મણ જ્ઞાતિની દાદાની પેઢીમાં મોટેભાગે પોતાનો પરંપરાગત વ્યવસાય કે નોકરી સાથે સંકળાયેલ હતાં. પરંપરાગત વ્યવસાય (ગોરપદું) સાથે જોડાયેલ જોવા મળ્યા હતાં. પરંપરાગત કાર્યોના સંદર્ભમાં પિતાની પેઢીમાં ઘટાડો જણાયો અને સામાજિક-આર્થિક ઉર્ધ્વગામી ગતિશીલતા કહી શકાય. જ્યારે પિતા-પિતાની આ પેઢીમાં વ્યવસાયમાં મોટાપાયા ઉપર પરિવર્તન આવ્યા છે તેને વ્યવસાયિક ગતિશીલતા કહી શકાય. દાદાની પેઢીમાં ૨૦.૩૩% બ્રાહ્મણ જ્ઞાતિઓના કુટુંબો સરકારી નોકરી કરતાં જોવા મળ્યા હતાં. જ્યારે પિતાની પેઢીમાં ૩૬% સરકારી નોકરી પ્રાપ્ત કરનારનું કરતાં ઘણું સારું જોવા મળ્યું હતું. બ્રાહ્મણ જ્ઞાતિમાં ખાનગી નોકરી દાદાની પેઢીમાં અને પિતાની પેઢી સમપ્રમાણ જોવા મળ્યું હતું. આજે પણ ઘણા અંશે તેમનો પરંપરાગત વ્યવસાય (ગોરપદું) સાથે જોવા મળે છે.*

*પ્રસ્તુત અભ્યાસમાં પિતૃપક્ષે બે પેઢીમાં જેમ શૈક્ષણિક ક્ષેત્રે ઊર્ધ્વગામી ગતિશીલતા હાંસલ કરી છે તેમ માતૃપક્ષે બે પેઢીમાં શૈક્ષણિક ક્ષેત્રે, ગતિશીલતા તાપસતા જાણવા મળ્યું કે પિતૃપક્ષની પિતાની પેઢીમાં ૧૪.૩૩% અભણ હતાં તેની તુલનામાં માતૃપક્ષમાં ૨૫.૩૩% અભણ જણાયા હતાં. જે પુરૂષ પ્રધાન સમાજ તરફનું ચિત્ર ઉભું કરે છે. સમગ્ર માતૃપક્ષની વાત કરીએ તો નાનીની પેઢીમાં ૨૦% અભણ હતાં. માતાની પેઢીમાં ૫.૩૩% અભણ જણાયા હતાં. આમ, બ્રાહ્મણ જ્ઞાતિની મહિલાઓમાં ઊર્ધ્વગામી ગતિશીલતા કહી શકાય. બ્રાહ્મણ જ્ઞાતિની બે પેઢીમાં માતૃપક્ષે શિક્ષણમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ કરવામાં જોવા મળ્યું હતું. નાનીની પેઢીમાં ૮.૩૩% સ્ત્રીઓ સ્નાતક થયેલ જોવા મળે જ્યારે માતાની પેઢીમાં ૩૫% સ્ત્રીઓ સ્નાતક સુધી અભ્યાસ કરેલો હતો. સ્ત્રીઓ સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધી ઉચ્ચ અભ્યાસ કરેલ જોવા મળેલ હતું.*

*આમ, બ્રાહ્મણ જ્ઞાતિમાં બે પેઢીમાં માતૃપક્ષે ઉચ્ચ અભ્યાસ સુધીનું શિક્ષણ એ દર્શાવે છે કે વર્તમાન પેઢી સ્ત્રી શિક્ષણને પ્રાધાન્ય આપે છે અને સ્ત્રીઓનો ઉચ્ચ અભ્યાસ સુધી ભણાવે છે જે સ્ત્રીઓની શૈક્ષણિક પરિસ્થિતિનું ઊર્ધ્વગામી ગતિશીલતા કહી શકાય.*

*પ્રસ્તુત અભ્યાસમાં બ્રાહ્મણ જ્ઞાતિઓની બે પેઢીમાં માતૃપક્ષે વ્યવસાય વિશે માહિતી પરથી જાણી શકાય છે કે નાનીની પેઢીમાં ગૃહિણીનું પ્રમાણ ૫૧% હતું. માતાની પેઢીમાં ૩૬.૩૩% થયું જેને સામાજિક ગતિશીલતા જોવા મળી હતી. જે એક સમયે મોટાભાગે ગૃહિણી તરીકે જોવા મળતી હતી જે આજે અન્ય વ્યવસાયોમાં પણ રોકાયેલ જોવા મળે છે. માતાની પેઢીમાં મહિલાઓ ગૃહિણી સિવાય ખાનગી નોકરી, સરકારી નોકરી, ધંધો જેવી આર્થિક પ્રવૃત્તિઓ કરતી થઈ છે. જેને સામાજિક, આર્થિક ઊર્ધ્વગામી ગતિશીલતા તરીકે જોઈ શકાય. અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિઓની સ્ત્રીઓમાં શિક્ષણ વધવાની સાથે સાથે તેઓ વ્યવસાયની બાબતમાં ઉર્ધ્વગામીની પેઢી વચ્ચે આવેલ વ્યવસાયિક પરિવર્તનના કારણે સ્ત્રીઓના દરજ્જામાં પરિવર્તનના કારણે સ્ત્રીઓનાં દરજ્જામાં પરિવર્તન જોવા મળ્યા હોય તેમ કહી શકાય.*

*પ્રસ્તુત અભ્યાસમાં બ્રાહ્મણ જ્ઞાતિના કુલ ૩૦૦ કુટુંબોના રહેઠાણની માહિતી જોઈએ તો ૫૯% પોતાના મકાનમાં, ૨૦.૬૬% સરકારી ક્વાર્ટરમાં, ૧૪.૩૩% સગાના મકાનમાં ૬% ભાડાના મકાનમાં વસવાટ કરતાં જણાયા હતાં. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું કે જે પોતાના મકાનમાં બંગલો, ટેનામેન્ટ, ફ્લેટમાં વસવાટ કરતાં હતાં તેમાં ૭૨.૬૬% ના કુટુંબના સભ્યો બે થી ચાર રૂમ વાળા મકાનમાં વસવાટ કરતાં હતાં. જ્યારે ૭.૩૩% જ કુટુંબોના સભ્ય એક રૂમવાળા મકાનમાં વસવાટ કરતાં હતાં. જેઓ સંયુક્ત પરિવાર સાથે રહેતા હતાં. જો પ્રસ્તુત કુટુંબોની*

ISBN-978-81-973071-5-7
First Edition

*આર્થિક ગતિશીલતાની વાત કરીએ તો થોડા કરતાં વધારે અંશે વસવાટની ઢબમાં ઊર્ધ્વગામી ગતિશીલતા જોઈ શકાય છે કેમ કે પહેલાં મોટાભાગે અમદાવાદમાં બ્રાહ્મણ જ્ઞાતિઓનાં કુટુંબો મધ્યમ વર્ગીય એક રૂમ એક ઓરડા વસવાટ કરતાં હતાં. જ્યારે વર્તમાન પરિસ્થિતિમાં રહેણાંકની બાબતમાં ગતિશીલતા જોવા મળે છે.*

*બ્રાહ્મણ જ્ઞાતિના કુલ ૩૦૦ ઉત્તરદાતાઓના કુટુંબોના ઘરની ભૌતિક સગવડોની બાબતમાં જોતાં જાણવા મળ્યું કે અમદાવાદ શહેરનાં આર્થિક વિકાસની દષ્ટિએ ટેલિવિઝન, ફ્રીજ, ટુ વ્હીલર, મોબાઈલ, એ.સી. લેપટોપ સર્વ સામાન્ય બાબત થઈ ગઈ છે અને મોટાભાગના બ્રાહ્મણ જ્ઞાતિ કુટુંબોમાં ટેલિવિઝન, ફ્રીજ, ટુ વ્હીલર, મોબાઈલ જોવા મળ્યા હતાં. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં ૬૨% બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબોમાં ફોર વ્હીલર જોવા મળે છે. અમદાવાદ શહેરમાં ઔદિચ્ય જ્ઞાતિની આર્થિક ગતિશીલતામાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. આમ, મોટાભાગની બ્રાહ્મણ જ્ઞાતિ મધ્યમ વર્ગીય આર્થિક જીવન શૈલી ધરાવે છે. અમદાવાદ શહેરમાં વસવાટ કરતી બ્રાહ્મણ જ્ઞાતિના આધુનિક જીવન ઉપયોગી મોટાભાગની ભૌતિક સગવડો ધરાવે છે તેમ કહી શકાય.*

*પ્રસ્તુત અભ્યાસમાં બ્રાહ્મણ જ્ઞાતિના દિકરા-દિકરીના લગ્નની ઉંમરને તપાસતા જાણવા મળેલ છે કે ૬૫.૬૬% ઉત્તરદાતાઓનું કહેવું છે કે છોકરાની ૨૪ થી ૨૭ વર્ષની ઉંમર લગ્ન કરાવવા જોઈએ જ્યારે છોકરીઓનું પણ ૩૯.૩૩% ઉત્તરદાતાઓનું કહેવું હતું કે ૨૪ થી ૨૭ વર્ષની ઉંમરે લગ્ન થવા જોઈએ. બ્રાહ્મણ જ્ઞાતિમાં સાક્ષરતાનું પ્રમાણ વધુ હોવાથી તેમાં વડીલો સભ્યમાં પણ માનસિકતામાં બદલાવ થયેલો જોવા મળ્યો. ૭.૩૩% ઉત્તરદાતાઓનું કહેવું છે કે ૨૧ થી ૨૩ વર્ષની ઉંમરે છોકરાના લગ્ન કરવા જોઈએ. ૩૯% ઉત્તરદાતાઓનું કહેવું છે કે છોકરીના લગ્ન કરવાની યોગ્ય ઉંમર ૨૧ થી ૨૩ વર્ષ હોવી જોઈએ જેઓ રૂઢિચુસ્ત વિચારસરણી ધરાવતાં જોવા મળ્યા હતાં.*

*પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ કરવામાં આવેલા ૩૦૦ ઉત્તરદાતાઓમાંથી ૪૧% ઉત્તરદાતાઓનું સ્થળાંતર કરવા પાછળનું કારણ એ જાણવા મળ્યું કે તેઓ નોકરીના અર્થે અને વ્યવસાયના અર્થે સ્થળાંતર કરતાં જોવા મળ્યા જેઓ પ્રમાણમાં શિક્ષિત છે. તેથી તેઓ આર્થિક ઉપાર્જનને વધુ મહત્ત્વ આપ્યું. ૨૦% ઉત્તરદાતાઓનું કહેવું હતું કે તેઓ ત્રણથી ચાર પેઢીથી અમદાવાદમાં રહેતા હોવાથી તેઓ મૂળવતન સાથેનો સંપર્ક નહિવત હોવાનું જણાવ્યું. જેથી તેઓનું મૂળવતન અમદાવાદ કહેતા જોવા મળ્યાં. ૧૭.૬૬% સગાસંબંધી રહેતાં હોવાથી અમદાવાદ આવ્યા. ૨૧% ઉત્તરદાતાઓ અન્ય કારણ દર્શાવતા જોવા મળ્યા. આમ, અમદાવાદમાં સ્થળાંતર કરવા પાછળનું સૌથી વધુ પ્રમાણ વ્યવસાય અને નોકરીને વધુ મહત્ત્વ આપ્યું હતું. મધ્યમથી વધારે ભાગના ઉત્તરદાતાઓનું ૩૧ થી ૫૦ વર્ષથી અમદાવાદમાં વસવાટ કરતાં જોવા મળ્યા હતાં. તે જોતાં કહી શકાય કે નવી પેઢીના ઉત્તરદાતાઓ વ્યક્તિત્વનો વિકાસ સ્વતંત્રતા ઈચ્છે છે તેઓ પોતાની રીતે કારકિર્દી ઘડવા ઈચ્છે છે તેથી બ્રાહ્મણ જ્ઞાતિની સ્ત્રીઓ સ્થળાંતર કરવા પાછળ ખુશ છે.*

*લગ્ન સંસ્થા સંબંધિત વિચારોમાં આજે પણ બ્રાહ્મણ જ્ઞાતિઓનો ૭૮.૩૩% કુટુંબો આંતરજ્ઞાતિય લગ્નનો વિરોધ કરતાં જોવા મળ્યાં. જ્યારે ૨૧.૬૬% આંતરજ્ઞાતિય લગ્નના વિરોધી ન હતાં. તેઓનું કહેવું હતું કે સામે પાત્ર શિક્ષિત અને ઉચ્ચકુટુંબનું હોય તો અમને કોઈજ વિરોધ નથી. કુટુંબમાં પુત્રની માફક જ પુત્રીનો ઉછેર થતાં તે જોતાં ૬૫.૩૩% ઉત્તરદાતાઓનું કહેવું હતું કે પહેલાં કરતાં વર્તમાન પેઢીમાં ઘણો સારો ઉછેર થાય છે. પુત્ર-પુત્રીને સમાન ગણના થાય છે. ઉત્તરદાતાઓ પાસેથી જાણ્યું કે કુટુંબમાં કોનું પ્રભુત્વ છે. ૪૭.૩૩% નું કહેવું હતું કે આપણો*

*સમાજ પુરૂષ પ્રધાન છે પરંતુ વર્તમાન સમયમાં પુરૂષ પણ કુટુંબની સ્ત્રીને દરેક અધિકાર આપતો જોવા મળ્યો તેથી અમુક અંશે ઉત્તરદાતાઓનું કહેવું છે કે સ્ત્રી-પુરૂષ બંને અમે સાથે નિર્ણય લઈએ છીએ. આમ, મહિલાઓનાં દરજ્જા અંગે થોડા અંશે હકારાત્મક વલણ સર્જાયું છે એમ કહી શકાય.*

*આ અભ્યાસ પરથી જણાય છે કે ૯૬% ઉત્તરદાતાઓ તેમની દિકરી અને દિકરાને શિક્ષણ માટે બીજા શહેર (સ્થળે) મોકલવાની મંજૂરી આપે છે. ખૂબ જ રૂઢિચુસ્ત લોકોએ જ પોતાના દિકરા અને દિકરીને શિક્ષણ માટે બહારગામ જવાની મંજૂરી ન દર્શાવી હતી. વર્તમાન સમયમાં ખૂબ જ પરિવર્તન થયેલું જોવા મળે છે અને દિકરીને દિકરા જેટલું જ શિક્ષણમાં મહત્ત્વ આપતાં જોવા મળ્યા હતાં. કુલ ૩૦૦ ઉત્તરદાતાઓનું એક જ મત જોવા મળ્યો હતો કે બ્રાહ્મણ જ્ઞાતિને અનામત પ્રથાનો લાભ મળવો જોઈએ. દરેક ઉત્તરદાતાઓને શિક્ષણ કાં તો નોકરી મેળવવામાં અનામતના લીધે ખૂબ જ મુશ્કેલી અનુભવતા જોવા મળે છે.*

*આ અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે ઉત્તરદાતાઓમાં વાંચનનું પ્રમાણ વધતું ગયું છે. ઉત્તરદાતાઓ ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ડી.એન.એ. જેવા વર્તમાન પત્રનું વાંચન કરે છે. ૧૧૯ ઉત્તરદાતાઓ જ્ઞાતિ અખબારનું વાંચન કરતાં જોવા મળ્યા. સૌથી વધુ પ્રમાણમાં ફુરસદના સમયમાં ઉત્તરદાતાઓ ટી.વી. જોવાનું વધું પસંદ કરે છે. આમ, મોટાભાગના ઉત્તરદાતાઓ પોતાના ફુરસદના સમયનો પૂરેપૂરો ઉપયોગ કરતાં જોવા મળ્યાં હતાં.*

*આ અભ્યાસ પરથી જણાશે કે ૨૯.૩૩% ઉત્તરદાતાઓ ખાનગી નોકરી કરતાં જોવા મળેલ હતાં. ૨૩.૩૩% ઉત્તરદાતાઓ ઘરકામ કરતાં જોવા મળેલ છે. ૨૧% ઉત્તરદાતાઓ સરકારી નોકરી કરતાં જોવા મળેલ છે. ૨૫% ઉત્તરદાતાઓ પોતાનો ધંધો, ગૃહઉદ્યોગ અને અભ્યાસ કરતાં જોવા મળ્યાં. આમ, જોઈ શકાય છે કે પેઢી દર પેઢી બ્રાહ્મણ જ્ઞાતિમાં સ્ત્રીઓમાં વ્યવસાયમાં પરિવર્તન જોવા મળ્યું જેઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી જવાબદારીના લીધે ઘરકામ કરતાં હોવાનું જાણવા મળ્યું. વ્યક્તિ પોતાની લાયકાત અને ક્ષમતા પ્રમાણ ઉત્તરદાતાઓ વર્તમાન વ્યવસાય જોવા મળે છે.*

*બ્રાહ્મણ જ્ઞાતિમાં ઉત્તરદાતાઓ કે તેઓના ઘરમાંથી કોઈ વ્યવસાય, અભ્યાસ કે ફરવાના અર્થે પરદેશ ગયા છે તે જોતાં જણાવે છે કે ૫૯.૬૬% લોકો પરદેશ ગયા હોવાનું જણાવ્યું. જે બાબત સામાજિક-આર્થિક ગતિશીલતાને હકારાત્મક સ્થિતિને સૂચિત કરે છે. ઊર્ધ્વગામી ગતિશીલતાનું પ્રમાણ કહી શકાય. કેમ કે અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં બ્રાહ્મણ જ્ઞાતિનું પ્રમાણમાં શિક્ષણ અને વ્યવસાય અર્થે દેશ બહાર ગયા હોય તેમ જોવા મળે છે. ૪૦.૩૩% ના કુટુંબમાંથી કોઈ પરદેશ નથી ગયું. પરંતુ ભૂતકાળની સરખામણીમાં વર્તમાન પરિસ્થિતિમાં બદલાવ જોવા મળ્યો છે તેમ કહી શકાય.*

*બ્રાહ્મણ જ્ઞાતિમાં પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) જોતાં જાણવા મળ્યું કે ૬૩% ઉત્તરદાતાઓના કુટુંબમાં પુરૂષ સભ્યમાંથી કોઈ પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) કરતાં ન હતાં જોવા મળ્યાં. જ્યારે ફક્ત ૩૭% ઉત્તરદાતાઓનાં કુટુંબમાંથી પરંપરાગત વ્યવસાય કરતાં જોવા મળે છે. જેઓના પિતા, પતિ, સસરા કે સગાસંબંધી વ્યવસાય કરતાં જોવા મળ્યા તેઓનું કહેવું છે કે બ્રાહ્મણના પરંપરાગત વ્યવસાય જ શ્રેષ્ઠ છે. પરંતુ આધુનિક સમાજમાં આ વ્યવસાય લુપ્ત થતો જોવા મળે છે. યુવાન વર્ગનું કહેવું હતું કે પરંપરાગત વ્યવસાય કરવાથી કોઈ છોકરીઓ તેમની સાથે લગ્ન કરવા માંગતી નથી. તેઓ પિતાના જજમાનીવૃત્તિનો વ્યવસાય સ્વીકારતાં નથી.*

ISBN-978-81-973071-5-7
First Edition

આ વ્યવસાયમાં એક પેઢી જતાં વ્યવસાય કરનારની સંખ્યા ઓછી થવા માંડી તેની સરખામણીમાં તેમના પુત્ર આ વ્યવસાય કરવાની ઈચ્છા રાખતાં નથી. આ ખૂબ જ ગંભીર બાબત સૂચવે છે.

નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો થયેલો જોવા મળેલ છે. પહેલાના સમયમાં જ્ઞાતિ પ્રમાણે વ્યવસાય હતાં. પરંતુ ઉદ્યોગીકરણ, શહેરીકરણ, આધુનિક મૂલ્યો જેવા પરિબળોનો વિકાસ થતાં નવા વ્યવસાયને લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો અને પરિવર્તન આવવા લાગ્યું. બ્રાહ્મણ સમાજમાં ગામડાથી સ્થળાંતર કરેને શહેરોમાં વ્યક્તિ પોતાની લાયકાત તથા ક્ષમતા અનુસાર પોતાને મનગમતા નવા વ્યવસાયમાં પ્રવેશે છે. નવા વ્યવસાય લીધે જ્ઞાતિની ગતિશીલતામાં વધારો થયેલ છે. અને પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) મહ્‌દઅંશે લુપ્ત થતી જોવા મળે છે.

## અભ્યાસ આધારિત સૂચનો

અમદાવાદ શહેરમાં બ્રાહ્મણ સ્ત્રીઓમાં શૈક્ષણિક અને વ્યવસાય ગતિશીલતા અભ્યાસમાં જોવા મળેલ માહિતી અને વિશ્લેષણને આધારે જે તારણો પ્રાપ્ત થયા છે તેને ધ્યાનમાં લઈને કેટલાંક ચોક્કસ સૂચનો થઈ શકે એમ છે. આ સૂચનો ભાવિ સમાજશાસ્ત્રીય સંશોધનના સંદર્ભના અંતે નીતિ વિષયક નિર્ણયો અંગે અહીં રજૂ કરવામાં આવ્યા છે.

સૌ પ્રથમ તો અમદાવાદ શહેરમાં વસવાટ કરતાં બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબો સામાજિક અને આર્થિક પરિસ્થિતિ મધ્યમ કક્ષાની જોવા મળે છે. બ્રાહ્મણ જ્ઞાતિઓની વર્તમાન પરિસ્થિતિ એક મધ્યમ વર્ગીય સ્થિતિ તરીકે જોવા મળે છે.

બ્રાહ્મણ જ્ઞાતિમાં કુટુંબમાં સંયુક્ત કુટુંબનું ચલણ ધીમે ધીમે ઘટતું જોવા મળે છે. વિભક્ત કુટુંબનું પ્રમાણ વધતું જોવા મળેલ છે. એક પેઢી કુટુંબ વધારે પ્રમાણમાં સાથે રહેતા જોવા મળેલ છે અને કુટુંબમાં દિકરા-દિકરીઓનું પ્રમાણ જોતાં દિકરીઓ કરતાં દિકરાઓનું પ્રમાણ વધુ જોવા મળેલ છે.

બ્રાહ્મણ જ્ઞાતિમાં કુટુંબમાં સ્ત્રી-પુરૂષનો શિક્ષણનો દર જોતાં પુરૂષ કરતાં સ્ત્રીઓનું શિક્ષણનું પ્રમાણ વધુ છે. અને પુરૂષનું શિક્ષણ દરનું પ્રમાણ ઓછું છે. પુરૂષ કરતાં સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ સુધી વધુ પહોંચી છે તે એક શૈક્ષણિક ગતિશીલતાનું સ્વરૂપ જોઈ શકાય પણ તેની સામે પુરૂષનું શિક્ષણ સ્ત્રીઓ કરતાં ઓછું જોવા મળ્યું જે એક શરમજનક વાત છે તેમ કહી શકાય.

બ્રાહ્મણ જ્ઞાતિમાં કુટુંબોમાં વર્તમાન સમયમાં પણ હજું પણ અમુક અંશે રૂઢિચુસ્તતાનું પ્રમાણ જોવા મળેલ છે.

આ જ્ઞાતિઓના કુટુંબમાં વિકાસ અર્થે માતા-પિતાને દિકરા-દિકરીઓના તેઓનું ભાવિ ઊજળું જોવા માંગે છે. તેઓનાં કારકિર્દીની ખૂબ જ પ્રમાણમાં ચિંતા વ્યક્ત કરતાં જોવા મળે છે. તેઓનું કહેવું છે કે અનામત પ્રથાના લીધે તેઓ અભ્યાસ ક્ષેત્ર અને નોકરી ક્ષેત્ર ઊજળું ભવિષ્યને ચિંતા દર્શાવતાં જોવા મળે છે. સમાજનું કહેવું છે કે સરકારી બાબતમાં અનામત પ્રથાના લીધે તેઓ અભ્યાસ ક્ષેત્ર અને નોકરી ક્ષેત્ર ઊજળું ભવિષ્યને ચિંતા દર્શાવતાં જોવા મળે છે. સમાજનું કહેવું છે કે સરકારી બાબતમાં અનામતના લાભ આપવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળ બ્રાહ્મમ જ્ઞાતિનો પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) મહ્‌દઅંશે લુપ્ત થતી જોવા મળે છે. કુટુંબમાં પુરૂષ સભ્યમાંથી વર્તમાન સમયના યુવાન સભ્ય પરંપરાગત વ્યવસાય (જજમાની પ્રથા) કરવાની

ISBN-978-81-973071-5-7
First Edition

*ના કહેતા હતા તેઓ ખાનગી અને સરકારી નોકરીનો સ્વીકાર કરતાં જોવા મળે છે. યુવાન વર્ગનું કહેવું છે કે પરંપરાગત વ્યવસાય કરવાથી કોઈ છોકરીઓ તેમની સાથે લગ્ન કરવા માંગતી નથી અને તેઓના પિતાના જજમાન વૃત્તિનો વ્યવસાય સ્વીકારતાં નથી. એક પછી જતાં આ વ્યવસાય કરનારની સંખ્યા ઓછી થવા માંડી છે. આ ખૂબ જ ગંભીર બાબત સૂચવે છે.*

ISBN-978-81-973071-5-7
First Edition

# સંદર્ભસૂચિ

## અંગ્રેજી પુસ્તકો

1. Ahuja, Ram (1999), Indian Social, Ravat Publication, New Delhi.
2. Alexender, K.C. (1968), Social Mobility in Kerala. Poona: Deccan College.
3. Beteive Andre (1966), Caste Class and Power Changing Patterns of Statification in Tanjore Villege, Oxford University Press, University of California Press, Bombay.
4. Barber, Bernand (1993), Social Mobility in Hindu India in Constructing the Social System, New Jersey: Transaction Publishers.
5. Dhurya G.S. (1961), Caste, Class and Occupation Publication, G.R. Bhatkal for Popular, Book Dept, Laminaton Road, Bombay.
6. Davis Kingsley (1969), Human Society, New York, The Macmilan Company.
7. Hunton J.H. (1946), Caste in India: Its Nature Function and Origins, Cambirdge at Eht University Press.
8. Desai Neera & M. Krishnaraj (1987), Women and Society in India. Ajanta Publishers, New Delhi.
9. Desai Neera and Thakkar Usha; (2001), Women in Indian Society, National Book Trust, New Delhi.
10. Goode and Hatt (1952), Methods in Social Research, Mcgraw Hill Books Co., New York.
11. Hate C.A. (1969), Changing Status of Women in Post Independence of India, Allied Publishers Pvt. Ltd., New Delhi.
12. Kala Rani (1976), role Conflict in Working Women, Chetna Publications, New Delhi.
13. Kanhare Usha (1988), Women and Socialization, Mittal Publications.
14. Kapadia K.M. (1958), Marriage and Family in India, Oxford University Press, Bombay.
15. Kapur Promila (1975), The Changing Status of Working Women in India, Vikas Publishing House. New Delhi.
16. Maithreyi Krishnaraj: Women and Development – SNDT, R.C.W.S.
17. N. Jayram (1990) Sociology of Education in India, Rawat Publication, Jaipur.
18. Papola Vibhuti (2002), Women’s Challenges of the New Millennium, Gyan Publication, Delhi.
19. Pauline V. Youngs (1966), Scientific Social Survey and Research, Prentic Hall. New York.
20. Sen Gupta Padmini (1960), women workers of India, Ashia Publishing House, Bombay.
21. Sethi Raj Mohini (1976), Mordernization of Working Women in Developing Societies, National Publishing House, New Delhi.

22. Shah Vimal, Patel Tara (1977), Who Goes to College, Ahmedabad: Rachna Prakashan.
23. Srivastava Vanita (1978), Employment of Educated Married women in India, National Publishing House, New Delhi.
24. Subhasini Mahapatra (2006), Study of Women.

**ગુજરાતી પુસ્તક**

*૧. શ્રીનિવાસ એમ.એન. (૧૯૮૫), આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
*૨. પરમાર, વાય. એ. (૨૦૦૬), સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
*૩. પાડુંરંગ, ગણેશ દેશપાંડ (૧૯૬૦), હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા કાર્ય અને ઉત્પત્તિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
*૪. પેટલીકર, ઈશ્વર (૧૯૮૧), નારી સમાનતાની સમસ્યા, આર.આર.શેઠની કંપની, મુંબઈ.*
*૫. પટેલ મફતલાલ (૨૦૧૦), મહિલા અને માનવ અધિકારો, રન્નાદે પ્રકાશન, અમદાવાદ.*
*૬. પટેલ, તારાબેન (૧૯૬૨), સમાજશાસ્ત્રના મૂળતત્ત્વો, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.*
*૭. પટેલ, તારાબેન, ભારતીય સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.*
*૮. પટેલ, આર.એસ. (૨૦૧૦), સંશોધનની પાયાની સંકલ્પનાઓ, જય પબ્લિકેશન, અમદાવાદ.*
*૯. દવે, શાસ્ત્રી જ.એન્ડ (૧૯૮૯), ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
*૧૦. દેસાઈ અક્ષયકુમાર (૧૯૬૮), સંયુક્ત કુટુંબ વ્યવસ્થા, આર.આર.શેઠની કંપની, અમદાવાદ.*
*૧૧. દેસાઈ, નીરા (૧૯૬૩), ભારતીય સમાજમાં સ્ત્રી જીવન, આર.આર.શેઠની કંપની, મુંબઈ.*
*૧૨. દેસાઈ, નીરા (૧૯૯૮), ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, આર.આર.શેઠની કંપની, મુંબઈ.*
*૧૩. દેસાઈ, હરિભાઈ ગ. અને દેસાઈ કૃષ્ણકાંત ગ. (૧૯૭૩), સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજ્ય.*
*૧૪. દેસાઈ, ડૉ.અક્ષયકુમાર, જ્ઞાતિઓ ક્યાંથી આવી.*
*૧૫. રાવલ, ચંદ્રિકા, ધ્રુવ શૈલેજા (૨૦૦૮), ગુજરાતમાં સ્ત્રીઓનો દરજ્જો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.*
*૧૬. રાવલ, ચંદ્રિકા (૧૯૯૩), અસંગઠિત વિભાગમાં સ્ત્રી કામદારો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.*
*૧૭. રાજગોર ડૉ.શિવપ્રસાદ (૧૯૮૭), ગુજરાતના બ્રાહ્મણનો ઈતિહાસ.*
*૧૮. હટન જે. એચ. (૧૯૬૦), હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા, અનુ.પાડુંરંગ ગણેશઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
*૧૯. જાની, ગૌરાંગ (૨૦૧૧), વસતિ વિશ્લેષણ, કર્મ (ઇન્ડિયા), અમદાવાદ.*
*૨૦. શાહ, પ્રો.એ.જી. અને પ્રો.જે.કે.દવે (૧૯૯૩-૯૪), ભારતની સામાજિક સંસ્થાઓ, રચના પ્રકાશન,*

૨૧. શાહ, બુદ્ધિશચંદ્ર વી. અને કૌશલ્યા શાહ(૧૯૮૭),શિક્ષણનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ, ગુજરાત રાજ્ય.

૨૨. શાહ, વિમળ (૧૯૯૪) સંશોધન અહેવાલ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૨૩. શાહ, વિમળ, (૧૯૯૬), સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨૪. શાહ, એ.જી.દવે (૧૯૭૬), સામાજિક સંશોધન પદ્ધતિઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.

૨૫. શાહ, એ.જી.દવે (૧૯૯૪), આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.

૨૬. શાહ, એ.જી.દવે (૧૯૯૫-૯૬), સ્ત્રીઓ અને સમાજ, અનડા પ્રકાશન, અમદાવાદ.

૨૭. શાહ, ડૉ.કલ્પના (૧૯૮૯), સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૨૮. શાહ, ડૉ.કલ્પના (૨૦૦૦), સ્ત્રીઓ અને વિકાસ, આર.આર.શેઠની કંપની, અમદાવાદ.

૨૯. ઠાકર, અમૃતલાલ કે., ઔદિચ્ય પ્રકાશ (બીજી આવૃત્તિ).

૩૦. ડૉ.જોષી, વિદ્યુત (૧૯૯૭), પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

૩૧. ડૉ.જોષી, વિદ્યુત (૧૯૯૭), શિક્ષણનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

**હિન્દી પુસ્તક**

૧. राजकुमार (२००६), नारी के बदलाते आयाम, अर्जुन पब्लिशींग हाउस, नई

૨. दिल्ली.शर्मा रमा एव मिश्रा एम. के. (२०१०),

૩. महिला विकास, अर्जुन पब्लिशींग हाउस, नई दिल्ली.

૪. मुखर्जी रवीन्द्रनाथ (१९८६), भारतमे सामाजिक परिवर्तन, विवेक प्रकाशन, नई दिल्ली

**Webography:**

1. http://www.census2011.co.in
2. www.censusindia.gov.in/2011populationsize
3. www.en.wikipedia.org/wiki/encyclopedia
4. www.google.co.in
5. www.ibibo.com
6. https://books.google.co.in
7. www.shodhganga.inflibnet.ac.in